
# ફરમાન મુબારક

નૂર મૌલાના શાહકરીમ અલ્-હુસૈની
હાઝર ઈમામ (સ.અ.) ના
મુબારક ફરમાનો

નૂર મૌલાના શાહકરીમ
અલ્-હુસૈની હાઝર ઈમામ (સ.અ.)ના

# મુબારક ફરમાનો

ફક્ત બૈતુલખ્યાલ મંડળી માટે



| ફરમાન નં. | સ્થળ | તારીખ | પાના નં. |
|---|---|---|---|
| ૧. | બગીચા જમાતખાના, કરાંચી | ૨૭-૧-૧૯૫૮ | ૧ |
| ૨. | કરાંચી, પાકિસ્તાન | સપ્ટેમ્બર, ૧૯૬૦ | ૩ |
| ૩. | સુલતાનાબાદ-ઢાકા, બંગલાદેશ | ૧૨-૧૦-૧૯૬૦ | ૮ |
| ૪. | કરીમાબાદ, કરાંચી, પાકિસ્તાન | ૧૨-૧૦-૧૯૬૦ | ૧૧ |
| ૫. | ચિત્તાગોંગ, | ૧૫-૧૦-૧૯૬૦ | ૧૫ |
| ૬. | મુંબઇ, ભારત | સપ્ટેમ્બર, ૧૯૬૨ | ૧૮ |
| ૭. | - | - | ૨૨ |
| ૮. | ખુલના, | ૨-૧૨-૧૯૬૪ | ૨૭ |
| ૯. | બગીચા જમાતખાના, કરાંચી | ૨૫-૧૨-૧૯૬૪ | ૨૯ |
| ૧૦. | - | - | ૩૬ |
| ૧૧. | કેનિયા-તાંઝાનિયા-યુગાન્ડા-માડાગાસ્કર | ૧૮-૧૦-૧૯૬૬થી ૧૧-૧૨-૧૯૬૬ | ૩૮ |
| ૧૨. | ઈસ્ટ આફ્રિકા | ૧૯૬૬ | ૪૮ |
| ૧૩. | ઈસ્ટ આફ્રિકા | ૧૯૬૬ | ૫૧ |
| ૧૪. | દરખાના, મુંબઇ, ભારત | ૨૪-૧૧-૧૯૬૭ | ૫૪ |
| ૧૫. | દરખાના, મુંબઇ, ભારત | - | ૫૬ |
| ૧૬. | ઈસ્ટ આફ્રિકા, કોમોર | ડિસેમ્બર, ૧૯૬૬ | ૫૮ |
| ૧૭. | પાકિસ્તાન | જાન-ફેબ્રુઆરી, ૧૯૭૦ | ૬૦ |
| ૧૮. | પાકિસ્તાન | જાન-ફેબ્રુઆરી, ૧૯૭૦ | ૬૨ |
| ૧૯. | પાકિસ્તાન | જાન-ફેબ્રુઆરી, ૧૯૭૦ | ૬૬ |
| ૨૦. | કેનિયા-યુગાન્ડા-રૂઆન્ડા-કિંગાલે | ૧૯૭૨ | ૮૭ |
| ૨૧. | કીસુમુ | ૨૯-૨-૧૯૭૨ | ૧૦૧ |
| ૨૨. | પાકિસ્તાન | ૧૯૭૬ | ૧૦૬ |
| ૨૩. | માળિયા હાટિના, ભારત | ૧૧-૧-૧૯૭૮ | ૧૦૯ |
| ૨૪. | ભાવનગર, ભારત | ૧૨-૧-૧૯૭૮ | ૧૧૩ |
| ૨૫. | હૈદ્રાબાદ, ભારત | ૧૩-૧-૧૯૭૮ | ૧૧૭ |
| ૨૬. | નાગપુર, ભારત | ૧૫-૧-૧૯૭૮ | ૧૨૩ |
| ૨૭. | યવતમાલ, ભારત | ૧૬-૧-૧૯૭૮ | ૧૨૮ |
| ૨૮. | અમદાવાદ, ભારત | ૨૦-૧-૧૯૭૮ | ૧૩૩ |
| ૨૯. | સિધ્ધપુર, ભારત | ૨૧-૧-૧૯૭૮ | ૧૩૮ |

| | | |
|---|---|---|
| ૩૦. દરખાના, મુંબઇ, ભારત | ૨૬-૧-૧૯૭૮ | ૧૪૨ |
| ૩૧. કેનડા | ૧૭-૧૧-૧૯૭૮ | ૧૪૯ |
| ૩૨. વાનકુંવર, કેનેડા | ૧૭-૧૧-૧૯૭૮ | ૧૫૫ |
| ૩૩. મોન્ટ્રીઅલ, કેનેડા | ૧૮-૧૧-૧૯૭૮ | ૧૫૭ |
| ૩૪. કેલગરી, કેનેડા | નવેમ્બર, ૧૯૭૮ | ૧૬૦ |
| ૩૫. એડમિન્ટન, અલબર્ટા, કેનેડા | નવેમ્બર, ૧૯૭૮ | ૧૬૪ |
| ૩૬. એડમિન્ટન, કેનેડા | નવેમ્બર, ૧૯૭૮ | ૧૭૦ |
| ૩૭. ટોરન્ટો, ઓન્ટારિયો, કેનેડા | નવેમ્બર, ૧૯૭૮ | ૧૭૭ |
| ૩૮. લંડન | ૯-૨-૧૯૭૯ | ૧૮૪ |
| ૩૯. લોસ એન્જલીસ, યુ.એસ.એ. | ૪-૧૧-૧૯૮૬ | ૧૮૬ |
| ૪૦. હ્યુસ્ટન, યુ.એસ.એ. | ૯-૧૧-૧૯૮૬ | ૧૮૮ |
| ૪૧. ન્યુયોર્ક, યુ.એસ.એ. | ૧૧-૧૧-૧૯૮૬ | ૧૯૬ |
| ૪૨. ઢાકા, બંગલાદેશ | ૮-૧-૧૯૮૭ | ૧૯૭ |
| ૪૩. લીસબન, પોર્ટુગલ | ૧૦-૪-૧૯૮૭ | ૨૦૪ |
| ૪૪. દારેસલામ, તાંઝાનિયા | ૭-૧૨-૧૯૮૮ | ૨૦૬ |
| ૪૫. ઝાંઝીબાર, તાંઝાનિયા | ૮-૧૨-૧૯૮૮ | ૨૦૮ |
| ૪૬. દરખાના, કરાંચી, પાકિસ્તાન | ૫-૧૧-૧૯૯૧ | ૨૧૦ |
| ૪૭. કરાંચી, પાકિસ્તાન | ૮-૧૧-૧૯૯૧ | ૨૧૬ |
| ૪૮. કરીમાબાદ, કરાંચી, પાકિસ્તાન | ૧૨-૧૧-૧૯૯૧ | ૨૧૯ |
| ૪૯. મોન્ટ્રીઅલ, કેનેડા | ૧૫-૮-૧૯૯૨ | ૨૨૯ |
| ૫૦. ટોરન્ટો, કેનેડા | ૧૮-૮-૧૯૯૨ | ૨૩૧ |
| ૫૧. એડમીન્ટન, કેનેડા | ૨૩-૮-૧૯૯૨ | ૨૩૩ |
| ૫૨. વાનકુંવર, કેનેડા | ૨૪-૮-૧૯૯૨ | ૨૩૪ |
| ૫૩. નાગપુર, ભારત | ૧૫-૧૧-૧૯૯૨ | ૨૩૫ |
| ૫૪. હૈદ્રાબાદ, ભારત | ૧૮-૧૧-૧૯૯૨ | ૨૪૩ |
| ૫૫. લંડન | ૬-૮-૧૯૯૪ | ૨૫૧ |
| ૫૬. ભાવનગર, ભારત | ૩-૨-૧૯૮૯ | ૨૬૦ |
| ૫૭. રાજકોટ, ભારત | ૪-૨-૧૯૮૯ | ૨૬૩ |
| ૫૮. મુંબઇ, ભારત | ૬-૨-૧૯૮૯ | ૨૬૪ |
| ૫૯. સીધપુર, ભારત | ૯-૨-૧૯૮૯ | ૨૬૯ |
| ૬૦. મુંબઇ, ભારત | ૯-૧૧-૧૯૬૭ | ૨૭૬ |

ગાર્ડન જમાતખાના-કરાંચી,

| ૧ | તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૫૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

'બૈતુલખ્યાલનું કામ ઘણું જ ગંભીર છે. આ કામમાં જેઓ છે, તેઓનો સંબંધ કોઇ સાથે નથી. લાઇફવાળા, પાંચબાર સાલ કે અન્ય કોઇ સાથે સંબંધ નથી તમારો સંબંધ તમારા દિલ અને ઇમામ સાથે છે.' આ 'ઇસ્મે આઝમ' કોઇને બતાવશો નહિ. અને એ સંબંધી કોઇ સાથે પણ ચર્ચા કરવી નહિ. કોઇ અન્યને કહેશો તો ગુનાહ થશે.

અમે જે 'ઇસ્મે આઝમ' આપીએ છીએ, તેને તમારા દિલમાં સંભાળજો અને ભૂલી જશો નહિ. આ વસ્તુ ભૂલી જવી એ ઇન્સાનની કમજોરી ગણાય.

ઇસ્મે આઝમની વાત કોઇ અન્ય સાથે કરવી નહિ. 'ઇસ્મે આઝમ' નો સંબંધ તમારા પોતા સાથે છે. તે બરાબર યાદ રાખજો. અનેરો આનંદ થશે અને ઘણા ફાયદા થશે. અગર ભૂલી જશો તો તમને ફિકર થશે, એટલે બરાબર યાદ રાખજો.

(આ પછી મૌલાના હાઝર ઇમામે 'ઇસ્મે આઝમ'ની નવાજેશ કરતા ફરમાવ્યું હતું.)

'હવે તમને 'ઇસ્મે આઝમ' બક્ષિશ કરીએ છીએ અને સાથે અમારા ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ, અને અમારા દિલથી દુઆ કરીએ છીએ કે તમે આ કાર્યમાં પૂરા રહો, તમારૂં ઇમાન સલામત રહે અને દીન દુનિયામાં સુખી થાઓ અને અમે તમારી ફતેહ ઇચ્છીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

૨

કરાંચી,
સપ્ટેમ્બર, ૧૯૬૦.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

'તમે સઘળા જેઓ અહિં હાજર છો તેમને, એક એકને, અમે અમારા ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. જે બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થયા છે, તેમને અમે ઘણી ખુશીથી બૈતુલખ્યાલ મંડળીમાં કબુલ ફરમાવીએ છીએ.

બૈતુલખ્યાલ મંડળીમાં દાખલ થવાનો ફક્ત એટલો જ અર્થ નથી કે હવે પછી તમારા બાળકો મિજલસમાં ભાગ લઇ શકશે. તમે માવિત્રોએ તેનાથી ઘણું વધારે કામ કરવાનું છે. તમારા બાળકોને પુરેપુરૂ ધાર્મિક શિક્ષણ મળે અને તેઓ પોતાના મઝહબ અને ઇમામ બાબત પુરેપુરી સમજણ હાંસલ કરે તે માટે તમારે તમારાથી થઇ શકે તેટલા સઘળા પ્રયત્નો કરવા જોઇએ. તે ઉપરાંત તમારા બાળકોને ઉચ્ચ પ્રકારની દુન્યવી કેળવણી પણ આપજો અને તેઓની તંદુરસ્તીની સંભાળ રાખજો.

માવિત્રોની એ ફરજ છે કે બાળકોને દુન્યવી શિક્ષણ મેળવવા માટે બને તેટલી વધારે તક આપે અને તેઓનું સ્કુલનું શિક્ષણ પુરૂં કરવામાં મદદગાર થાય. શિક્ષણ વગર તેઓ પોતાના જીવનમાં પ્રગતિ કરી શકશે નહિ. શિક્ષણ થકી જ તેઓ પોતાની જીંદગીને સુખી બનાવી શકશે જેથી તેઓનું જીવન

ધોરણ ઉંચું થશે, રહેવા માટે તેઓ સુંદર મકાનો વસાવી શકશે અને એવી ઘણી સગવડો મેળવી શકશે.

બાળકોની સંભાળ રાખવી એ માવિત્રોનું જીવનભરનું કાર્ય છે. અમે ઇચ્છીએ છીએ કે તમે તેમને દરેક પ્રકારની સહાય કરજો, તેમના કાર્યમાં તમે રસ લેતા રહેજો અને તેમના તમામ કોયડાઓમાં તેમને માર્ગદર્શન આપજો.

બાળકોને વાજબ છે કે તેઓ થોડી થોડી કસરત કરતા રહે જેથી તેઓ મજબુત થઇ શકશે.

પોતાની નાની ઉંમરમાં આટલી મોટી સંખ્યામાં બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થાય છે તે જોઇ અમે ઘણા ખુશી થયા છીએ. તેઓને તમે મઝહબની પુરેપુરી સમજણ આપશો તો તેઓ સાચા ઇસમાઇલી બનશે અને પોતાની આખી જિંદગી સુધી પોતાના ઇમામની ખિદમત કરશે.

અમે તમે સઘળાઓને અમારા પ્યારભર્યા દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમે ઘણી ખુશીથી રૂહાનીઓના કામ કબુલ ફરમાવીએ છીએ અને તે રૂહાનીઓની શાંતિ માટે અમે દુઆ ફરમાવીએ છીએ.

ફરીથી અમે તમો એકએકને અમારા ઉત્તમ દુઆ આશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

(આ પછી 'ઇસ્મે આઝમ' બક્ષિશ કરતી વખતે મૌલાના

હાઝર ઇમામે હાજર રહેલા તમામને ફરમાવ્યું)

'તમે સઘળા પહેલી જ વખત 'ઇસ્મે આઝમ' લેવા આવ્યા છો ? તમે સૌ અહિં રાજીખુશીથી આવ્યા છો ? તમારી સૌની ઇચ્છા છે કે તમને 'ઇસ્મે આઝમ' બક્ષિશ કરવામાં આવે ? તમે તમારી રાજીખુશીથી આવ્યા છો કે કોઇએ તમને દબાણ કરીને મોકલાવ્યા છે ? તમારા દોસ્ત બીરાદર યા તમારા કુટુંબમાંથી કોઇએ તમને દબાણ કરીને અહિં મોકલાવ્યા છે ?

આ કામ ઘણું મહાન અને ગંભીર છે. જો તમે તમારી રાજીખુશીથી ન આવ્યા હો તો તેનો અર્થ કાંઇ નથી, અને તમારા ઉપર કોઇ જબરજસ્તી નથી.'

(જવાબમાં સહુએ અરજ કરી હતી કે તેઓ સહુ રાજીખુશીથી આવ્યા છે, કોઇના દબાણથી યા કહેવાથી નથી આવ્યા. જે બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું)

'તમે સઘળા જો રાજીખુશીથી 'ઇસ્મે આઝમ' લેવા આવ્યા છો તો અમે તમને ઘણી ખુશીથી 'ઇસ્મે આઝમ'ની બક્ષિશ કરીશું. આ કામ ઘણું જ ખાનગી છે, તમે બહુ ચોકસાઇથી 'ઇસ્મે આઝમ'ને સંભાળજો અને તેને યાદ રાખજો. આ વિષે તમે કોઇ બીજાને તેમજ તમારા આપસમાં પણ વાત કરશો નહિ આ શબ્દ કોઇને પણ કહેશો નહિ. તમારા ભાઇઓ, બહેનો, માવિત્રો અથવા અન્ય કોઇ સાથે પણ આ બાબત વાત કરશો નહિ આ ઘણું ખાનગી છે. તે તમારા એક-એકના વ્યક્તિગત રીતે અને અમારા વચ્ચે એક કડી (Link) સમાન

છે.

અમે તમને જે 'ઇસ્મે આઝમ' બક્ષિશ કરીએ છીએ તે ઉપર બરાબર કોશિષ કરશો અને તેના ઉપર રહેશો તો આવતા અમુક વરસોમાં આ કડી મજબુત, મજબુત અને મજબુત થતી જશે અને જેમ જેમ મહેનત કરતા રહેશો તેમ તેમ આ સાંકળ ટુંકી થતી જશે જેથી તમે તમારા ઇમામની નજદીક થઇ શકશો. જો તમે તમારા ઇમામ સાથેનો સંબંધ ચાલુ રાખવા ઇચ્છતા હો તો તમે આ ચીજને ભુલી નહિ જતા અને આ સાંકળને તોડી યા ભાંગી નહિ નાંખજો. જો તમે બૈતુલખ્યાલમાં બરાબર નહિ આવો તો ભુલી જશો અને આ સાંકળ તુટી જશે.

તમે 'ઇસ્મે આઝમ' લીધા પછી ઇબાદત બંદગીમાં મશગુલ રહેજો અને તમારા ઇમામના તમારી સાથેના આ સંબંધને મજબુત બનાવજો. પરંતુ જો તમે ભુલી જશો યા કોઇ સાથે આ બાબત વાત કરશો તો આ સંબંધ તુટી જશે. જો તમે આ શબ્દની બરાબર સંભાળ રાખશો અને તે ઉપર મહેનત કરશો તો અમે ફરી વખત પધરામણી કરીશું ત્યારે અમે તમને બીજો શબ્દ બક્ષિશ કરીશું જે તમને વધારે મજબુત બનાવશે અને તમે અમને વધારે નજદીક થશો. અમે ફરી પધરામણી કરીએ ત્યારે અમે એ જોવા નહી ઇચ્છતા કે તમે તમારો શબ્દ ભુલી ગયા હો. જો એમ થશે તો અમે તમને આગળ વધારશું નહિ.'

હવે અમે તમને 'ઇસ્મે આઝમ' બક્ષિશ કરીએ છીએ જે તમે બરાબર સંભાળજો અને યાદ કરજો.

(ત્યાર બાદ મુખ મુબારકથી 'ઇસ્મે આઝમ' ની બક્ષિશ કરી હતી અને ફરમાવ્યું)

'અમે તમને 'ઇસ્મે આઝમ' બક્ષિશ કરેલ છે અને અમે ઘણા ખુશી થયા છીએ. અમારી હવે પછીની પધરામણી વખતે અમે એ જોવા ઇચ્છીએ છીએ કે તમારામાંથી કોઇ આ શબ્દ ભુલી ગયેલ ન હોય. જો તમે મહેનત કરશો તો કોઇને પણ બાકી ન રાખતાં તમારામાંના દરેકને અમે આગળ વધારશું. તમેં ખુશી સાથે આ કામમાં દાખલ થયા છો તો તમારી ફરજ છે કે તમે બૈતુલખ્યાલમાં નિયમિત આવજો અને ઇબાદતમાં મશગુલ રહેજો.

અંતમાં અમે તમો સઘળાના હકમાં દુઆ ફરમાવીએ છીએ કે તમે લાંબી જિંદગી ભોગવી શકો, તમારા જીવન દરમ્યાન તમે સુખી રહો અને તમને ફતેહ હાંસલ થાય અને આ તમામ ચીજો થી ઉત્તમ અમારી દુઆ છે કે તમારૂં ઇમાન સલામત રહે અને મજબુત થાય.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

સુલતાનાબાદ-ઢાકા.

3

૧૨મી ઓક્ટોબર, ૧૯૬૦.

આપણાં શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

જે બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થવા આવ્યા છે તેઓ એક એકને અમે ઘણા ઘણા દુઆઆશિષ ફરમાવીએ છીએ અને બૈતુલખ્યાલમાં સ્વીકારીએ છીએ. આ બાળકોએ ઘણીજ નાની ઉમરથી મઝહબની ખીદમત કરી છે અને અમે દુઆ કરીએ છીએ કે આખરી દમ સુધી ઇમાની અને વફાદાર રહેશે. આ બાળકોને દીનથી વાકેફ રાખજો, ઇમામ અને મઝહબની સમજ આપજો. એવું ન થાય કે બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થયા તો તમે માવિત્રો ખુશીથી બેસી રહો, પણ તેઓને ઇમામ અને મઝહબની સમજ આપજો કે તેઓ વફાદાર રહે. અમે આ બોજો માવિત્રો ઉપર નાંખીએ છીએ.

'ફરીથી તમે એક એકને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

(ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે બૈતુલખ્યાલમાં દાખલ થવા આવનારાઓને ફરમાવ્યું.)

'તમે બધા નવા મેમ્બરો છો ? પહેલી વખત 'બોલ' લેવા

આવ્યા છો ? પહેલા 'બોલ' લીધા હોય તે હાથ ઉંચા કરે.'

(ત્યાં હાજર રહેલા દરેકે જણાવ્યું કે અમે બધા નવા છીએ. ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું.)

'તમે બધા ખુશીથી આવ્યા છો ? તમારા કુટુંબના સભ્યોના કહેવાથી તો નથી આવ્યા ? તમારી ખુશીથી આવ્યા છો ? તમારી ઇચ્છા છે કે તમે 'બોલ' લ્યો ? આ મહાન કામ છે. તમે તમારી મરજીથી આવ્યા હો તો અમે કામ કબુલ કરશું. ખુશીથી ન આવ્યા હો તો આ કામનો અર્થ નથી તેમજ દાખલ થવાનો પણ કોઇ અર્થ નથી. તમારી ખુશીથી આવ્યા છો તો જ કામ ઉકલાવશું.

સૌથી પહેલા તમે જો ખુશીથી આવ્યા છો તો અમે ખુશીથી તમને બધાને વ્યક્તિગત રીતે એક એકને દુઆ આશિષ ફરમાવીએ છીએ. આ 'બોલ' છે તે અંગત છે. ખાનગી છે. તે તમે કોઇ પાસે જાહેર કરી શકશો નહી. તમારી ફેમીલીમાં પણ જાહેર કરી શકશો નહી. આ 'બોલ' છે તે હાઝર ઇમામ સાથેની કડી છે. રસ્સી છે, તે એકે એકનો વ્યક્તિગત રીતે હાઝર ઇમામ સાથેનો સંબંધ ધરાવે છે. સમુહગત રીતે નહી: તમારી અને હાઝર ઇમામ સાથેની દોરી છે.

તમે 'બોલ' લ્યો અને મહેનત ન કરો, પ્રયત્ન ન કરો તો તેનો કોઇ અર્થ નથી, કડી (લીંક) એવી છે કે જો તમે મહેનત કરશો, ઇબાદત કરશો તો અમે દુઆ કરીએ છીએ કે તે કડી (લીંક) મજબૂત બનશે, અને તે કડી (લીંક)થી હાઝર ઇમામની નઝદીક આવી શકશો.

જો તમે યાદ કરશો, મહેનત કરશો, પ્રયત્ન કરશો તો નઝદીક આવશો. આ તમારી મહેનત ઉપર છે. કોઇને વાત કરવી નહી, આપસમાં પણ નહી, કારણ કે એ તમારો વ્યક્તિગત હાઝર ઇમામ સાથેનો સંબંધ છે.

જો તમે યાદ રાખશો, મહેનત કરશો તો પછીની પધરામણી વખતે તમને બીજો 'બોલ' આપશું કે જે તમને વધારે નઝદીક કરશે. ભૂલી જશો તો 'બોલ' નહી આપીએ. યાદ રાખશો મહેનત કરશો તો જ 'બોલ' આપશું.

ફરીથી તમે બધા નાના-મોટા દરેકને દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

(તે બાદ મૌલાના હાઝર ઇમામે 'ઇસ્મે આઝમ'ની નવાજેશ કરી હતી અને ફરમાવ્યું.)

'તમે બધા જ્યારે ખુશીથી આવ્યા હતા એટલે હવે અમે તમને 'બોલ' આપ્યો છે. જો મહેનત કરશો તો ફાયદો થશે.

જો તમે યાદ કરશો, મહેનત કરશો, તો અમે દુઆ કરીએ છીએ કે તમે સુખી અને આબાદ થાઓ, લાંબી જિંદગી અને સફળતા પ્રાપ્ત કરો અને સૌથી અગત્યનું કે તમારા ઇમાનની સલામતી રહે તમે દરેકને એકએકને વ્યક્તિગત રીતે દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

૪

કરીમાબાદ-કરાંચી.
૧૨મી ઓકટોબર, ૧૯૬૦.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

'આજે જે બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થવા અહિં આવ્યા છે તેઓ ઘણી સંખ્યામાં છે તે જોઇ અમે ખુશી થયા છીએ. આવી નાની ઉંમરમાં અમારા ઘરની ખીદમત કરી તે માટે એક એકને વ્યક્તિગત રીતે પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ અને તેઓને બૈતુલખ્યાલમાં દાખલ કરીએ છીએ, મોટા કામમાં દાખલ કરીએ છીએ.

તેઓના માવિત્રોની હવે ફરજ છે કે તેઓની તંદુરસ્તી તથા કેળવણીનો પુરતો ખ્યાલ રાખે અને સૌથી અગત્યનું કે તેઓને ઇમામ અને મઝહબની સમજણ આપે કે તેઓ વફાદાર રહીને તેના ઘરની ખીદમત કરી શકે. તેઓની તંદુરસ્તીની માવજત કરવી તેમજ દુન્યવી કેળવણી તેઓને એટલી ઊંચી આપવી કે જેથી પોતાની હૈયાતીમાં સુખી અને આબાદ થઇ શકે. મઝહબી કેળવણી આપવી કે જેથી સાચા ઇસમાઇલી થઇ શકે.

જે બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થયા છે, તેઓના માવિત્રો તેઓમાં રસ લ્યે. તેઓને દોરવણી આપે, તેઓના જે કોઇ કોયડા ઊભા થાય તેમાં મદદ કરે. માવિત્રની ફરજ છે કે તેઓ

જુએ કે તેઓના બાળકો સ્કુલમાં જાય છે કે નહિ. સ્કુલમાં ભણે છે કે નહિ. તમે આટલું કરશો તો અમે દુઆ કરીએ છીએ કે મોટા થઇને સુખી અને આબાદ થાય. સાચા ઇસમાઇલી બનીને મઝહબ અને ઇમામને વફાદાર રહે. ફરીથી એક એકને પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાદાન'

(ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે બૈતુલખ્યાલમાં દાખલ થવા આવનારાઓને ફરમાવ્યું.)

'તમે નવા મેમ્બરો છો? પહેલી વખત 'બોલ' લ્યો છો?'

(બધાએ અરજ કરી કે હા, અમે બધા નવા છીએ. તે પછી હાઝર ઇમામે ફરમાવ્યું.)

'તમે બધા ખુશીથી આવ્યા છો ? કોઇએ દબાણ તો કર્યું નથીને ? આ મહાન કામ છે. તે ઉત્તમ કામ છે. ઘરથી કોઇએ યા મોટાભાઇએ કહ્યું હોય કે તમે મોટા થયા તો જાઓ એવું તો નથી ? તમે ખુશીથી આવ્યા છો ? ખુશીથી આવ્યા ન હો તો જરૂર નથી.'

(બધાએ ખુશીથી આવ્યાનું કબુલ્યું તે પછી હાઝર ઇમામે ફરમાવ્યું.)

'હવે જ્યારે તમે ખુશીથી આવ્યા છો તો અમે ખુશીથી 'બોલ' યાને 'ઇસ્મે આઝમ'ની બક્ષિશ કરશું. આ એક બહુ જ મહાન વસ્તુ છે-ગંભીર બાબત છે. 'બોલ' લીધા પછી તેને

બરાબર સંભાળજો. તેનું બહુ જ ધ્યાન રાખજો. નિયમિત પ્રયત્ન કરજો અને ભુલતા નહિ.

આ'ઇસ્મે આઝમ' એક કડી (લીંક) છે, દોરડું છે, તે એક એકને હાઝર ઇમામની સાથે વ્યક્તિગત રીતે જોડે છે. સમુહગત રીતે નહી. મહેનત કરશો યાદ કરશો તો આવતા બે પાંચ વર્ષમાં આ રસીને મજબુત અને મજબુત બનાવી શકશો જેમ પ્રયત્ન કરશો તેમ તેમ દોરડું ટુંકુ અને ટુંકુ થશે જેથી હાઝર ઇમામની વધારેને વધારે નજીક થાશો, આ એક ન્યામત છે.

હવે તમે આ દોરડાને છોડશો નહી. કોઇની સાથે વાતચીત કરશો નહી. આપસમાં પણ નહી. આ ખાનગી છે. આજે અહીંયા જે અપાયું છે તે કોઇને બતાવવું જોઇએ નહી. બહુજ ખાનગી છે. ગંભીર છે જેથી કોઇ સાથે વાતચીત કરશો નહી.

યાદ કરશો, મહેનત કરશો તો દોરી મજબુત બનશે. વાત કરશો, બતાવશો તો તે રસ્સી તુટી જશે, નાબુદ થશે તમે તેને તોડવાની કોશીષ કરશો નહી.

બીજી વખત અમે આવશું ત્યારે જો તમે 'બોલ' ભુલી નહી ગયા હો તથા પ્રયત્ન કર્યો હશે તો બીજો 'બોલ' આપશું કે જે વધુ શક્તિશાળી હશે અને તમને તે વધારે નઝદીક કરશે.'

(ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે પોતાના મુખ મુબારકથી 'ઇસ્મે આઝમ'ની બક્ષિશ ફરમાવી ફરમાવ્યું.)

'હવે અમે તમને 'બોલ' આપ્યો છે. 'ઇસ્મે આઝમ' મળી ચુક્યો છે. તમે મહેનત કરજો, યાદ કરજો, રસ્સીને મજબુત બનાવજો નિયમિત પ્રયત્ન કરજો, અમે દુઆ કરીએ છીએ કે તમે લાંબુ આયુષ્ય ભોગવો, જિંદગીમાં સફળતા હાંસલ કરો, સુખી અને આબાદ થાઓ અને સૌથી અગત્યનું અમે દુઆ કરીએ છીએ કે તમારૂં ઇમાન સલામત રહે.

તમને એકે એકને વ્યક્તિગત રીતે અમારા પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

ચિત્તાગોંગ.

૫ શનીવાર, ૧૫મી ઓકટોબર, ૧૯૬૦.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

સૌથી પહેલા અમે એક એક રૂહાની બાળકને જે બૈતુલખ્યાલમાં દાખલ થાય છે તેને કબુલ ફરમાવી પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

અમે આટલી મોટી સંખ્યા જોઇને ઘણાં ઘણાં ખુશી થયા છીએ. આ બાળકોએ શરૂઆતથીજ બૈતુલખ્યાલમાં જોડાઇને ખિદમત કરી છે.

હવે તમે માવિત્રો તેઓનું ધ્યાન રાખજો કે તેઓ મઝહબનું ઊંડુ જ્ઞાન લે અને મઝહબની સમજ મેળવે તથા મોટા થતા સાચા ઇસમાઇલી તરીકે ખિદમત કરે. તેઓની તંદુરસ્તીનો પૂરેપૂરો ખ્યાલ રાખજો. તેઓને વધારેમાં વધારે સંખ્યાની તકો મળે (maximum number of chances) તથા દુન્યવી કેળવણી મળે તે ધ્યાન રાખજો. જેઓ બૈતુલખ્યાલમાં દાખલ થયા છે તેઓને આ કામમાં સ્વીકારીએ છીએ તથા ઉત્તમમાં ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

એ ખ્યાલમાં રાખજો કે તેઓ ન માત્ર મજલીસોમાં હાજરી

આપે પરંતુ ઇમામને વફાદાર રહી ઇમામની અને જમાતની ખિદમત કરે અને સાચા ઇસમાઇલી તરીકે રહીને જિંદગી પસાર કરે. ફરીવાર દુઆઆશિષ ફરમાવીએ છીએ.

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

(બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું.)

'તમે બધા રાજી ખુશીથી આવ્યા છો, યા તમે મોટી ઉમરના છો એટલે તમને કોઇએ દબાણ કર્યું છે ? અગર જો એમ હોય તો તમે જઇ શકો છો. બધા ખુશીથી આવ્યા છો ? આ કામ બહુજ મહાન કામ છે, અગર ખુશીથી ન આવ્યા હો તો તેથી કંઇ ફાયદો નહી થાય એટલે કે કોઇ મતલબ સરસે નહી, માટે તમે બધા ખુશીથી આવ્યા છો ?'

(જ્યારે સર્વેએ કહ્યું કે હા, ખુશીથી આવ્યા છીએ, ત્યારે ફરમાવ્યું.)

'હવે તમે અહીં ખુશીથી આવ્યા છો તો અમે પણ ઘણી ખુશી સાથે 'બોલ' આપીશું.

આ બાબત બહુજ અંગત અને ખાનગી રાખવાની છે અને તેની વાતચીત કરો યા કુટુંબો, માવિત્રો અગર બાળકોને બતાવો તેવું નથી. આ એક દોરી મીસાલ છે, જે એક એકની વ્યક્તિગત દોરી છે. અને જે મૌલા સાથે સીધો સંબંધ ધરાવે છે નહિં કે બીજા કોઇ સાથે, ન કોઇ ઇસમાઇલી, ગેર ઇસમાઇલી કે કુટુંબ કે બચ્ચા સાથે તે સંબંધ ધરાવે છે, તેથી આપસમાં તેની ચર્ચા કરશો નહિ તેનો સંબંધ સીધેસીધો ઇમામ સાથે છે,

અગર તમે તેની પ્રેકટીસ કરશો તો આ દોરી મજબુત અને મજબુત, મજબુત અને મજબુત થતી જશે અને ટુંકી થતી જશે એટલે કે તમે નજદીક આવશો, માટે નિયમીત રીતે આ બાબતમાં ભરપુર રહેજો, અમે આવતા વખતે નહી પણ ફરી પાછા જ્યારે આવીશું ત્યારે અમે જોઇશું કે જો અગર તમે 'બોલ' ભુલી નથી ગયા તો જ બીજો 'બોલ' આપશું, જે વધુ મજબુત કરશે પરંતુ જો ભુલી જશો તો નહી આપીશું. માટે તમે અગર મહેનત કરી હશે તો તમને તે મજબુત બનાવશે અને નજદીક લાવશે માટે દોરીને મજબુત બનાવજો. 'બોલ' મજબુત હશે તો દોરી મજબુત થશે અને ટુંકી થશે એટલે મૌલાને નજદીક લાવશે પરંતુ જો કોઇને કહી તો આ રસી તુટી જશે. તોડવાની કોશીષ નહીં કરજો, પણ મજબુત કરજો. અગર ભવિષ્યમાં મજબુત કરશો તો વધુ બક્ષિશ કરીશું.'

(ત્યારબાદ 'ઇસ્મે આઝમ' નવાઝીસ ફરમાવી ફરમાવ્યું.)

હવે તમને 'બોલ' મળી ચુક્યો છે, તેની પુરી રીતે પ્રેકટીસ કરશો અને ઇબાદતમાં મજબુત રહેશો તો તરક્કી કરશો. અમે તમને પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન,

અંતમાં એક એકને માટે દુઆ ફરમાવીએ છીએ કે તમારૂં આયુષ્ય લાંબુ થાય, હૈયાતી દરમ્યાન સફળતા મળે અને ઇમાન સલામત રહે, દુઆઆશિષ ફરમાવીએ છીએ.

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

મુંબઇ.

૬

સપ્ટેમ્બર ૧૯૬૨.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

'આ કામ જે તમે કરવા આવ્યા છો અર્થાત 'બોલ' લેવા આવ્યા છો તે કાંઇ ફરજીયાત નથી, એ જબરદસ્તીનું કામ નથી. બીલકુલ મરજીયાત છે અને તમારી ખુશીનો સોદો છે. આ કામ બીલકુલ ખુશી ઉપર આધાર રાખે છે. અગર તમારા માવિત્રોએ, દોસ્તોએ, સગાવહાલાઓ કે અન્ય કોઇએ પણ દબાણ કર્યું હોય તો હજી પણ તમે જઇ શકો છો, અને એમ કરવાથી અમે જરાય નારાજ નહી થઇએ અને ન તો અમને આશ્ચર્ય થશે. અહીંયા આવવું કે ન આવવું એ તમારી પસંદગી ઉપર આધાર રાખે છે, પણ જો તમે અહીં રહેવા માગતા હો તો તમારે ઇબાદત કરવીજ પડશે.

આ કામનો કોઇ દુન્યવી બાબત સાથે સંબંધ નથી તમારી દુન્યવી બહેતરી માટે અમે અવાર નવાર જમાતમાં ફરમાન કરીએ છીએ. તંદુરસ્તી અને કેળવણી વગેરે દુન્યવી પ્રગતી માટે છે, પણ આનો સંબંધ માત્ર તમારી રૂહાની પ્રગતી માટે છે, એટલે તમારી ખુશી હોય તો અહીં ભલે રહો અને અગર 'બોલ' લેશો તો તમારે જમાતખાને ઇબાદત માટે આવવું જ પડશે અને નિયમિત પ્રેકટીસ કરવી પડશે.'
('અમે ખુશીથી આવ્યા છીએ' એમ દરેકે અરજ ગુજારી ત્યારે હાઝર ઇમામે ફરમાવ્યું.)

'સર્વે જમાતી કાર્યોમાં આ કામ ઘણું મહાન છે. આ બાબત બિલકુલ ખાનગી છે. આનો સંબંધ કોઇ સાથે નથી ન તો મુખી કામડીયા સાથે છે, ન તો કાઉન્સીલ સાથે ન તો તમારા માવિત્રો, દોસ્તો કે સગાવહાંલાઓ સાથે છે. આનો સંબંધ તમારા એકએકનો જુદી જુદી રીતે તમારા ઇમામ સાથે છે. એટલે આ બાબતસર કોઇ સાથે વાતચીત કરવી નહી.

દુનિયાભરમાં અમારા રૂહાની બાળકો છે એટલે જીસ્માની રીતે અમે તમારી પાસે રહી શકતા નથી, અલબત તમે હંમેશા અમારા વિચાર અને દુઆમાં છો એટલે અમે અમારી રસી (જોડાણ) તમને આપી જઇએ છીએ.

આ રસી જે આપીએ છીએ તે આખી મંડળીને, આખા ગ્રુપને નથી આપતા પરંતુ તમને એક એકને વ્યક્તિગત તરીકે આપીએ છીએ. જેમ જેમ તમે મોટા થશો તેમ તેમ આ રસી મજબુત થશે, જેમ મજબુત થશે તેમ ટુંકી થશે કે જેથી તમે તમારા ઇમામની નજીક થશો એટલે હવે તમે બૈતુલખ્યાલમાં આવી પુરતા ધ્યાનથી બેસશો તો આ વસ્તુ વડે તમને ખરૂં સુખ નસીબ થશે.

તમે પ્રેકટીસ કરજો અને ઇબાદતને બરાબર નિયમિત રીતે સંભાળજો. આ બાબતસર તમે કોઇ સાથે પણ વાતચીત કરી અથવા ભુલી ગયા તો આ રસી તુટી જશે જ્યારે અમે બીજી વખતે આવશું ત્યારે અગર તમે લાંબા ટાઇમ સુધી આ વસ્તુ ઉપર મક્કમ રહ્યા હશો તો અમે તમને નવો 'બોલ' આપશું અને આગળ વધારશું, એ નવો 'બોલ' એવો આપશું કે જે ટુંકી રસી હશે એટલે તમે અમારી વધારે નજદીક થશો.

અગર તમે ભુલી ગયા હશો તો અમે તે બાબતસર પુછશું તો તમારે સાચું બોલવુંજ પડશે, ત્યારે તમને ફરીથી આજ વસ્તુ સાથે શરૂ કરવું પડશે.

હવે અમે અમારા સર્વે રૂહાની બાળકોને ચાહીએ છીએ એટલે તમને એવી કોઇ વસ્તુ નહી આપીએ કે જે મુશ્કેલ હોય અથવા તો અશક્ય હોય. તમે ઘણા ખરા યુવાન છો એટલે અમે એમ નથી ધારતા કે તમે કલાકોના કલાકો સુધી ઇબાદત માટે બેસી શકશો. વળી એમ પણ નથી ધારતા કે તમે દરેક સવારે એકજ રીતે ધ્યાનમાં બેસી શકશો. તમે યુવાન છો. તમારા વિચારો એક સરખા ન રહી શકે. વળી આપણે મશીન નથી. એક સવારે તમે બહુજ સારી રીતે બેસી શકો અને બીજી સવારે અગર તેથી ઓછું હોય અને તમને પુરતો સંતોષ ન પણ થાય તો તમારે ફીકર કરવી નહી. તમારે માત્ર એજ ધ્યાનમાં રાખવું કે તમારે દરેક સવારે નિયમીત રીતે ઇબાદતમાં બેસવું.

જ્યારે તમે એક ધ્યાથી બેસશો ત્યારે તમે સાચુ સુખ પામશો આ તમારા માટે બહુજ મોટી ન્યામત છે. જે ઇબાદત થકીજ મળી શકે છે. પણ એ તમને મળવીજ જોઇએ એવું કાંઇ નથી. અથવા એ તમારી ફરજ નથી. ત્યારે તમારે એ બાબતસર ચિંતા કરવાની નથી. તમારે એકજ બાબત ધ્યાનમાં રાખવી કે તમા નિયમિત રીતે જમાતખાને આવવું અને પુરા ધ્યાનથી ઇબાદત કરવી.

તમે કોશીષ કરો કે થોડો ટાઇમ પણ તમે પૂર્ણ એકાગ્રતાથી બેસી શકો અને જ્યારે તમે પૂર્ણ એકાગ્રતાથી બેસશો ત્યારે તમને સાચા સુખનો અનુભવ થશે. તમારા દિલમાં રોશની

જોશો. એ વખતે ઇમામને કહેવાની જરૂરત નહીં પડે કે તમે સુખ મેળવ્યું છે કે નહી, આ વસ્તુની તમને પોતાનેજ ખબર પડશે.

તમને કોઇ વખત દુન્યવી સુખ મળ્યુ હશે. તમારા બાળકોને લીધે અથવા તમારા બીઝનેસની સફળતાના કારણે અથવા તમે કોઇ વખતે સારા દિવસો જોયા હશે પણ યાદ રાખો કે જે સાચુ સુખ તમે ઇબાદતમાં અનુભવશો તેની સાથે કોઇ વસ્તુની સરખામણી ન થઇ શકે અને આ સુખ મેળવવા માટે તમારો ધ્યેય હોવો જોઇએ.

અમે જમાતમાં જોયેલ છે કે કેટલાક દુન્યવી બાબતમાં બહુજ ગરકાવ થઇ ગયેલા છે. તેઓ મુર્ખ છે. તેઓ ટાઇટલ મેળવવા અથવા કાઉન્સીલર તરીકે નિમણુક થવા માંગણી કરતા હોય છે. આવા લોકો સાચા રસ્તાને સમજ્યા નથી. તમારી જિંદગીમાં સૌથી અગત્યનું એ છે કે તમે બંદગી કરી તમારા હ્રદયમાં રૂહાની રોશની મેળવો કે જે ટાઇટલો કરતા બહુજ મહાન છે. તમારી દુન્યવી પ્રગતી માટે તમે કંઇ પણ કરતા હો પણ આ સાચો રસ્તો છે અને તે બહુ અગત્યનો છે.

હવે અમે તમને ‘બોલ’ આપીએ છીએ અને તે સાથે અમારી દુઆ પણ આપીએ છીએ.

અમે દુઆ કરીએ છીએ કે તમે લાંબુ જીવન જીવો, તમે સુખ તેમજ દરેક ફતેહ મેળવો. અંતે આ સર્વે ઉપરાંત અમે દુઆ કરીએ છીએ કે તમે તમારા ઇમાનમાં મુસ્તકીમ થાઓ અને તમારા દિલમાં નૂરાની રોશની હાંસલ થાય.’

‘ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન’

૭

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

ઇસ્લામમાં સઘળા મુસ્લીમો ઉપર અમુક બાબતો ફરજ છે અને અમુક બાબતો ફરજ નથી. ઇમામ અહીં જમાતોને અમુક એવી ફરજો બજાવવા સલાહ આપે છે કે જેથી તમોને નૂરની પ્રાપ્તી થાય અને તમારા દિલમાં તમને સુખ મળે.

બૈતુલખ્યાલનું કામ ફરજીયાત નથી. તમારામાંથી જેઓ અહી પોતાના માવિત્રો કે દોસ્ત, બીરાદરોના દબાણથી નહી, પરંતુ પોતાનીજ ઇચ્છા અને રાજી ખુશીથી આવ્યા હોય તેઓજ અહીં રોકાય. જે કોઇ બીજાના દબાણથી આવેલા હોય અને તે ઇબાદત કરી શકશે એમ તેને ખાત્રી ન હોય તો તેણે ચાલ્યા જવું જોઇએ, અને તેથી અમે નારાજ કે ગુસ્સે થઇશું નહી અને અમને રંજ નહી થાય.

મઝહબની માત્ર જાહેરી બાબતોમાં આપણે માનતા નથી. અમારી જમાતો ઇમામતની રસી થકી મજબુત થઇ છે અને મજબુત રહી છે. આપણે એક બાજુને બીજાની ઉપર સરસાઇ મેળવવા દેશું નહીં.

ઇમામ માત્ર જાહેરી ફરજો બાબત દોરવણી આપતા નથી, પરંતુ દિલ અને રૂહને લગતી બાબતો માટે પણ દોરવણી આપે છે. અમે ઇચ્છીએ છીએ કે તમે તમારા દિલમાં નૂર પ્રાપ્ત

કરવા અને સુખ મેળવવા માટે એકાગ્રચિત બનો. ઇસ્લામની સાચી સમજ માટે આ બહુ જરૂરનું છે.

અમે તમને 'બોલ' આપીએ છીએ. તે અમારા વચ્ચે અને અમારા રૂહાની બાળકો વચ્ચે સાંકળ છે. તમારે આ સાંકળને મજબુત બનાવવા માટે પ્રયત્નો ચાલુ કરવા જોઇએ.

તમારા જીવનકાળ દરમ્યાન તમે દુન્યવી બાબતોમાં વધુ અને વધુ ઘેરાતા જશો. તમારા ઉપર વધુ અને વધુ જવાબદારીઓ આવતી જશે, ત્યારે ઇબાદત એ એકજ માર્ગ છે કે જેના થકી તમે દુન્યવી મુશ્કેલીઓમાંથી પસાર થઇ શકશો. સુખ પ્રાપ્ત કરવાનો આ એકજ માર્ગ છે અને તેના થકી દુન્યવી મુશ્કેલીઓ તમને અસર કરશે નહી.

અમારા એકે એક રૂહાની બાળકે યાદ રાખવું જોઇએ કે અખંડતા (Eternity) ને પહોંચવા અહીં તમારા હાથમાં થોડો સમય છે તેથી અમે તમને અમારી સાથેની આ સાંકળ આપીએ છીએ, આ સાંકળ થકી તમે અમારી નજદીક અને વધુ નજદીક થશો. અમે ઇચ્છીએ છીએ કે તમે આ સાંકળને પકડી રાખો અને ઇમામતના નૂરની નજદીક થાઓ.

તમે બંદગીમાં બેસો અને તમને થોડા સમય સુધી સાચા સુખની કે નૂરની પ્રાપ્તિ ન પણ થાય. ત્યારે તમે એમ નહી વિચારશો કે આનો કંઇ અર્થ નથી, તમારે સમજવું જોઇએ કે આ તમારો હક નથી, પરંતુ અલ્લાહની રહેમત થકી તમને નૂરની અને સુખની પ્રાપ્તિ થશે.

જો ઘણા વરસો સુધી પણ તમને આ વસ્તુ ન મળે તો

પણ ઇબાદત છોડશો નહીં. ઇબાદતમાં બેસવાનું ચાલુ રાખજો, ચાલુજ રાખજો. એક વખત તમને નૂરની પ્રાપ્તિ થાય અને તમને સુખ મળે તો તમે તમારા દિલમાં હંમેશ તેનો અનુભવ કરી શકશો; પણ તમે બહારના બીજા કોઇને તે કહી શકશો નહી કારણ કે બીજાઓ આ પ્રેકટીસ કરતા નથી અને તેથી તેઓ ઇબાદતનો અર્થ સમજી શકશે નહિ. અને એક દિવસ જ્યારે તમે આ ચીજની પ્રાપ્તિ કરશો તો તમારી સમક્ષ અગર કોઇ મુશ્કેલી આવે તો તેનો સામનો કરવા તમે પૂરતા મજબુત હશો.

અમારા રૂહાની બાળકોએ સમજવું જોઇએ કે તેઓમાંના ઘણા ખરાને દુન્યવી ફિકર ચિંતાઓ છે. ઇબાદતની એકાગ્રતા વખતે આ ફિકર ચિંતાઓ તમારે દૂર કરવી જોઇએ. દુન્યવી બાબતો એ સત્વ (Essence) નથી. રૂહ છે તે ખરૂં સત્વ છે. જે રૂહને ભુલી જાય છે તે દુઃખી છે. આ હકીકત તમે તમારી આજુબાજુ હંમેશા જોઇ શકશો.

ઘણા માણસો એવા હોય છે કે તેઓ પૈસાપાત્ર હોય અને તેઓ એમ માનતા હોય કે અમે સુખી છીએ, પણ તે ખરૂ સુખ નથી. આ જ કારણે અમારા રૂહાની બાળકોએ આ વસ્તુ સમજવી જોઇએ. તમારી દુઆ બંદગી અને તમારી ઇબાદતને ભુલી જતા નહિ, આ અત્યંત જરૂરનું છે. જ્યારે તમે ઇબાદત માટે બેસો ત્યારે દુન્યવી બાબતોને ભુલી જાવ. તમારે ખુલ્લા દિલ સાથે બેસવું જોઇએ. અને 'બોલ' ઉપર મનને એકાગ્ર કરવું જોઇએ.

ઘણા મુસ્લીમો ઇબાદતના અર્થને ભૂલી ગયા છે. તમે

ઇતિહાસ વાંચશો તો તમને ખબર પડશે કે હઝરત પયગમ્બર (સલ.)ના ઝમાનામાં મુસ્લીમો આટલું બધું કાર્ય કેમ કરી શક્યા હતા. આનું કારણ એ છે કે તેઓ ઇબાદત કરતા હતા. અત્યારનું આપણું જીવન ઇસ્લામની દોરવણી પ્રમાણેનું નથી પણ તેના ઉપર (બીજા) મઝહબો અને દુન્યવી બાબતોની અસર પડેલી છે. જો તમે આ ચાવી ગુમાવી દેશો તો તમારા માટે મુશ્કેલ બનશે.

ઇબાદતમાં તમારે દુન્યવી બાબતોને ભૂલી જવી જોઇએ. જેઓ પોતાની ફિકર ચિંતાઓ ભૂલી શકતા નથી અથવા તેને દૂર કરી શકતા નથી તેઓએ ઇબાદતમાં બેસવું ન જોઇએ. 'બોલ' ઉપર-બોલના અર્થ ઉપર એકાગ્રચિત્ત બનો અમે તેના માટે તમને ભલામણ કરીએ છીએ કે આ બાબતને ઘણીજ ગંભીર લેખજો અને તેના થકી તમને સાચા સુખની પ્રાપ્તિ થશે. અમારા જે રૂહાની બાળકો આ વસ્તુ ગુમાવી દેશે તો તેઓ મકસદને સમજી શકશે નહિ.

બીજા મઝહબો કરતાં આપણે જુદા પડીએ છીએ. આપણે માત્ર દુઆમાં કે તેનો અર્થ સમજવામાંજ નહિ પણ જીવનમાં શક્તિ મેળવવામાં માનીએ છીએ. તે વસ્તુ તમે ઇબાદત થકી મેળવી શકશો. મઝહબનો આ બહુજ અગત્યનો ભાગ છે.

અમે દુઆ કરીએ છીએ કે તમને સુખ મળે, તમને સફળતા મળે અને તમને સારી તંદુરસ્તી પ્રાપ્ત થાય. અને અમે ખાસ કરીને એવી દુઆ કરીએ છીએ કે તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમને આ 'નૂર'ની પ્રાપ્તિ થાય, અમારી દુઆ છે કે તમે ઇબાદતમાં બેસી અને નૂરને તમારા

દિલમાં મેળવવા શક્તિમાન થાવ. આ જરૂરનું છે. અને પછી તમે કોઇ પણ દુન્યવી તકલીફો અને ફિકર ચિંતાઓનો સામનો કરી શકશો. આ દુનિયા છોડી જતા પહેલાં તમે નૂર વડે ભરપુર હશો.

'અલીના નૂર' વડે તમે આ વસ્તુ મેળવી શકશો પણ દિલમાં ઇમામનું નૂર પ્રાપ્ત કરવા માટે તમારે તમારૂં દિલ બરાબર ખુલ્લું રાખવું જોઇએ. અમે દુઆ કરીએ છીએ કે કોઇ પણ મુશ્કેલી તમારા માર્ગમાં નડતરરૂપ થશે નહિ.

તમારામાંના એકેએકને અમે અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. અમારા સાથેની આ સાંકળને તમે યાદ રાખજો કે જેથી નૂર અને સુખની પ્રાપ્તિ થશે.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

૮

ખુલના.

૨ ડીસેમ્બર ૧૯૬૪

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

આપણા મઝહબમાં દરેક મુસ્લીમો ઉપર જે બાબતો ફરજીયાત છે તેમાંજ માત્ર આપણે માનતા નથી. આ બાબતો પૂરતી નથી. આપણે અલ્લાહના અસ્તિત્વ ઉપર બંદગીના સમયેજ નહી પણ દિવસ અને રાત દરમ્યાન બીજા વખતે પણ એકાગ્રચિત થવું જોઇએ. હઝરત પયગમ્બર (સલ.)ની એક હદીસમાં તેમણે એમ ફરમાવ્યું હોવાનું કહેવાય છે કે 'ઇબાદતના વખત સિવાયના બીજા સમયે જો કોઇ મુસ્લીમ પોતાના દિલમાં અલ્લાહ વિષે વિચારે છે તો તે સમય ઇબાદતની બરાબર છે.'

અમે ઇચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ સમજે કે અમે તેમને 'બોલ' આપીએ છીએ કારણ કે અમારી એ ઇચ્છા છે કે તેઓ માત્ર જમાતખાનાની પોતાની નિયમિત ફરજો બજાવે એટલું જ નહી પણ પોતાના હ્રદયમાં નૂરની પ્રાપ્તિ પણ કરે.

'બોલ' એ અત્યંત ખાનગી બાબત છે. તેના વિષે તમારે અંદરો અંદર અથવા બહાર ચર્ચા કરવી ન જોઇએ તેમજ તેને ભૂલી ન જવો જોઇએ.

અમારા રૂહાની બાળકોને બંદગી થકી અપાર સુખની

પ્રાપ્તિ થશે, પણ તેમ માત્ર અલ્લાહની રહેમત થકીજ બનશે કારણ કે તે અમારા રૂહાની બાળકોનો હક નથી. તમને થોડો સમય સુધી જો આ સુખ ન મળે તો તમારે એમ માની લેવાનું નથી કે તમને આ સુખ ક્યારેય પણ નહી મળે. ઘણા રૂહાની બાળકોને આ માટે ૧૫ કે ૨૦ વર્ષ સુધી રાહ જોવી પડી છે અને છતાંય તેમને આ સુખની પ્રાપ્તિ થઇ નથી, પરંતુ એક વખત તમને આ સુખ મળી જાય પછી બધુ બરાબર થઇ જશે. તમે તેને સમજી શકશો, પછી ક્યારેય સવાલ ઉઠાવશો નહી અને ઇબાદતનો અર્થ સમજવામાં ચુકશો નહી.

ઇબાદત એ ઇસ્લામને સાચી રીતે સમજવાની ચાવી છે.

અમે તમારામાંના એકેએકને અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. અમે તમારા સુખ માટે, તમારી લાંબી જિંદગી માટે અને તમારી સફળતા માટે દુઆ કરીએ છીએ અને ખાસ કરીને તમને ઇબાદત થકી આ નૂર અને આ સુખની પ્રાપ્તિ થાય એવી દુઆ કરીએ છીએ.

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

જોઇએ.

અમે મીશનરીને કહેશું કે તમને આનો અર્થ કરીને સંભળાવે અને તમને પુછે કે તમે અહીં પોતે રાજીખુશીથી આવ્યા છો કે તમારા માવિત્રો, દોસ્તો અથવા સગાવ્હાલાઓએ તમને એમ કહ્યું છે કે તમારે 'બોલ' લેવાનો છે.

એક વખત તમે એ નક્કી કરો કે તમે અહીં રાજીખુશીથી આવ્યા છો કે નહી અને પછી કોઇ પોતાની મરજીથી અહીંથી ચાલ્યા જવા ઇચ્છે તો તેણે તેમ કરવું એ તદ્દન યોગ્ય છે. તમને ઇબાદત બંદગીમાં બેસવાનો ગંભીરપણે ખ્યાલ ન હોય તો તમે 'બોલ' લ્યો એમ અમે ઇચ્છતા નથી.

અમારા વહાલા રૂહાની બાળકો, અમે ઇચ્છીએ છીએ કે બૈતુલખ્યાલની શ્રેષ્ઠતા અને મહત્વતાને તમે સમજો. જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે જે સમય તમને આપવામાં આવ્યો છે તેનું પાલન કરવું મુશ્કેલ છે. આ સમય તમને એટલા માટે આપવામાં આવ્યો છે કે તમે એકેએક જ્યારે બંદગીમાં બેસો ત્યારે તમામ દુન્યવી બાબતોને સંપૂર્ણ પણે ભૂલી જાવ. તમારી રોજીંદી જિંદગીમાં તમારી આસપાસ જે બનાવો બને છે, તમારા મનમાં અને તમારા દિલમાં જે કાંઇ હોય તેને મગજમાંથી સંપૂર્ણપણે કાઢી નાખો અને તમારૂં દિલ પુરેપુરૂં ખુલ્લું રાખીને સંપૂર્ણપણે ખુલ્લા દિલથી તમારે બંદગીમાં બેસવું જોઇએ અને નૂરને તમારા દિલમાં પ્રાપ્ત કરવા માટે તમારે ચાહના રાખવી જોઇએ.

ઘણા રૂહાની બાળકો એમ વિચારે છે કે આ નૂરની પ્રાપ્તિ એ એમનો હક છે, અને અમુક વખત પછી, કારણ કે

તેમને નૂરની પ્રાપ્તિ નથી થઇ તો તેઓએ મનમાં એમ કહ્યું છે કે 'મેં એવી રીતે કાર્ય નથી કર્યું એવી રીતે ઇબાદત નથી કરી કે જેથી મારા દિલમાં નૂર (રોશની) પ્રાપ્ત થાય.'

પરંતુ આ વસ્તુ અગત્યની છે કે તમારે જાણવું જોઇએ કે આ નૂરની પ્રાપ્તિ એ તમારો હક નથી. તમે બંદગીમાં બેસો અને કહેવા લાગો કે 'મારા દિલમાં નૂર રોશન થવું જોઇએ.' પરંતુ એ તમારો હક નથી. અલ્લાહની રહેમત થકી તમારા દિલમાં નૂર રોશન થશે. કેટલાક રૂહાની બાળકોને આના માટે દસ કે પંદર વરસ સુધી રાહ જોવી પડી છે.

પરંતુ અમે તમને કહી શકીએ છીએ કે એક વખત તમે ઇબાદતમાં બરાબર બેસો અને તમામ દુન્યવી ભ્રમણાઓને સંપૂર્ણપણે દૂર કરો અને પછી તમારા દિલમાં નૂર પ્રગટ થાય તો તમારા કોઇ પણ પ્રકારના દુન્યવી પ્રશ્નોનો સામનો કરવા તમે મજબુત બનશો અને તમને એ સુખ પ્રાપ્ત થશે કે જેનાથી તે (પ્રાપ્તિના) સમય સુધી તમે અજાણ હતા.

આ સુખ ક્યારેય પણ તમારી પાસેથી કોઇ લઇ શકશે નહી કે બીજા રૂહાની બાળકો સમક્ષ તમે તેનું વર્ણન કરી શકશો નહીં.

અને તેથીજ અમે બૈતુલખ્યાલમાંના અમારા રૂહાની બાળકોને વારંવાર ફરમાવ્યું છે કે આ ખાનગી બાબત છે. આ વ્યક્તિગત રીતે તમારામાંના એકએકને ઇમામતના નૂર વચ્ચેની સાંકળ છે. જો તમે આ સાંકળ બાબત વર્ણન કરવા ચાહો, તેના સંબંધે કાંઇ બોલવા ચાહો અને તેને લીધે તમને જે સુખની

પ્રાપ્તિ થઇ હોય તે બાબત તમે બીજા લોકોને કહેવા ચાહો તો, તેઓ જ્યાં સુધી ઇબાદત બંદગીમાં બેસીને ઇમામતના નૂરની રોશની પ્રાપ્ત નહી કરે ત્યાં સુધી સમજી શકશે નહી. આ વસ્તુ અતિ ઘણું મહત્વ ધરાવે છે અને અમારા રૂહાની બાળકો તેના તરફ બહુજ ધ્યાન આપે એમ અમે ઇચ્છીએ છીએ.

અમે નથી ઇચ્છતા કે થોડા સમય પછી તમે નિરાશ, દુઃખી કે અસંતોષી થઇ જાવ. કારણ કે તમે બંદગીમાં બેસો તેથીજ માત્ર તમને નૂરની પ્રપ્તિ થાય એ તમારો હક થઇ જતો નથી. આ વસ્તુ બહુજ સ્પષ્ટતાથી સમજવી જોઇએ કે તે તમારો હક નથી. પરંતુ અમે દુઆ કરીએ છીએ કે તમે એકેએક જ્યારે બંદગીમાં બેસો ત્યારે તમામ દુન્યવી બાબતોને ખ્યાલમાંથી દૂર કરવા પૂરતા શક્તિમાન થાવ, અને જિંદગીમાં ઓછામાં ઓછી એક વખત તમારામાંના એકએકના દિલમાં આ નૂરની પ્રાપ્તિ થાય.

અમે ઇચ્છીએ છીએ કે તમે આ વસ્તુની મહત્વતાને સમજો. અમે ઇચ્છીએ છીએ કે તમે બંદગ઼ીમાં બેસવા માટે બહુ સ્પષ્ટ પ્રયાસ કરો અને ગંભીરતાપૂર્વક આ વસ્તુનું પાલન કરો.

જો વિચાર કરો તો તમને જણાશે કે ઘણા મુસ્લીમો, અમે કહીએ છીએ કે મુસ્લીમો એમ માનીને ગુમરાહ થયા છે કે માત્ર જાહેરી રીતરીવાજોજ છે કે જે આજના મુસ્લીમોએ પાળવાનાં છે. તેમની આ માન્યતા સત્ય નથી. એ જરૂરનું છે કે તમારી જિંદગીમાં વ્યક્તિગત રીતે એકએક સાથે આ બાતુની નૂર હોવું જોઇએ અને જો તમે આ ભૂલી જશો તો તમે ભવિષ્યમાં ગુમરાહ થવાનું બહુ મોટું જોખમ વહોરી લેશો.

અમે દુઆ કરીએ છીએ કે તમારામાંના સઘળાને કોઇ દુન્યવી તકલીફો ન હોય, અને તેનાથી પણ વધારે અમે ખાસ દુઆ ફરમાવીએ છીએ કે તમે તમારા દીનમાં બહુ મજબુત રહો, તમે તમારા દીનની બાતુની બાજુ સમજવામાં મજબુત રહો અને સૌથી અધિક એ છે કે તમને સાચા રૂહાની સુખની પ્રાપ્તિ થાય. તમારા જીવનકાળ દરમ્યાન ઇમામતના નૂરને તમારા દિલમાં એક વખત પ્રાપ્ત કરો તો તે સુખ હંમેશા તમારૂં થઇને રહેશે.

અમે તમને અમારા ખાસ અત્યંત હેતપૂર્વકના અને વ્હાલભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. અને હવે અમે તમને 'બોલ' આપીએ છીએ જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે બોલ વડે અલીના નૂર અને ઇમામતના નૂર થકી તે (અલ્લાહ)ની પ્રાપ્તિ કરવા માટે ચાહના રાખવી જોઇએ.

આ ખ્યાલને તમારે બરાબર સમજવો જોઇએ તમારે નિયમિત બંદગી ઇબાદતની પ્રેકટીસ કરવી એ બહુજ જરૂરનું છે. જ્યારે તમને દુન્યવી બાબતોની ફિકર ચિંતા હોય ત્યારે તમે 'બોલ'ને યાદ કરશો નહી. બાતુની અને જાહેરી બાબતોને એક બીજા સાથે ભેળસેળ કરશો નહી, તેને તમારા દિલમાં અલગ રાખજો.

આ પ્રસંગે અમે તમને અમારા ખાસ અત્યંત વહાલભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ, અને અમે દુઆ કરીએ છીએ કે તમારામાંના એકેએક ઇમામતના નૂરને અને તેના વધુ અને વધુ બળને આ સાંકળ થકી મેળવે અને તમારી આખી જિંદગી દરમ્યાન તમે ઇમામતના નૂરની નજદીક, નજદીક અને વધુ

નજદીક થાવ.

અમે ઇચ્છીએ છીએ કે બૈતુલખ્યાલમાં બાતુની હકીકતોનો શું અર્થ થાય છે તે તમે ચોક્કસ પણે સમજો. એમ બને કે આજે અથવા આવતી કાલે અમે તમારી સાથે ન હોઇએ. આમ બને, પરંતુ અમારી જમાતો જાણે છે કે ઇમામતનું નૂર હંમેશા દુનિયામાં મૌજુદ છે. અને આ રસી જે તમારી પાસે છે તે ઇમામતનું નૂર છે. અમે શારીરિક રીતે અહીં હોઇએ કે નહી હોઇએ તો પણ તે અહીં રહેનાર છે. શારીરિક રીતે ઇમામતની ગાદી ઉપર કોઇ પણ હોય. તમારે સમજવું જોઇએ કે આ તે વસ્તુ છે કે જેથી અમારી જમાતો મજબુત બની છે તેઓ આ રસીને-ઇમામતના નૂરને-વળગી રહ્યા છે, અને તમે જાણો છો કે ઇમામતનું નૂર આ જગતમાં હંમેશા મૌજુદ છે.

આ વસ્તુને તમારા મગજમાં સ્પષ્ટ કરો કે તમારે ઇમામતના નૂરની નજદીક, નજદીક અને વધુ નજદીક થવાનું છે. જીસ્માની રીતે ઇમામતની ગાદી ઉપર ગમે તે ઇમામ હોય પરંતુ તમારે આ નૂરની નજદીક થવાનું છે અને આજ કારણે અમે ઇચ્છીએ છીએ કે બાતુની હકીકતો કેટલી મહત્વની છે તે તમે સમજો કે જેથી તમારા પોતાના રૂહાની સુખ માટેજ નહી પણ તમારી રોજીંદી જિંદગીની સમસ્યાઓનો સામનો કરવા માટે તમને બળ હાંસલ થાય અને તમને વિશ્વાસ અને હીંમત મળે.

અંતમાં અમે તમને અમારા ખાસ અત્યંત પ્યાર અને મહોબ્બતભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

**૧૦**

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

સૌ પ્રથમ અમારા એકએક રૂહાની બાળકને અમે અમારા અત્યંત વહાલભર્યા અને પ્યારભર્યા પિતા અને માતા તરીકેના દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

'અહિ બેસેલા રૂહાની બાળકો બૈતુલખ્યાલ મંડળીમાં દાખલ થયા છે તેથી ખરેખર અમે ઘણા ખુશી થયા છીએ. અમે તેમને કબુલ ફરમાવીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે આ રૂહાની બાળકોને આપણી પ્રાણાલિકા પ્રમાણે ઉછેરવા જોઇએ. તેઓએ દુઆમાં અને જમાતખાનાની હાજરીમાં નિયમિત રહેવું જોઇએ. અને મઝહબ તેમના દિલમાં હોવો જોઇએ. તેઓએ નિયમિત રીતે ધાર્મિક નાઇટ સ્કુલમાં હાજરી આપવી જોઇએ, દુઆ બરાબર શીખવી જોઇએ અને જુદાજુદા જમાતી કાર્યોના અર્થ સમજવા જોઇએ કે જેથી ભવિષ્યમાં તેઓ ઇમામને ખીદમત અર્પણ કરી શકે.

અમે ઇચ્છીએ છીએ કે તેમને દુન્યવી શિક્ષણ યોગ્ય રીતે મળવું જોઇએ અને તેઓએ સખ્ત કાર્ય કરવું જોઇએ. માવિત્રોએ તેમની તંદુરસ્તીની સંભાળ રાખવી જોઇએ અને તેમને યોગ્ય

દુન્યવી અને રૂહાની દોરવણી આપવી જોઇએ. તેમણે તેમના માવિત્રોની આજ્ઞા માનવી જોઇએ.

આ સઘળી બાબતો તેમને ભવિષ્યમાં મજબુત ઇમાની ઇસમાઇલીઓ અને સારા આગેવાનો બનાવશે.

અમે તમને અમારા અત્યંત વહાલભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

# ૧૦

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

સૌ પ્રથમ અમારા એકએક રૂહાની બાળકને અમે અમારા અત્યંત વહાલભર્યા અને પ્યારભર્યા પિતા અને માતા તરીકેના દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

'અહિ બેસેલા રૂહાની બાળકો બૈતુલખ્યાલ મંડળીમાં દાખલ થયા છે તેથી ખરેખર અમે ઘણા ખુશી થયા છીએ. અમે તેમને કબુલ ફરમાવીએ છીએ. અમે ઇચ્છીએ છીએ કે આ રૂહાની બાળકોને આપણી પ્રાણાલિકા પ્રમાણે ઉછેરવા જોઇએ. તેઓએ દુઆમાં અને જમાતખાનાની હાજરીમાં નિયમિત રહેવું જોઇએ. અને મઝહબ તેમના દિલમાં હોવો જોઇએ. તેઓએ નિયમિત રીતે ધાર્મિક નાઇટ સ્કુલમાં હાજરી આપવી જોઇએ, દુઆ બરાબર શીખવી જોઇએ અને જુદાજુદા જમાતી કાર્યોના અર્થ સમજવા જોઇએ કે જેથી ભવિષ્યમાં તેઓ ઇમામને ખીદમત અર્પણ કરી શકે.

અમે ઇચ્છીએ છીએ કે તેમને દુન્યવી શિક્ષણ યોગ્ય રીતે મળવું જોઇએ અને તેઓએ સખ્ત કાર્ય કરવું જોઇએ. માવિત્રોએ તેમની તંદુરસ્તીની સંભાળ રાખવી જોઇએ અને તેમને યોગ્ય

દુન્યવી અને રૂહાની દોરવણી આપવી જોઇએ. તેમણે તેમના માવિત્રોની આજ્ઞા માનવી જોઇએ.

આ સઘળી બાબતો તેમને ભવિષ્યમાં મજબુત ઇમાની ઇસમાઇલીઓ અને સારા આગેવાનો બનાવશે.

અમે તમને અમારા અત્યંત વહાલભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

૧૧

(હઝરત મૌલાના ધણી સલામત સરકાર શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે તા. ૧૮મી ઓકટોબરથી તા. ૧૧મી. ડિસેમ્બર ૧૯૬૬ દરમ્યાન કેનિયા, ટાંઝાનિયા, યુગાન્ડા અને માડાગાસ્કરની મુબારક પધરામણી દરમિયાન બૈતુલખ્યાલ મંડળીને ફરમાવેલા મુબારક ફરમાનો)

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલહુસૈની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

અમે જોઇ રહ્યા છીએ કે તમારામાંથી ઘણાઓ, જેઓ બૈતુલખ્યાલમાં આવ્યા છે તેઓ પોતાનો 'બોલ' ભૂલી ગયા છે. જે વખતે અમે તમને 'બોલ' આપ્યો હતો ત્યારે અમે તમને ફરમાવ્યું હતું કે આ ઘણી અગત્યની વસ્તુ છે જેને ક્યારે પણ ભૂલવી જોઇએ નહીં. અમે તમને ફરમાવ્યું હતું તેજ પ્રમાણે આજે બૈતુલખ્યાલમાં આવેલા અમારા યુવાન રૂહાની બાળકોને ફરમાવીએ છીએ કે બૈતુલખ્યાલમાં દાખલ થવાનું તમારા માટે ફરજિયાત નથી પરંતુ જેઓ બૈતુલખ્યાલમાં દાખલ થવા ઇચ્છા ધરાવે છે; જેઓને એમ લાગે છે કે તેઓ એકાગ્રચિત્ત બની શકે તેમ છે. જેઓ પાસે સમય છે અને બૈતુલખ્યાલમાં આવવા માટેની આત્મશક્તિ છે તેઓએજ દાખલ થવું જોઇએ. અને આમ છતાં તમારામાંથી ચાલીસથી વધુ જણ એવા છે જેઓ

તેમને આપવામાં આવેલા 'બોલ'ને યાદ રાખી શક્યા નથી. આથી બૈતુલખ્યાલમાં આજે આવેલા નવા રૂહાની બાળકો જે 'બોલ' અમે આપીશું તેજ 'બોલ' તમારામાંથી જેઓ 'બોલ' ભૂલી ગયા છે તેમના માટે પણ હશે. જે નવા રૂહાની બાળકો આજે પહેલી વખતે આવ્યા છે તેઓ પોતાના નિર્ણયમાં ખુબજ ગંભીર બને એમ અમે ઇચ્છીએ છીએ. જો તમે બૈતુલખ્યાલમાં દાખલ થયા છો તો અમે નથી ઇચ્છતા કે અમે જ્યારે ફરી પધારીએ અને તમારા 'બોલ'ને તમે યાદ રાખ્યો છે કે નહિ એમ પુછીએ ત્યારે તમારામાંથી ઘણાઓ પોતાનો હાથ ઉચા કરી કહે કે 'અમે અમારો 'બોલ' ભૂલી ગયા છીએ અથવા અમને સ્પષ્ટપણે યાદ નથી.'

બૈતુલખ્યાલ એક ગંભીર બાબત છે અને સઘળા રૂહાની બાળકો ઉપર આ વસ્તુ ફરજીયાત નથી. ઇબાદતમાં જે પ્રમાણે તમારે એકધ્યાન થવું જોઇએ એ પ્રમાણે કોઇપણ કારણસર એકધ્યાન થઇ શકાતું નથી એવું તમારામાંથી જેઓને લાગતું હોય અને જેઓમાં આત્મશક્તિ નથી અને સમય પણ નથી તેઓ આજે બૈતુલખ્યાલમાં દાખલ થાય નહી. આથી અમે નારાજ કે ગુસ્સે પણ થશું નહિ. પરંતુ અમે ત્યારેજ નારાજ થશું જ્યારે થોડા વર્ષો બાદ અમે તમને પુછીએ કે, તમને તમારો 'બોલ' યાદ છે ? અને તમે કહો કે નહી, અમને અમારો 'બોલ' યાદ નથી, તો એ વખતે અમે નારાજ થઇશું. આથી તમારામાંથી જેમને પોતાની શક્તિ વિષે ખાતરીજ ન હોય તેઓ કોઇપણ જાતના ભય કે ચિંતા વગર બૈતુલખ્યાલમાંથી ચાલ્યા જાય એમ અમે ઇચ્છીએ છીએ. જો તમે જવા ઇચ્છતા

હો તો અત્યારે જ જઇ શકો છો અને જો તમે રહેવા ઇચ્છતા હો તો તમે અમને જણાવો કે તમે રહેવા ઇચ્છો છો. પરંતુ તમારામાંથી જેઓ જવા ઇચ્છતા હોય તેમણે એવું કહેતા જરાયે અચકાવું જોઇએ નહિ.'

(સઘળાઓએ અરજ કરી કે ખુદાવિંદ અમે રહેવા ઇચ્છીએ છીએ.)

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું : 'તમે સઘળાઓએ તમારા મન્ સાથે ખાતરી કરી લીધી છે ?'

(સઘળાઓએ અરજ કરી કે જી હા ખુદાવિંદ)

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :'ઘણું સારૂં. હવે અમે તમને સમજાવીએ છીએ કે બૈતુલખ્યાલ શા માટે એક અગત્યની વસ્તુ છે.

ઇસ્લામમાં જ્યારે બે વિભાગો પડયા, જ્યારે મુઆવીઆએ હઝરત અલીના સામે બંડ જાહેર કર્યું અને ઇમામના પાસે ઇમામતના સાથે સાથે રહેતી આવેલી ખિલાફત વધુ સમય ન રહી ત્યારે હઝરત અલીએ એ સમયની જમાતને જે કાંઇ ફરમાવ્યું હતું અને હઝરત અલી સામે બંડ કરનારા લોકોએ જે કાંઇ કહ્યું હતું તેની સમજણ વચ્ચે વિરોધાભાસ ઉત્પન્ન થયો.

આ વિરોધાભાસ તદન સ્પષ્ટ હતો. જેઓએ હઝરત અલીનો ઇમામ તરીકે સ્વિકાર કર્યો તેમણે કહ્યું કે અમે માત્ર ઇમામતનોજ સ્વિકાર નથી કરતા, અમારા ઉપર જે રૂહાની ફરજો છે જેને અમારે પરીપૂર્ણ કરવી જોઇએ તેનો પણ માત્ર

સ્વિકાર નથી કરતા, પરંતુ અમારા જીવનના જે બે વિભાગો છે-જેમાં એક વિભાગ દુન્યવી અને બીજો વિભાગ રૂહાની છે તેને પણ પ્રાપ્ત કરવાનું અમે ક્યારેય વિસરીશું નહિં. અને આ એજ રૂહાની વિભાગ છે. કે જેની સરખામણીમાં માનવજીવનમાં બીજી કોઇ પણ વસ્તુ વધુ મહત્વની નથી એવો આ વિભાગ છે જેના સાથે બૈતુલખ્યાલ સંકળાએલો છે. અમે ઇચ્છીએ છીએ કે તમે આ બાબતને સમજો.

બીજા મુસ્લિમો એમ કહે છે કે અમે અમારી બંદગી અદા કરી એટલે અમારા મઝહબ તરફની અમારી ફરજો પૂર્ણ થઇ. આપણી જમાત કહે છે કે તેમ નથી. આપણી જમાત તો એમ કહે છે કે આપણે માત્ર આપણી જવાબદારીઓનેજ અદા કરવી જોઇએ એટલુંજ નહિ પરંતુ જે પ્રમાણે આપણે આપણી દુન્યવી હાલતમાં સુધારો કરવા પ્રયાસ કરીએ છીએ તેમ આપણી રૂહાની સમજણોનો પણ વિકાસ કરવો જોઇએ. આપણે આપણા બાળકોની તંદુરસ્તી સુધારવા ઇચ્છીએ છીએ આપણા બાળકોની અને આપણા માવિત્રોની રહેણીકરણી સુધારવા પણ ઇચ્છીએ છીએ પરંતુ માનવ જીવનનાએ વિભાગને-રૂહાની વિભાગને આપણે કદી ભુલવો જોઇએ નહીં. આપણી જમાતે સેંકડો વર્ષો સુધી આ રૂહાની વિભાગને ઉન્નત કરવા કોશીશ કરી છે. અને એ કેવી રીતે તે અમે તમને સમજાવીશું. બૈતુલખ્યાલનો આજ અર્થ છે પરંતુ દરેક રૂહાની બાળકો માટે એ શક્ય નથી કે તે રૂહાની રીતે પોતાની જાતને ઉન્નત બનાવી શકે અને પોતાની જિંદગી અને પોતાના મઝહબના આંતરીક અર્થની સમજણ મેળવી શકે. બૈતુલખ્યાલમાં દાખલ થવું ફરજીયાત નથી એમ

અમે ફરમાવીએ છીએ તેનું આજ કારણ છે. ફક્ત એ રૂહાની બાળકો કે જેઓ પોતાની જાતનો રૂહાની વિકાસ કરવા ઇચ્છે છે, જેઓ પોતાના મઝહબ વિષે વધુ સારૂં સમજવા ઇચ્છે છે તેમજ જીવનનો આંતરીક અર્થ જાણવા ચાહે છે તેઓજ માત્ર બૈતુલખ્યાલમાં દાખલ થાય. તમે આવી સમજણને કેમ પ્રાપ્ત કરી શકશો ? તમે આવી જિંદગી શી રોતે મેળવી શકશો ? જેની સરખામણીમાં કોઇ પણ પ્રકારનું સુખ આવી શકતું નથી એવા સુખને તમે કેવી રીતે અનુભવી શકશો ? ફરી ઇસ્લામના વિકાસ મારફત, મુસ્લિમોના જુદા જુદા વિભાગોએ, જુદા જુદા માર્ગોએથી એ રૂહાની સુખ મેળવવા પ્રયાસો કર્યા હતા. દાખલા તરીકે એવા લોકોમાં, ઇખ્ખવાનુંસ્સફા-સફેદ વસ્ત્રધારી બિરાદરો અને સફેદ ઝબ્બાધારીઓ હતા. આ એવા મુસ્લિમો હતા જેઓ એમ કહેતા હતા કે અમારી પોતાની જાત ઉપર દુન્યવી તકલીફો લાદીને અને આ દુનિયામાં દુન્યવી રીતે જે કાંઇ સારૂં છે તેની પણ અવગણના કરીને તેમજ અમારા શરીરનું દમન કરીને અમે વધું સારી રૂહાની જિંદગી પ્રાપ્ત કરી શકીશું આથી અમે અમારી જાતને ઉન્નત બનાવી શકીશું અને અમને વધુ સારી સમજણો મળી શકશે. અને જુઓ કે તેઓએ શું કર્યું હતું ! તેઓ નિયમિત ભોજન નહોતા લેતા, તેઓ ઘરની બહાર જીવન જીવતા, ઠંડીની ઋતુમાં તેઓ પાતળા વસ્ત્રો પહેરતાં અને આ રીતે મઝહબ વિષેની વધુ સારી સમજણ મેળવવા અને જિંદગીનો આંતરીક અર્થ સમજવા તેઓએ આવો માર્ગ અપનાવ્યો હતો!

આપણી જમાતે આ માર્ગનું અનુકરણ કર્યું નથી. આપણી જમાતોએ હંમેશા એમ કહ્યું છે કે જિંદગીમાં સમતુલા હોવી

જોઇએ. અને તમારા કુટુંબો પ્રત્યેની, તમારા બાળકો પ્રત્યેની, તમારી જમાત પ્રત્યેની અને તમારા દેશ પ્રત્યેની તમારી દુન્યવી ફરજો વિષે તમારા મગજમાં સમાનતા હોવી જોઇએ. ઉપરાંત તમારી રૂહાની ફરજો વિષે પણ તમે જાગૃત હોવા જોઇએ. આ બન્ને વસ્તુઓ વચ્ચે તમારે સમતુલા જાળવવી જોઇએ. જો તમે આમાંથી એક અથવા બીજી બાબત તરફ દુર્લક્ષ કરશો તો તમે ખોટા રસ્તે છો. જો તમે તમારી આખી જિંદગી રૂહાની બાબતો પાછળ અર્પણ કરો તો તમારા કુટુંબો, તમારી જમાતં અને તમારા દેશ પ્રત્યેની તમારી એ ફરજો, જેના વિષે અમે તમને સમજાવી ગયા છીએ તેને તમે ક્યારે પણ અંજામ આપી શકશો નહિં.

જો તમે માત્ર દુન્યવી બાબતો ઉપરજ ધ્યાન કેન્દ્રિત કરો તો જે સમગ્ર રીતે અગત્યનું છે, જે તમારા રૂહ માટે સુખમય છે તેને તમે ભૂલી જાવ આથી આપણી જમાતોએ આ માર્ગને ન અપનાવ્યો. અને આપણા ઇમામોએ હંમેશા એવીજ દોરવણી આપી કે આ રૂહાની ઉન્નતિ માટે 'બોલ' પર લક્ષ કેન્દ્રિત કરવા તમે રાતનો સમય આપો, જે સમય દરમિયાન તમે સામાન્ય બંદગી અદા કરતા નથી. તમારા મઝહબ વિષેની વધુ સારી સમજણો મેળવવા અને આ જિંદગી વિષેના ઊંડા અર્થો સમજવા તેમજ એ સર્વેથી વિશેષ તો તમામ વસ્તુઓથી પણ જે સર્વોતમ છે, તેની નિકટતા સાધવાનો પ્રયત્ન કરવા તમારા મનમાંથી સઘળી દુન્યવી વસ્તુઓ દુર કરવા અને જે સર્વેથી ઉપર છે તેના નઝદીક જઇ શકાય તે માટે તમારા રૂહ અને વિચારોને ઉન્નત બનાવવા તમારી જાતને વિકસીત કરો.

આવી ઉન્નતિ અને આવી સમજણો કંઇ સહેલી વસ્તુ નથી અને આ કોઇ એવી વસ્તુ પણ નથી જેના પર તમારો અધીકાર હોય. પરંતુ તમે જ્યારે ઇબાદતમાં બેસશો, જ્યારે તમે બંદગીમાં બેસશો અને તમે દરેક તમારા જીવનમાં એક વખત પણ જો તમારા દુન્યવી વિચારોને દૂર કરવામાં અને તમારી જાતને ઉન્નત દશામાં મુકવા સફળ થશો તો તમને સમજણ માટે ભાન થશે, સુખ વિષે સમજ પડશે અને જીવનનો આંતરિક અર્થ શું છે તેની પણ સમજણ પડશે અને તમારા માટે ફરી એક વખત એ બાબત જે પ્રમાણે રહેવી જોઇએ તેજ પ્રમાણે કેન્દ્રસ્થાને રહેશે કે આ જીવન થોડા સમય પુરતુંજ છે, આના પછીનું જે જીવન છે તેને કોઇજ મર્યાદા નથી અને એ માટેજ તમારે તમારી જાતને તૈયાર કરવી જોઇએ. આથી જ્યારે તમે ઇબાદતમાં બેસશો ત્યારે જો તમને ઉન્નત સ્થિતિએ પહોંચવામાં, તમારા હૃદયના દ્વારો ખોલવામાં અને તમારા મગજમાંથી દુન્યવી બાબતોને ખંખેરીનાંખવામાં તમને સફળતા મળશે તો તમે સાક્ષાત્કાર કરી અને સુખ અનુભવી શકશો. આ વસ્તુ શરીર પર રાખવામાં આવતા સંયમ જેવી છે.

સવારે સૂર્ય ઉગે છે અને સાંજના સૂર્ય આથમી જાય છે એ જેમ તમે જાણો છો તેવીજ રીતે તમે આ બાબતને પણ સમજી શકશો. જો આ બાબત તમે બીજા માણસોને સમજાવવા ઇચ્છશો તો તેઓ તેને સમજી નહિં શકે પરંતુ તેમને માત્ર એવોજ ભાસ થશે કે આ માણસ મને એ વસ્તુ માટે કહી રહ્યો છે જે મારાથી ઉચાઇએ છે. આજ પ્રમાણે આ સુખ અને આ અનુભવની જેને પ્રતિતી નથી થઇ તેના માટે પણ આ વસ્તુ

ઉંચાઇએ જણાશે. જેને આનો અનુભવ થઇ ચુક્યો છે તેના સામે જો તમે આ બાબતનો ઉલ્લેખ કરશો તો તેના સમક્ષ આવી છણાવટ કરવાનો કોઇ હેતુ રહેતો નથી કારણ આ વસ્તુ શું છે તેને એ સારી રીતે સમજે છે. આથી આની છણાવટની કોઇ જરૂર રહેતી નથી.

'બોલ' શું છે ? જેના દ્વારા તમારે રૂહાની રીતે વિકસીત બનવાનું રહે છે આ વસ્તુનો શો અર્થ છે ? 'બોલ' એ એવી વસ્તુ છે જે તમને સર્વેથી મહાન એવા તમારા સર્જનહારની નજદીક લઇ જાય છે. તમે આ જગત માટે વિચાર કરો અને એ (સર્જનહાર) આ જગતથી પણ ઉંચાઇએ છે, તમે બ્રહ્માંડનો વિચાર કરો અને એ (સર્જનહાર) બ્રહ્માંડથી પણ ઉપર છે, તમે શક્તિ માટે વિચારો તો તે (સર્જનહાર) તમે જેની કલ્પના પણ ન કરી શકો એવી તમામ શક્તિઓથી પણ વધુ શક્તિશાળી છે. બીજા શબ્દોમાં કહીએ તો અલીના નૂર મારફત, ઇમામતના નૂર દ્વારા તમે તેની (સર્જનહારની) નજદીકી પ્રાપ્ત કરી શકશો, વધુ સારી સમજણો મેળવી શકશો અને જે સર્વથી વધુ મહાન છે, જેણે આ બ્રહ્માંડનું અને આ જગતનું સર્જન કર્યું છે તેના વિષેની સ્પષ્ટ સમજણ પ્રાપ્ત કરી શકશો. 'બોલ' મારફતજ તમે આવી રોશની મેળવી શકશો. આ એક ગંભીર બાબત છે, આ એક એવી બાબત છે જે ગંભીરતાપૂર્વકની એકાગ્રતા માગી લ્યે છે. તમારામાંથી ઘણાઓ ઇબાદતમાં બેઠા પછી એક દિવસે અમારા પાસે આવીને કહેશે કે 'હાઝર ઇમામ, અમે એક ધ્યાન નથી બની શકતા, અમારા વિચારો સ્થિર નથી રહી શકતા' પરંતુ આ બાબતથી તમારે ચિંતાતુર થવું જોઇએ નહિ કારણ

કે તમે કાંઇ મશીન નથી. તમારા મગજમાંથી વિચારોને બહાર કાઢવા માટે તમે દબાણ કરી શકો નહિં. આથી તમારે જે કરવાનું છે. તે એજ છે કે તમારા ઉપર કૃપા થાય અને આશિર્વાદો વરસાવવામાં આવે ત્યાં સુધી તમારે રાહ જોવી. અને જ્યારે આ વસ્તુ પ્રાપ્ત થશે ત્યારે અમે તમને ફરી એક વખત ફરમાવીએ છીએ કે તમે અનુભવી શકો એવા કોઇ પણ સુખ કે કોઇ બીજા પ્રકારની સમજણ કરતાં વધુ ઉંચા અને ઉંડા સુખ અને રોશનીનો તમને અનુભવ થશે. આજ બૈતુલખ્યાલ છે. આ એક અગત્યની વસ્તુ છે અને એક એવી બાબત છે જેનાથી તમારામાં કોઇ પણ પ્રકારની દુન્યવી તકલીફોનો સામનો કરવા માટે શક્તિ પુરાય છે. આનાથી નમ્રતા પણ આવે છે જેના કારણે સફળતા મેળવવા છતાં તમને એમ નથી લાગતું કે આ દુનિયામાં તમને જે કંઇ પણ સફળતા મળી તે માટે તમે યશના હકદાર છો.

અંતમાં અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવન દરમિયાન એક વખત પણ તમને સાચી સમજણ પ્રાપ્ત થાય અને ઇમામતના નૂરની તમે નજદીક આવો તેમજ ખરૂં સુખ અને સમજણ અનુભવી શકો. અમે દુઆ કરીએ છીએ કે તમારા ઇમાનમાં મજબૂત બનો. અમે દુઆ કરીએ છીએ કે આ સુખ દ્વારા તમે એ સમજવા માટે શક્તિમાન બનો કે આ જીવન પછી તમારા દરેક માટે જે બીજું જીવન છે તેના માટે તૈયારી કરવાની છે. અને અમે દુઆ કરીએ છીએ કે તમે હંમેશા એ યાદ રાખી શકો કે તમારા માટે બે જિંદગીઓ છે : તમારી દુન્યવી જિંદગી અને તમારી રૂહાની જિંદગી.

જો તમે અમારી હુઝુરમાં આવ્યા છો, બૈતુલખ્યાલમાં

દાખલ થયા છો તો આ બાબતને હળવી રીતે લેખશો નહિ. અમે તમને ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ, તમારામાંથી દરેકને અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બાળકો,

જો કોઇ એવી બાબત હોય જેને તમે સમજી ન શકયા હો અથવા કોઇ સવાલ હોય તો મિશનરી હમણાં તમને સમજાવશે. પરંતુ, અમે ઇચ્છીએ છીએ કે તમારામાંથી દરેક જણ એ બાબતને યાદ રાખે કે બૈતુલખ્યાલમાં દાખલ થવા અગાઉ તમે અમને કહ્યું છે કે, તમે દાખલ થવા ઇચ્છો છો. આ બાબતને હળવી રીતે લેખશો નહિ, જરા પણ હળવી રીતે ગણાશો નહિ. અમે ઇચ્છીએ છીએ કે તમે બન્ને જગતમાં શક્તિશાળી બનો અને આ દુનિયાની જે જિંદગી છે તે પછીનું જે જીવન તમારા દરેક માટે છે તે વિષેની વધુ સારી સમજણ મેળવવા માટે તમે તૈયાર થાવ.

અંતમાં ફરી એક વખત તમને અમારા ઉમળકાભર્યા હેતપૂર્વકના દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

૧૨

ઇસ્ટ આફ્રિકા

૧૯૬૬.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

જેઓ બૈતુલખ્યાલમાં દાખલ થવા ઇચ્છે છે તેમને અમે એકાદ બે વધુ શબ્દો કહેવા ઇચ્છીએ છીએ. તમારા જીવન દરમિયાન ગમે તે બને, દુન્યવી રીતે કંઇ પણ થાય, તમે સુખી હો કે દુ:ખી, તમે તંદુરસ્ત હો કે બિમાર, તમે પરણેલા હો કે કુંવારા, તમે શ્રીમંત હો કે ગરીબ પણ તમારા દરેકમાં રૂહ છે. તમે દરેક આ પૃથ્વી પર મર્યાદિત વરસો માટે જ રહેનાર છો. તમારામાંથી દરેક એક દિવસે આ પૃથ્વી છોડીને એ જીવન તરફ જનાર છે જે કાયમી છે. જ્યારે તમે આ જગત પર છો તો તમે વીસ, ત્રીસ, પચાસ કે નેવું વરસ સુધી હશો, આ પછી તમે એ કાયમ રહેનાર જીવનને પામશો અને જ્યારે તમે એ જગત તરફ જશો ત્યારે આ દુનિયામાં તમે કેવા આમાલ કર્યા હતા તેનો હિસાબ આપવો પડશે જેથી તમારે એ સમજવા કોશિશ કરવી જોઇએ કે એ સમય અત્યારે છે જ્યારે તમે બીજી દુનિયા માટેની તૈયારી કરી શકો તેમ છો. તમારી રૂહાની સમજણના વિકાસ માટે અને તમારી રૂહાની ઉન્નતિ માટે પુરતો સમય આપી શકો તેમ છો, આથી જ્યારે તમે એ નવી દુનિયામાં આવશો ત્યારે તમે વધુ સારી રીતે તૈયાર થયેલા હશો. તમારે બૈતુલખ્યાલમાં આવવું જોઇએ કે નહિ એનો તમારામાંથી દરેકની

વ્યક્તિગત સમજણ પર નિર્ણય કરવાનો આધાર રહેલો છે. આજ કારણે અમારા ફરમાનની શરૂઆતમાંજ અમે ફરમાવ્યું છે કે જેઓ બૈતુલખ્યાલમાં આવવા નથી ઇચ્છતા તેઓ દાખલ થાય નહિ. પરંતુ જેઓ પોતાના ઝમાનાના ઇમામને એમ કહે કે અમે બંદગીમાં આવવા ઇચ્છીએ છીએ, અમે એકધ્યાન થવા માંગીએ છીએ, અમારી રૂહાની ઉન્નતિ માટે અમે સમય આપવા માંગીએ છીએ તો તેમણે એ પ્રમાણે કરવું જ જોઇએ.

બંદગી મારફત જે સર્વથી ઉપર છે તેની (અલ્લાહની) તમે નજીક આવશો. જો તમે આ જગત માટે વિચારો તો તે (અલ્લાહ) આ જગતથી પણ ઉપર છે, જો તમે આ બ્રહ્માંડ માટે વિચારો તો તે (અલ્લાહ) આ બ્રહ્માંડથી પણ ઉપર છે. જો બે હજાર બ્રહ્માંડો હોય અને તમે તે માટે વિચારો તો તે (અલ્લાહ) બે હજાર બ્રહ્માંડોથી પણ ઉપર છે. તમે શક્તિ માટે વિચારો તો તે (અલ્લાહ) જેની કલ્પના પણ ન કરી શકાય તેવી કોઇ પણ શક્તિથી ચોક્કસપણે વધુ શક્તિમાન છે.

આથી તમે અલીના નૂર મારફત, ઇમામના નૂર દ્વારા તમે તેની નજીક આવવાના પ્રયત્નો કરો અને જે સર્વેથી ઉપર છે તે વિષેની સારી સમજણ મેળવો. બંદગીનો આ અર્થ છે, બૈતુલખ્યાલનો આ અર્થ છે. આપણી જમાત ઉપર આ ફરજીયાત નથી. જો વધુ સારી સમજણ મેળવવા ઇચ્છતા હો તો બૈતુલખ્યાલમાં દાખલ થાવ. પરંતુ એક વખત તમે 'બોલ' મેળવ્યા પછી આ બાબતને હળવી રીતે લેખશો નહિ. થોડા

વરસો પછી બૈતુલખ્યાલના નવા સભ્યોને અમે એમ પુછવા નથી માંગતા કે : 'અમારા રૂહાની ફરઝંદોમાંથી કોણ 'બોલ' ભૂલી ગયું છે ?' અને તમારા હાથ ઉપર ઉઠતા અમે જોવા નથી માગતા. આવું બને એ જોવાની અમારી ઇચ્છા નથી. આ એક ઘણીજ અગત્યની બાબત છે. જો તમે તમારા ઝમાનાના ઇમામને એમ કહો કે 'હું મારી રૂહાની સમજણનો વિકાસ કરવા ઇચ્છું છું અને એ માટે હું સમય મેળવીશ અને એકધ્યાન બનીશ.' તો તમારે એ પ્રમાણે કરવું જ જોઇએ.

અંતમાં અમે આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમારા જીવનના સમય દરમ્યાન એક વખત તમારા હ્રદયમાં બરાબર પ્રકાશ પથરાય. અમે દુઆ કરીએ છીએ કે આથી તમને શક્તિ પ્રાપ્ત થાય, અમે દુઆ કરીએ છીએ કે આથી તમારામાં નમ્રતા જાગે અને અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવન દરમિયાન એક વખત તમારા હ્રદયમાં એ રોશની પથરાય જે તમને તમારા ઇમાન વિષેની તેમજ આ જીવન પછીની જિંદગી વિષેની ચોક્કસપણે સાચી સમજણ આપશે. બૈતુલખ્યાલના એકે એક અને દરેક સભ્યને અમારા પ્યારભર્યા સ્પેશીયલ દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન'

૧૩

ઇસ્ટ આફ્રિકા

૧૯૬૬.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

'અમારા વહાલા રૂહાની બાળકો,

ઘણા વરસો પછી કેટલાક રૂહાની બાળકો અમારા પાસે આવીને કહે છે કે, હાઝર ઇમામ અમને મુશ્કેલી જણાય છે, અમે અમારા દુન્યવી વિચારોને દૂર કરી શકતા નથી, અમે બંદગીમાં એક વરસ, બે વરસ બેઠા પણ અમને રોશનીનો અનુભવ થતો નથી, અમને સમજણ મળતી નથી. પરંતુ જો તમે બંદગીમાં બેસો છો એટલે રોશનીનો તમને અનુભવ થવોજ જોઇએ એવો તમે હક ધરાવતા નથી. તમે બંદગીમાં બેસો છો એટલે તમને રૂહાની સમજણ પ્રાપ્ત થવીજ જોઇએ એવો દાવો તમે ન કરી શકો. પરંતુ તમને જ્યારે તે નવાજેશ કરવામાં આવશે ત્યારેજ તેની પ્રાપ્તી થશે, તમારી ઇચ્છા અનુસાર મળી શકે નહિં. આથી તમે આ બાબતને સ્પષ્ટપણે સમજી લ્યો કે તમે કંઇ મશીન નથી કે તમે તમારી મરજી અનુસાર આ સમજણ પ્રાપ્ત કરી શકો. તમે બંદગીમાં બેસો, એકધ્યાન બનો અને તમને એ સમજણનો અનુભવ થશે.

અને અમે આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમારા જીવનમાં ઓછામાં ઓછું એક વખત પણ તમને એ સમજણનો અનુભવ થાય.

જ્યારે તમને એની પ્રાપ્તિ થશે, જો એકાદ વખત પણ તેનો અનુભવ થશે તો ગમે તેવી દુન્યવી મુશ્કેલીઓનો સામનો કરી શકો તે માટેની શક્તિ તમને પ્રાપ્ત થઇ હોવાની પ્રતિતી થશે, સફળતા સામે તમે નમ્ર રહી શકો તેવા ગુણની બક્ષીશ તેમાંથી મળતી તમે જોઇ શકશો. જો દુન્યવી જીવન દરમિયાન તમે શુભ કાર્ય કરતા હો તો તમારે એમ ન વિચારવું જોઇએ કે, મારૂં નામ જાફર છે અને મેં જીવનમાં સફળતા મેળવી છે કારણ જેણે સફળતા મેળવી છે એ કાંઇ જાફર નથી પરંતુ સર્જનહારના દુઆઆશિષ થકી જાફરે પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી છે. જો તમે સાવચેતીથી બંદગીમાં બેસશો તો તમારામાં આ જ્ઞાનનો પ્રકાશ ફેલાશે. તમને એ સુખનો અનુભવ થશે જેની સરખામણીમાં બીજુ કોઇ પણ સુખ આવતું નથી. બંદગીમાં તમે બેસી શકો અને ધ્યાનથી બેસી શકો તે માટેની શક્તિ તમારામાં હોવીજ જોઇએ, તે માટેની હિંમત પણ તમારામાં હોવીજ જોઇએ.

આ બાબતને હળવી રીતે લેખશો નહિ, થોડા વરસો પછી અમારા પાસે પાછા આવીને એમ ન કહેતા કે હાઝર ઇમામ, અમે 'બોલ' ભૂલી ગયા છીએ. અમે તમને ફરમાવીશું કે તમે બૈતુલખ્ય' ‍માં દાખલ થયા હતા ત્યારે અમે કહ્યું હતું કે તમે દાખલ થવા ઇચ્છો એ વસ્તુ જરૂરી નથી, ફરજિયાત પણ નથી. પરંતુ તમે કહ્યું હતું કે અમે એકધ્યાન થવા માગીએ છીએ, અમે રૂહાની જ્ઞાન મેળવવા કેટલોક સમય આપવા માગીએ છીએ. આથી થોડાક વરસો પછી અમારી પાસે પાછા આવીને એમ કહેશો નહિં કે અમે અમારો 'બોલ' ભૂલી ગયા છીએ. આ

ગંભીર બાબત છે. તમે એ ભૂલશો નહિ કે તમારૂ બદન માટીમાંથી બનેલું છે અને તે ફરી માટીમાંજ મળી જવાનું છે. તમારો રૂહ જ ખરી વસ્તુ છે અને તેજ કાયમ માટે રહેનાર છે. આ ભૂલશો નહિ. અમે તમને ઉત્તમ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ, ખાનાવાદાન, ખાનાવાદાન.

અંતમાં અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવન દરમિયાન એક વખત પણ તમને સાચા પ્રકાશનો અનુભવ થાય, તમારા હ્રદયમાં સાચી સમજણ જાગે, આ રોશની મારફત-આ જ્ઞાન મારફત તમે સાચા ઇમાની બની શકશો. અમે તમને દરેકને અમારા પ્યારભર્યા ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન '

૧૪

દરખાના-મુંબઇ.

તા. ૨૪મી નવેમ્બર, ૧૯૬૭.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

'સહુથી પહેલાં તમારામાંના દરેકને અને એકે એકને વ્યક્તિગત રીતે અમારા અતિશય ઉમળકાભર્યા માતા પિતા તરીકેના પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન

અમારા વહાલા રૂહાની બાળકો, અમે ઇચ્છીએ છીએ કે તમે ઘણી નાની ઉમરથીજ યાદ રાખો કે જિંદગીમાં બે બાબતો છે જે ઘણી અગત્યની છે. પહેલી બાબત તમારો મઝહબ છે. નાના બાળકો તરીકે તમે તમારી દુઆ ગુજારવામાં નિયમિત રહો, જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો, તમે તમારા મઝહબને સ્પષ્ટ રીતે સમજો અને દુઆના અર્થ જાણો. આ સહુથી પહેલા અગત્યની બાબત છે. બીજી અગત્યની બાબત તમારૂ દુન્યવી શિક્ષણ છે. એટલે જે તાલીમ તમને સ્કુલમાં અને ત્યાર પછી યુનિવર્સિટીમાં મળે છે તે છે. તમારા ભવિષ્ય માટે સારી રીતે તૈયાર થવા, તમારા દુન્યવી શિક્ષણનું ધોરણ સુધારવાના પ્રયાસો કરવામાં તમારે કોઇ પણ કચાસ રાખવી જોઇએ નહીં.

અમે ઇચ્છીએ છીએ કે અમારા નાના રૂહાની બાળકો આ

શિક્ષણ માટે ઘણા મહત્વકાંક્ષી બને અને અમે ઇચ્છીએ છીએ કે સારા પરિણામો પ્રાપ્ત કરવા તમે સખત અને સતત કાર્ય કરો. હવે પછી જીવનમાં અમે તમને વધુ દોરવણી આપીશું. તમે રૂહાની ઉન્નતિ કેવી રીતે સાધિ શકો તે વિષે એક વધુ ફરમાન પણ કરીશું હાલ તુરત અમે તમને બૈતુલખ્યાલમાં કબુલ ફરમાવીએ છીએ. અમે સઘળા રૂહાની મેમ્બરોને પણ કબુલ ફરમાવીએ છીએ.

અમે ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે તમારી પ્રથમ અને સહુથી અગત્યની ફરજ તમારા મઝહબ પ્રત્યે, તમારી બંદગીમાં અને જમાતખાનાની હાજરીમાંની નિયમિતતા છે.

તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમે અમારા ઉમળકાભર્યા અને અતિશય હેતપૂર્વકના વહાલભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.'

'ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન '

૧૫

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલની બંગલીમાં સ્કુલનાં બચ્ચાઓને ફરમાવેલ મુબારક ફરમાન :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

સૌથી પ્રથમ અમો તમારામાંના એક એકને અમારા અતી ઉત્તમ આશીર્વાદો ફરમાવીએ છીએ. ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ તમો સઘળા બહુજ યુવાન છો અને તમારી સમક્ષ પુરેપુરી અને લાંબી જિંદગીઓ છે તમો બદલાતી દુન્યામાં રહ્યા કરશો અને તમો સઘળાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે પણ તમો યાદ રાખો કે તમોને સીધા અને સરળ રસ્તા ઉપર રાખવા માટે તમોને ઓછામાં ઓછી તમોને મળતી તકોમાંથી તમારા માટે બે રસ્તાઓ છે કે જે થકી તમારી જિંદગાનીઓમાં તમો સફળતા પ્રાપ્ત કરી શકો તમો સઘળા નવયુવાન છો અને અમો નથી ઇચ્છતા કે તમો તમારા વખતનો બગાડ કરો અમો ઇચ્છીએ છીએ કે તમો સખત મહેનત કરો તમો વધારે સખત મહેનત કરો.

તમો જે લોકોની સાથે રહો છો તેવા લોકોની સરખામણીમાં ત્યારેજ સફળતા મેળવી શકશો અને ઉભા રહી શકશો કે જ્યારે તમો વધારે શક્તિવાળા વધારે ભણેલા અને વધારે અક્કલવાળા હશો. તમો કંઇ બધા તમારી જિંદગીના સમયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો નહિ, તમારામાંથી ઘણા મુશ્કેલીઓમાં

મુકાઇ જશે પણ તમારામાંના એકે એકના માટે સૌથી વધારે અગત્યની વસ્તું એ છે કે તમોને સાચું યકીન હોવું જોઇએ, પુરેપુરૂં ઇમાન હોવું જોઇએ અને તમારી ધાર્મિક ફરજોમાં તમો નિયમિત હોવા જોઇએ. તમારા ઉપર કોઇપણ મુશ્કેલી આવી પડે તેની પરવા કર્યા વગર તમો તમારી ફરજોમાં મજબુત હશો, તમો નિયમિત દુઆ બંદગી ગુજારતા હશો, તમોને બૈતુલખ્યાલમાં દાખલ કરવામાં આવેલા હોય અને તમો વહેલી સવારે દુઆ બંદગીમાં આવતા હો ત્યારેજ તમો શક્તિ અને બળ પ્રાપ્ત કરી શકશો અને સુખ મળશે અને તમારા આ સુખને કોઇપણ છીનવી શકશે નહિ, કારણ કે આ એવી વસ્તું છે કે જે સુખને તમોએ તમારી શ્રધ્ધામાંથી ઉત્પન કરેલ છે, અમો ઇચ્છીએ છીએ કે તમો આ ફરમાનને બરાબર યાદ રાખો કારણ કે તમો જેમજેમ મોટા થતા જશો અને મુશ્કેલીઓમાં મુકાઇ જશો ત્યારે અમારા આ ફરમાનો યાદ રાખજો અને જો તમારામાં સાચું ઇમાન હશે, તમો નિયમિત દુઆ બંદગી ગુજારતા હશો, તો તમો જરૂર શોધી શકશો કે આ મુશ્કેલીઓ તમારા માટે તુચ્છ અને નકામી લાગશે.

અમો તમારામાંના એકએકને વ્યક્તિગત રીતે અમારા અતી વહાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન.

કોમોર, ઇસ્ટ આફ્રિકા,

૧૬

૧૯૬૬.

ખુદાવીંદ ઘણી સલામત સરકાર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

બંદગીનો સમય પરોઢિએ ૪ થી ૫ નો રાખવામાં આવેલ છે. તેનું કારણ, તે સમયે તમને દુનિયાની ચિંતાઓ નથી હોતી કે જે એકાગ્રતાથી વિમુખ રાખે છે. તે સમયે દરરોજની ચિંતાઓ જે તમને વિંટળાયેલી છે તે નહિ હશે.

૨૪ કલાકના વર્તુળમાંથી આપણે એક કલાક કાઢીએ છીએ કે જે રૂહાનીયતમાં આપણને પોતાને સુધારવાની શોધ અર્થે, જિંદગીના માર્મીક અર્થ અને આ જીવન પછીની જિંદગીને મેળવવા અર્થે વધું સારી સમજ હાંસલ કરવા આપણે એકાગ્રતાને અર્પણ કરીએ છીએ.

બૈતુલખ્યાલમાં તમારામાંના ઘણાખરા યુવાન છે. તેમના માટે એક ઉત્તમ તક છે. પણ એ યાદ રાખો કે જો તમે યુવાન છો અને કદાચ ૪૦, ૫૦ ઇન્સાઅલ્લાહ ૭૦, ૮૦ કે ૯૦ વરસ જીવવા માટે તમારા હાથમાં હોય છતાં તમારી આ જિંદગી ટૂંકી છે. તમારી જિંદગી એ બહુજ ટૂંકી છે. અને જ્યારે તમે આ દુનિયા છોડો છો ત્યારે તમારી સાથે કોઇ પણ વસ્તું નથી આવતી ન તો પદાર્થીક કે ન તો શારીરિક ફક્ત તમારો આત્મા રહે છે. અને જેવી રીતે આ પછીની જિંદગી છે તેમ તમારો આત્મા અનંત છે આ ભૂલશો નહિ અને જેમ જેમ તમે મોટા થશો તેમ તમારી ધાર્મિક ફરજો અને તમારી દુઆ બંદગી

ભૂલશો નહિ અને તમારામાંના જેઓ બૈતુલખ્યાલમાં આવ્યા છે તેઓએ નિયમિત બંદગીમાં બેસવું જોઇએ ફક્ત દુન્યવી જીવનને સફળ બનાવવા માટે જ નહિ પરંતુ આ પછીની જિંદગી જે અનંત છે તે માટે પણ તમે પોતાને તૈયાર કરો, આ ભૂલશો નહિ અમે એક વખત ફરીથી તમારામાંના દરેકે દરેકને અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન.

પાકિસ્તાન.

૧૭ જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૭૦.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલના બચ્ચાઓને ફરમાવેલ મુબારક ફરમાનઃ

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

તમે તમારી જિંદગીમાં એ ન ભૂલશો કે આ દુનિયામાં તમારા રૂહને પવિત્ર બનાવવા તમારા રૂહને સાફ રાખવા તમે તમારી ધાર્મિક ફરજોમાં નિયમિત રહો, બંદગી નિયમિત કરો, જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો, અને આપણા મઝહબ પ્રમાણેનું જીવન જીવો.

જુવાન છોકરા અને છોકરીઓને દુઆની માયના પોતાના મઝહબમાં મજબુત બનાવશે. જો તેઓ દુઆના અર્થ સમજ્યા વગર દુઆનું રટણ કરશે તો તેઓને દરરોજની દુઆમાંથી સંતોષ મળશે નહિ.

રૂહનું અલ્લાહે સર્જન કર્યું છે. તેના અસ્તિત્વનો કોઇ પણ નાશ કરી શકતું નથી.

તમો એવો વિચાર ન કરશો કે તમોને રોશની મળી નથી એટલે બંદગીનું કંઇ પણ મહત્વ નથી.

અમે નથી ઇચ્છતા કે અમારા રૂહાની બચ્ચાઓ એકાગ્રતાની શરૂઆત કરે અને એમ વિચાર કરે કે આ રોશની, આ સુખ તેમને અમુક સમયે પોતાની મેળે મળી જશે. એટલા માટે અમે

અમારા ફરમાનની શરૂઆતમાં ફરમાવ્યું છે કે આ બાબતમાં શક્તિ, હિંમત અને દ્રઢતાની જરૂર પડે છે. જે લોકો બંદગીને હળવા હૃદયે લેખે છે અને બંદગી કરવાના ઇરાદામાં મક્કમ નથી તેઓ આ રીતે રૂહાની સુખ મેળવી શકે નહિ.

તમારે નાસીપાસ થવું જોઇએ નહિ તમારે એ યાદ રાખવું જોઇએ કે રૂહાની બાબત ઉપર તમારો જીસ્માની રીતે કોઇ કાબું હોતો નથી. આ બાબત એવી છે કે જેમાં તમે સંપૂર્ણ તેની ઇચ્છાને તાબે (સમર્પિત) થઇ જાઓ કે જે સર્વેથી ઉપર છે, આ સંપૂર્ણ તાબેદારી એક દિવસ તમને રૂહાની સુખ, રૂહાની બળ અને રૂહાની રોશની આપશે.

અમારા રૂહાની બચ્ચાઓને દુઆ શિખવાડો અને તેમને યાદ આપો કે તેમનો બધો સમય ભૌતિક પ્રગતિ માટે જ પસાર ન કરે પરંતુ રૂહાની પ્રગતિ કરે કે જે અગત્યની છે.

જો તેમનો આત્મા મજબુત હશે તો તેઓ ગમે તેવી મુશ્કેલીઓમાં રક્ષણ મેળવશે.

પાકિસ્તાન
જાન્યુઆરી, ૧૯૭૦.

હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીના નવા જોડાવા આવેલ દીનદારોને અડધો કલાક સુધી નીચે મુજબના ફરમાનો કર્યા હતાં. હાઝર ઇમામે ફરમાવ્યું કે બૈતુલખ્યાલની બંદગીથી તમોને બરકત થાય, આફતબલા, મુશ્કેલ આશાન થાય, બધી બલા દફે થાય અને આ કામની બરકતથી તમોને આનંદ થાય.

ખાનાવાદાન, ખાનાવાદાન.

૨૧૦૦ દીનદારો નાના મોટા ભેટવા આવ્યા હતા, તેમને અને સધળા મોટા કામના રૂહાની મુર્રીદોને ઘણી ઘણી બરકતની નવાજેશ ફરમાવી ભેટવા આવેલ મુરીદોને ખાનાવાદાન તથા નૂરાની દીદારથી પાવન કરી નીચે મુજબના ફરમાનો ફરમાવ્યા હતાં. :-

૧. તમારાથી ચાર થી પાંચ વાગ્યાની સવારની બંદગીનો જો ટાઇમ પાળી ન શકાય તો મુખી કામડિયાને જાણ કરી દીઓ કે અમો આવી શકતા નથી.

તમોને તકલીફ હોય તો મુખી સાહેબ, કામડિયા સાહેબને બતાવી આપવું જોઇએ.

૨. મેં તમોને એના માટે ફરમાન નથી ફરમાવ્યું કે તમો તે ફરમાનને ટાળી નાખો.

૩. તમો મુરીદોને ફરમાન કર્યું અને તમો ફરમાન નહિ માનો તો હું હરગીઝ ફરમાન નહિ કરૂં.

૪. જેમ રાત અને દિવસ જમાતખાનું સાફ રાખવું ખપે તેમ

રાત દિવસ તમો હાઝર ઇમામ ખુદાવીંદના ખ્યાલમાં રહો.

૫. અમોએ તમોને ઇસમે આઝમ આપ્યું છે તે મારૂ નૂર છે. રાત અને દિવસ તમારા ખુદાવીંદની યાદમાં રહો. કોઇબી મુશ્કેલી આવશે તો બંદગીની શક્તિથી મુશ્કેલી દૂર થશે.

૬. ફુરસદ મળે ત્યારે તસબીહમાં મશગુલ રહો, યાઅલી યા મહમદ, યા મૌલા, વગેરે તમો ખુદાના ખ્યાલમાં રહો, ખુદાના ધ્યાનમાં રહો, આવા સંજોગોમાં ઇમામ ખુદાવીંદ તમારી સાથે છે.

૭. આ મજલસ, બૈતુલખ્યાલની ઇમામે ઝમાનના મુખ મુબારકના ફરમાનથી ગોઠવવામાં આવે છે, અને આને બહુ એહમીયત આપવી જરૂરી છે.

૮. મૌલાએ પૂછયું કે તમો સઘળા રાજીખુશીથી અને મરજીથી આવ્યા છો કે કેમ ?

બૈતુલખ્યાલનું કામ ફરજીયાત નથી.

૯. બૈતુલખ્યાલનું કામ ડીફીકલ્ટ છે. ડીસીપ્લીનથી સખત પાબંદીની જરૂર છે. તમો કાફી નવજવાનો છો. ભણેલા અને તમો સમજી શકો છો કે બૈતુલખ્યાલનું કામ શું છે.

૧૦. નબી સાહેબના વખતમાં ઘણી બંદગીઓ હતી. જેવી કે નમાઝ કે જે ફરજીયાત હતી. નબી મહમદ રસુલ એ ઘણા મુરીદોને હિંમત આપી હતી કે તમારૂં મન તે ખુદાવીંદ સાથે લગાવો, મઝહબને બુલંદ બનાવો.

૧૧. અમારા વ્હાલા મુરીદો તમોએ એમ ન સમજવું જોઇએ

કે જમાતખાને આવ્યા તો બસ છે. નમાઝ પડી આવ્યા બાદ એમ ન સમજવું બસ છે. તમો નવરાશના વખતમાં હો ત્યારે તમો ખુદાના ખ્યાલમાં રહો. મેં તમોને ઇસમે આઝમ આપ્યું છે એના માટે કે તમો સદા તેની સાથે રહી શકો.

૧૨. મૌલા અલીની બરકતથી તમો ખુદાના નૂરને પહોંચી શકશો.

૧૩. શરદી હોય, મુશ્કેલમાં હો, ફીકરમાં હો, અથવા હૉસ્પિટલમાં હો ત્યારે બંદગીમાં ન આવી શકો તો વાંધો નહિ, અગર કોઇ બીજી તકલીફ હોય કોઇ તમોને બીમારી થઇ ગઇ અથવા કોઇ બાઇને સુવાવડમાં આખરી મહિનો, બચ્ચાના જન્મના મહિનામાં બંદગી નહિ થઇ શકે તો વાંધો નહિ, પરંતુ તમો તંદુરસ્ત, જુવાન હો, મસ્ત હો, તો પાબંદીથી બંદગી કરો.

૧૪. ઇસમે આઝમ-બોલની-બંદગીની ખાસ જરૂર છે. બંદગી ત્યારે હોઇ શકે કે તમો તંદુરસ્ત હો, મન શાંત હોય, એ વખતે બંદગી કરો. ચારથી પાંચના ટાઇમે દુન્યાથી અલગ થાઓ... ખાનાવાદાન

૧૫. બંદગી કરતા કરતા બીમારીમાં એક માસ બંદગી ન થઇ તો ફીકર નહિ કરો મૌલા ખુદાવંદને હવાલે કરો, તે રખેવાળ છે.

૧૬. બંદગીમાં દસ સાલ થઇ ગયાને કાંઇ લાભ ન થયો તો જરાપણ ફીકર ન કરો.

આસ્તે આસ્તે તમોને લાઇટ પાવર યાને સાંભળી શકશો,

જોઇ શકશો, વગેરે... તે લાઇટ થશે, રોશની થશે, આસ્તે આસ્તે... ખાનાવાદાન.

૧૭. જમાતખાને તમો આવો છો અને તમોને ખુશી થાય છે. હું જમાતખાને હરહંમેશા હાજર મૌજુદ છું.

૧૮. મજલસમાં આવવું એ ઇમાનની નીશાની છે.

૧૯. આખી જિંદગીમાં બે કે ત્રણ વખત રોશની જોવા મળે તો નસીબદાર છો. હું દુઆ કરૂં છું કે છેવટે એક વખતે તમોને આ નૂરની તક મળી જાય... ખાનાવાદાન.

૨૦. હું તમોને એ બતાવું છું કે બંદગીમાં તમે પાબંદી સાથે બંદગીમાં બેસો, લાભ થશે... ખાનાવાદાન.

૨૧. આ દવા છે. તમો મોટા થશો, બુઢાપો આવશે, બુઢાપામાં રસ નહિ રહે.

૨૨. જુવાનીમાં તૌબા કરવી એ પૈયગમ્બરની નિશાની છે.

૨૩. બુઢાપામાં એ વખતે દુન્યવી વસ્તું ખલાસ થશે, તો જુવાનીથી બંદગીમાં તમોએ કરેલ કમાઇ તમોને ઘણી કામ આવશે.

૨૪. હાઝર ઇમામે ફરી દુઆ ફરમાવી ફરમાવ્યું કે ઉમેદ કરૂં છું, દુઆ કરૂં છું કે આવતી સાલ ઇમાનની સલામતી મળે બંદગી કરો ને એક એકને ખાસ માતા પિતા તરીકેના ઉત્તમ વ્હાલભર્યા દુઆઆશિષ ફરમાવું છું.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૧૯

જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૧૯૭૦.

સરકાર મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ અલ-હુસેનીની ૧૯૭૦ ના જાન્યુઆરી-ફેબ્રુઆરી માસ દરમ્યાન પાકિસ્તાન ખાતે થયેલ મુબારક પધરામણી પ્રસંગેના ફરમાન મુબારક

## ભાગ - ૧

ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત સરકાર શાહ કરીમ અલહુસૈની હાઝર ઇમામે ફરમાવ્યું :-

બૈતુલખ્યાલ(મંડળી)માં તમોને અમો કબુલ ફરમાવીએ તે પહેલા અમો ઇચ્છીએ છીએ કે બૈતુલખ્યાલનો શું અર્થ થાય છે. તે તમે સમજો, અને તમો બૈતુલખ્યાલમાં દાખલ થવાની ઇચ્છા ધરાવો છો તેની અમોને ખાત્રી આપો. આ કોઇ એવી બાબત નથી કે જે અમારા રૂહાની બચ્ચાઓ ઉપર ફરજીયાત હોય.

બૈતુલખ્યાલની ડીસીપ્લીન બહુ સખત છે અને તે બહુ ભોગ માગે છે. તમારામાંના જેઓ ખરેખર બંદગી કરવાની ઇચ્છા રાખતા હોય તેઓ તેમ કરી શકશે, પણ આ સખ્ત ડીસીપ્લીન છે. તમે શારીરિક રીતે અને માનસીક રીતે બંદગી કરી શકવાની સ્થિતિમાં છો, કે કેમ તે તમારે દરેકે અંગત રીતે નક્કી કરવાનું છે. બૈતુલખ્યાલ એ એવી બાબત નથી કે તમારા કુટુંબીજનોએ તમોને કહેલ છે કે 'હવે તમારે બૈતુલખ્યાલમાં જોડાવું જોઇએ' એટલે તમે આમાં દાખલ થાઓ અથવા તમારા દોસ્તો, તમારા ભાઇઓ કે તમારી બ્હેનો બૈતુલખ્યાલમાં દાખલ

થએલ છે, માટે તમને એમ લાગે કે તમારે એમ કરવું જોઇએ.

અમે માનીએ છીએ કે તમો જો બૈતુલખ્યાલમાં દાખલ થાઓ તો તેની મહત્વતા સમજવા પુરતા કેળવાયેલા પુખ્ત ઉમરના અને સમજદાર છો.

હઝરત પયગમ્બર (સ.અ.વ.)ના સમયથી અમુક બંદગીઓ તે સમયની બધી મુસ્લિમ જમાત ઉપર લાઝમ અને ફરજીયાત કરવામાં આવી હતી પરંતુ નબી સાહેબ (આવી બંદગીઓના વખત સિવાય) બીજા સમયે બંદગી કરવા માટે ઉત્તેજન આપતા હતા, એ જાણીતી વાત છે. કારણ કે ઇસ્લામનો એ એવો મુળભૂત સિધ્ધાંત છે કે પોતાના જીવનકાળ દરમ્યાન દરેકે હંમેશા હરેક પળે પોતાનું ધ્યાન અને પોતાના વિચારો અલ્લાહની નજીક અને અલ્લાહ વિષેના ખ્યાલોમાં રાખવા જોઇએ કે જેથી તમારો મઝહબ તમારી રોજીંદી જિંદગીનો એક અંતર્ગત (Integral) ભાગ બની જાય.

અમારી જમાત માટે એ પુરતું નથી કે દુઆ બંદગીના સમયે જમાતખાને જાય અને એમ સમજે કે આટલું બસ છે, મઝહબ પ્રત્યેની મારી ફરજો મેં પુરી કરી લીધી છે. આવું ઘણી વખત બીજા મુસ્લિમો કરે છે. તેઓ મસ્જિદમાં જાય છે, નમાઝ પઢે છે. અને સમજે છે કે આટલું બસ છે. અને (પરિણામે) અલ્લાહનું વજુદ, અલ્લાહનો ખ્યાલ, અલ્લાહ હસ્તી ધરાવે છે તે બાબત અને તેની સાથેનો રૂહાની સંબંધ, આ બધી વસ્તુઓની તેમને સમજ નથી હોતી. બૈતુલખ્યાલનો હેતું એવા રૂહાની બચ્ચાઓ માટે છે કે જેઓ આમાં ભાગ લેવા ઇચ્છતા હોય, અને જેઓ તેની નજદીકી મેળવવા ઇચ્છતા હોય. આ બૈતુલખ્યાલ

છે. અને અમો તમોને જે 'બોલ' આપશું તેના ઉપર તમારે એકધ્યાન થવું જોઇએ કે જેથી તમારી જાતને ઉચ્ચ દરજ્જા સુધી લઇ જઇ શકો. અને પ્રતિક રૂપે હઝરતઅલી મારફ્ત તમો તે કે જે બીજા સઘળા કરતાં મહાન છે, તેના સુધી પહોંચી શકશો. જ્યારે તમે બૈતુલખ્યાલમાં દાખલ થાઓ છો ત્યારે અમો તમોને સ્પષ્ટ રીતે કહી દેવા માંગીએ છીએ કે આ બહુ સખત ડીસીપ્લીન છે જો થોડા સમય પછી તમે તમારો 'બોલ' ભૂલી જશો તો અમે તમોને નવો 'બોલ' નહીં આપીએ, અમો તમોને પહેલો 'બોલ' ફરીથી લેવા અને નવેસરથી શરૂઆત કરવાનું કહીશું.

જો તમે બીમાર હો, તમે નાદુરસ્ત હો, તમને શરદી થઇ હોય, તમને હ્રદયની નબળાઇ હોય અથવા કોઇ એવી બીજી તકલીફ હોય તો બીમારીના સમય દરમ્યાન તમારે બંદગી કરવાની જરૂરત નથી. તમારે એવા સમયે બંદગી કરવાની છે કે જ્યારે તમે શારીરિક રીતે તેમ કરવાની સ્થિતિમાં હો પરંતુ દેખીતી રીતે અગર કોઇ બીમાર હોય અથવા હૉસ્પિટલમાં હોય તો તે વહેલી સવારે ઉઠે અને બંદગી કરે તેમ આપણે ધારણા રાખી શકીએ નહિં.

તમારામાંના જેઓ વિદ્યાર્થીઓ છે, જેઓ યુવકો અને યુવતીઓ છે તેઓ નિયમિત રીતે બંદગીની પ્રેકટીશ કરશે એમ અમો આશા રાખીએ છીએ.

પરંતુ ક્યારેક તમને એમ લાગે કે તમારૂં દિલ પથ્થર જેવું સખત છે, ત્યારે ચિંતા કરશો નહિં. 'નૂર' તમારા રૂહનું ઉચે ચઢવું એ કોઇ એવી વસ્તુ નથી જેના માટે તમે માગણી કરી

શકો. તે તમારો હક નથી આતો બક્ષિશ છે, જેની તમોને નવાઝીશ કરવામાં આવે છે, અને તે તમને ક્યારે આપવામાં આવશે તે બાબત તમે કાંઇ અગાઉથી ધારણા બાંધી શકતા નથી. પરંતુ એક વખત જ્યારે તમને એમ લાગે કે તમે ઉચ્ચ મંઝીલે જઇ રહ્યા છો. ત્યારે તે લાગણી તમને દરેકને એટલી બળવાન અને એટલી ચેતનવંતી લાગશે કે તમે જિંદગીભર તે ભૂલીશકશો નહીં. આનાથી તમોને શક્તિ મળશે અને તે પળને પાછી મેળવવા માટે તમારે ચાહના રાખવી જોઇએ પણ તે વસ્તું ફરી પાછી પ્રાપ્ત કરવા માટે નમ્રતાથી ચાહના કરજો. તમે સવારમાં ઉઠો, બંદગીમાં બેસો અને કહો કે 'હું આ સમયે ઉઠયો છું માટે મને આપોઆપ આ વસ્તું મળી જવી જોઇએ.' તેમ થઇ શકે નહિં આ તમારો હક નથી. આ એક એવો આનંદ છે કે જે તમોને નમ્રતાની હાલતમાં બક્ષવામાં આવે છે. માટે તમારે બંદગીમાં બેસવું જોઇએ અને અમોએ તમોને જે 'બોલ' આપેલ છે, તે ઉપર એકચિંત થવાની ચાહના રાખવી જોઇએ. આ 'બોલ'નો અર્થ સમજવાની, અલ્લાહના અર્થને સમજવાની ચાહના રાખો. તમારા રૂહની ઉન્નતિ સાધવાની ચાહના રાખો. અને જો તમે આમ કરવામાં નિયમિત રહેશો અને 'બોલ' યાદ કરતા રહેશો તો થોડા વરસ પછી અમો તમોને નવો 'બોલ' આપીશું. અને જેમ જેમ તમે મોટા થતા જશો તેમ તેમ જીવનની શારીરિક બાજુના ભાનથી તમે ધીમે ધીમે મુક્ત થતા જશો કે જેથી તમારી રૂહાની સાંકળ મજબુત, મજબુત અને વધારે મજબુત બનતી જશે. અને આ જ વસ્તું છે, જે અમો તમારામાંના દરેક માટે ઇચ્છીએ છીએ.

અમો આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ કે આવતા વરસો દરમ્યાન તમને સુખની પ્રપ્તિ થાય, તમે તંદુરસ્તી ભોગવો, તમારૂં ઇમાન મજબુત બને અને તમારા જીવનકાળ દરમ્યાન તમોને બંદગીમાં ઓછામાં ઓછું એક વખત તમને ઉચ્ચ દરજ્જે પહોંચ્યાનો અને અલ્લાહ અને તે કે જે બીજા સર્વથી પર છે. તેની રૂહાની રીતે નજદીકી પ્રાપ્ત કર્યાનો સાચો મર્મ સમજાય તથા તમને તેની લાગણી અને અનુભવ થાય.

તમારામાંના એકેએકને વ્યક્તિગત રીતે અમો અમારા અત્યંત ખાસ અને અત્યંત પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

## ભાગ-૨

ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત સરકાર શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું કે :-

અમો ઇચ્છીએ છીએ કે તમે બૈતુલખ્યાલમાં દાખલ થાઓ તે પહેલાં તમે અમોને જણાવો કે તમે અહીંયા તમારી પોતાની રાજીખુશીથી આવ્યા છો કે તમારા કુટુંબીજનો, તમારા દોસ્તો અથવા બીજા કોઇએ તમને કહ્યું છે કે તમે બૈતુલખ્યાલમાં દાખલ થાઓ કારણ કે તમારે સમજવું જોઇએ કે બૈતુલખ્યાલ(નું કામ) એ દરેક રૂહાની બચ્ચા માટે ફરજીયાત નથી અને બંદગી તે ડીસીપ્લીન, હિંમત, સમયનો ભોગ અને શારીરિક સહનશીલતા માગે છે.

જો તમોને અહીં આવવા માટે દબાણ કરવામાં આવ્યું હોય તો પાછા ચાલ્યા જવા માટે તમોને બિલકુલ છૂટ છે. અને તેથી અમો નારાજ થઇશું નહિં કારણ કે બંદગી ફરજીયાત નથી. પરંતુ તમારામાંના જેઓ અહીં રોકાય અને અમોને એમ કહે કે 'બોલ' લેવાની તેમની ઇચ્છા છે તો પછી તમોને બંદગીમાં નિયમિત રહેવું પડશે. બંદગી વિષે કાળજીપૂર્વક ખ્યાલ કરવો પડશે. અને રોજ બંદગી કરવી પડશે.

અમો ઇચ્છીએ છીએ કે તમે આ બાબતને બરાબર સમજો કે ઇસ્લામમાં સારા મુસ્લિમ હોવા માટેનો પાયારૂપ સિધ્ધાંત એ નથી કે તે કેટલીવાર નમાઝ કે દુઆ પડે છે, પરંતુ તેને અલ્લાહનું અને અલ્લાહના અસ્તિત્વનું ભાન હોવું જોઇએ અને નમાઝ કે દુઆના સમય સિવાયના બીજા સમયે પણ તેના વિચારોનું વલણ અલ્લાહની તરફ હોવું જોઇએ.

બીજા શબ્દોમાં કહીએ તો દરેક રૂહાની બાળક માટે એ અગત્યનું છે કે તેણે દુઆના ટાઇમે જમાતખાનામાં હાઝર થવું જોઇએ. એટલુ જ નહિ પણ દિવસના બીજા સમયે પણ 'યા અલ્લાહ, યા અલ્લાહ' અથવા 'યાઅલી' અથવા 'યા મુહમ્મદ' અથવા બીજી જે કોઇ તસ્બી તમે કાઢવા ઇચ્છતા હો, તે તસ્બી કાઢવી પરંતુ અલ્લાહ સંબંધી સતત વિચારો જ છે કે જે તમારા દિલમાં હોવા જોઇએ અને તમોને જે રસ્તા ઉપર ચાલવાનું શીખંવવામાં આવ્યું છે. અને જે સારા ઇસમાઇલીનો રસ્તો છે. તે રસ્તા ઉપર તમારે ચાલવું જોઇએ, અને તે મુજબ અમલ કરવો જોઇએ.

અનાદિકાળથી મુસ્લિમો પોતાના રૂહની ઉન્નતિ માટેની ચાહના રાખતા આવ્યા છે. પરંતુ મોટા ભાગના મુસ્લિમો માત્ર નમાઝ પઢે છે. અને તેનાથી આગળ વધતા નથી. નમાઝ જલ્દીથી પઢી શકાય છે, અને તેઓ માત્ર એટલું જ કરે છે. આપણી બાબતમાં અલબત અમુક રૂહાની બચ્ચાઓ એવા છે કે જેઓ પોતાના રૂહની ઉન્નતિ સાધવાની ચાહના રાખે છે. તે માટે અમો આજે તમોને રસ્તો બતાવશું જે બૈતુલખ્યાલનો રસ્તો છે. અને તેના મારફત જો તેઓ ઇચ્છે તો તેમ કરી શકે છે.

આ એક રૂહાની સાંકળ છે કે જે ઝમાનાના ઇમામ મારફત હઝરત અલીના નૂર મારફત અલ્લાહ તરફ જાય છે. અને દરેક વખતે જ્યારે તમે નવો 'બોલ' લેશો ત્યારે આ સાંકળની મજબુતીમાં વધારો કરવાનો તમોને મોકો મળશે, પરંતુ તેના માટે તમારે 'બોલ' યાદ રાખવાનો છે. અને નિયમિત રીતે બંદગી કરવાની છે.

તમે જ્યારે સવારના બંદગીમાં બેસો ત્યારે તમારે મગરૂર કે લાલચું થવું નહિં કે વધારે પડતી મોટી આશા રાખવી નહિં. જે પળે તમને રૂહાની બુલંદી નસીબ થશે અને ઇમામના નૂર મારફત તમે અલ્લાહના નૂરની નજદીક જશો. તે પળ જ્યારે આવશે ત્યારે તમે પોતે સમજી જશો અને તેનાથી તમોને એવા સુખનો અનુભવ થશે કે તે તમોએ ભોગવેલા બીજા સુખ કરતાં તદ્દન જુદા પ્રકારનું હશે. તેનાથી તમોને શક્તિ અને હિંમત મળશે, પરંતુ તમારે એમ સમજવું ન જોઇએ કે તે તમારો હક છે. તમે સવારે બંદગીમાં બેસો એટલે તમોને આ સુખનો અનુભવ થવો જ જોઇએ એવું કાંઇ નથી. તમારા જીવનકાળ દરમ્યાન

બે કે ત્રણ વખત પણ જો આ અનુભવ થાય તો તમે બેહદ નસીબવંતા છો પરંતુ અમોને આશા છે કે ઓછામાં ઓછું એક વખત તો આમ થશે જ.

આ એક ગંભીર બાબત છે અને બીજા કોઇ ને 'બોલ' કહેવાની તમને રજા નથી આ તમારામાંના દરેક અને ઝમાનાના ઇમામ વચ્ચેની અને ઝમાનાના ઇમામ મારફત અલ્લાહ સાથેની સાંકળ છે. પરંતુ તમારા દોસ્તો, તમારા કુટુંબીજનો કે તમારા ઓળખવાળાઓ પાસે આ ભેદ ખોલવાની તમોને છૂટ નથી. આ બાબત ફક્ત તમારા દરેકને માટે વ્યક્તિગત અને અંગત છે. અમો તમોને 'નક્સ' આપીશું નહિં કારણ કે અમો તમોને જે 'બોલ' આપશું તે કેવી રીતે લખવો તે તમો તરત સમજી શકશો. અને તેથી 'બોલ'ને નજરથી ઓળખવાનો કોઇ પ્રશ્ન રહેશે નહિં. બીજા શબ્દોમાં કહીએ તો તમે હઝરત અલી મારફત અલ્લાહ સાથે રૂહાની નજદીકી પ્રાપ્ત કરવાની ચાહના રાખો અને તમે જો બંદગીમાં નિયમિત રહેશો તો 'તે' પોતે ઇચ્છા કરશે તે સમયે અને તે જગ્યાએ તમોને આ રૂહાની ઉન્નતિની નવાઝીશ કરશે. તમારે આ 'બોલ' લખવાનો નથી તમારે તે લખવાની જરૂરત નથી.

તમારે નિયમિત રીતે 'બોલ'ની પ્રેકટીસ કરવી, સિવાય કે તમે બિમાર હો અથવા નાદુરસ્ત હો અથવા એવું કાંઇ શારીરિક કારણ હોય કે જેથી તમે 'બોલ'ની પ્રેકટીસ ન કરી શકો દાખલા તરીકે બાઇઓ માટે ગર્ભાવસ્થાના છેલ્લા મહિનાઓમાં આમ કરવું શક્ય નથી કારણ કે બાળકના જન્મ પ્રસંગે શારીરિક શક્તિની જરૂર પડે છે. પરંતુ તમારે 'બોલ'ની

પ્રેકટીશ નિયમિત કરવી જોઇએ. અને હિંમત હારવી ન જોઇએ.

તમે બંદગીમાં બેસો અને કોઇ વખતે તમોને કાંઇ લાગણી ન પણ થાય અથવા ક્યારે તમોને એમ લાગે કે તમારા દિલના ઠેકાણે તમોને પથ્થર જણાય તો તે માટે તમો દિલગીર થશો નહિ. કારણ કે આ સુખનો અનુભવ એક એવી બાબત છે, જેની તમોને બક્ષિશ કરવામાં આવશે. તમે તેને મેળવી શક્તા નથી. આ ચીજ તમારી નથી કે તમે તેને લઇ શકો તેની તમોને નવાઝીસ કરવામાં આવશે પણ તમો બંદગીની પ્રેકટીસમાં નિયમિત રહેજો.

અમો તમારામાંના એકેએકને અમારા અત્યંત પ્યારભર્યા ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ, અમો તમારા દુન્યવી અને રૂહાની સુખના માટે, અને તમારી સારી તંદુરસ્તી માટે દુઆ ફરમાવીએ છીએ, અમો દુઆ કરીએ છીએ કે તમારૂં ઇમાન મજબુત થાય અને તમો દરેકને તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત આ (રૂહાની) ઉન્નતીની પ્રાપ્તિ થાય કે જે બંદગીની બરાબર પ્રેકટીશ કરવાથી તમોને નશીબ થશે.

અમો એકવાર ફરીથી તમારામાંના એકએકને અમારા અત્યંત વ્હાલભર્યા સ્પેશીયલ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

## ભાગ-૩

ખુદાવંદ હઝરત મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ તમો બધા નાની ઉમરના છો, પણ અમો નથી ઇચ્છતા કે તમે એ ભૂલી જાઓ કે ઇન્સાની વજુદનો એક ભાગ એવો છે કે જે માત્ર મર્યાદિત સંખ્યાના વરસો સુધી હસ્તીમાં રહે છે.

અને ઇન્સાની વજુદનો બીજો હિસ્સો એવો છે કે જે હંમેશા માટે રહેનાર છે. શારીરિક રીતે તમો અહીં મર્યાદિત સમય માટે છો. તમે ૨૦ વરસ, ૫૦ વરસ કે ૧૦૦ વરસ સુધી જીવો પણ દરેક ઇન્સાન માટે એક સમય એવો આવે છે. કે જ્યારે શારીરિક રીતે તે આ દુનિયા છોડી જાય છે. તમારો એક ભાગ એવો છે કે જે હંમેશ રહેનાર છે. અને તે છે તમારો રૂહ. શારીરિક જીવનનો આનંદ માણવા ખાતર તમે એ ન ભૂલો કે તમારી આ જિંદગી મર્યાદિત છે. તમારો રૂહ હંમેશ રહેનાર છે. માટે તમારી દુઆ બંદગી ક્યારે પણ ચુકશો નહિ.

તમે જમાતખાનાની હાજરીમાં નિયમિત રહો અને તમારા જીવનકાળ દરમ્યાન દરરોજ તમારી દુઆ બંદગી ગુજારો કારણ કે તમે તમારી બંદગી નિયમિત ગુજારી છે કે કેમ તેનો તમારે એક દિવસ હિસાબ આપવો પડશે. અને જેમ અમોએ ફરમાવ્યું છે તેમ તમારા વજુદનો જે ભાગ હંમેશ માટે રહેનાર છે, તે તમારો રૂહ છે.

આ જગત ઉપર તમો હૈયાત છો તે સમય દરમ્યાન

તમારે એ ભુલવું ન જોઇએ કે તમારી રૂહની પાકિઝગી માટેનો, તમારા રૂહને સાફ કરવાનો એક માત્ર રસ્તો એ છે કે તમો તમારી ધાર્મિક ફરજોમાં નિયમિત રહો, તમારી દુઆ બંદગીમાં નિયમિત રહો, જમાતખાનાની હાઝરીમાં નિયમિત રહો, તમારા મઝહબના ઉસુલો પ્રમાણે જીવન ગુજારો અને તે પ્રમાણે અમલ કરો.

અમો ઇચ્છીએ છીએ કે તમો આવી રીતે વર્તવાનું હમણાંથી જ ચાલુ કરો તે પછી અમો તમોને એ શીખવશું કે તમારે તમારી દુન્યવી હાલતની જ નહિ પણ તમારા રૂહની સુધારણા કેવી રીતે કરવી કે જેથી જેમ જેમ તમે ઉંમરમાં મોટા થતા જશો તેમ તેમ તમારો રૂહ ઉન્નતિ સાધતો રહેશે. અને જીસ્માની રીતે તમો તમારી દુન્યવી હાલતને પણ સુધારી શકશો.

૧. અમો એમ પણ ઇચ્છીએ છીએ કે લશ્કરમાંના નાના છોકરા છોકરીઓએ તેમનાં મા-બાપની આજ્ઞાનું પાલન કરવામાં, સ્કુલમાં સખત મહેનત કરવામાં, તમારા શરીરો સ્વચ્છ રાખવામાં તેમ જ યોગ્ય સમયે સુઇ જવામાં નિયમિત રહેવું જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો તમે તમારા શરીરને સારી તંદુરસ્તીમાં રાખવા પ્રયત્ન કરો. તે ઉપરાંત તમો તમારી દુઆ બંદગીમાં નિયમિત રહો.

અમો તમારામાંના એકેએકને વ્યક્તિગત રીતે અમારા અત્યંત ઉમળકાભર્યા પ્યાર અને મહોબ્બતભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ તમારામાંનાં જેઓને નાના બાળકો છે તેઓને માટે અમો ઇચ્છીએ છીએ કે હવે પછીના વરસોમાં, જ્યારે તમારા નાના છોકરા અને છોકરીઓ ઉંમરમાં મોટા થાય ત્યારે તમે તેમને દુઆ શીખવો તેમને માત્ર તેમની દુઆ શીખવો એટલું જ નહિ પણ તેનો અર્થ પણ શીખવો એ અત્યંત અગત્યનું છે કે અમારી જમાતના યુવાન છોકરા અને છેકરીઓ જ્યારે દુઆ પડે ત્યારે તેઓએ દુઆનો અર્થ પણ સમજવો જોઇએ.

અમો એમ નથી ઇચ્છતા કે યુવાન છોકરા અને છોકરીઓ દુઆ શીખે અને તેનો અર્થ સમજ્યા વગર તેનું દરરોજ રટણ કર્યા કરે કારણ કે દુઆનો અર્થ સમજવા થકી જ તેઓ પોતાના ઇમાનમાં મક્કમ રહી શકશે. જો તેઓ અર્થ સમજ્યા વગર દુઆ પડશે, તો તેઓ રોજીંદા નિયમિત દુઆ ગુજારશે તો પણ તેમાંથી સંતોષ પ્રાપ્ત કરવાનું તેમને માટે બહુ મુશ્કેલ થઇ પડશે.

આ અગત્યની બાબત છે અને જે યુવાન છોકરા અને છોકરીઓ આ ફરમાનનો અર્થ સમજવા પુરતી ઉંમરના છે. તેઓ હમણાથી જ દુઆનો અર્થ શીખવાનું શરૂ કરે એમ અમો ઇચ્છીએ છીએ.

તમારામાંના એકએકને વ્યક્તિગત રીતે અમો અમારા અત્યંત ઉમળકાભર્યા અને અત્યંત પ્યાર અને મહોબ્બતભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૩. અમારા વહાલા રૂહાની બચ્ચાઓ લશ્કરમાંના તમામ

નાના છોકરા અને છોકરીઓને અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ. અને અમો આશા રાખીએ છીએ કે જેમ તેઓ ઉમરમાં મોટા થશે તેમ તેઓ સાચા મોમન બનશે, સખત મહેનત કરશે અને તેમનાં બાપદાદાઓ સેંકડો વરસથી જે તરીકા ઉપર અમલ કરતા આવ્યા છે તેને અનુસરશે. અમો ઉમેદ રાખીએ છીએ કે અભ્યાસના ક્ષેત્રમાં પણ તેઓ તેમના હકની રૂએ આગેવાનો બનવાની ચાહના રાખશે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૪. ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત દાતાર સરકાર શાહ કરીમ અલહુશેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ લશ્કરમાંના અમારા સઘળા રૂહાની બચ્ચાઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે તમારામાંના મોટાભાગના નાની ઉમરના છે. તેથી તમો અત્યારે સ્કુલમાં શીખો છો ત્યારે તમારે તમારા ભવિષ્ય માટે પોતાને તૈયાર કરવા જોઇએ. આથી અમારો કહેવાનો મતલબ એ છે કે જ્યારે એક પુરુષ અથવા એક સ્ત્રી ૩૦ કે ૩૫ વરસની ઉમરના થાય ત્યારે તે ફરી વખત સ્કુલમાં જતાં નથી કારણ કે તે ઉમરે સામાન્ય રીતે સ્ત્રીઓ પરણેલી હોય છે. તેમને બચ્ચાઓ હોય છે અને તેમનું કુટુંબ હોય છે. જેની તેઓએ સંભાળ રાખવાની હોય છે અને પુરુષોને પોતાની રોજી કમાવાની હોય છે તેથી તેઓ માટે એ શક્ય હોતું નથી કે, તેઓ સ્કુલમાં ફરીવાર દાખલ થઇને પોતાનું ભણતર પુરું કરી શકે.

આનો અર્થ એ થાય છે કે યુવાન બચ્ચાઓ તરીકે તમારે એ સમજવું જોઇએ કે જ્યારે તમે સ્કુલમાં હો છો ત્યારે તમારા

ભવિષ્ય માટે પોતાને તૈયાર કરવા જોઇએ અને જિંદગીના હવે પછીના વરસોમાં તમે ઝમાનાના ઇમામ પાસે આવો અને કહો કે 'મને નોકરી ધંધો મળતો નથી કારણ કે મને કોઇ નોકરી એ રાખતું નથી' તો તેનો કોઇ અર્થ નથી.

સાચી વાત એ છે કે જો તમે કેળવાયેલા હશો, જે ક્ષેત્રમાં તમોને રસ હોય તેમાં જો તમો પારંગત હશો. તો વહેવારિક રીતે દરેકને માટે કામ ધંધો મળી જાય છે. પણ જે લોકો માનવ-પ્રવૃતિના કોઇ પણ ક્ષેત્રમાં તદ્દન અણઆવડતવાળા છે તેમને કામ મળતું નથી જો કે તમો હજી નાના છો છતાં અમો ખાસ કરીને લશ્કરને આ ફરમાન ફરમાવીએ છીએ.

અમો ઇચ્છીએ છીએ કે તમો ઉંમરે પહોંચો કે તરત જીવનના કોયડાઓ વિષે જાણકાર થાઓ. સ્કુલમાં સખત મહેનત કરો, તમારી જાતને કેળવવાની કોશીષ કરો. ભણતર ઉપર પુરતો સમય અને ખ્યાલ આપો કે જેથી તમો જ્યારે સ્કુલમાંનું તમારૂં ભણતર પુરું કરી લીયો ત્યારે તમે તાત્કાલિક એવી સ્થિતિમાં હો કે તમે સારો કામધંધો મેળવી શકો. સારી રીતે રહી શકો. અને તમારી જાતનું તથા તમારા કુટુંબનુ ભરણ પોષણ કરવા માટે પુરતા નાણા કમાઇ શકો.

લશ્કરના દરેકે દરેક મેમ્બરને અમો અમારા અત્યંત ઉમળકાભર્યા અને અત્યંત પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૫. ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત સરકાર શાહ

કરીમ અલહુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, જેમ જેમ સમય પસાર થતો જશે, અને પાકિસ્તાનમાં સમાજનો વિકાસ થતો જશે. તેમ તેમ ગુજરાન પુરતી કમાઇ મેળવવા માટે મજબુત લાયકાતની અગત્યતા વધતી જશે. અમારી જમાતના યુવાન સ્ત્રીઓ અને પુરુષો તરીકે તમે જીવનના જે કોઇ ક્ષેત્રમાં જવા માગતા હો તેમાં તમારે વધારે અને વધારે સારી રીતે કેળવાયેલા થવું જોઇએ.

તમે પરિપૂર્ણ લાયકાત ધરાવનારાઓ બનો તે વધારે અને વધારે મહત્વનું બનતું રહેશે અને અમો ઇચ્છીએ છીએ કે લશ્કરમાંના યુવાન સ્ત્રીઓ અને પુરુષો એ યાદ રાખે કે એક દિવસ તમે પુખ્ત વયના પુરુષો અને સ્ત્રીઓ બનશો અને તમારા ઉપર તમારા કુટુંબ, તમારી જમાત અને તમારા દેશ પ્રત્યેની દુન્યવી જવાબદારીઓનો પુરો બોજ હશે. આ જવાબદારીઓ પુરી કરવા માટે એ જરૂરનું છે કે તમારામાંના દરેકે તમારા દુન્યવી ઇલ્મની સુધારણાની ચાહના રાખવી જોઇએ, તમારે સખત મહેનત કરવી જોઇએ અને તમારે લાયકાત ધરાવનારાઓ બનવાની ચાહના રાખવી જોઇએ કે જેથી ભવિષ્યમાં અમારી જમાતમાં બેકારી રહેવા ન પામે કારણ કે જો તમે બેકાર હશો તો તમારા જીવનના પ્રશ્નોનો અને તમારા કુટુંબ અને જમાત વગેરેના પ્રશ્નોનો તમે મુકાબલો કરી શકશો નહિં.

આથી ખાસ કરીને દરખાના વિસ્તારના અમારા રૂહાની બચ્ચાઓ જેઓ લશ્કરમાં છે તેમને અમો ફરમાવીએ છીએ કે તમારી સ્કુલના કે તમારા કુટુંબના કે જે જમાતમાં તમે વસતા હો, તે જમાતના ગમે તેવા સંજોગો હોય તો પણ તમારે તમારી

જાતની સુધારણા કરવા દરેક પ્રયાસો કરવા જોઇએ, સ્કુલમાં સખત મહેનત કરવી જોઇએ અને તમારી જાતને ભવિષ્યને માટે યોગ્ય રીતે તૈયાર કરવી જોઇએ.

૬. અમારા વહાલા રૂહાની બચ્ચાઓ તમે ઉમરમાં મોટા થતા જશો અને તમારો અભ્યાસ પુરો કરશો ત્યારે અમે ઉમેદ રાખીએ છીએ કે તમારામાંથી વધારે અને વધારે યુવાન અને યુવતીઓ જમાતની, ઝમાનાના ઇમામની અને ઇમામતની પેઢીની ખિદમત કરવા માટે બહાર પડશે.

તમારામાંથી જેઓએ સારી તાલીમ મેળવી છે. ખાસ કરીને જેઓ કરાંચી અને ઢાકા વગેરે જેવા મોટા સેન્ટરોમાં રહે છે. અને ત્યાં તાલીમ લીધી છે તેઓએ આ તાલીમના લીધે સ્વાર્થી બનવું ન જોઇએ. તમારે એ ન ભુલવું જોઇએ કે પાકિસ્તાનમાં સીંધ, હુંઝા અને ગીલગીટમાં પણ જમાતો વસે છે, જેઓની સમક્ષ બધી જાતના દુન્યવી કોયડાઓ છે.

અગર તમોને યુવકો અને યુવતીઓ તરીકે સારી તાલીમ પ્રાપ્ત કરવાનો લાભ મળ્યો હોય, તો તમોએ ભુલવું ન જોઇએ કે મોટા ભાગે તમોને તમારી પોતાની જમાત તરફથી તમારી પોતાની સ્કુલો મારફત આ તાલીમ મળી છે. અને તેથી જમાત કે જેણે તમને ટેકો આપ્યો છે. તેના તમે ઋણી છો, તમારે જમાતની કોઇને કોઇ પ્રકારે ખીદમત કરવાની ચાહના રાખવી જોઇએ.

તમે જે ખિદમત કરી શકો તેમ છો, તેમાંથી એક એ છે કે આ ભાગની ગરીબ જમાતોની વચ્ચે તમે જાઓ અને તેમની દુન્યવી તરક્કીમાં મદદરૂપ થવાની ચાહના રાખો.

## ભાગ -૪

ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત દાતાર સરકાર શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, અમોએ લશ્કરને જે ફરમાનો કર્યા તેમાં તમોએ સાંભળ્યું છે કે દરેક ઇન્સાનના જીવનના બે ભાગ હોય છે. એક ભાગ દુન્યવી હોય છે, તે જીવનનો શારીરિક ભાગ છે.

જ્યારે ઇન્સાન સ્ત્રી કે પુરુષ મરણ પામે છે ત્યારે તે ભાગ અંત પામે છે. અને ઇન્સાનને દફન કરવામાં આવે છે અને તેનું શરીર માટીમાં ભળી જાય છે, કે જેમાંથી અલ્લાહે તેને પેદા કરેલ છે. જીવનનો બીજો ભાગ જે રૂહાની જીવન છે.

દરેક પુરુષ અને સ્ત્રી રૂહની સાથે જન્મે છે અને જ્યારે તે પુરુષ અથવા સ્ત્રી શારીરિક રીતે આ દુનિયાનો ત્યાગ કરે છે, જ્યારે તે મરણ પામે છે. ત્યારે તેના રૂહની હસ્તિ તો ચાલુ જ રહે છે. અને તે હંમેશને માટે હૈયાત રહે છે. રૂહ કે જેને અલ્લાહે પેદા કરેલ છે, તેની હસ્તીને કોઇ ક્યારે પણ મીટાવી શકતું નથી. આથી સર્વે રૂહાની બચ્ચાઓ ઉપર એ ફરજ છે કે તેઓ દુઆ પડે; પરંતુ કેટલાક એવા પણ છે કે જેઓ કહે છે કે ‘અમો અમારા રૂહની પાકીઝગી માટે વધારે સમય આપવા ચાહીએ છીએ; અમે દુઆ પડીએ તે અમારા માટે પુરતું નથી, અમારા જીવનનો અમુક ભાગ અમે એકાગ્રતા પાછળ, અલ્લાહનો શું અર્થ થાય છે તે વિચારવા પાછળ અને અમારી રૂહાની ઉન્નતિ પાછળ ખર્ચવા માગીએ છીએ’ બંદગીનો આ અર્થ છે.

આ બંદગી સવારે ચારથી પાંચના સમય દરમ્યાન કરવાની હોય છે. અને તેથી તે એવા રૂહાની બચ્ચાઓ માટે છે કે જેઓ

તેમના રૂહની ઉન્નતિ માટે કોશિષ કરવા દુઆના સમય ઉપરાંત વધારાનો સમય આપવાની ઇચ્છા ધરાવે છે. જો તમે બંદગી કરવા ઇચ્છા રાખતા હો તો એ જરૂરનું છે કે તમો બંદગી એવા સમયે કરી શકો કે જ્યારે દુન્યવી વિચારો ઓછામાં ઓછા હોય આનો મતલબ એ થાય છે કે જો બપોરના સમયે તમે બંદગી કરવા બેસો તો તે ઘણું મુશ્કેલ કામ છે કારણ કે તે સમયે તમારા આસપાસનું જીવન પુરેપુરૂં પ્રવૃત્તીમય હોય છે.

સવારના ચારથી પાંચના સમય દરમ્યાન બધા સામાન્ય માનવીઓ નિદ્રામાં હોય છે. અને તેથી જેઓ પોતાની રૂહાની ઉન્નતિ સાધવા માટે પ્રયત્ન કરવાની ઇચ્છા રાખતા હોય છે. તેઓ જ સવારના ચારથી પાંચ દરમ્યાન ઊઠે છે અને બંદગી કરે છે. આ બહુ સખત અને કઠણ ડીસીપ્લીન છે. અને દરેક રૂહાની બાળક માટે બંદગી કરવાનું શક્ય નથી.

હવે બંદગીનો રૂહાની મતલબ શું થાય છે તે અમો તમોને સમજાવશું.

ઇસ્લામમાં અમુક એવા તરીકા છે જેઓ કહે છે કે 'તમો તમારી નમાઝ અદા કરો અને નમાઝ અદા કરી લીધા પછી તમારા રૂહ પ્રત્યેની તમારી જવાબદારી પુરી થાય છે.' ત્યાર પછી બીજા એવા તરીકા છે. ખાસ કરીને સુફી તરીકા, અને ઇખ્વાનુસ્સફા જેઓ એમ કહેતા હતા કે 'હું અથવા અમો તમામ દુન્યવી બાબતોનો ત્યાગ કરીશું કે જેથી અમારી હસ્તીનો તે ભાગ બાકી રહે કે જે રૂહાની હોય અને અમો અમારો સઘળો સમય અને અમારા સઘળા વિચારો અમારા રૂહના માટે અર્પણ કરશું.'

આ હેતું પાર પાડવા માટે તેઓ પોતાની જાતને શારીરિક સજા કરતા, બહું ઓછો ખોરાક લેતા, બની શકે એટલા હલકા કપડા પહેરતા અને પોતે પોતાને દરેક જાતની શારીરિક તકલીફો

આપતા.

ઇસ્માઇલી તરીકા પ્રમાણે આ બેમાંથી એક પણ રસ્તો સાચો નથી. તમારી રૂહાની તરક્કી ખાતર તમો તમારા કુટુંબ પ્રત્યેની, તમારી જમાત પ્રત્યેની અને તમારા દેશ પ્રત્યેની તમારી જવાબદારીઓને સંપૂર્ણપણે તજી શકો નહિં.

તેવી જ રીતે રૂહાની બાબતોનો ત્યાગ કરીને તમો તમારો સઘળો સમય દુન્યવી બાબતો પાછળ ખર્ચો તેમ પણ થઇ શકે નહિં. આનો અર્થ એ થાય છે કે જમાતનો દરેક મેમ્બર બૈતુલખ્યાલમાં દાખલ છે. તેણે દુન્યવી અને રૂહાની બાબતોની વચ્ચે સમતોલપણું જાળવવું જોઇએ.

તમો જે સમયે બંદગીમાં બેસો છો તે સમય એવો છે કે સાધારણ રીતે તમે તેને તમારી રૂહાની કે દુન્યવી બાબતો પાછળ વાપરતા નથી. આ સમય તમો તમારી નિંદ્રામાંથી કાઢો છો અને તમારા ખ્યાલોની એકાગ્રતા અને તમારા રૂહની ઉન્નતી માટે તમે તેનો ઉપયોગ કરો છો.

જો તમે બંદગીમા બેસવામાં સફળતા મેળવો અને તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત અથવા વધુવાર તમામ દુન્યવી ખ્યાલાતોને દૂર કરી શકો તો તમોને એક પ્રકારના એવા સુખનો, એવા આનંદનો, નૂરનો અને ઉચ્ચ ગતિએ પહોંચ્યાનો એવો અનુભવ થશે કે જેને તમારી જાણમાં હોય તેવા કોઇ પણ દુન્યવી સુખ સાથે કોઇ સંબંધ નથી અને તમોને જ્યારે આની બક્ષિશ કરવામાં આવશે. ત્યારે તમો કોઇ પણ શક વગર તેને પારખી શકશો. તમોને ચોખ્ખું જણાશે કે તમોને નૂરની અને ઉપર ચઢયાની લાગણી થઇ છે. જેનાથી તમોને એવા સુખની પ્રાપ્તિ થશે કે જે દુન્યવી અર્થમાં તમોએ ભોગવેલા કોઇ પણ સુખ કરતાં પ્રબળ છે. આ સુખની પ્રાપ્તિથી તમોને

એવું બળ મળશે કે તમારી સામે ગમે તેવા પ્રશ્નો હશે તેનો તમે હિંમતપૂર્વક વિશ્વાસ સાથે અને ખુશીથી સામનો કરી શકશો.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, અમો તમોને એ યાદ અપાવવા માંગીએ છીએ કે પુરુષો અને સ્ત્રીઓ દરરોજ ખોરાક ખાય છે. અને શ્વાસ લીયે છે. અને આ દુન્યવી શારીરિક જીવન માટેની જરૂરીયાતો છે. રૂહાની જીવન તે પ્રાણી જીવન જેવું નથી.

બીજા શબ્દોમાં કહીએ તો તમે બંદગીમાં બેસો અને એક અઠવાડિયું, દશ દિવસ, છ મહિના કે એક વરસ સુધી બેસો અને તમોને નૂરનો, ઉપર ચઢયાનો, શક્તિનો કે રૂહાની સુખનો અનુભવ ન થાય તો તમારે તેથી નીરાશ કે નાહિંમત થવું ન જોઇએ.

તમારે એમ વિચારવું ન જોઇએ કે તમોને નૂરની પ્રાપ્તિ નથી થઇ તેથી બંદગીની કોઇ મહત્વતા નથી. તમારે એમ પણ ન વિચારવું કે તમો ક્યારે પણ નૂરની પ્રાપ્તિ કરવામાં સફળતા નહિ મેળવી શકો અથવા તમારા મૃત્યુ સુધી તમો રૂહાની તરક્કી મેળવી શકશો નહિં. તમારો રૂહ એ મશીન નથી અને તેના ઉપર તમારો કોઇ અંકુશ નથી.

નૂર તમારી પાસે આવે અથવા તમોને તે આપવામાં આવે તેવો હુકમ તમે કરી શકતા નથી.

અમોએ અમારા ફરમાનમાં અગાઉ ફરમાવ્યું છે. તેમ આ સુખની અને આ રૂહાની ઉન્નતિની બક્ષિશ તમોને ક્યારે આપવામાં આવશે તે બાબત ઉપર તમારો કોઇ અંકુશ નથી સિવાય કે તે ક્યા સ્થળે મળશે તે તમારા હાથની વાત છે કારણ કે તમો બંદગીમાં બેસો છો, પરંતુ અમો નથી ઇચ્છતા કે અમારા રૂહાની બચ્ચાઓ ખાસ કરીને જેઓ એકાગ્રતા કેળવવાની

શરૂઆત કરે છે. તેઓ એમ ધારી લ્યે કે જે નૂર અને સુખની અમોએ તમારી સમક્ષ વાત કરી છે તે આપ મેળે અને અમુક સમયે તમને મળી જશે. આથી અમોએ અમારા ફરમાનની શરૂઆતમાં કહેલું છે કે આ માટે શક્તિ, હિંમત અને પ્રબળ ઇચ્છાની જરૂરત છે. અધુરા દિલવાળા અને જે લોકો બંદગીની પ્રેકટીશ કરવાના પોતાના ઇરાદાઓમાં મક્કમ નથી તેઓ આ સુખની પ્રાપ્તિ કરી શકે નહિ, માટે તમો નિરાશ ન થાઓ અને ચિંતા ન કરો.

અમે એવા રૂહાની બચ્ચાઓને પણ જોયા છે કે જેઓને અમારા દાદાજાન તરફથી 'બોલ' આપવામાં આવ્યો હતો અને જેઓ ૩૦ થી ૪૦ વરસ થયા નિયમિત રીતે બંદગી કરતા રહ્યા છે. અને તેઓએ અમારી પાસે આવીને અમોને અરજ કરી છે કે 'અમો નિયમિત રીતે બંદગીની પ્રેકટીશ કરીએ છીએ' ત્યારે અમોએ તેઓને એટલું જ કહ્યું કે 'નિરાશ થાવ નહિ અને ભૂતકાળમાં જેવી રીતે તમો 'બોલ' ઉપર ધ્યાન કેન્દ્રિત કરતા હતા તેમ કરવું ચાલું રાખો' બંદગીમાં કેમ બેસવું તે બાબત તેમને સમજાવીને અમોએ અમુક સમયે તેમની મદદ કરી છે.

પરંતુ અમો ઇચ્છીએ છીએ કે તમે નાસીપાસ નહિં થાવ તમારે નાસીપાસ થવું જોઇએ નહિં. અને યાદ રાખો કે આ એવી વસ્તુ છે કે જેના ઉપર જીસ્માની રીતે તમારો કોઇ કાબુ નથી. આ બાબતમાં 'તે' કે જે બીજા સર્વેથી મહાન છે તેની ઇચ્છાને સંપૂર્ણપણે આધિન થવું જોઇએ. અને આ પ્રકારની સંપૂર્ણ આધીનતાથી જ એક દિવસ તમોને તે સુખનો, તે શક્તિની અને તે નૂરની પ્રાપ્તિ થશે. ફરી એક વખત અમો તમોને અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

# ૨૦

## કેનિયા, યુગાન્ડા, રૂઆન્ડા અને કીગાલે
## ૧૯૭૨

૧૯૭૨ની કેનિયા, યુગાન્ડા અને રૂઆન્ડાની કીગાલે ખાતેની મુસાફરી વખતે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવેલ મુબારક ફરમાનઃ

### ભાગ-૧

ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત દાતાર સરકાર શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

તમારામાંના જેઓ પોતાનો 'બોલ' ભૂલી ગયા હોય તેઓ તેમના હાથ ઊંચા કરે...

બરાબર છે.

અમારા વહાલા રૂહાની બાળકો આજરોજ અમો જે ફરમાનો ફરમાવવાના છીએ તે બહુ જ મહત્વના છે અને અમો ઇચ્છીએ છીએ કે તમો તે ધ્યાન પૂર્વક સાંભળો અને શારીરિક જીવનમાં બૈતુલખ્યાલનો શો અર્થ છે તે સમજો.

બૈતુલખ્યાલ ફરજીયાત નથી ફક્તજેઓ બંદગી કરવા ઇચ્છતા હોય તેઓ જ આ એ મંડળીમાં જોડાય તમારે આ એ મંડળીમાં એટલા માટે જોડાવવાનું નથી કે તમારા મા-બાપો અથવા તમારા મિત્રોએ તમોને આ એ મંડળીમાં જોડાવવા કહેલ હોય તે માટે એક કારણ છે. બૈતુલખ્યાલ બહુજ મુશ્કેલ બાબત છે અને તમો જો તમોને આપવામાં આવેલ 'બોલ'

ભૂલી જશો તો તે બહુ જ હતાશાજનક થશે અને તમો તમારા ઇમામને નારાજ કરશો.

જો કોઇ રૂહાની બાળકને એમ લાગતું હોય કે તેઓ બૈતુલખ્યાલમાં જોડાવવાને શક્તિમાન નથી, તો તેઓએ જ્યારે તેઓ મોટા થાય ત્યારે જોડાવવું જોઇએ. જો એવા કોઇ રૂહાની બાળકો અહીં હોય તો તેઓ ખુશીથી બહાર જઇ શકે છે. અમો નથી ઇચ્છતા કે નવા સભ્યો તેમનો 'બોલ' ભૂલી જાય એક બાળક ઊભો થઇ હૉલમાંથી બહાર જતાં ઇમામે ફરમાવ્યું આ એક સુંદર દાખલો છે. આ બાળક પોતાના અંતઃકરણ સાથે પ્રમાણીક છે.

સમસ્ત ઇસ્લામમાં મુસ્લિમો કહે છે કે તેમનો ભક્તિભાવ નક્કી કરવામાં આવેલ 'તરીકા' મુજબ સખ્તાઇથી પાળવો જોઇએ, અમારી જમાત માને છે કે ધાર્મિક ફરજો ફક્ત તરીકા મુજબ સખ્તાઇથી પાળવી ન જોઇએ બલ્કે અમો અમારો વધું સમય અમારા આત્માની ઉન્નતિ માટે ઉપયોગમાં લેશું કારણ કે અમારી જિંદગી બહુ જ ટૂંકી છે અને તે માટે અમોએ અમારો સમય બંદગી તરફ વધું ખર્ચવાનો નિર્ણય કરેલ છે. જેથી કરીને જ્યારે અમો આ દુનિયા છોડીએ ત્યારે અમોએ બીજા લોકો કે જેઓએ હવે પછીની જિંદગી માટે તૈયારી કરેલ નથી તેમના કરતાં વધુ રૂહાની ઉન્નતિ કરેલ હશે.

જો તમો ૯૯ કે ૧૦૦ વર્ષ જીવો છતાં આ ૧૦૦ વરસ આત્માના અનંત જીવનની સરખામણીમાં કંઇજ નથી. એટલા માટે રૂહાની બાળકો માને છે કે અમારે અમારા આત્માને ઉન્નત

કરી હવે પછીની જિંદગી માટે તૈયારી કરવી જોઇએ. આનું નામ 'બૈતુલખ્યાલ'. માનવી ગરીબ હોય કે તવંગર, તંદુરસ્ત હોય કે બિમાર જો તેનો આત્મા ઉન્નત થયેલ હશે અને તેનું ઇમાન પવિત્ર હશે તો તે દુન્યાના ગમે તેવા દબાણને સહન કરવા સહાયરૂપ બનશે.

તમારા આત્માને ઉન્નત કરવા તમારે નમ્રતા અને હિંમત કેળવવી પડશે એટલા માટે રૂહાની બાળકો ઇમામ પાસે હાજર થઇ અરજ કરે છે કે 'યા ઇમામે ઝમાન અમોને આત્માની ઉન્નતિ માટેનો માર્ગ દેખાડો.' આ માર્ગ 'બોલ' અને બૈતુલખ્યાલ મારફત મળી શકે છે. બૈતુલખ્યાલમાં વહેલા ઊઠીને ધ્યાન લગાડવું મુશ્કેલ છે. તમો કોશિષ કરશો અને એકાગ્ર થવામાં અને આનંદ મેળવવામાં નિષ્ફળ જશો, જો તમારૂં મગજ તમારા હાથને કંઇક ઉપાડવા કહે તો તમારો હાથ તેમ કરશે પણ તમારૂં મગજ તમારા આત્માને હુકમ નહિ આપી શકે માટે જો તમો બંદગી માટે બેસો તો એ તમારો હક નહી થાય અને એ જરૂરી પણ નથી કે તમોને આનંદ મળવો જ જોઇએ જો તમો સફળ થશો તો તમોને નૂર જોવામાં આવશે.

બંદગી ખાસ જુદા સમયે શા માટે કરવામાં આવે છે કારણ કે તે સમયે લોકો દુન્યવી અને આર્થિક વસ્તુઓથી ઘેરાયેલા નથી હોતા. બંદગી તે સમયે કરવામાં આવે છે કે જ્યારે બીજા લોકો સુતા હોય છે અને ત્યારે માણસોની અવરજવર હોતી નથી આ સમય ધ્યાન લગાડવા માટેનો છે.

'બોલ'એ વ્યક્તિગત અને ઇમામ સાથેના સંબંધના પ્રતિક

રૂપ છે. આ એક સાંકળ છે કે જે તમોએ મેળવવી જોઇએ કે જેથી અંતમાં તમો નૂરને જોઇ શકશો. 'બોલ' ઉપર ધ્યાન લગાડો 'બોલ'ના અર્થ ઉપર ધ્યાન લગાડો અને જો તમો સફળ થશો તો તે તમોને આનંદ આપશે, તમો તેની કે જે બધાય કરતાં શ્રેષ્ઠ છે તેની નજદીક પહોંચશો, આનો અર્થ એ છે કે તમો હઝરત અલીના નૂર અને ઇમામતના નૂરની મારફત તે કે જે બધાય કરતાં મહાન છે તેની નજદીક પહોંચશો. જેઓ આ બાબત પ્રેકટીસ નથી કરતા તેમની સાથે આ સંબંધી ચર્ચા કરશો નહિં. જો તમો ચર્ચા કરશો તો તમોને ગાંડા અથવા સુફી ગણી લેવામાં આવશે, તે જ પ્રમાણે આ 'બોલ' કોઇ રૂહાની બાળક સમક્ષ પણ જાહેર ન કરતા કારણ કે આ એ વ્યક્તિગત અને ઇમામ વચ્ચેની સાંકળ છે.

અમો દુઆ કરીએ છીએ કે જેઓ બંદગીની પ્રેકટીસ કરે છે તેમને રૂહાની સુખ અને આત્મિક બળ મળે કે જેથી તેઓને ભૌતિકપણાથી રક્ષણ મળે અને તમો હવે પછીની જિંદગી માટે તૈયારી કરી શકો.

જેઓ બૈતુલખ્યાલમાં જોડાય છે અને બંદગી માટે પ્રેકટીસ કરે છે, જો તેઓ કદાચ બંદગી દરમ્યાન સુઇ જાય તો તેમાં કંઇ પાપ નથી, તેમજ કંઇ ખોટું પણ નથી જો તમો શારીરિક રીતે મજબુત ન હો તો વ્યાધી ન કરો પણ બીજે દિવસે ફરી ઊઠવા માટે કોશિષ કરો, જો તમે બિમાર હો તો બંદગીની પ્રેકટીસ ન કરો અને જ્યાં સુધી તમો સારા ન થઇ જાઓ ત્યાં સુધી રાહ જુવો અમો તમોને ભલામણ કરીએ છીએ કે નિરાશ

ન થાઓ એવા પણ રૂહાની બાળકો છે કે જેમને ૧૦ થી ૧૫ વર્ષ રાહ જોવી પડી છે. તેઓ નિરાશ ન થયા તેઓ નમ્રતાવાળા અને દુન્યવી બાબતોથી દૂર રહ્યા અને આખરે તેઓ તેની નજદીક પહોંચ્યા કે જે સર્વથી ઉપર છે.

તમારો 'બોલ' ભૂલી જતા નહિં, નહિતર તેનો અર્થ એવો થશે કે તમો ઇમામ સાથે તમારી લીંક તોડી નાખવા માગો છો અને આ લીંકનું તૂટી જવું ઇમામને નારાજ કરશે.

અમો તમો દરેકને હિંમત અને સફળતા માટે વ્યક્તિગત રીતે અમારા સ્પેશીયલ દુઆઆશિષો ફરમાવીએ છીએ અને યાદ રાખજો કે તમોએ આજે જે કરાર કરેલ છે તે બહુજ અગત્યનો છે. આ જિંદગી હંમેશ માટે નથી તમો તમારી સાથે દુન્યવી વસ્તુઓ, તમારા પૈસા, તમારા કુટુંબીજનો લઇ જઇ શકશો નહિં પણ ફક્ત તમારો આત્મા અમર છે, અમો તમોને અમારા ઉત્તમ અને અતિ પ્રેમાળ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બાળકો અમારા મુખીએ અમોને જણાવેલ છે કે કેટલાક રૂહાની બાળકો 'બોલ' બદલાવવા માટે આવેલ છે. હું તેમને સમજાવીશ કે 'બોલ' બદલાવવો એટલે શું ?

અને તેમના માટે જુદી મુલાકાત નક્કી કરીશું.

જો તમોને આપવામાં આવેલ 'બોલ' ઉપર કેટલાક વર્ષો સુધી પ્રેકટીસ કરો તો અમો તમોને નવો 'બોલ' આપીશું કે જે ઇમામ સાથેની પ્રતિકરૂપ સાંકળને ટૂંકી બનાવશે જે દિવસે તમોને આ ભૌતિક જગત મહત્વનું નહિ લાગે તે સમયે તમો હવે પછીની જિંદગી માટે તૈયાર થઇ ગયા હશો. ફરી એકવાર અમો તમો દરેકને વ્યક્તિગત રીતે અમારા ખાસ વહાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

## ભાગ-૨

બૈતુલખ્યાલ સર્વે રૂહાની બાળકો માટે ફરજીયાત નથી. ફક્ત જેઓ બંદગી માટે પ્રેકટીસ કરવા ઇચ્છા રાખતા હોય અને જુદો સમય અર્પણ કરવા ઇચ્છતા હોય, તેમણે પોતાની સ્વતંત્ર ઇચ્છાથી જોડાવવું જોઇએ. જો એવા કોઇ રૂહાની બાળકો હોય જેમને ખાત્રી હોય કે તેઓ બંદગી માટે પ્રેકટીસ કરી શકશે નહિ, અને એકાગ્રતા કેળવી શકશે નહિ તેમણે હાઝર ઇમામને કહેવું જોઇએ કે અમો બંદગી કરી શકીશું નહિ અને અમો બીજીવાર આવીશું.

પછી હાઝર ઇમામે પૂછયું 'કોઇ નથી ? શું આ તમારો નિર્ણય છે ? શું તમો આ બાબતમાં ચોક્કસ છો ?'

દરેકે જવાબ આપ્યો,'જી હા ખુદાવીંદ.'

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :-

હવે અમો બૈતુલખ્યાલનો અર્થ સમજાવીશું, ઇસ્લામમાં ઘણા તરીકા છે અને તેઓ માને છે કે જો એક મુસ્લિમ પોતાની ધાર્મિક ફરજો નિયમિત બજાવે તો તેને પોતાના આત્મા માટે વધું કંઇ કરવાની જરૂરત નથી.

ઇન્સાનની જિંદગીમાં બે બાજુઓ છે. એક બાજુ દુન્યવી ભલાઇની છે અને બીજી બાજું રૂહાની ભલાઇની છે. આપણો તરીકો કહે છે કે આપણા આત્મા માટે આપણે પ્રકાશ મેળવવો જોઇએ આપણી જમાતે એ વિચારવાની ભૂલ ન કરવી જોઇએ કે દુન્યવી પ્રગતિ એ જ શરૂઆત અને એ જ અંત છે કારણ કે દુન્યવી શરીરનો નાશ થાય છે અને ફક્ત આત્મા જ બાકી રહે છે. જે અવિનાશી છે તે માટે જમાતે, તેમના આત્માને ભૂલી દુન્યવી ભલાઇ પાછળ જ દોડવું ન જોઇએ.

ઝમાનાના ઇમામ તમોને માર્ગ ચીંધે છે કે જેથી કરીને તમો ઇમામતના નૂરની નજદીક આવો અને ઇમામતના નૂરની મારફત તેની નજદીક પહોંચો કે જે બધાય કરતાં ઉપર છે જો તમો બંદગીમાં સફળ થશો તો તમોને દરેક સુખ કરતાં જુદુ જ સુખ મળશે અને તમો દરેક મુંઝવણોને પાર કરી શકશો.

હું તદ્દન રૂહાની દ્રષ્ટીએ ફરમાન કરી રહ્યો છું. પ્રતિકરૂપે અમો તમોને જે 'બોલ' આપીએ છીએ તેનો અર્થ એ છે કે તમો અલીના નૂર મારફત તે કે જે સર્વથી ઉપર છે તેની નજદીક આવી શકશો, પણ એ તમારો હક નથી માટે નમ્ર બનો તે જ પ્રમાણે જ્યારે તમો બંદગીમાં બેસો ત્યારે તમારે જાણવું જોઇએ

કે શા માટે ખાસ સમયે જ બંદગી કરવામાં આવે છે. જ્યારે તમોને કહેવામાં આવે છે કે બંદગીનો સમય પરોઢિયે ૪ વાગ્યાનો છે તો તે માટે કારણ છે, કારણ એ છે કે દિવસ દરમ્યાન એકાગ્રતા કેળવવી મુશ્કેલ છે કે જ્યારે દુન્યવી કારોબાર અને લોકોની અવરજવર ચાલું હોય છે, એટલા માટે એવો સમય નક્કી કરવામાં આવ્યો છે કે જ્યારે સામાન્ય પણે માનવીઓ સુતા હોય છે.

જ્યારે તમો બિમાર હો અથવા મુસાફરી કરતા હો ત્યારે તમારે બંદગી માટે પ્રેકટીસ કરવી નહિ પણ આ બાબતોને બંદગી ન કરવાના બહાના તરીકે ઉપયોગ કરવો નહિ. પુરેપુરો આરામ મેળવો અને પછી બંદગી કરવાની પ્રેકટીસ કરો જો તમોને બંદગીમાં સંતોષ ન મળે તો નિરાશ થતા નહિં, કેટલાક વર્ષો સુધી બંદગીની પ્રેકટીસ કર્યા પછી તમારી ઇમામ સાથેના સંબંધની સાંકળ નાની થશે જ્યારે તમો આ જગતનો ત્યાગ કરશો ત્યારે તમારી રૂહાની જિંદગી તમારા શારીરિક જીવન કરતાં સર્વોપરી હશે. અમો દુઆ કરીએ છીએ કે તમોને બંદગીમાં સફળતા મળે અને તમો તમારા આત્મામાં પ્રકાશ મેળવી શકો અને તમો ભૌતિકપણાની સામે મજબૂત રહી શકો.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

## ભાગ-૩

અમો તમોને સમજાવીશું કે બૈતુલખ્યાલ શા માટે ફરજીયાત નથી. આ એક રૂહાની બાબત છે અને દુન્યવી નહિ. આએ રૂહાની બાબત હોય અને દુન્યવી બાબત ન હોવાથી રૂહાની જિંદગીની ઉન્નતિ માટે વધારાનો સમય આપવો પડે છે. ઇસ્લામમાં ઘણા તરીકા છે. કેટલાક તરીકા એમ કહે છે કે જો એક મુસ્લિમ તેના ઉપરની ફરજ કરવામાં આવેલ ફરજો અને બંદગી બજાવે તો તે તેમના માટે પરંતુ છે. આપણો તરીકો એમ કહે છે કે અમારી રોજીંદી ફરજીયાત ફરજો ઉપરાંત રૂહાની જિંદગીને સુધારવા માટે બીજા માર્ગો પણ છે.

સદીઓથી અમારા રૂહાની બાળકોએ એક યા બીજી રીતે બંદગી માટે પ્રેકટીસો કરેલ છે.

સમયની દ્રષ્ટિએ તમારી જિંદગી બંધાયેલી છે જે કંઇ ભૌતિક વસ્તુઓ છે તેનો બંધાયેલો સમય છે. જ્યારે તમો આ દુનિયા છોડશો ત્યારે તમારી સાથે તમારા કુટુંબીજનો તમારા મિત્રો અને તમારી દુન્યવી માલમિલકત નહિ લઇ જઇ શકો તમારી ભૌતિક વસ્તુઓનો નાશ થઇ જશે, ફક્ત તમારો આત્મા રહેશે કે જે અવિનાશી છે અને હંમેશા રહેવાવાળો છે. તેટલા માટે રૂહાની બાળકોએ તેમના દુન્યવી લાભો અને તેમની રૂહાની જિંદગીની ઉન્નતિને સમતોલ રાખવા જોઇએ આ છે. બૈતુલખ્યાલ.

બૈતુલખ્યાલની ક્રિયા સવારે ચાર વાગે કરવામાં આવે છે. આ એક બહુ જ મુશ્કેલ સમય છે. ઘણા રૂહાની બાળકો

કહે છે કે હાઝર ઇમામ બૈતુલખ્યાલ પરોઢિયે ચાર વાગે શા માટે રાખવામાં આવે છે? જો બંદગી દિવસ દરમ્યાન રાખવામાં આવે તો તે સમયે સતત બેધ્યાનપણું રહે છે. દુન્યવી કારોબાર હલનચલન અને ઘોંઘાટ હોય છે. એટલા માટે બૈતુલખ્યાલ પરોઢિયે ચાર વાગે રાખવામાં આવેલ છે કે જ્યારે દુન્યવી ખેંચાણ ઓછામાં ઓછું હોય છે અને તે કારણે બંદગી કરનાર વ્યક્તિ પોતે એટલો શાંત વાતાવરણમાં હોયને એકાગ્રતા કેળવવા માટે ઉત્તમ તકો મેળવે છે.

જ્યારે તમો બંદગીમાં બેસો ત્યારે એવું ન વિચારતા કે તમો ચાર વાગે ઊઠો છો, એટલે પ્રકાશ મેળવવાનો તમારો હક થઇ જાય છે. આ એક એવી વસ્તુ છે કે જે તમોને બક્ષવામાં આવે છે. માટે નિરાશ થશો નહિ, હિંમત હારશો નહિ, તેમજ લાલચું પણ થશો નહિ. અમારા કેટલાક રૂહાની બાળકોને પ્રકાશ મેળવ્યા વગર વર્ષો સુધી રાહ જોવી પડી છે. જો તમો બંદગીમાં સફળતા મેળવશો તો તમોને પ્રકાશ, શક્તિ અને એવો આનંદ મળશે કે જે જિંદગીની દરેક વસ્તુઓ કરતા નિરાળો હશે. અમો તમોને દરેક શક્ય મુશ્કેલીઓથી રક્ષણ આપીશું.

## ભાગ - ૪

અમો એ વસ્તું સ્પષ્ટ કરવા ઇચ્છા રાખીએ છીએ કે બૈતુલખ્યાલ ફરજીયાત નથી. ઇસ્લામમાં ઘણા તરીકા છે. તરીકા એટલે આમાલ માટેના માર્ગો. ઇસ્લામના કેટલાક તરીકા કહે છે કે ઉત્તમ મુસ્લિમ બનવા માટે અને રૂહાની પ્રકાશ મેળવવા

માટે તેમણે તેમના ઉપરની ફરજીયાત ફરજો પૂર્ણ કરવાની છે. આપણા તરીકામાં આપણે કહીએ છીએ કે આપણે ફક્ત આપણી ફરજીયાત ફરજો પૂર્ણ કરવાની નથી, બલ્કે રૂહાની પ્રકાશ મેળવવા માટે આપણે વધારાનો સમય અર્પણ કરવો જોઇએ.

બૈતુલખ્યાલ સમય અને શક્તિની કુરબાની માગે છે. બૈતુલખ્યાલ ફક્ત તેઓ માટે છે કે જેઓ રૂહાની પ્રકાશ માટે વધું સમય અર્પણ કરવા ઇચ્છા રાખતા હોય. એવા રૂહાની બાળકો છે કે જેઓ દુન્યવી લાભો માટે વધુ કામ કરે છે, એટલે કે તેઓ વધુ કમાવવા માટે વધારાનું કામ કરે છે. તે જ પ્રમાણે રૂહાની બાળકો રૂહાની પ્રકાશ મેળવવા વધુ સમયની કુરબાની કરે છે. તેઓ નિયમિત રીતે પરોઢિયે ચાર વાગે ઊઠે છે.

અમો તમોને સ્પષ્ટ રીતે સમજી લેવા કહીએ છીએ કે બૈતુલખ્યાલ ફરજીયાત નથી. ફક્ત જેઓને રૂહાની પ્રકાશ મેળવવા માટેની અંતઃકરણ પૂર્વકની ઇચ્છા હોય તેઓ જ બૈતુલખ્યાલમાં જોડાય. અમો નથી ઇચ્છતા કે તમો બૈતુલખ્યાલમાં જોડાઓ, બંદગી માટે પ્રેકટીસ ન કરો અને તમારો 'બોલ' ભૂલી જાઓ, અને પછી અમારી પાસે આવી અરજ કરો કે; હાઝર ઇમામ અમો અમારો 'બોલ' ભૂલી ગયા છીએ. એનો અર્થ એ થશે કે તમો આજે તમારા અંતકરણ સાથે પ્રમાણીક નથી. તમારામાંથી કોઇને બહાર જવાની ઇચ્છા છે, તેઓને તેમ કરવાની રજા છે. અમોને તેમના વિષે જરાયે નારાજી નહિ થાય, અમો ઇચ્છીએ છીએ કે તમો તમારા અંતઃકરણ સાથે પ્રમાણીક બનો કોઇને જવું છે ? કોઇ નથી ? તમે ચોક્કસ છો ?

જમાતે અરજ ગુજારી,'જી હા ખુદાવીંદ'

હવે અમો એ બાબત ઉપર ભાર મુકી શરૂઆત કરશું કે તમો જે કંઇ જુવો છો, અડો છો, (સ્પર્શ કરો છો) સાંભળો છો અને તેમજ દરેક ભૌતિક વસ્તુઓ અદ્રશ્ય થંઇ જશે અને ફક્ત આત્મા રહેશે. જેઓ આ પાયાની બાબત ભૂલી જાય છે તેઓ મોટી ભૂલ કરી રહ્યા છે. જ્યારે તમો મરી જશો ત્યારે તમારા આત્મા સિવાય કંઇ નહિ રહે અને તેથી અમો ભારપૂર્વક ફરમાવીએ છીએ કે તમારે તમારી હવે પછીની જિંદગીને માટે તૈયારી કરવા તમારો થોડો સમય ખર્ચવો જોઇએ આનો અર્થ છે. બૈતુલખ્યાલ. જો તમો બૈતુલખ્યાલમાં સફળ થશો તો તમોને આંતરિક શક્તિ અને ખુશી હાંસલ થશે અને તમો ભૌતિક અથવા શારીરિક મુશ્કેલીઓ સહન કરવા શક્તિમાન બનશો.

## ભાગ-૫

બૈતુલખ્યાલ માટેના ફરમાનો આપતાં પહેલાં અમો એકદમ સ્પષ્ટ કરવા ઇચ્છા રાખીએ છીએ કે બૈતુલખ્યાલ ફરજીયાત નથી, કારણ કે એ એક મુશ્કેલ બાબત છે. મુશ્કેલ એટલા માટે કે તે ભોગ માગે છે અને થકવી નાખે છે. ફક્ત તે જ રૂહાની બાળકો બૈતુલખ્યાલમાં જોડાય કે જેમને રૂહાની પ્રકાશ મેળવવાની ઇચ્છા હોય બૈતુલખ્યાલ એટલે પરોઢિયે ચાર વાગે ઉઠવું, આ એક થકવી નાખનાર બાબત છે. પણ તે ફક્ત એક જ કારણ માટે કરવામાં આવે છે કે રૂહાની પ્રગતી સાધી શકાય.

જેઓ આજે અહીં આવ્યા છે તેઓએ તો જ આવવું કે જો તેઓને અંતઃકરણ પૂર્વકની ઇચ્છા હોય. ભૂતકાળમાં અમોએ અમારા રૂહાની બાળકોને ફરમાવેલ કે જેઓ શક્તિમાન ન હોય તો તેઓ છોડી જાય. તેમાં કંઇ ખરાબ નથી. કોઇની

ઇચ્છા બહાર જવાની છે ? જો કોઇની ઇચ્છા ચાલ્યા જવાની હોય તો તેઓ તેમ કરી શકે છે. અમો આવા રૂહાની બાળકોને પસંદ કરીશું. જેઓ તેમના અતં:કરણ સાથે પ્રમાણીક છે. એવા કેટલાક રૂહાની બાળકો છે કે જેઓ રાત્રીના કામ કરે છે અને જો તમને કંઇ મુંઝવણ હોય તો તમો અમારા મિશનરી સાથે ચર્ચા કરી શકો છે.

દરેક વસ્તું કે જે તમો જુવો છો, સ્પર્શ કરો છો, સમજી શકો છો અને જે દુન્યવી જિંદગી સાથે બંધાએલ છે તેનો નાશ થશે પણ આત્મા કે જેની સાથે તમારો જન્મ થએલ છે, તે આત્મા અમર છે. દરેક સમયે જ્યારે તમો ઘડિયાળ જુઓ છો ત્યારે તમો તમારી રૂહાની જિંદગીની નજદીક આવો છો અને તમારી શારીરિક જિંદગી ટૂંકી થતી જાય છે. અમારા રૂહાની બાળકોની રૂહાની જિંદગીને સુધારવાનો માર્ગ બૈતુલખ્યાલ છે.

જો તમો બૈતુલખ્યાલમાં આવતા હો તો તમારે દુન્યવી બાબતોને રૂહાની જિંદગી સાથે સરખાવવી ન જોઇએ. જો તમો દુન્યવી જિંદગીમાં કામ કરો તો તમોને તેનું મહેનતાણું મળવુંજ જોઇએ પણ જો તમો બંદગીમાં બેસો તો તે માટે તમારો કોઇ હક થઇ જતો નથી તમો તે લઇ શકતા નથી પણ તમોને તે બક્ષિસ કરવામાં આવે છે. જો તમો બંદગીમાં સફળ થશો તો તમારા આત્મામાં પ્રકાશ નિહાળી શકશો.

બૈતુલખ્યાલ વિષે ચર્ચા શા માટે ન કરવી જોઇએ કારણ કે જો તમો જેઓ સફળ નથી થયા તેમની સમક્ષ વર્ણન કરશો તો તેઓ તમોને ગાંડા ગણશે, કે જે બહુ જ ભયજનક બાબત છે.

એ ભૂલ, વિચારવાની ભૂલ ન કરશો કે હવે પછીની જિંદગી ભૌતિક છે, પણ તેનો કોઇ અંત નથી દરેક વસ્તુંની હદ હોય છે. માનવીની જિંદગીનો અંત આવે છે પણ આત્મા હંમેશા હૈયાત રહે છે.

જો તમો બંદગીમાં સફળ થશો તો તમોને દુન્યાની દરેક પ્રકારની બિમારી, નાદુરસ્તી અને બુરાઇઓથી રક્ષણ મળશે. જો તમો બંદગી નિયમિત કરશો અને અમારી પાસે થોડા વરસો પછી પાછા આવશો તો અમો તમોને બઢતી આપીશું અમો તમોને નવો 'બોલ' આપીશું અને તમોને તમારા હ્રદયમાં પ્રકાશ માટે વધું મજબુત લાગણીઓ પ્રગટ થશે.

અમો ભૌતિક બાબતો માટે નથી કહેતા અમો રૂહાની બાબતો માટે ફરમાવી રહ્યા છીએ.

દુન્યવી બાબતોને રૂહાની બાબતો સાથે ભેળવી ન નાખો. જો તમો બંદગીમાં સફળ ન થાઓ તો ગુસ્સે થઇ બંદગીની પ્રેકટીસ છોડી ન આપશો, ઘણા રૂહાની બાળકો નિષ્ફળ જાય છે. પણ તેઓ બંદગી છોડી નથી આપતા કારણ કે તમોને બંદગીમાં બેસવા થકી સફળતા મેળવવાનો હક થઇ જતો નથી.

અમો દુઆ કરીએ છીએ કે તમોને બંદગીમાં સફળતા મળે તમોને રૂહાની શક્તિ હાંસલ થાય તમોને બુરાઇ, નુકશાન, તકલીફ અને દુન્યવી નિષ્ફળતાથી રક્ષણ મળે.

અમો તમો દરેકને અમારા ઉત્તમ અને ખાસ વહાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

કીસુમુ,

૨૧

૨૯-૨-૧૯૭૨.

ખુદાવીંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીમાં ફરમાવેલ પવિત્ર ફરમાનો :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

અમો તમોને બૈતુલખ્યાલના ફરમાનો ફરમાવીએ તે પહેલા અમો તમોને જણાવવા ઇચ્છીએ છીએ કે બૈતુલખ્યાલના અને લશ્કરના સર્વે મેમ્બરોએ અમોને જે ભેટ અર્પણ કરેલ છે તે બદલ અમો, અમારી બેગમ, અમારી શાહજાદી અને અમારા શાહજાદા ઘણા જ આભારી છીએ અને અમો તમોને અમારા ઉત્તમમાં ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ હવે અમો તમોને બૈતુલખ્યાલના ફરમાન કરશું અને અમો આશા રાખીએ છીએ કે તમારામાંથી જેઓ આ રૂમની પાછળ છે, તેઓ સાંભળી શકશે.

સૌથી પ્રથમ અમો અમારા રૂહાની બચ્ચાઓને બૈતુલખ્યાલમાં કબુલ ફરમાવીએ તે પહેલાં અમો સમજાવવા ચાહિયે છીએ કે બૈતુલખ્યાલ દરેક રૂહાની બચ્ચાઓ માટે ફરજીયાત નથી. બીજા શબ્દોમાં કહીએ કે તમારે બૈતુલખ્યાલમાં જરૂર આવવું જોઇએ તેમ પણ નથી બૈતુલખ્યાલ એવા રૂહાની બચ્ચાઓ માટે છે કે જેઓ પોતાની જિંદગી દરમ્યાન તેઓની

રૂહાની ઉન્નતિ માટે વધારે વખત આપવા ઇચ્છતા હોય અને તેથી કરીને તેઓ એમ માનતા હોય કે તેઓ નિયમિત રીતે તેમ કરી શકશે અને તેથી કરીને તેઓ ઝમાનાના ઇમામ પાસે આવીને અરજ કરે કે ખુદાવીંદ અમો અમારી રૂહાની ઉન્નતિ માટે વધારે વખત આપવા ઇચ્છીએ છીએ અને અમોને આ રૂહાની સુખની પ્રાપ્તિ કેવી રીતે થાય તે માટેનો રસ્તો બતાવો.

બૈતુલખ્યાલ આસાન નથી અને તમો જાણો છો કે બંદગી પરોઢિયે ચાર વાગે કરવામાં આવે છે. શારીરિક રીતે આ ઘણું જ મુશ્કેલ છે. પરંતુ આવો વખત મુકરર કરવા પાછળ તેના કારણો છે. રૂહાની બચ્ચાઓ માટે બંદગી કરવી મુશ્કેલ છે. કારણ કે તમારી આસપાસ ચાલતી કાર્યવાહી બહારની દુનિયાનો ઘોંઘાટ અને અવાજોથી તમોને આરામથી બેસીને શાંતિથી બંદગી કરવી મુશ્કેલ થઇ પડે છે, તેથી કરીને જ્યારે તમામ સામાન્ય ઇન્સાનો નીંદ્રાવશ હોય છે ત્યારે જ બંદગી કરવામાં આવે છે.

આપણી જમાતમાંથી જેઓને બંદગી કરવી હોય તો તેઓ ફક્ત પરોઢિયે જાગશે બૈતુલખ્યાલ દરેક રૂહાની બચ્ચાઓ માટે ફરજીયાત ન હોવાથી અમો ફરમાન કરીએ તે પહેલાં જેને જવું હોય તેઓને જવા માટે છૂટ આપવામાં આવે છે.

ચાલો હવે અમોને સમજાવવા આપો કે ભૂતકાળમાં રૂહાની બચ્ચાઓ આવી રીતે ચાલ્યા ગયા હતા અને તેના માટે પ્રત્યાઘાત થયા છે અને લોકો કહેશે કે "ઇમામ પાસે આવીને રૂહાની બચ્ચાઓ વિનંતી કરે કે અમોને બૈતુલખ્યાલમાં દાખલ થવું છે. અને ઇમામ જ્યારે બૈતુલખ્યાલનો ભેદ સમજાવે ત્યારે આવા

લોકો કેમ પોતાની પુંઠ ફેરવીને ચાલ્યા જાય છે."

ત્રણ કે ચાર વરસ બાદ અમો તમારી પાસે આવીને તમોને પુછીએ કે તમો તમારા 'બોલ'ને યાદ કર્યો છે ? તે વખતે તમો એમ કહો કે હાઝર ઇમામ અમો અમારો 'બોલ' ભૂલી ગયા છીએ, તેના કરતાં અમો એ વધારે પસંદ કરીએ છીએ કે તમો તમારા અંતઃકરણને વફાદાર રહો અગર તમો તમારો 'બોલ' ભૂલી ગયા હશો તો તેનો મતલબ એ થયો કે તમોએ બંદગી કરી નથી અને જેઓ બંદગી કરી શકે નહિ તેવા રૂહાની બચ્ચાઓ બૈતુલખ્યાલમાં આવે તે અમોને જોઇતું નથી.

દરેક રૂહાની બચ્ચાઓ જેઓ બૈતુલખ્યાલમાં આવે છે, ત્યારે તેઓ એમ કહે છે કે અમો અમારી બંદગી-ઇબાદતમાં પુરા રહીશું. પણ જ્યારે તમો બૈતુલખ્યાલમાં દાખલ થાઓ ત્યારે તમારે તમારી ઇચ્છાઓમાં અને ઇરાદાઓમાં સો એ સો ટકા એકદમ પ્રમાણીક રહેવું જોઇએ. અમોએ હમણાં ફરમાવ્યું તેને લક્ષમાં રાખીને જેઓ ચાલ્યા જવા ઇચ્છતા હોય તેવા કોઇ રૂહાની બચ્ચાઓ છે ? જો કોઇ હોય તો તેવા લોકોએ હમણાં ચાલ્યા જવું અને તેઓ એ સમજવું જોઇએ કે ચાલ્યા જવામાં કાંઇપણ ખોટું નથી અમો એમ સમજશું કે તેઓ નિયમિત બંદગી કરી શકશે નહિ અથવા તો તેઓ પાસે કોઇ જાતના કારણો હશે કે જે તેઓ બધાની વચમાં ચર્ચવા માગતા નથી, છે કોઇ એવા રૂહાની બચ્ચાઓ કે જેઓ જવા ઇચ્છતા હોય ? કોઇ નથી ? તમો સઘળાં રહેવા માગો છો ! સારૂં.

હવે અમે બૈતુલખ્યાલના ફરમાન ફરમાવશું ઇસ્લામમાં ઘણા તરીકાઓ છે અને તમો સઘળા જાણો છો કે તરીકા

એટલે શું. તમો જાણો છો ? સારૂં ખૈર ઇસ્લામમાં ઘણા તરીકાઓ છે અને અમુક તરીકાઓ એમ કહે છે કે સઘળા મુસ્લીમોએ તેઓની સામાન્ય રોજીંદી દરરોજની ધાર્મિક ફરજો બજાવવી જોઇએ અને તેઓએ તેમ કરવું જ જોઇએ, એ તેઓના માટે પુરતું છે. અને તેઓ કહે છે કે ચુસ્ત મુસ્લિમો માટે આટલું કરવું તે પુરતું છે. જ્યારે આપણો તરીકો એમ કહે છે કે સઘળા રૂહાની બચ્ચાઓને સામાન્ય રીતે લાગું પડતી ધાર્મિક ફરજો ઉપરાંત બીજા એવા નિરાળા રસ્તાઓ છે કે જે ઇમામ પોતાના રૂહાની બચ્ચાઓને બતાવી શકે છે કે જેથી તેવા રૂહાની બચ્ચાઓ ઉચ્ચ કક્ષાની રૂહાની જ્યોત મેળવી તેઓ પોતાના હ્રદયમાં અને આત્મામાં ઇમામતનું નૂર જોઇ શકે અને તે ઇમામતના નૂરથી તેઓ એટલી રૂહાની પ્રગતી કરી શકે કે જે તેઓની જિંદગીના અંત સમયે આ રૂહાની જ્યોત એટલી હદ સુધી પહોંચી જાય કે જેથી તેઓની દરેક દુન્યવી વસ્તુંઓ અર્થ વગરની બની જાય.

આ રસ્તો છે કે જે રૂહાની બચ્ચાઓ જ્યારે બૈતુલખ્યાલમાં દાખલ થાય તેઓને ફક્ત ઇમામ આ વસ્તું બતાવે છે. હવે બૈતુલખ્યાલની અગત્યતા શું છે તે અમોને સમજાવવા આપો તમારે દરેકે દરેકને યાદ રાખવું જોઇએ કે જે તમો જુવો છો જે તમો સાંભળો છો અથવા જે વસ્તુઓને તમો સ્પર્શ કરો છો તે તમામ વસ્તુઓ કે જે તમારી દુન્યવી જિંદગીને લાગુ પડતી હોય છે, તેવી દરેક વસ્તુઓ કે જે દુન્યવી છે અને તેથી કરીને આ વસ્તુઓ મર્યાદીત છે અને જે દિવસે તમો મરણ પામશો ત્યારે દુન્યવી વસ્તુઓમાંથી કંઇ પણ વસ્તુ તમારી પાસે અથવા આસપાસ રહેવા પામશે નહિ. તમારૂં શરીર નાશ પામશે અને

તમો તમારી સાથે તમારા કુટુંબીજનો, તમારા દોસ્ત બીરાદરો, તમારી જમીનો, તમારા મકાનો અને જે કંઇ પણ વસ્તુઓ તમોએ ભેગી કરી હશે તે સઘળી દુન્યવી વસ્તુઓ સાથે લઇ જઇ શકશો નહિ, અને તેથી કરીને તમારે એ સમજવું જોઇએ કે આ સઘળું વખતના પ્રમાણમાં તદ્દ્ન મર્યાદીત છે. તમો સો વરસ કે એકસો દશ વરસ કે એક સો પંદર વરસ તમારી જિંદગીમાં મોજ અને સુખ માણી શકો પણ તમારામાંથી ઘણાઓ તેથી વધુ જીવી નહિ શકે પણ તમારો આત્મા અમર છે. જે દિવસે તમો જનમ્યા તે દિવસથી તમો જીવંત ઇન્સાન તરીકે કહેવાયા અને તમોને આત્મા આપવામાં આવ્યો અને તમો માનવી થયા અને ત્યારથી જ તે આત્મા અમર રહ્યો છે અને અમર રહેનાર છે. તમો શારીરિક રીતે જીવતા હો કે નહિ પણ આત્મા હંમેશા અમર છે. અને એ તમારા માટે ઘણું જ અગત્યનું છે કે તમારી શારીરિક જિંદગી દરમ્યાન તમારી રૂહાની ઉન્નતિ માટે તમારે સરખી રીતે સમય અને વિચારો અર્પણ કરવા જોઇએ. અગર તમો સફળતા પ્રાપ્ત કરો અને તમોને જે દુન્યવી અને શારીરિક કોયડાઓ નડતા હોય તો તે તમારી રૂહાની જ્યોત તમોને તમારી મુશ્કેલીઓ અને મુશીબતોનો સામનો કરવા માટે તમોને બળ અને શક્તિ આપશે અને તમારી પાસે એક એવી અંદરની રૂહાની તાકાત હશે કે જે તમારી પાસેથી ખુંચવી લેવા બીલકુલ અશક્ય હશે. અને તે બળ તમોને તમારી દરેક જાતની તકલીફો અને દુન્યવી કોયડાઓનો સામનો કરવાનું બળ અને હિંમત આપશે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

પાકિસ્તાન મુસાફરી,

૨૨

૧૯૭૬.

ખુદાવંદ હઝરત મૌલાના ધણી સલામત દાતાર સરકાર શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા રૂહાની, અમારા વહાલા રૂહાની બચ્ચાઓ આજે અમો તમોને અહીં આવેલા જોઇને ઘણાજ ખુશી થયા છીએ અને તમોને અહીં આવેલા જોઇને અમો એમ સમજીએ છીએ કે તમો આગળ વધવા માગો છો અને તમોને તમારા ઇમામની મદદની જરૂર છે આ કામ અમોએ અમારી મરજીથી મંજૂર ફરમાવેલ છે. અમો તમારી આગળની મહેનત કબુલ ફરમાવીએ છીએ અને તમો દરેકને અમારા વ્યક્તિગત રીતે દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

બાદ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું કે :-

અમારા અતિ વહાલા રૂહાની બાળકો અમો અમારી મરજીથી નક્કી કર્યું છે કે તમોને વીભાગીય રીતે મદદ કરવી અને તમોને મીશનરીએ સમજાવ્યું હશે અમોએ તમોને વાયદો કર્યો હતો કે જો તમો બૈતુલખ્યાલમાં મહેનત લેશો તો બીજા કોઇ વખતે અમો તમોને મજબુત સાંકળ આપશું જે ઘણીજ ઝડપથી તમારા અને મારા વચ્ચેના અંતરને ટૂંકાવી નાખશે. એટલે અમોએ નક્કી કર્યું છે કે તમોને ઇસ્મે આઝમ અને નક્સ બંને આપવા અને અમે એ પણ સારી રીતે જાણીએ છીએ કે આ બંને વસ્તુને સાથે રાખીને સુમેળ રાખવો કઠીન હશે, પણ

તમારી પ્રેકટીસ અને તમારા ઇમામની મદદ તમને સાનૂકુળ બનાવી દેશે અને આ ઘણુંજ ઝડપી રીતે બનશે.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ અમો તમોને હવે જે દોરવણી આપવા માગીએ છીએ તે બરાબર ધ્યાનમાં રાખી લેજો સૌ પ્રથમ તો તમે એ બરાબર સમજી લ્યો કે ઇબાદત માટે દરેક દિવસ એ તમારા માટે નવો દિવસ છે. તમોએ જે ઇબાદત કરી તેના તરફ ખ્યાલ ન રાખો પણ નવા દિવસ તરફ ખ્યાલ રાખજો અને આજથી તમે જે કરશો તેની તમારા ઇમામ અવશ્ય નોંધ લેશે, એટલું જ નહિ પણ તમારી તકલીફ અને વીટંબણાઓ વખતે તમારા ઇમામ તમારી મદદે આવશે અમો સારી રીતે જાણીએ છીએ કે તમારામાંથી ઘણાઓ ઉપર દુન્યવી પરિસ્થિતિએ ગલ્બો કરેલ છે અને તેથી તેઓ નાસીપાસ થયેલ છે અને ઇબાદતમાં પણ કમજોર બન્યા છે, તેમજ ના હિંમત થયા છે. તેઓને અમો મદદ કરવા ચાહિયે છીએ. આજે જે ઇસ્મેઆઝમ અને નક્શ અમો ઇનાયત ફરમાવશું તેના થકી અને નિયમિત મહેનત થકી તમો જલદી બળવાન અને હિંમતવાન બની જશો અને અમો તમો સઘળાઓને ખાત્રી પૂર્વક ફરમાવીએ છીએ તમારી તકલીફોને તમે પોતે તમારી મરજી મુજબ હટાવી શકશો અને હવા વાદળના પહાડને પોતાની મરજી મુજબ ખેંચી જાય છે તેવી જ રીતે તમારી તરફ આવી રહેલા સંકટના પહાડને તમારી મરજી મુજબ તમારા ઇશારે હટાવી શકશો અને તમે એ પણ જોઇ શકશો કે મુસીબતોનો પહાડ હટી રહ્યો છે (આ વખતે હાઝર ઇમામે પોતાના હાથ મુબારકથી સમજણ પાડી હતી) ફરમાવ્યું કે આ ઘણુજ જલદી બનશે પછી તમારે કોઇ શીકાયત નહિ હોય તમો ક્યારેય ગભરાઇ જશો નહિ

તેમજ ના હિંમત નહિ થાવ અને આના થકી કોઇ પણ તકલીફ તમને સ્પર્શ પણ કરી શકશે નહિ હવે તમે બરાબર ધ્યાન રાખજો. આગાઉ કરતા વધારે સાવચેત રહેજો અને ઘણીજ ચોકસાઇ પૂર્વક મહેનત કરજો અમો દુઆ ફરમાવીએ છીએ કે તમો ઘણા જલદી કામિયાબ થાવ અને તમારી તકલીફોનો તમો પોતે સામનો કરો અને તમારા ઇમામ એવુંજ ચાહે છે અને આખરમાં અમારી ખ્વાહીશ છે તે હવે પછી આપણી જ્યાં પણ મુલાકાત થાય ત્યારે તમો ઘણાજ બળવાન અને મજબૂત થયેલા હો અને ખુશ હો અમે તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમારા પ્યારભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ અને 'બોલ નક્શ' ઇનાયત ફરમાવીએ છીએ.

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે જતા જતા ફરમાવ્યું કે અમારા રૂહાની બચ્ચાઓને ફરીથી દુઆઆશિષ પહોંચાડો અને તેમને કહો કે તમોને આવેલા જોઇને અમો ઘણાજ રાજી છીએ અને તમો સુખી રહો અને આગળ વધો અને તમારા ધ્યેયને પહોંચી જાવ અને એ માટે અમો દુઆ ફરમાવીએ છીએ.

માળિયા હાટિના, ભારત,

૨૩

બુધવાર, ૧૧મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે સાંજે અમે તમને જે ફરમાન ફરમાવીશું તે અગત્યનું છે. અમે ઇચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ સમજે કે બૈતુલખ્યાલ અમારા સઘળા રૂહાની બાળકો માટે ફરજિયાત કે બંધનકર્તા નથી. બૈતુલખ્યાલ મરજિયાત છે. જેઓ બૈતુલખ્યાલમાં દાખલ થવા ઇચ્છે તેઓ તેમ કરવા માટે સ્વતંત્ર છે. જેઓનું જીવન અથવા બીજી પ્રવૃત્તિઓ બૈતુલખ્યાલમાં ભાગ લેવા અનુકુળ નથી તો નિર્ણય લેવાનું તેમના પોતા પર રહે છે અને તેમાં કંઇ જ ખોટું નથી. જે રૂહાની બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થતા નથી, તેમની વિરુદ્ધમાં કંઇ જ ન હોવું જોઇએ.

બૈતુલખ્યાલ એટલે શું ? ઇસ્લામમાં ઘણા તરીકાઓ અને બે મુખ્ય માર્ગો છે, બે મુખ્ય પ્રણાલિકાઓ છે-જાહેરી અને બાતુની. જાહેરી પ્રણાલિકાઓ સઘળા મુસ્લિમોને કેટલીક ફરજોનું પાલન કરવાનો આદેશ આપે છે અને જો તેઓ આ ફરજો બજાવે છે તો તે તેમણે ઇસ્લામના તે અર્થઘટન મુજબ બજાવેલ કહેવાય અને તેમણે કોઇ બીજી જગ્યાએ રૂહાની સુખ, ઉન્નતિ અથવા રોશની માટે પ્રયાસ કરવાનો રહેતો નથી. આપણો તરીકો એ બાતુની તરીકો છે, આનો અર્થ એ છે કે દરેક રૂહાની બાળક જો પોતે ઇચ્છે તો તે રોશની, રૂહાની સુખ અને રૂહાની સત્ય માટે અંગત રીતે પોતાના વ્યક્તિગત મઝહબી જીવનના

વધુ પાલનમાં ભાગ લઇ શકે છે. આ છે બૈતુલખ્યાલનો અર્થ.

'બોલ' કે જેની અમે તમારા ઉપર નવાજેશ કરીશું તે એક કડી છે જેને તમારે તમારા જીવન દરમ્યાન મજબૂત બનાવવા, પોતાને નૂરની વધુ અને વધુ નિકટ લાવવા પ્રયત્ન કરવો જોઇએ. જો તમે તમારી બંદગીમાં નિયમિત હશો તો અમે તમને વખતોવખત એક નવી કડીની નવાજેશ કરીશું કે જે તમને આ નૂરની હજુ વધુ નિકટ લાવશે.

બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે ? આનું કારણ એ છે કે જો ઇમામ તમને કહે કે તમે કોઇ બીજા સમયે, દાખલા તરીકે દિવસના મધ્યભાગમાં અથવા મોડી સવારે અથવા વહેલી બપોરે અથવા કોઇ એવા વખતે કે જ્યારે સામાન્ય રીતે અમારા રૂહાની બાળકો જાગતા હોય છે ત્યારે બંદગી કરો તો બંદગી કરવાનું તમને મુશ્કેલ જણાશે, કારણ કે જો બંદગી કરવા માટે તમે સમય અને મનની શાંતિ મેળવી પણ શકો તે છતાં તમારી આજુબાજુના જીવન અને તમારી આજુબાજુની પ્રવૃત્તિઓથી તમને ખલલ પડશે. 'બોલ' ઉપર એકાગ્રતા કેળવવા માટેના શકય એવા ઉત્તમ વાતાવરણ સિવાયના કોઇ પણ બીજા વાતાવરણમાં બંદગી કરવી તે અમારા રૂહાની બાળકો માટે ડહાપણભર્યું નહિ ગણાય. અને એ માટેનો સમય વહેલી સવારનો છે, એટલે કે એ સમય કે જ્યારે મોટા ભાગના લોકો આરામ કરતા હોય છે. આ બાબત રૂહાની બાળકોને એક પ્રયાસ કરવાનો-વહેલી સવારે બંદગી કરવા પ્રયાસ કરવાનો-આદેશ આપે છે કે જે થકવી નાખે તેવો છે અને જે માટે અંગત હિંમત અને અંગત નિર્ણયની જરૂર છે. તમે આ હિંમત માટે પ્રયાસ કરો, આ આત્મનિર્ણય કેળવવા પ્રયાસ કરો અને તમારી

બંદગીમાં નિયમિત રહેવા કોશિશ કરો.

આમ છતાં આમાં અપવાદો છે. જો રૂહાની બાળકો બીમાર હોય અથવા રૂહાની દીકરીઓ ગર્ભવતી હોય તો તેઓ માટે બંદગી કરવી જરૂરી નથી અને તેઓ બંદગી ન કરે. બંદગી મરજિયાત છે, અને શારીરિક નબળાઇ અથવા યુવાન સ્ત્રીઓ જેઓ ગર્ભવતી હોય તેવી ખાસ શારીરિક સ્થિતિ દરમ્યાન તેને તમારા માટે ફરજ રૂપ ન બનાવવી જોઇએ. યાદ રાખો કે બંદગી કરતી વખતે અને રોશની મેળવવા પ્રયાસ કરતી વખતે રોશનીની પ્રાપ્તિ તમારો હક્ક નથી, એ રીતે તમે તેને મેળવી નથી શકતા. જો ટેબલ ઉપર પાણીનો ગ્લાસ પડયો હોય તો તમે તે પાણીનો ગ્લાસ લઇ શકો છો. તમે તમારા કાર્ય પર કાબુ ધરાવો છો. જ્યારે તમે બંદગીમાં બેઠા હો ત્યારે તમે તે સ્થિતિના માલિક નથી. બંદગીમાં તમે રોશની મેળવવા પ્રયાસ કરો અને તે નમ્રતાથી કરો. તમારે તમારા દુન્યવી કોયડાઓને ભૂલી જવા જોઇએ અને તમારે 'બોલ'ના અર્થ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો.)

અમે ઇચ્છીએ છીએ કે અહીં હાજર રહેલા અમારા રૂહાની બાળકો પોતાની બંદગીમાં નિયમિત રહે. તમારામાં પરિપૂર્ણતા હોય તેવી અપેક્ષા અમે નથી રાખતા પરંતુ અમે ઇચ્છીએ છીએ કે તમે તમારી બંદગીમાં નિયમિત રહેવા પ્રયાસ કરો. બીજા લોકોને આ 'બોલ' કહેશો નહિ; તે કડીને તોડશો નહિ. જો

થોડા સમય પછી બંદગી કરવાનું તમને મુશ્કેલ જણાય તો તેને છોડી ન આપશો, કારણ કે તમને ઝડપથી સફળતા નથી મળી તો તેનો અર્થ એ નથી કે તમને કદી સફળતા નહિ મળે. આજે અમે તમને જે ફરમાવીએ છીએ તે એ છે કે જો તમે સફળ થશો તો તમે એ રોશની, સુખ, એ રૂહાની શક્તિ મેળવી શકશો કે જેને સહુ પ્રથમ તો તમે ઓળખી શકશો અને બીજું કે તે તમને બીજા કોઇપણ માર્ગેથી મળી શકશે નહિ.

અંતમાં અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમારામાંના દરેક એ રોશની પ્રાપ્ત કરવામાં સફળ થાય. આ પ્રસંગે અમે તમને તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમારા ઉત્તમ, ખાસ હેતપૂર્વકના માતાપિતા તરીકેના દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ભાવનગર, ભારત,

૨૪ ગુરુવાર, ૧૨મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે બપોરે અમે તમને જે ફરમાન ફરમાવીશું તે અગત્યનું છે અને અમે ઇચ્છીએ છીએ કે તમે તેને કાળજીપૂર્વક સાંભળો અને તે પછી બંદગી કરતી વખતે તેના પર અમલ કરો.

ઇસ્લામમાં બે મુખ્ય તરીકાઓ છે-જાહેરી તરીકો અને બાતુની તરીકો. આપણો તરીકો બાતુની છે. આ બન્ને વચ્ચે શો તફાવત છે ? જાહેરી તરીકામાં મુસ્લિમોને નક્કી થયેલ કાનૂનો અને નિયમો અનુસાર તેમના મઝહબનું પાલન કરવાનું રહે છે અને આ પછી એક વ્યક્તિનું અંગત મઝહબ પાલન જો બિનઅગત્યનું નહિ તો પણ ઘણું ગૌણ બની રહે છે. ઇસ્લામના બાતુની વિભાગના પાલનમાં એવા કાનૂનો અને નિયમો છે જેનું સઘળા ઇમાનદારોએ પાલન કરવાનું જ રહે છે. તે પછી જેઓ પોતાના મઝહબનો આંતરિક ભાવાર્થ સમજવા અને પોતાના મઝહબની રોશની મેળવવા માટે પોતાના મઝહબની વધારાની ક્રિયાઓનું પાલન કરવાનું પસંદ કરે છે તો તેમને માટે તેવી શક્યતા રહેલી છે. મઝહબનું બાતુની રીતે પાલન કરવાનો અર્થ આ છે. આ બાતુની પાલન વ્યક્તિગત હોય છે અને તે મરજિયાત હોય છે. તે મરજિયાત છે કારણ કે ન તો સઘળા રૂહાની બાળકો ઇચ્છા ધરાવે છે અથવા ન તો બંદગી કરી શકે તેમ છે. આથી આજે જેઓ અહિં હાજર છે તેઓ આપણા મઝહબનો આંતરિક અર્થ જાણવા માટે બંદગી કરવા પોતાની

અંગત ઇચ્છા ધરાવતા હોય તેઓએ જ અહિં રહેવું જોઇએ. આ કારણે તમે અહિં આવ્યા છો. બૈતુલખ્યાલ ફરજિયાત છે એમ ધારીને તમારે અહિં આવવાનું નથી કારણ કે તે ફરજિયાત નથી. તમારો પાડોશી અથવા તમારો મિત્ર બૈતુલખ્યાલમાં છે તેથી તમારે પણ બૈતુલખ્યાલમાં જોડાવું જોઇએ તેવી કોઇ હરીફાઇની ભાવનાથી તમારે અહિં આવવાનું નથી. તમારા મઝહબની રોશની પ્રાપ્ત કરવા તમારી પોતાની વ્યક્તિગત ઇચ્છાથી તમારે બૈતુલખ્યાલમાં દાખલ થવું જોઇએ.

બંદગી વહેલી સવારે કરવામાં આવે છે અને તે માટે હિંમત, હેતુની પ્રમાણિકતા અને શક્તિની જરૂર રહે છે. જગતના અન્ય ભાગોમાં ઘણા રૂહાની બાળકોએ ઇમામને એવો પ્રશ્ન કર્યો છે કે બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે. હમણા તમે આ પ્રશ્ન પૂછો તે પહેલા અમે તમને તેનો જવાબ આપીએ છીએ.

બંદગી અને બંદગીમાં સફળતા મેળવવી એ કોઇપણ સંજોગમાં કઠીન છે. જો તમારે સવારે ૧૧ અથવા ૧૨ વાગે અથવા બપોર પછી ૪ વાગે બંદગીમાં બેસવાનું હોય અને જો બંદગી કરવા માટે તમે શાંતિ અને સમય મેળવવામાં સફળતા પણ મેળવો તે છતાં તમારી આજુબાજુના જીવન અને પ્રવૃત્તિઓના કારણે તમને ખલલ પડશે. આથી 'બોલ' ઉપર એક ચિત્ત થવા માટે સંજોગો યોગ્ય ન હોય તે સમયે બંદગી કરવાનો પ્રયાસ કરવો તે ખોટું ગણાશે.

'બોલ'નો શું અર્થ છે ? 'બોલ' એક કડી છે. તે એક એવી કડી છે કે જે અમે તમારામાંથી જેઓ પોતાના આખા જીવન દરમ્યાન નિયમિત રીતે બંદગી કરે છે તેમને માટે નવી

આપીશું, તેને અમે ટૂંકી કરીશું. તમારા જીવનકાળ દરમ્યાન નૂરની વધુ, વધુ અને વધુ નજીક આવવા આ કડીએ તમને શક્તિમાન બનાવવા જોઇએ. જો તમે સફળતાપૂર્વક બંદગી કરશો તો તમે આ નૂરને ઓળખી અને સમજી શકશો અને તે તમારા માટે ખાત્રીરૂપ વસ્તુ બની જશે. તે મહાન સુખ અને શક્તિનું એક સાધન બની રહેશે-એક એવા સુખનું સાધન કે તેના જેવું બીજા કોઇપણ માર્ગેથી મેળવી ન શકાયું હોય.

યાદ રાખો કે બંદગી કરતી વખતે તે નૂર પર તમારો કોઇ અધિકાર હોતો નથી. તેની પ્રાપ્તિ કંઇ એવી વસ્તુ નથી જેના પર તમારો કાબુ હોય. જો પાણીનો એક ગ્લાસ હોય અને તમે તેને ઉપાડવા માગો તો તમે તમારો હાથ લંબાવો છો અને તે ગ્લાસને ઉંચકી લ્યો છો. તે તમારા કાબુની બાબત છે. બંદગી અને નૂર મેળવવામાં સફળતા પામવી એ અધિકારની બાબત નથી અને તે તમારા કાબુમાં નથી. આથી જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે શાંતિથી અને નમ્રતાથી બેસો. તમારા મનમાંથી દુન્યવી બાબતોને દૂર કરો અને 'બોલ' ઉપર એકાગ્રતા કેળવવા પ્રયાસ કરો.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો.)

જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમે તે નૂરમાં પ્રવેશવા અને હઝરત અલીના તે નૂર થકી જે સર્વેથી ઉપર છે તેની (અલ્લાહની) તરફ આવવા કોશિશ કરો. બંદગીનો આ અર્થ છે.

આજે અમે તમને એ ફરમાવવા ઇચ્છીએ છીએ કે બંદગી

એ કઠિન બાબત છે અને તેમાં હિંમત અને દૃઢતાની જરૂર છે. થોડા સમય માટે બંદગીમાં બેસી અને જો તમે તે 'નૂર'ને પામવામાં તેનો અનુભવ મેળવવામાં અને તેમાં સહભાગી બનવામાં નિષ્ફળ જાવ તો બંદગી કરવાનું છોડી ન આપો. એવા પણ રૂહાની બાળકો છે કે જેમણે તે નૂર મેળવ્યા વગર વરસો સુધી બંદગી કરી અને જ્યારે ફક્ત નજીવી આશા રહી હોય ત્યારે તેમણે તેને પ્રાપ્ત કર્યું.

પોતપોતામાં 'બોલ' વિષે ચર્ચા ન કરશો. બીજા લોકોને તે કહેશો નહિ. બંદગીને તુચ્છવી બાબત તરીકે ગણશો નહિ કારણ તે રૂહાની બાબત છે અને તે એ લોકો માટે છે જેઓ અંગત રીતે નૂર માટે પ્રયાસ કરે છે અને પોતાના આખા જીવન દરમ્યાન અંગત રીતે નૂર મેળવવા પ્રયાસ કરે છે.

આ પ્રસંગે અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમારામાંનો દરેક એ નૂરનો અનુભવ મેળવે અને આજે તમારા બૈતુલખ્યાલમાં દાખલ થવાને પ્રસંગે તમારામાંના દરેકને અમારા ઉત્તમ હેતપૂર્વકના ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૨૫

હૈદ્રાબાદ,ભારત,
શુક્રવાર, ૧૩મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે બપોરે જે ફરમાન અમે ફરમાવીશું તે અગત્યનું છે. તે રૂહાની બાબત સંબંધી છે અને આથી તેની ભૌતિક બાબતો સાથે ગુંચવણ ન કરવી જોઇએ.

સહુથી પહેલા અમે એ બાબત ઉપર ભાર મૂકવા ઇચ્છીએ છીએ કે બૈતુલખ્યાલ સંપૂર્ણપણે મરજિયાત છે. તે એવી બાબત નથી જે અમારા સઘળા રૂહાની બાળકો માટે ફરજિયાત હોય. આ માત્ર તેઓ માટે જ છે કે જેઓ પોતાના હૃદયમાં એમ નિખાલસપણે માને છે કે અંગત પ્રયાસ દ્વારા રૂહાની સુખ અને રૂહાની રોશનીની નજીક આવવા માટે તેઓમાં હિંમત અને સમય છે. અમે નથી ઇચ્છતા કે તમારા માવિત્રોએ તમને એમ કહ્યું હોય કે તમારે બૈતુલખ્યાલમાં જોડાવું જ જોઇએ અથવા તમારા મિત્રો કે સંબંધીઓ જોડાતા હોય તેના કારણે રૂહાની બાળકો કોઇપણ પ્રકારના બંધનની ભાવનાથી પ્રેરાઇને બૈતુલખ્યાલમાં જોડાય.

બૈતુલખ્યાલ મુશ્કેલ બાબત છે. તેમાં શારીરિક અને માનસિક હિંમત તેમજ પ્રમાણિકતા હોવી જરૂરી છે. અમારી જમાતમાં એવી બાબતો છે જે ફરજિયાત છે. દુઆ ફરજિયાત

છે. દરેક રૂહાની બાળક પછી ભલે તે ગમે ત્યાં હોય, તેણે પોતાની દુઆ પડવી જ જોઇએ, પરંતુ બૈતુલખ્યાલ મરજિયાત છે. તે ફરજિયાત નથી.

ઇસ્લામમાં બે મુખ્ય તરીકાઓ છે જેને મુસ્લિમો અનુસરે છે. તેમાં જાહેરી તરીકો છે અને તેમાં બાતુની તરીકો છે.

આપણો બાતુની તરીકો છે. જાહેરી તરીકો સઘળા મુસ્લિમોને ચોક્કસ જરૂરી બાબતો, ચોક્કસ ફરજો માટે આદેશ આપે છે કે જેને તેમણે પૂરી કરવી જ જોઇએ અને તે પછી સત્ય માટેની, નૂર માટેની અંગત-વ્યક્તિગત શોધ એ એક એવી બાબત છે કે જે ઓછું મહત્વ ધરાવે છે.

આપણા મઝહબમાં-આપણા તરીકામાં દરેક વ્યક્તિગત રૂહાની બાળક જો તે ઇચ્છે તો સત્ય માટેની, રૂહાની જાગૃતિ માટેની, શક્તિ અને સુખ માટેની શોધમાં જાતે ભાગ લઇ શકે છે. બૈતુલખ્યાલનો આ અર્થ છે. તે ફરજિયાત નથી, તે મરજિયાત છે કારણ સઘળા રૂહાની બાળકો બૈતુલખ્યાલનો અમલ કરી શકે તેમ નથી.

બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે ? ઘણા રૂહાની બાળકો ે અમને આ પ્રશ્ન પુછયો છે અને ઘણા રૂહાની બાળકોને વહેલી સવારે બંદગી કરવાનું શારીરિક અને નૈતિક રીતે મુશ્કેલ જણાયું છે. અત્યારે તમે તે પ્રશ્ન અમને પૂછો તે પહેલા અમે તમને તેનો જવાબ આપીશું કે જેથી તમે આનું કારણ સ્પષ્ટ રીતે સમજી શકો.

આજે સાંજે અમે અમારા ફરમાનની શરૂઆત એમ કહીને કરી કે બૈતુલખ્યાલ એ એક રૂહાની બાબત છે. જો અમારા રૂહાની બાળકોને એવે, સમયે બંદગી કરવાની હોય કે જ્યારે તમારા જીવનની ભૌતિક બાબતો તમારી એકાગ્રતામાં અંતરાય રૂપ બને તેમ હોય અથવા તમારું એક ધ્યાન બનવાનું મુશ્કેલ બનાવે તેમ હોય તો તેમ કરવું ઘણું જ ગેરડહાપણભર્યું ગણાશે કારણ કે તે તમારી એકાગ્રતામાં એક શારીરિક અંતરાય, શારીરિક અડચણરૂપ બની રહેશે. જો તમારે દિવસના મધ્યભાગમાં અથવા સવારે ૧૧ વાગે અથવા બપોરે ૩ વાગે બંદગી કરવાની હોય તો તમારે તમારી દુન્યવી જવાબદારીઓ છોડી દેવી પડે. આમ છતાં તમે એમ કરી શકવાની સ્થિતિમાં હો તો પણ તે વખતે તમારી આજુબાજુના દરરોજના જીવનનો ઘોંઘાટ, પ્રવૃત્તિ અને ખલેલ તો રહેશે જ. આ કારણોસર બંદગી વહેલી સવારે કરવામાં આવે છે. તે એવો સમય હોય છે કે જ્યારે લોકો બહુધા આરામ કરતા હોય છે અને માત્ર તેજ રૂહાની બાળકો વહેલી સવારે જાગશે કે જેઓ પોતાની અંગત શક્તિ કે જે ઇમામ તમને આજે સાંજે નવાજેશ કરશે તેના દ્વારા રૂહાની રોશનીની શોધ કરનારા છે.

બંદગી મરજિયાત છે અને તે મરજિયાત હોવાથી વહેલી સવારે જાગવા સિવાય અમારા રૂહાની બાળકો માટે કોઇપણ બીજી શારીરિક મુશ્કેલી ઊભી કરનાર ન હોવી જોઇએ. તમારામાંથી જેઓ બીમાર હોય અને એ રૂહાની દીકરીઓ કે જેઓ ગર્ભવતી હોય તેઓએ બંદગી ન કરવી. માત્ર નિયમિત સંજોગો એટલે કે જ્યારે અમારા રૂહાની બાળકો તંદુરસ્ત હોય

અને સ્ત્રીઓની બાબતમાં જ્યારે તેઓ ગર્ભવતી ન હોય ત્યારે જ બંદગી કરવી.

આપણા તરીકામાં આપણે અંગત પ્રયાસો વડે નૂરની પ્રાપ્તિ માટે પ્રયાસ કરીએ છીએ. 'બોલ' કે જેની અમે તમારા પર નવાજેશ કરીશું તે એક કડી છે કે જેને પોતાના જીવન દરમ્યાન વધુ અને વધુ ટૂંકી અને તેથી વધુ ટૂંકી કરવા અને રૂહાની અર્થમાં નૂરની વધુ નિકટ આવવા તમારે પ્રયાસ કરવા જોઇએ. જો તમે પોતાની બંદગી નિયમિત કરવામાં સફળ થાવ-અમે એમ નથી કહેતા કે સંપૂર્ણપણે, અમે કહીએ છીએ કે નિયમિતપણે-તો પછી અમે તમારા પૂરા જીવનકાળ દરમ્યાન વખતોવખત તમારી ઉપર એક નવા 'બોલ'ની નવાજેસ કરીશું.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો. ઇમામે ઝમાને નીચે મુજબ સ્પષ્ટતા પણ કરી હતી)

આ 'નકશ' નથી. હવે પછી જો અમારી ઇચ્છા હશે તો જેઓ નવા 'બોલ' માટે માંગણી કરશે તેમને અમે 'નકશ'ની નવાજેશ કરવાનું વિચારીશું.

જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે એ યાદ રાખો કે બંદગી એ કંઇ દુન્યવી બાબત નથી, તેથી દુન્યવી માળખામાં નૂર પ્રાપ્ત કરી શકો તેમ નથી. અમે શું કહેવા માંગીએ છીએ તે તમને સમજાવવા દો. ટેબલ પર જો પાણીનો જગ પડયો હોય કે જે તમે લેવા માંગતા હો તો તમે પોતાનો હાથ આગળ કરી

તે પાણીનો જગ ઉપાડી લો છો. તે પાણીનો જગ ઉપાડવાની શક્તિ તમારા કાબુમાં છે. તમે તમારા હાથનું હલનચલન તમારી ઇચ્છા મુજબ કરો છો. જ્યારે તમે બંદગીમાં બેસો છો ત્યારે નૂરને જોવાનું અને તે નૂરને તમારામાં લાવવાનું તમારી ઇચ્છા મુજબ નથી હોતું. તમે બેસો, તમારા મનમાંથી દુન્યવી બાબતોને કાઢી નાખો અને જે 'બોલ'ની અમે તમારા પર નવાજેશ કરી છે તેની ઉપર નમ્રતાથી એક ધ્યાન બનો, એ વિષે સાવચેત રહેજો કે જો પહેલા અઠવાડિયાઓ અથવા મહિનાઓમાં તમને સફળતા ન મળે તો બંદગી કરવાનું છોડી ન આપશો.

અમારું આજનુ ફરમાન યાદ રાખજો કે બંદગી અને નૂર એ તમારો હક નથી એ શોધ છે જે દરેક વ્યક્તિગત રૂહાની બાળક નિયમિત કરે છે. અમે તમને એક બાબત કહી શકીએ છીએ કે જો તમે સફળતા મેળવશો તો તમે નૂર જોઇ શકશો કે જેને તમે ઓળખી શકશો, તમે જોએલ અન્ય કોઇપણ કરતાં તે નૂર અનોખું હોવાનું તમે સમજી શકશો અને જે તમને સુખ, હિંમત અને ઇમાનની શક્તિ આપશે કે જે બીજી કોઇપણ વસ્તુ તમને આપી નહિ શકે.

તમારે પોતાની બંદગીમાં નિયમિત રહેવું જોઇએ પરંતુ એ ધ્યાન રહે કે તમે પરિપૂર્ણ જ બનશો તેવી અમે અપેક્ષા રાખતા નથી. અમે એવી અપેક્ષા રાખીએ છીએ કે તમારો પ્રયાસ નિખાલસ હોય અને સતત હોય. અમે નથી ઇચ્છતા કે અમારા રૂહાની બળકો 'બોલ' વિષે અથવા બૈતુલખ્યાલ વિષે અમારી જમાતની બહાર અથવા જેઓ બૈતુલખ્યાલમાં ન હોય

તેવા લોકો સાથે વાતચીત કરે. 'બોલ' એ તમારા દરેક માટે એક કડી છે, પરંતુ બહાર તે વિષે ચર્ચા કરવાની નથી.

અંતમાં બૈતુલખ્યાલમાં તમારા દાખલ થવાના આ પ્રસંગે અમે દુઆ કરીએ છીએ કે તમારામાંથી દરેક પોતાના જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત નૂરનો અનુભવ કરવા અને તેને મેળવવામાં સફળ બને. આ પ્રસંગે અમે તમને તમારા ઇમાનની મજબુતી માટે, રૂહાની સુખ માટે અને રૂહાની સફળતા માટે અમારા ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૨૬

નાગપુર,ભારત,
રવિવાર, ૧૫મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે રાતે અમે જે ફરમાન ફરમાવીશું તે અગત્યનું છે અને અમે ઇચ્છીએ છીએ કે તમે તેને કાળજીપૂર્વક સાંભળો.

સહુથી પહેલા એ યાદ રાખો કે બૈતુલખ્યાલ કોઇ ભૌતિક વસ્તુ નથી. બીજું એ યાદ રાખો કે બૈતુલખ્યાલ મરજિયાત છે. તે ફરજિયાત નથી. આપણા તરીકામાં દરેક રૂહાની બાળક. પછી તે ગમે ત્યાં હોય તેની ઉપર દુઆ ફરજિયાત છે, પરંતુ બૈતુલખ્યાલ ફરજિયાત નથી, તે મરજિયાત છે, એટલે કે બૈતુલખ્યાલમાં દાખલ થવું કે નહિ તે માટે દરેક રૂહાની બાળક સ્વતંત્ર છે. જો રૂહાની બાળકો બૈતુલખ્યાલમાં દાખલ ન થવા માટે નક્કી કરે તો તેમાં કંઇ ખોટું નથી અને જેઓ બૈતુલખ્યાલમાં છે તેઓએ એમ ન વિચારવું જોઇએ કે જેઓ દાખલ નથી થયા તેઓએ ભૂલ કરી છે અથવા પોતાના મઝહબના પાલનમાં તેઓ નિખાલસ નથી. બૈતુલખ્યાલમાં દાખલ થવું કે નહિ તે માટે દરેક રૂહાની બાળક સ્વતંત્ર છે. આ બાબત સ્પષ્ટ રીતે સમજાઇ જવી જોઇએ. જો જમાતમાં એવા રૂહાની બાળકો હોય કે જેઓ એવો નિર્ણય લે કે આજે ખરો દિવસ (યોગ્ય સમય) નથી, વળી તેમની ઉપર બીજી ફરજો છે તેથી તેઓ ખરા દિલથી બંદગી કરી શકે

તેમ નથી તો અમે તેઓને ફરમાવીશું કે થોડા વરસો થોભી જાવ અને ભવિષ્યમાં તમારા જીવન દરમ્યાન બૈતુલખ્યાલમાં દાખલ થાઓ.

હવે બૈતુલખ્યાલનો શું અર્થ છે તે અમે તમને સમજાવીએ છીએ. ઇસ્લામમાં તરીકાઓના બે મુખ્ય વિભાગો અથવા સમૂહો છે. તરીકાઓનો એક જાહેરી સમૂહ છે અને એક બાતુની સમૂહ છે. આપણી જમાત બાતુની સમૂહનો ભાગ છે. જાહેરી સમૂહમાં મુસ્લિમો માટે ચોક્કસ જરૂરીયાતો રહેલી છે કે જે તેમણે પૂર્ણ કરવી જોઇએ. પરંતુ આ જવાબદારીઓ કે જે સઘળા મુસ્લિમો માટે છે, તેના સિવાય નૂર માટે, સત્ય માટે, રૂહાની પ્રગતિ માટે વ્યક્તિગત રીતે ભાગ લેવાની-વ્યક્તિગત રીતે શોધ કરવાની-બાબત એ તરીકાઓમાં સામાન્ય રીતે નથી. આપણા તરીકામાં જેઓ પોતાની ઇચ્છાથી પસંદ કરે તેઓ પોતાની સામાન્ય ધાર્મિક ફરજો બજાવવા ઉપરાંત નૂર માટેની, સત્ય માટેની, રૂહાની પ્રગતિ માટેની વ્યક્તિગત શોધ કરી શકે છે. બૈતુલખ્યાલનો આ અર્થ છે. તે કોઇ ભૌતિક વસ્તુ નથી અને તે ફરજિયાત પણ નથી, અને આજ કારણે બૈતુલખ્યાલ એવા સમયે રાખવામાં આવેલ છે કે જ્યારે સામાન્ય રૂહાની બાળકો અથવા બીજા લોકો પોતાની મઝહબી ફરજો બજાવતા ન હોય. તમે જાણો છો તે મુજબ બૈતુલખ્યાલમાં વહેલી સવારે આવવાનું હોય છે અને નિયમિત બંદગી માટે હિંમત, પ્રમાણિકતા અને ઇચ્છાશક્તિની દૃઢતા જરૂરી બની રહે છે. ઘણા રૂહાની બોળકોએ અમને પૂછ્યું છે કે શા માટે બંદગી વહેલીસવારે કરવામાં આવે છે ? અમે તમને જવાબ આપીશું.

જો સવારે ૧૧ વાગે અથવા બપોરે ૩ વાગે બંદગી કરવાની હોય અને જો તે સમયે તમે બંદગી કરવા માટે શાંતિ અને સમય મેળવી પણ શકો તેમ છતાં તમારી આજુબાજુના લોકોની પ્રવૃત્તિઓથી તમને સતત ખલલ પડશે અને શાંતિ તેમજ સ્વસ્થતાથી નિયમિત બંદગી કરવામાં તમને ઘણી મુશ્કેલી જણાશે. આજ કારણે બંદગી પાછલી રાતે કરવામાં આવે છે.

તમે કેવી રીતે બંદગી કરો છો ? અમે તમારી ઉપર જે 'બોલ'ની નવાજેશ કરીશું તે દ્વારા હઝરત અલીના નૂરની નજીક થવા માટેની અને તેમના નૂર દ્વારા જે બીજા સર્વે કરતા મહાન છે તે (અલ્લાહ)ની નજીક થવા માટેની બંદગી એક કડી છે.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો.)

જો તમે નિયમિત બંદગી કરશો તો જીવનમાં હવે પછી અમે તમારી ઉપર બીજા 'બોલ'ની, બીજી કડીની નવાજેશ કરીશું અને તમારા સમગ્ર જીવન દરમ્યાન આ કડી ટૂંકી-વધુ ટૂંકી અને વધુને વધુ ટૂંકી બનવી જોઇએ. તમે જે યાદ રાખો એમ અમે ઇચ્છીએ છીએ તે એ છે કે જો તમે બંદગીમાં સફળતા મેળવો તો તમે એ નૂરનો અનુભવ કરી શકશો કે જેને તમે સમજી શકશો, અને જે તમને શક્તિ અને સુખ આપશે, કે જે અન્ય કોઇ શક્તિ કે સુખ તમે ધરાવી શકો તેનાથી અનોખું હશે.

યાદ રાખો કે બહાર કોઇની પણ સાથે બૈતુલખ્યાલ વિષે વાત કરશો નહિ અથવા કોઇપણ બીજાને 'બોલ' કહેશો નહિ. જો નૂર જોવાની, નૂરની નજીક આવવાની તમારા ઉપર રહેમત ઉતરે તો તમોએ નૂરનો અનુભવ મેળવ્યો છે એ લોકોને કહેતા ન ફરો, કારણ કે આ રૂહાની બાબત છે કે જેને બીજાઓ સમજી નહિ શકે પરંતુ તમે જ તેને જાણી શકશો અને તમને તે વિષે ખાત્રી હશે. અમે ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો.

યાદ રાખો કે બંદગી કરતી વખતે નૂરને પામવા માટેનો કોઇ અધિકાર અસ્તિત્વ ધરાવતો નથી. જો જગમાં પાણી હોય અને જો તમને પાણી જોઇતું હોય તો તમે હાથ વડે તે જગ લઇ શકો છો અને તમારો હાથ જે કંઇ કરે છે તે તમારી ઇચ્છાશક્તિનો આદેશ હોય છે. બંદગીમાં આમ બનતું નથી. તમે એમ નથી કહી શકતા કે તમે બંદગી કરો છો તે કારણે તે નૂર મેળવવાનો તમારો અધિકાર છે.

બંદગીમાં તમારે દુન્યવી બાબતોને તમારા મનમાંથી દૂર કરવી જોઇએ. 'બોલ' પર ધ્યાન કેન્દ્રીત કરો અને નમ્રતાથી બેસો. અભિમાન અને તમારા મનમાં ભૌતિક વિચારો સાથે ન બેસો. તમે પહેલી વખતે બંદગીમાં બેસો અને નૂર જોવામાં નિષ્ફળ જાવ તો નાહિંમત ન બનશો, ના ઉમેદ ન થશો, બંદગી કરવાનું છોડી ન આપશો, કારણ આ રૂહાની બાબત છે અને તે તમારા કાબુ હેઠળ નથી. આથી બંદગી કરવામાં તમારે ધીરજ અને નમ્રતા રાખવી જોઇએ.

અમે દુઆ કરીએ છીએ કે તમારામાંથી દરેક તમારા

જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત એ નૂરનો અનુભવ કરે. અમે દુઆ કરીએ છીએ કે તમે તમારા મઝહબ અને બંદગીમાં મજબૂત અને નિયમિત બનો તેમજ રૂહાની સુખ અને પ્રગતિ મેળવો.

અંતમાં આ પ્રસંગે અમે તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમારા ઉત્તમોત્તમ ખાસ દુઆ આશિષ ફરમાવીએ છીએ. અમારા રૂહાની બાળકો પાસેથી સિધાવી જવા પહેલા અમે તમને ફરી એક વખત એ ફરમાવવા ઇચ્છીએ છીએ કે બંદગી એ રૂહાની બાબત છે, ભૌતિક બાબત નથી, તેમાં હિંમત અને એકાગ્રતાની જરૂર છે. અમે પરિપૂર્ણતાની અપેક્ષા નથી રાખતા પરંતુ તે નૂર મેળવવા માટેના નિખાલસ અને સતત પ્રયાસોની અપેક્ષા રાખીએ છીએ. અમે ફરી એક વખત દુઆ કરીએ છીએ કે તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમને સહુને સફળતા મળે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

યવતમાલ,ભારત,

**૨૭** સોમવાર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે બપોરે અમે તમને બૈતુલખ્યાલ માટે ફરમાન ફરમાવીશું અને અમે ઇચ્છીએ છીએ કે તમે તેને કાળજીપૂર્વક સાંભળજો અને તેને સમજવા કોશિશ કરજો.

યાદ રાખો કે બૈતુલખ્યાલ એ રૂહાની બાબત છે, તે રોજીંદા જીવનની બાબત નથી. બીજા શબ્દોમાં કહીએ તો તે દુન્યવી બાબત નથી, તે રૂહાની બાબત છે અને તમારા મઝહબના પાલનની દ્રષ્ટિએ તેને સમજવી જોઇએ.

એ પણ યાદ રાખો કે બૈતુલખ્યાલ ફરજિયાત નથી. દા.ત. દુઆ ફરજિયાત છે. દરેક બાળક, પછી તે ગમે ત્યાં હોય તેણે નિયમિત પોતાની દુઆ ગુજારવી જોઇએ. પરંતુ બૈતુલખ્યાલ મરજિયાત છે અને તે એ રૂહાની બાળકો માટે છે જેઓ પોતાની દુઆ ગુજારવા અને તેમની બીજી ધાર્મિક ફરજોને નિયમિતપણે પૂર્ણ કરવા ઉપરાંત અંગત રીતે-અંગત પ્રયાસો મારફત-રૂહાની સુખ અને રોશની મેળવવા ઇચ્છતા હોય છે.

બૈતુલખ્યાલ એટલે શું એ અમે તમને સમજાવીશું. ઇસ્લામમાં બે મુખ્ય તરીકાઓ છે; એક વિભાગ જાહેરી તરીકાઓનો છે અને બીજો બાતુની છે. જાહેરી વિભાગમાં

મુસ્લિમોને એમ કહેવામાં આવ્યું છે કે કેટલીક એવી ફરજો છે જેને સઘળા મુસ્લિમોએ પાળવી જોઇએ, પરંતુ તે પછી રૂહાની રોશની માટેની વ્યક્તિગત શોધ એ એક એવી બાબત છે જેનું ઘણું ઓછું મહત્વ છે આપણો તરીકો એ બાતુની તરીકો છે. આનો અર્થ એ છે કે દરેક રૂહાની બાળક જો તે ઇચ્છે તો ઇમામની દોરવણી વડે વ્યક્તિગત પ્રયાસો મારફત રૂહાની સુખ અને રોશની પ્રાપ્ત કરવાનું તેના માટે શક્ય છે.

બંદગી મુશ્કેલ બાબત છે. તેમાં હિંમત, આશયની પ્રમાણીકતા, નિખાલસતા અને નમ્રતાની આવશ્યક્તા છે. ભૂતકાળમાં ઘણા રૂહાની બાળકોએ અમને પૂછયું છે કે બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે. અમે તમને જવાબ આપીશું જેથી તમે તેનું કારણ સમજી શકો.

અમારા ફરમાનની શરૂઆતમાં અમે જે પ્રમાણે જણાવ્યું તેમ બંદગી એક રૂહાની બાબત છે. જો તમારે સવારે ૧૧ વાગે અથવા બપોરે ૩ વાગે કે કોઇ બીજા સમયે બંદગી કરવાની હોય, અને જો તમે તે વખતે બંદગીમાં બેસવા માટે સમય અને શાંતિ મેળવી પણ શકો તે છતાં તમને કદાચ સફળતા ન પણ મળે, કારણ તમારી આજુબાજુના જીવન, તમારી આજુબાજુની પ્રવૃત્તિઓથી તમને સતત ખલલ પહોંચશે. અમે ફરમાવ્યું તેમ આમ પણ બંદગી મુશ્કેલ બાબત છે અને જે સમયે રૂહાની એકાગ્રતા કેળવવાનું ભારે મુશ્કેલ હોય ત્યારે બંદગી કરવાનું ફરમાવી અમારા રૂહાની બાળકો માટે એ વધુ મુશ્કેલ બને તેમ અમે ઇચ્છતા નથી.

જે 'બોલ'ની અમે તમારા ઉપર નવાજેશ કરીશું તે એક કડી છે અને જો તમે નિયમિત બંદગી કરશો તો તમારા જીવનના હવે પછીના સમયમાં અમે તમારા ઉપર બીજા 'બોલ'ની નવાજેશ કરીશું. 'બોલ' એક એવી કડી છે કે જેના મારફત તમારે હઝરત અલીના નૂરને જોવાનો પ્રયાસ કરવો જોઇએ અને હઝરત અલીના નૂર મારફત તે (અલ્લાહ) કે જે સઘળાઓથી ઉપર છે, તેની નજીક આવવું જોઇએ.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો.)

અમે ઇચ્છીએ છીએ કે બંદગી કરતી વખતે તમે એ યાદ રાખો કે આ રોશની મેળવવી એ કંઇ તમારો અધિકાર નથી. 'અધિકાર'નો શું અર્થ છે તે અમે તમને સમજાવીએ છીએ. જો ટેબલ ઉપર પાણીનો જગ હોય તો તમે તમારો હાથ લંબાવીને પાણીનો જગ ઉપાડો છો, અને એ તમારી ઇચ્છાશક્તિ છે જે આ પાણીના જગને ઉપાડવા માટે તમારા હાથને હુકમ કરે છે. જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમારી ઇચ્છાશક્તિ તમને દોરવી નહી શકે, તમારા હક તરીકે તમને આ નૂર આપી નહી શકે. આથી તમારા મનમાં ભૌતિક બાબતો સાથે બંદગીમાં ન બેસો, મનમાં મિથ્યાભિમાન સાથે ન બેસો પણ નમ્રતાથી બેસો. યાદ રાખો કે તમે શોધી રહ્યા છો, તમે મેળવી નથી રહ્યા, તમે પ્રયત્ન કરી રહ્યા છો. ખુલ્લા દિલથી અને નમ્રતાથી શોધો અને જે 'બોલ' અમે તમને આપ્યો છે તેના પર એકાગ્રતા

કેળવો. જો તમે સફળતા મેળવશો તો તમે નૂર જોઇ શકશો, એ સુખ કે જેને તમે જાણી શકશો અને તે તમને એવી શક્તિ અને સુખ આપશે કે જે તમે કોઇપણ બીજી જગ્યાએથી મેળવી શકશો નહિ. આ રોશની વિષે બીજા લોકો સાથે વાત ન કરશો. યાદ રાખો કે આ રોશની રૂહાની બાબત છે, ભૌતિક બાબત નથી અને જો તમે આ રૂહાની બાબત વિષે બીજા લોકોને વાત કરશો તો આ રૂહાની સુખનો અનુભવ કર્યો હોય તે સિવાયનાઓ માટે આ બાબત સમજવી મુશ્કેલ બની રહેશે.

બીજા કોઇને 'બોલ' કહેશો નહિ. યાદ રાખો કે તે તમારામાંના દરેક અને જમાનાના ઇમામ વચ્ચેની એક વ્યક્તિગત કડી છે. બીજા લોકો સાથે તેની ચર્ચા કરી તે કડીને તોડશો નહિ.

અમે આશા રાખીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમારામાંથી દરેક તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત આ નૂર પ્રાપ્ત કરવામાં સફળ બને. અમે દુઆ કરીએ છીએ કે તે તમને ઇમાનમાં બળ આપે, તમે સફળતા મેળવો અને ઇમાનનું આ બળ તમારા સમગ્ર જીવન દરમ્યાન તમારા સાથે રહે. આ પ્રસંગે તમારામાંથી દરેકે દરેકને અમારા ઉત્તમ ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

અમે અહીં બે બાબતો ઉમેરીશું જે અગત્યની છે. બૈતુલખ્યાલ એ રૂહાની બાબત છે અને આથી જ્યારે તમે બંદગી કરવા માટે શારીરિક રીતે શક્તિમાન હોવ ત્યારે જ બંદગી કરવી જોઇએ. જો તમે બીમાર હોવ તો જ્યાં સુધી તમે તંદુરસ્ત

ન થાવ ત્યાં સુધી તમારે બંદગી ન કરવી. જો રૂહાની દીકરીઓ ગર્ભવતી હોય તો તેઓએ બંદગી ન કરવી. બંદગી તેઓ જ કરે જેઓ શારીરિક રીતે બંદગી કરવા માટેની સ્થિતિમાં હોય. એ પણ યાદ રાખો કે બંદગી મુશ્કેલ બાબત છે, તેમાં શક્તિની અને હિંમતની જરૂર છે. આથી બંદગી કરતાં પહેલી વખતે જો તમે સફળ ન થાવ તો બંદગી કરવાનું છોડી ન આપશો. બંદગી નિયમિત કરો કારણ કે આ રોશની પ્રાપ્ત કરવાનો તમારો કોઇ અધિકાર નથી, ઇન્શાઅલ્લાહ, તે તમને આપવામાં આવશે. જ્યારે તે તમને આપવામાં આવશે ત્યારે તમે તેને જાણી શકશો અને પછી તમને ખાત્રી થશે કે હવે પછી એક નવો 'બોલ' તમને આપવામાં આવે, અને આમ તમે આ રોશનીની હજુ વધુ નજીક આવશો.

ફરી એક વખત અમે તમારામાંના દરેકને અમારા ઉત્તમ ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમદાવાદ, ભારત,

૨૮ શુક્રવાર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે સાંજે અમે તમને જે ફરમાન ફરમાવીશું તે એક અગત્યનું ફરમાન છે અને અમે ઇચ્છીએ છીએ કે તમે તેને કાળજીપૂર્વક સાંભળજો અને તેને સમજવા કોશિશ કરજો. અમે ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે બૈતુલખ્યાલ એ કંઇ ભૌતિક બાબત નથી, તે એક રૂહાની બાબત છે અને જો તમે ભૌતિક વલણ સાથે રૂહાની બાબતને જોશો તો તમે તમારી બંદગીમાં નિષ્ફળ જશો અને તે નૂર કે જે વિષે અમે તમને ફરમાવવાના છીએ તેને પ્રાપ્ત કરવામાં સફળ નહિ થાવ. આથી અમે ઇચ્છીએ છીએ કે આ સમગ્ર ફરમાન દરમ્યાન અને જ્યારે તમે બંદગી કરો તે વખતે તમે એ યાદ રાખો કે બૈતુલખ્યાલ એ કંઇ ભૌતિક બાબત નહિ પરંતુ તે એક રૂહાની બાબત છે.

ઇસ્લામમાં ઘણા તરીકાઓ છે. પરંતુ સાધારણ રીતે તેને બે મુખ્ય શાખાઓમાં વહેંચી શકાય તેમ છે. એક શાખા જાહેરી તરીકા તરીકે ઓળખાય છે, અને જે શાખામાં આપણા તરીકાનો સમાવેશ થાય છે તે બાતુની તરીકા તરીકે ઓળખાય છે. જાહેરી તરીકો આપણને એ શીખવે છે કે સઘળા મુસ્લિમો ઉપર કેટલીક ફરજો રહેલી છે પરંતુ તે પછી રૂહાની રોશની, રૂહાની સુખ અને રૂહાની પ્રગતિ માટેની અંગત શોધ અને પ્રયાસો

એક એવી બાબત છે કે જે બિનઅગત્યની ન હોય તો પણ ઘણી, ઘણી ગૌણ બની રહે છે. આપણા તરીકામાં આપણી એ માન્યતા છે કે સઘળા રૂહાની બાળકો જેઓ ઇચ્છે તેઓ અંગત રીતે એવા પ્રકારે રૂહાની પ્રગતિ કરવા ઇમામની દોરવણી મેળવી શકે છે. જેથી તેઓ ઉન્નતિ, રોશની અને સુખ મેળવી શકે.

બંદગી વહેલી સવારે કરવામાં આવે છે અને તેથી તે માટે શારીરિક હિંમત અને પ્રમાણીકતાની જરૂર રહે છે અને તે (બંદગી) કરવી કઠીન છે. અગાઉ રૂહાની બાળકોએ અમને પુછયું છે કે શા માટે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે અને હમણા તમે અમને આ પ્રશ્ન પૂછો તે પહેલા અમે તમને તેનો જવાબ આપીશું. બંદગી એ એક રૂહાની બાબત છે અને આથી તે એવા સમયે કરવી જોઇએ કે જ્યારે ધ્યાનમાં ખલેલ, અડચણ, ઘોંઘાટ અને અગવડતા ઉત્પન્ન કરનાર દુનિયાને લગતી અને દુન્યવી બાબતો તમારી અતરાફમાં ન હોય. જો અમે તમને સવારે ૧૧ વાગે અથવા બપોરે ૩ વાગે બંદગી કરવાનું ફરમાવીએ, અને જો તે વખતે તમે બંદગી કરવા માટે શાંતિ અને સમય મેળવવામાં સફળતા પણ મેળવી શકો તેમ હો તેમ છતાં તમારી આજુબાજુના લોકો, જીવન અને પ્રવૃત્તિના કારણે તમને ખલલ પડશે. આજ કારણે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે.

અમે ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે કોઇપણ રૂહાની બાળક પરિપૂર્ણ નથી અને આથી બંદગીમાં અમે પરિપૂર્ણતાની અપેક્ષા નથી રાખતા પરંતુ બંદગી કરવાની

બાબતમાં નિખાલસતા, પ્રયાસ કરવામાં નિખાલસતા હોય અને પહેલી વખતે બંદગી કર્યા પછી જો તમે સફળ ન થાવ તો તમે બંદગી કરવાનું છોડી ન આપો તેની અમે જરૂર આશા રાખીએ છીએ. જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે એ યાદ રાખો કે નૂરની પ્રાપ્તિ, નૂરનો દીદાર, નૂરનો અનુભવ એ કંઇ તમારો અધિકાર નથી. તે કંઇ એવી બાબત નથી કે જેની ઉપર તમારી ઇચ્છાશક્તિનો કાબૂ હોય. જો ટેબલ ઉપર પાણીનો જગ હોય અને તમે તે પાણીના જગને ઉપાડવા ઇચ્છતા હો તો તમે તમારો હાથ લંબાવી તે પાણીનો જગ ઉપાડી લ્યો છો અને તમારી ઇચ્છાશક્તિ જે કહે છે તે કાર્ય તમારો હાથ કરે છે. પરંતુ જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે મરજી મુજબ ઇચ્છા નથી કરી શકતા, નૂરના દીદાર માટે મરજી પ્રમાણે ઇચ્છા નથી કરી શકતા, તે કંઇ અધિકાર નથી. તમારે નમ્રતાથી બેસવું જોઇએ અને તે નૂર મેળવવા પ્રયાસ કરવો જોઇએ કારણ કે તેની નવાજેશ અને તેના સમય ઉપર તમારો કાબૂ નથી.

પરંતુ એક બાબત વિષે તમે ખાત્રી રાખી શકો છો કે જો તમે નૂર શોધવામાં સફળ થશો તો તમે તેને જાણી શકશો, તમે તેને ઓળખી શકશો અને તે તમને એવા પ્રકારની શક્તિ, હિંમત અને સુખ આપશે કે જેને તમે બીજે ક્યાંયથી પણ મેળવેલ નહિ હોય, તમારે તે નૂર કઇ રીતે પ્રાપ્ત કરવું જોઇએ? તમારે તેને 'બોલ' મારફત, 'બોલ' પરની એકાગ્રતા મારફત પ્રાપ્ત કરવું જોઇએ.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી

જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો. )

એ યાદ રાખવા માટે કાળજી કરો કે 'બોલ' એ એક કડી છે અને જેઓ બૈતુલખ્યાલમાં ન હોય તેવા જમાતના સભ્યો સાથે અથવા જેઓ ઇસ્માઇલી ન હોય તેવા લોકો સાથે તેની ચર્ચા કરી તે કડીનો નાશ ન કરશો. એ પણ યાદ રાખો કે જો તમે ભાગ્યશાળી છો અને તમે તે નૂરનો અનુભવ કરો તો તેની બીજા લોકો સાથે ચર્ચા ન કરશો, કારણ કે તેઓ તેને સમજી નહિ શકે. તમે શું સમજાવવા પ્રયાસ કરો છો તેનો ભાવ સમજવો પણ તેમને ઘણું અઘરું લાગશે. આથી યાદ રાખો કે તે રોશની તમારી છે અને તેની કોઇપણ સમયે અથવા કોઇપણ પ્રકારે, કોઇની પણ સાથે ચર્ચા કરવાની નથી.

તમને બૈતુલખ્યાલમાં કબુલ ફરમાવવાના પ્રસંગે અમે દુઆ કરીએ છીએ કે તમારામાંના દરેક પોતાના જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તે નૂરનો અનુભવ કરે. અમે દુઆ કરીએ છીએ કે તમે ઇમાનમાં મજબૂત બનો. અમે દુઆ કરીએ છીએ કે તમે તમારી બંદગીમાં નિયમિત રહો અને અમે તમને તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમારા ખાસ ઉત્તમ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

અમારા ફરમાન પછી બંદગી અને બૈતુલખ્યાલને લગતી બીજી બાબતો માટે અમારા રૂહાની બાળકોએ જે પૂછ્યું છે તેને સ્પષ્ટ કરવા અમે પ્રેસીડેન્ટને ફરમાવીશું. આજે સાંજનું આ ફરમાન તમને એ બાબતની યાદી આપીને પૂરું કરીશું કે

બૈતુલખ્યાલ એ એક રૂહાની બાબત છે અને તે કારણે ચોક્કસ પરિસ્થિતિમાં કે જ્યારે અમારા રૂહાની બાળકો માટે શારીરિક રીતે શક્ય ન હોય ત્યારે બંદગી ન કરવી જોઇએ. અમે નથી ઇચ્છતા કે જ્યારે રૂહાની બાળકો બીમાર હોય ત્યારે બંદગીમાં બેસે અને અમે નથી ઇચ્છતા કે રૂહાની દીકરીઓ જ્યારે ગર્ભવતી હોય ત્યારે બંદગીમાં બેસે. આ એવી સ્થિતિઓ છે કે જેમાં તમારે બંદગીમાં બેસવું ન જોઇએ.

આપ્રસંગે ફરી એક વખત તમારામાંથી દરેકને વ્યક્તિગત રીતે અમારા ખાસ ઉત્તમ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૨૯

સિદ્ધપુર, ભારત,
શનિવાર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે સાંજે અમે જે ફરમાન તમને ફરમાવીશું તે એક અગત્યનું ફરમાન છે અને અમે ઇચ્છીએ છીએ કે તમે તે સાંભળો અને તેને સમજવા કોશિશ કરો.

અમે ઇચ્છીએ છીએ કે જે પહેલી બાબત તમે સ્પષ્ટ રીતે સમજો તે એ છે કે બૈતુલખ્યાલ કોઇ ભૌતિક બાબત નથી. તે રૂહાની બાબત છે. જો તમે બૈતુલખ્યાલને એક ભૌતિક બાબત તરીકે સમજવા પ્રયાસ કરશો તો તમને નિષ્ફળતા મળશે કારણ કે તેને દરરોજના દુન્યવી જીવન સાથે કોઇ સંબંધ નથી. બીજી બાબત કે જે અમે તમને ભારપૂર્વક જણાવવા ઇચ્છીએ છીએ તે એ છે કે બૈતુલખ્યાલ મરજિયાત છે એટલે કે બૈતુલખ્યાલમાં જોડાવું કે નહિ તે વિષે દરેક રૂહાની બાળકે પોતાની સ્વતંત્ર ઇચ્છાથી, પોતાની વિવેક બુદ્ધિથી નક્કી કરવાનું રહે છે, પણ તેની ઉપર ફરજ નથી. દા. ત. દુઆ ફરજિયાત છે, જગતભરના દરેક રૂહાની બાળકે પોતાની દુઆ પડવી જ જોઇએ. પરંતુ બૈતુલખ્યાલ મરજિયાત છે, જેઓ બૈતુલખ્યાલમાં દાખલ થાય છે તેઓ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી થાય છે. કોઇ દબાણ અથવા કોઇ બંધનને પરિણામે નહિ.

બૈતુલખ્યાલ એટલે શું ? ઇસ્લામમાં ઘણા તરીકાઓ છે

પરંતુ આ તરીકાઓમાંના ઘણા ખરાને બે મુખ્ય વર્ગોમાં વહેંચી શકાય. એક વર્ગ જાહેરી વર્ગ તરીકે ઓળખાય છે અને બીજો વર્ગ બાતુની વર્ગ તરીકે ઓળખાય છે. જાહેરી વર્ગમાં સઘળા મુસ્લિમો ઉપર કેટલીક ફરજો રહેલી છે જે તેમણે પરિપૂર્ણ કરવાની જ રહે છે. પરંતુ રૂહાની સુખ, રૂહાની રોશની માટેની અંગત ખોજને અગત્યની બાબત તરીકે ગણવામાં નથી આવી અથવા સામાન્ય રીતે તેનું પાલન પણ કરવામાં આવતું નથી. આપણા જેવા તરીકાઓના બાતુની વર્ગમાં ઇમામના ફરમાન થકી વ્યક્તિગત રૂહાની ખોજ એટલે કે સુખ અને રૂહાની જાગૃતિ માટેની ખોજ કરવી શક્ય છે. આ છે બૈતુલખ્યાલનો અર્થ.

ઘણા રૂહાની બાળકોએ અગાઉ અમને એવો પ્રશ્ન પૂછયો છે કે બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે ? તમારે એ જાણવું જોઇએ કે બંદગી કરવા માટે હિંમત, શક્તિ અને આશયની પ્રમાણિકતાની જરૂર રહે છે. જો તમે સવારે ૧૧ વાગે અથવા બપોરે ૩ વાગે બંદગી કરવા માટે પ્રયાસ કરો તો સફળતા મેળવવામાં તમને મુશ્કેલી પડશે કારણ કે તમારી આજુબાજુના ઘોંઘાટ, ખલેલ અને પ્રવૃત્તિઓ તમારી એકાગ્રતામાં અડચણ ઊભી કરશે. આ કારણે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે કે જ્યારે મોટા ભાગના લોકો આરામ કરતા હોય છે. તે એ સમય છે કે જ્યારે તમારા માટે શાંતિ અને નિરવતા મેળવવાનું શક્ય બને છે કે જેમાં તમે તમારી બંદગીમાં અને અમે જે 'બોલ'ની તમારી ઉપર નવાજેશ કરીશું તેની ઉપર ધ્યાન કેન્દ્રીત કરી શકો છો.

અમે ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે જ્યારે તમે તમારા 'બોલ' ઉપર ધ્યાન કેન્દ્રીત કરો ત્યારે એવી ધારણા ન

રાખશો, એવો આગ્રહ ન રાખશો, એવી લાગણી ન ધરાવશો કે રૂહાની સુખ અને રૂહાની જાગૃતિ પ્રાપ્ત કરવી એ તમારો હક છે. જો તમે ટેબલ પરથી પાણીનો જગ ઉપાડવા ઇચ્છતા હો તો તમે તમારો હાથ લંબાવી પાણીના તે જગને ઉપાડી શકો છો અને તમારી ઇચ્છાશક્તિએ તમારા હાથને જે હુકમ કર્યો હોય છે તેનો તે અમલ કરે છે. પરંતુ તમે જ્યારે બંદગીમાં બેસો છો ત્યારે તમને તે રોશની પ્રાપ્ત થવી જ જોઇએ તેવો હુકમ કરી શકતા નથી, તમારા અંતરને ખુલ્લું કરવા, 'બોલ'ના અર્થ પર ધ્યાન કેન્દ્રીત કરવા અને તમારા મનમાંથી દુન્યવી વિચારોને દૂર કરવા તમારે નમ્રતાથી પ્રયાસ કરવો જોઇએ. આ રૂહાની રોશનીની પ્રાપ્તી માટેના પ્રયાસ કરવા ઇમામ તમને માર્ગ બતાવે છે અને એ માર્ગ 'કડી' છે, એ કડી તે 'બોલ' છે. હઝરત અલીના નૂર મારફત તમારે તે (અલ્લાહ) કે જે સહુથી પર છે તેની નજીક આવવા પ્રયાસ કરવો જોઇએ.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો.)

જો તમે સફળ થશો તો તમને એવા નૂરનો, એવા સુખનો અનુભવ થશે કે જેને તે પહેલા તમે ક્યારેય અનુભવ્યું નહિ હોય. તમે તે સુખની પ્રતીતિ કરી શકશો અને તે તમને ઇમાનનું બળ, હિંમત અને રૂહાની શક્તિ આપશે. પરંતુ યાદ રાખો કે તે નૂરની પ્રાપ્તિ એ તમારો હક નથી અને આથી પહેલી વખતે બંદગી કરો તે દરમ્યાન જો તમે નૂર પ્રાપ્ત કરવા શક્તિમાન ન થાવ તો બંદગી કરવાનું તજી ન દીઓ, એ બાબતની કાળજી રાખશો.

યાદ રાખો કે બંદગી એ રૂહાની બાબત છે તેથી જ્યારે બંદગી કરવા માટે શારીરિક અડચણો હોય ત્યારે તે ન કરવી જોઇએ. કોઇ રૂહાની બાળક બીમાર હોય અથવા કોઇ રૂહાની દીકરી ગર્ભવતી હોય, એ એવી પરિસ્થિતિઓ છે કે જ્યારે બંદગી ન કરવી જોઇએ. અમે ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે બંદગી એ રૂહાની બાબત છે, તે આપણો તરીકો છે અને તેથી બૈતુલખ્યાલમાં ન હોય તેવા લોકો સાથે તે વિષે તમારે વાતચીત ન કરવી જોઇએ. અમે એવું નથી ઇચ્છતા કે જે લોકો બૈતુલખ્યાલમાં ન હોય તેમને એ 'બોલ' કહેવામાં આવે. જો તમે આ રૂહાની રોશની મેળવવામાં સફળતા મેળવો તો તે વિષે બીજા લોકોને કહેશો નહિં કારણ કે તેઓ તમને સમજી નહિ શકે. જો તમને સફળતા મળે તો તમારા જીવનમાં હવે પછી અમે તમને બીજો 'બોલ' આપીશું અને જેમ જેમ તમારી વય વધતી જશે તેમ તેમ અમે તમને વધુને વધુ ટૂંકી કડીઓ આપીશું.

આ પ્રસંગે કે જ્યારે તમે બૈતુલખ્યાલમાં દાખલ થયા છો જેને અમે કબુલ ફરમાવીએ છીએ અને અમે દુઆ કરીએ છીએ કે તમારામાંના દરેકે દરેક તમારા જીવન દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તે નૂરનો અનુભવ કરે. અમે દુઆ કરીએ છીએ કે તમને તમારી બંદગીમાં સફળતા મળે. અમે દુઆ કરીએ છીએ કે તમે તમારા ઇમાનમાં મક્કમ બનો. અમે તમારામાંથી દરેકને વ્યક્તિગત રીતે અમારા ઉત્તમ, અમારા અતિશય હેતપૂર્વકના અને અમારા ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

30

દરખાના, મુંબઇ-ભારત,
શનિવાર, ૨૬મી જાન્યુઆરી, ૧૯૭૮.

આપણા શીરછત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બાળકો,

આજે સવારે અમે જે ફરમાન ફરમાવીશું તે અગત્યનું છે અને અમે ઇચ્છીએ છીએ કે તમે તેને કાળજીપૂર્વક સાંભળો અને તે ફરમાનનો અર્થ સમજવા કોશિશ કરો.

બૈતુલખ્યાલ અને બંદગી એ રૂહાની બાબતો છે, તે ભૌતિક બાબતો નથી. બૈતુલખ્યાલમાં દાખલ થવા માટેનો નિર્ણય એક એવો નિર્ણય છે જે તમારે સાચા દિલથી અને આશયની પ્રમાણીકતાથી લેવો જોઇએ. બૈતુલખ્યાલ ફરજિયાત નથી, તેથી માત્ર તે જ રૂહાની બાળકો કે જેઓ બૈતુલખ્યાલમાં દાખલ થવા ઇચ્છતા હોય તેઓ જ દાખલ થાય. તમારે એ કારણે બૈતુલખ્યાલમાં દાખલ થવું ન જોઇએ કે લોકોએ તમને કહ્યું હોય કે તમારે દાખલ થવું જ જોઇએ અથવા તમારી એવી માન્યતા હોય કે તમારે દાખલ થવું જ પડશે અથવા કોઇએ તમને એમ કહ્યું હોય કે તે ફરજિયાત છે. દુઆ ફરજિયાત છે-જગતભરના સર્વે રૂહાની બાળકો પછી ભલે તેઓ ગમે ત્યાં હોય, તેઓએ દુઆ પડવી જ જોઇએ-પરંતુ બૈતુલખ્યાલ મરજિયાત છે. બીજા શબ્દોમાં કહીએ તો પોતે બંદગી કરવા માગે છે કે નહિ, પોતે બૈતુલખ્યાલમાં દાખલ થવા માગે છે કે નહિ એ દરેકે વ્યક્તિગત રીતે પસંદ કરવાનું રહે છે. આજે મંડળીની બહાર એવા રૂહાની બાળકો પણ હશે કે જેઓ આમ

કરવા ઇચ્છતા હશે પરંતુ તેઓ બંદગી કરવા માટેની પોતાની શક્તિ માટે ચિંતા અનુભવે છે. અમે આવા રૂહાની બાળકોને ફરમાવીશું કે ઉતાવળ ન કરો. જ્યારે તમે બંદગી કરવા માટે મગજથી, શરીરથી, ભાવનાથી અને માનસિક રીતે તૈયાર હો ત્યારે બૈતુલખ્યાલમાં દાખલ થાવ. ફરજની ભાવનાથી અથવા અમારા રૂહાની બાળકો માટે તે ફરજિયાત છે. એમ સમજી બૈતુલખ્યાલમાં દાખલ ન થાવ. બૈતુલખ્યાલ રૂહાની બાબત છે અને આથી દરેકે વ્યક્તિગત રીતે પોતાના સમય અનુસાર અને જ્યારે તે પોતાની રૂહાની જીંદગી કે જે તે ધરાવે છે તેને માત્ર સામાન્ય દુઆઓ અને આપણા તરીકાની બીજી ફરજો કરતા વધુ સમય આપવા અને વધુ એકાગ્રતા કેળવવા તૈયાર હોય ત્યારે તેમાં દાખલ થવું જોઇએ.

બૈતુલખ્યાલ એટલે શું ? ઇસ્લામમાં ઘણા તરીકાઓ છે. મૂળભૂત રીતે આ તરીકાઓ બે મુખ્ય વર્ગોમાં વહેંચાએલા છે- જાહેરી વર્ગ અને બાતુની વર્ગ. આપણો તરીકો બાતુની વર્ગના તરીકાનો વિભાગ છે. પરંતુ પહેલા અમે તમને જાહેરી તરીકાઓ સમજાવીશું. જાહેરી તરીકાઓ મુખ્યત્વે એવા મુસ્લિમો માટે છે જેઓ ઉપર ધાર્મિક ફરજો, દુઆઓ, વિગેરે છે પરંતુ જે રૂહાની રોશની, રૂહાની સુખ અને રૂહાની સમજણ માટે વ્યક્તિગત, અંગત શોધ કરવાની બાબતને અગત્ય કે મહત્વ આપતા નથી. બાતુની તરીકાઓ કે જેમાં આપણા પોતાના તરીકાનો સમાવેશ થાય છે તે એમ કહે છે કે તમારી જે સામાન્ય ધાર્મિક ફરજો છે તે ઉપરાંત ઇમામની દોરવણી થકી રૂહાની રોશની, રૂહાની જાગૃતિ અને રૂહાની સફળતા માટે પ્રયાસ કરવો અને તે પ્રાપ્ત કરવી એ દરેક રૂહાની બાળક માટે શક્ય છે. પરંતુ આ માટે

અંગત પ્રયાસોની જરૂર છે અને આ અંગત પ્રયાસ એટલે બંદગી કરવી.

અગાઉ રૂહાની બાળકોએ અમોને અરજ કરી છે કે બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે. અમે એ પ્રશ્નનો જવાબ આપીએ છીએ જેથી તમને સ્પષ્ટતા મળી રહે. અમારા ફરમાનની શરૂઆતમાં અમે જણાવ્યું છે કે બંદગી એક રૂહાની બાબત છે, તેમાં એકાગ્રતા, મનની શાંતિ અને નિરવતાની જરૂર છે. જો અમે અમારા રૂહાની બાળકોને સવારે ૧૧ વાગે અથવા બપોરે ૩ વાગે બંદગી કરવાનું ફરમાવીએ અને જો કદાચ તમે વ્યક્તિગત રીતે સમય અને શાંતિ મેળવવામાં સફળ થાવ તેમ છતાં તમારી આજુબાજુના જીવન અને તમારી આજુબાજુની પ્રવૃત્તિથી તમને સતત ખલલ પડશે અને આનો અર્થ એ થશે કે રૂહાની રોશની અને પ્રકાશ પ્રાપ્ત કરવામાં સફળતા મેળવવાની તમારી તકમાં મોટા પ્રમાણમાં ઘટાડો થઇ જશે. આ કારણે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે.

તમે કેવી રીતે બંદગી કરો છો ? 'બોલ' ઉપર ધ્યાન એકાગ્ર કરી તમે બંદગી કરો છો. 'બોલ' રૂહાની કડી છે અને તમારા જીવન દરમ્યાન આ રૂહાની કડી વધુને વધુ ટૂંકી થતી જવી જોઇએ. આ પછી તમારા જીવન દરમ્યાન અમે તમને બીજો 'બોલ' આપીશું.

(આ પછી મૌલાના હાઝર ઇમામે કરમબક્ષીસ ફરમાવી જમાતને 'બોલ'ની નવાજેશ કરી અને તેનો અર્થ સમજાવ્યો હતો. )

જ્યારે તમે 'બોલ'નું રટણ કરો છો, તમે બંદગી કરો છો

ત્યારે અમે ઇચ્છીએ છીએ કે તમો એ યાદ રાખો કે રોશની પ્રાપ્ત કરવાનો તમારો હક છે એમ મનમાં વિચારીને તમે બંદગીમાં નથી બેસી શકતા તેમજ તમારે તે પ્રમાણે બેસવું પણ ન જોઇએ. જો ટેબલ પર પાણીનો જગ પડયો હોય અને જો તમે તે પાણીનો જગ લેવા માંગતા હો તો તમે તમારા હાથને લાંબો કરો છો અને તે પાણીના જગને લઇ લો છો. એ તમારી ઇચ્છાશક્તિ છે કે જે તમારા હાથને પાણી લેવા હુકમ કરે છે. બંદગીમાં તમારી ઇચ્છાશક્તિ તમને તે રોશની આપી શક્તિ નથી, કારણ કે તે રોશની પર તમારો અધિકાર નથી, તેની તમારા પર નવાજેશ કરવામાં આવે છે. જ્યારે તમે શોધ કરો ત્યારે અને તે સમયે તેની તમારા પર નવાજેશ કરવામાં આવે છે કે જે ઉપર તમારો અખત્યાર નથી.

કેટલાક રૂહાની બાળકો બંદગી કરવાનું શરૂ કરે ત્યારે ઘણી વહેલી તકે બંદગીમાં સફળતા મેળવે છે. બીજા રૂહાની બાળકોને ઘણા વર્ષો લાગી જાય છે, પરંતુ આજે સવારે અમે તમને બે બાબતો જણાવીએ છીએ. જેઓ બંદગી શરૂ કરે ત્યારે વહેલી તકે સફળતા ન મેળવે તો તેમને અમે ફરમાવીએ છીએ કે નિરાશ ન થશો અને બંદગી કરવાનું છોડી ન આપશો, કારણ એ બનવા જોગ છે કે જો તમે બંદગી કરવાનું ચાલુ રાખ્યું હોત તો તમે બંદગી કરવાનું છોડી આપ્યું તેના એક અઠવાડિયા પછી અથવા એક મહિના પછી તમે રોશની પ્રાપ્ત કરી શક્યા હોત. આથી બંદગી કરવાનું છોડી ન આપશો. બીજી બાબત કે જે વિષે અમે તમને એવી ચેતવણી આપીએ છીએ તે એ છે કે બંદગીમાં નમ્રતાની લાગણીથી બેસો. બંદગીમાં તમારી જાતને એમ કહીને ન બેસો કે આ મારો હક છે અને મને

આ રોશની પ્રાપ્ત નથી થતી તેથી કંઇક ખોટું અથવા અજુગતું છે. આ તમારો હક નથી. સહુથી મહત્વની વાત તો એ છે કે જે ક્ષણે તમને તે રોશની પ્રાપ્ત થશે ત્યારે તમે તેને જાણી શકશો, તમે તેને ઓળખી શકશો અને કોઇપણ બીજા માર્ગેથી ન મળી શકે તેવી શક્તિ અને રૂહાની સુખ તે તમને આપશે.

અમે ઇચ્છીએ છીએ કે અમારા રૂહાની બાળકો એ યાદ રાખે કે આ એક રૂહાની બાબત છે, તે ભૌતિક બાબત નથી. આથી તમે જ્યારે બંદગીમાં બેસો ત્યારે જે ભૌતિક વસ્તુઓ છે તે બધી તમારા મગજમાંથી કાઢી નાખો અને જે 'બોલ'નો અર્થ છે તેની ઉપર ધ્યાન કેન્દ્રીત કરો, કારણ કે બંદગી એ કંઇ ભૌતિક બાબત નથી. જ્યારે તમારી શારીરિક જિંદગી યોગ્ય રીતે બંદગી કરવા માટે અડચણ રૂપ થાય તેવા સમયે તે ન કરવી જોઇએ. અડચણનો અર્થ બંદગી કરવાનું મુશ્કેલ બનાવનાર થાય છે. જો રૂહાની બાળકો બીમાર હોય તો તેમની શારીરિક મર્યાદાઓ સફળતાપૂર્વક બંદગી કરવાનું તેમને માટે મુશ્કેલ બનાવશે. આથી જો તમે બીમાર હો તો જ્યાં સુધી તમે સારી તંદુરસ્તી પાછી ન મેળવો ત્યાં સુધી તમારે બંદગી ન કરવી જોઇએ. અમારી રૂહાની દીકરીઓ જો સગર્ભા હોય તો તેઓ બંદગી ન કરે. એક વખતે તેઓ સંતાનને જન્મ આપે તે પછી તેઓ ફરી બંદગી કરવાનું શરૂ કરી શકે છે. પરંતુ જ્યારે તેઓ ગર્ભવતી હોય ત્યારે બંદગી ન કરે.

બૈતુલખ્યાલ અને બંદગી એ આપણા તરીકાનું એક અંગ છે. એ જાહેરી તરીકાઓનું અંગ નથી અને બીજા જાહેરી તરીકાઓની જેમ તેનો અમલ કરવામાં આવતો નથી. આથી યાદ રાખો કે જે લોકો બૈતુલખ્યાલમાં નથી તેઓ સાથે બૈતુલખ્યાલ

વિષે બોલવું કે બંદગી વિષે કહેવું તે સલાહભર્યું નથી કારણ કે તેઓ સમજી નહિ શકે અને રૂહાની બાબતમાં જે લોકો બૈતુલખ્યાલમાં ન હોય તેઓ સાથે તમારે આ બાબતો વિષે વાદવિવાદ ન કરવો જોઇએ. બૈતુલખ્યાલ અને 'બોલ' એવી બાબતો છે જેનો સંબંધ બૈતુલખ્યાલના સભ્યો અને વખતના ઇમામ સાથે હોય છે, બીજા કોઇની સાથે નહિ. એ પણ યાદ રાખો કે નૂર પ્રાપ્ત કરવામાં જો તમને સફળતા મળે, જે ઇન્શાઅલ્લાહ તમને મળશે, તો બીજા કોઇ પાસે તે રોશનીનું વર્ણન કરવાની કોશિશ ન કરશો, તે સંબંધી કહેવાની કોશિશ ન કરશો, બંદગીમાં તમને સફળતા મળી છે તે વિષે બીજા દિવસે બડાઇ ન મારશો. યાદ રાખો કે આ અંગત વ્યક્તિગત રૂહાની ખોજ છે, રૂહાની પ્રયાસ છે. આ કડી તમારામાંના દરેક માટેની કડી છે પણ બીજા લોકોને કહી તમે તેનો નાશ ન કરશો. જે તમે પ્રાપ્ત કર્યું હોય તે વિષે બીજા લોકોને કહેવાની કોશિશ ન કરશો કારણ કે તેઓ સમજી નહિ શકે. તે એક રૂહાની બાબત છે, તે એક એવી બાબત છે જે વ્યક્તિગતરીતે તમારા અને જમાનાના ઇમામ વચ્ચે રહેલી છે.

યાદ રાખો કે બંદગી કરવા માટે હિંમત જરૂરી છે. તેમાં શારીરિક અને ભાવનાત્મક હિંમત જરૂરી છે અને તમારે તે હિંમત મેળવવી જોઇએ. જો તમે બૈતુલખ્યાલમાં દાખલ થાવ છો તો તેનું કારણ એ છે કે તમે જમાનાના ઇમામને એમ કહો છો કે તમે બંદગી કરવા ઇચ્છો છો. જમાત પાસે આવીને તમને બંદગી કરવા અમે ફરમાવ્યું નથી. અમે તમને એમ ફરમાવ્યું છે કે જો તમે બૈતુલખ્યાલમાં દાખલ થવા માંગતા હો અને બંદગી કરવા ઇચ્છતા હો તો અમારી હુઝુરમાં આવો.

પછી અમે તમને બૈતુલખ્યાલમાં કબૂલ ફરમાવીશું.

યાદ રાખો કે અમે પરિપૂર્ણતાની આશા નથી રાખતા પરંતુ આ ખોજમાં અમે પ્રમાણીકતા અને પ્રયાસોની જરૂર આશા રાખીએ છીએ-અમે તેવી આશા રાખીએ છીએ. અને એ પણ યાદ રાખો કે ઘડિયાળમાંથી જેમ જેમ દરેક સેકન્ડ પસાર થતી જાય છે તેમ તેમ પ્રત્યેક સેકન્ડે તમે તમારી રૂહાની જિંદગીની, તમારા સંપૂર્ણ રૂહાની જીવનની વધુને વધુ નિકટ આવતા જાવ છો, તે એટલે સુધી કે છેવટે તમારું શારીરિક અસ્તિત્વ રહેતું નથી એ ધ્યાનમાં રાખો. એ પણ યાદ રાખો કે તમારા જીવનમાં પ્રતિદિન તમારા ભૌતિક જીવન માટે તમારા રૂહાની જીવનનો તમારે ત્યાગ ન કરવો જોઇએ, તમારા સમગ્ર જીવન દરમ્યાન-જે દિવસે રૂહાની બાળકનો જન્મ થાય ત્યાંથી તેઓ શારીરિક રીતે વધુ વખત ન હોય તે દિવસ સુધી-એ બન્ને જીવન સાથે સાથે રહેવા જોઇએ.

અંતમાં તમારામાંના દરેકે દરેક માટે અમે દુઆ કરીએ છીએ કે તમારા જીવન દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમને તે રોશની પ્રાપ્ત થાય. તમારા ઇમાનની મજબૂતી માટે દુઆ કરીએ છીએ, અમે તમારા રૂહાની સુખ માટે દુઆ કરીએ છીએ અને તમારા દુન્યવી સુખ માટે દુઆ કરીએ છીએ.

બૈતુલખ્યાલમાં તમને કબૂલ ફરમાવવાના આ પ્રસંગે અમે તમારામાંથી દરેકને વ્યક્તિગત રીતે, તમારામાંથી દરેકને અમારા ઉત્તમ, અમારા અતિશય હેતપૂર્વકના, અમારા અતિશય પ્યારભર્યા અને અમારા ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

કેનેડા,



૧૭ નવેમ્બર ૧૯૭૮

ખુદાવંદ નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે નવેમ્બર ૧૯૭૮ માં કેનેડા ખાતેની પધરામણી પ્રસંગે બૈતુલખ્યાલ મંડળી માટે ફરમાવેલ મુબારક ફરમાન :-

નૂર મૌલાના શાહ કરીમ અલહુસૈની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

અમે અમારા ફરમાનની શરૂઆત કરતાં તમને એ સમજાવીએ છીએ કે ઇસ્લામમાં બે મુખ્ય તરીકા છે. એક જાહેરી તરીકો છે અને બીજો બાતુની તરીકો છે. તમારા ચહેરા ઉપરથી અમને જણાય છે કે ઘણું કરીને આ શબ્દ વિષે તમે જાણતા નથી. અમે વધારે સ્પષ્ટતા કરીએ છીએ, જાહેરી એટલે જે કાંઇ દેખાય છે તે અને જે કાંઇ જોવામાં આવે છે તેનાથી જેઓ આગળ જવાની કોશિશ કરતા નથી તે. બીજા શબ્દોમાં કહીએ તો દાખલા તરીકે સુન્ની ઇસ્લામમાં દરેક વ્યક્તિની મઝહબી ફરજો હોય છે પણ મઝહબી ફરજો સિવાય રૂહાની સુખ માટે રૂહાની રોશની માટે અંગત વ્યક્તિગત રીતે તલાશ કરવી એ ઇસ્લામના જાહેરી તરીકાઓમાં નથી.

આપણે એટલે શીયા ઇસમાઇલીઓ જેને તમે બાતુની કહો છો તે તરીકાના છીએ આનો અર્થ એ થાય છે કે આપણા સૌની જે મઝહબી ફરજો છે તે ઉપરાંત દરેક વ્યક્તિ જે એવી ઇચ્છા રાખતી હોય કે જ્યારે તેને સમય મળે ત્યારે અને જ્યારે તે તેમ કરવાને સ્વતંત્ર હોય ત્યારે રૂહાની સુખ અને રૂહાની

રોશની માટે તેના મઝહબ ઉપર તે કેવી રીતે અમલ કરી શકે તો તે માટે તે ઇમામ પાસેથી દોરવણી મેળવવાની ચાહના રાખી શકે છે. બાતુની બાજુનો આ અર્થ છે તે એ છે કે જે જોવામાં આવે છે તેનાથી વધારે મેળવવા માટેની ચાહના રાખો જે સ્વર્ગીય છે, જે રૂહાની છે અને ઇમામ તરફથી તમને જે કાંઇ કહેવામાં આવે છે તે મેળવવાની ચાહના રાખો બાતુનીનો આ અર્થ છે.

આપણા તરીકામાં બૈતુલખ્યાલ ફરજિયાત નથી દુઆ, ફરજિયાત છે કોઇપણ રૂહાની બાળક કે જે નિયમિત રીતે દુઆ પડતો નથી તો તે આપણા તરીકા મુજબનું જીવન ગુજારતો નથી. પરંતુ બૈતુલખ્યાલ ફરજિયાત નથી એટલે દરેક રૂહાની બાળક કે જે આવી તલાશ કરવાની ઇચ્છા રાખે છે તે તેમ કરી શકે છે.

અને અમે આશા રાખીએ છીએ કે અમારા મિશનરીઓએ તમને એમ સમજાવ્યું છે કે તમારામાંથી જેઓ આજે અહીં આવ્યા છે તેઓએ તેમની પોતાની મુક્ત ઇચ્છા હોય તેણે જ અહીં રહેવું જોઇએ કારણ કે તમે ઇમામની પાસે આવો છો પણ ઇમામે તમને એમ નથી કહ્યું કે તમારે આમ કરવું જોઇએ ઇમામ એમ ફરમાવે છે કે જો તમે આ કામ કરવાનું પસંદ કરો છો તો તે તમારો ઇચ્છાની વાત છે. અને તો પછી અમે તમને બાતુની તરીકાનો રસ્તો બતાવશું. અમે એમ માની લઇએ છીએ કે તમે તમારી મરજીથી અહીં આવ્યા છો આ ખરૂં છે ? સઘળાએ જવાબ આપ્યો કે હા.

ઠીક છે અમે તમારી પાસે આ સ્પષ્ટ કરવા માગીએ છીએ કારણ કે બંદગી અથવા બૈતુલખ્યાલ મુશ્કેલ બાબત છે અને તમારા ઇમામ તરીકે અમારા માટે આ વાત અગત્યની છે કે બંદગી કરવી સહેલી છે તેવા ખ્યાલ સાથે રૂહાની બચ્ચાંઓએ ઇમામ પાસે આવવું જોઇએ નહિ અને પછી એવું બને કે તમે ઇમામ પાસેથી ફરમાન લ્યો એટલે 'બોલ' લ્યો અને તમારી જિંદગીમાં દુન્યવી અને બીજા વિચારો અગત્યતા મેળવે તેથી બીજે દિવસે તમે તેને ભૂલી જાવ. તેથી બૈતુલખ્યાલ મરજિયાત છે એમ અમે તમને આજે ફરમાવીએ છીએ તેમાં એ વસ્તું ઉપર ભાર મૂકીએ છીએ કે તે તમારી જવાબદારી છે. બીજા શબ્દોમાં કહીએ તો અમે તમને રસ્તો બતાવીએ તે માટે તમે અમારી પાસે આવવાનું પસંદ કર્યું છે.

ઘણા રૂહાની બચ્ચાંઓએ અને ખાસ કરીને પશ્ચિમના જગતમાં એવો સવાલ કર્યો છે કે બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે ? અને તેનો જવાબ તાર્કિક અને સાદો છે. અમે તમને 'બોલ' આપીએ અને તમને એમ ફરમાવીએ કે તમે મધ્યાહ્નના સમયે બંદગી કરી શકો છો તો અમે તમને એ હેતુથી ફરમાવતા હોઇશું કે તમે તે રસ્તો શોધવામાં નિષ્ફળ નીવડશો. તમે એ રસ્તો મેળવવામાં નિષ્ફળ નિવડશો. કારણ કે બપોરનો સમય એવો છે કે ત્યારે કોઇ ફારેગ હોતું નથી તે સમયે તમારી આસપાસ દુન્યવી પ્રવૃત્તિઓ ચાલતી હોય છે અને તે સમયે 'બોલ' ઉપર એકધ્યાન થવાનું તમને અતિશય મુશ્કેલ જણાશે.

અને અમે ઇચ્છીએ છીએ કે 'બોલ' લીધા પછી તમારામાંના

દરેકને તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તે માર્ગ તમને મળવો જોઇએ તે રોશની તમે જોઇ શકો તે સુખ તમે પ્રાપ્ત કરી શકો કે જે મેળવવા તમે જો ફતેહમંદ થાવ તો ચોક્કસ તમે તેને ઓળખી શકશો તમે તેને જાણી લેશો અને તમારે તમને પોતાને કે ઇમામને સવાલ પૂછવો નહિ પડે.

તેથી બંદગી કરતી વખતે તમે એવા સમયે બંદગી કરો કે જ્યારે સઘળી રાબેતા મુજબની દુન્યવી પ્રવૃત્તિ શક્ય એટલા પ્રમાણમાં ઓછી હોય અને તમે એવા રૂહાની બચ્ચાંઓ તરીકે કે જેઓ વધારે સારી સમજણ મેળવવાની ચાહના રાખે છે. જેઓ ઇમામ પાસે એટલા માટે આવ્યા છે કે ઇમામ તમને રસ્તો બતાવે અને કહો છો કે અમે બંદગી કરવાની ઇચ્છા રાખીએ છીએ તો હવે એ તમારો મામલો છે એ તમારામાંના દરેકે દરેક ઉપર છે કે વહેલી સવારે ઊઠો અને તમારી બંદગીમાં મશગુલ થાવ.

એવા સંજોગો હોય છે કે જેમાં તમારે બંદગી કરવી ન જોઇએ અને તે વિષે અમે તમને સ્પષ્ટ પણે ફરમાવીએ છીએ. જો તમને શારીરિક તકલીફ હોય અને બેચેની હોય તો તમે તમારા ‘બોલ’ ઉપર સફળતાપૂર્વક એકધ્યાન થઇ શકો તેવો કોઇ રસ્તો નથી. તેથી જો તમે બીમાર હો અથવા અમારી રૂહાની દીકરીઓ જેઓ ગર્ભવતી હોય તેમણે બંદગી ન કરવી પરંતુ બીજા સંજોગોમાં જ્યારે તમે સારી તંદુરસ્તીમાં હો અને જ્યારે તમે ઊઠી શકો અને બંદગી કરી શકો ત્યારે અમે ઇચ્છીએ છીએ કે તમે જેટલા બની શકે તેટલા નિયમિત રહો.

આ ફરમાન ફરમાવતી વખતે અમે તમને એ યાદ અપાવવા

ઇચ્છીએ છીએ કે ભૂતકાળમાં ઘણા રૂહાની બચ્ચાંઓ અમારી પાસે આવ્યા હતા અને કહ્યું હતું કે હાઝર ઇમામ અમે નિયમિત રીતે બંદગી કરી છે અને અમે સફળ થયા નથી અને અમે તે સમયે તેમને ફરમાવ્યું હતું કે ખબરદાર રહો બંદગીમાં એવી ચાહના રાખીને નહિ બેસો કે તમારો કાંઇપણ હક છે.

પાણીનો એક ગલાસ ટેબલ ઉપર છે અને તમે તેને લેવા ઇચ્છો છો ત્યારે તમારું મગજ તમારા હાથને હુકમ કરે છે અને તમારો હાથ પાણીનો પ્યાલો ઉચકી લેવા માટે તેના તરફ લંબાય છે. પણ જ્યારે તમે બંદગીમાં બેસો છો ત્યારે તમારો કોઇ હક હોતો નથી કારણ કે 'નૂર' તમારું નથી કે તમે તેને લઇ શકો તે વસ્તું તમને આપવામાં આવે છે. તે તમને આપવામાં આવશે અને તેનો સમય, તારીખ કે સંજોગો ઉપર તમારો કોઇ અધિકાર નથી.

અમે તમને જે ફરમાવીએ છીએ તે એ છે કે જો તમે તેમાં સફળતા મેળવશો તો તમારા મનમાં એક ટકાના સોમાં ભાગ જેટલી પણ શંકા રહેવા પામશે નહિ તમે જાણી લેશો કે તમે 'નૂર' ને પ્રાપ્ત કરી લીધું છે. અને તે તમને બીજા કોઇ પણ સુખ કરતાં નીરાળું સુખ આપશે તમારી જિંદગીનો ઘણોખરો ભાગ તમે દુન્યવી જિંદગીમાં રહો છો આ ખાસ પ્રકારની રોશની આ ખાસ પ્રકારનું સુખ તે બીજી કોઇપણ રોશની અને બીજા કોઇપણ સુખ કરતાં જુદા પ્રકારનું છે. તેથી જ્યારે તમને તેની પ્રાપ્તિ થશે ત્યારે તેને ઓળખવા બાબતની ફિકર કરવાની તમારે જરૂર નથી.

અમે ઇચ્છીએ છીએ કે વધુમાં એ વાતનો ઉમેરો કરીએ

છીએ કે જેમ જેમ તમે ઉમરમાં મોટા થતા જશો તેમ તેમ અમે માનીએ છીએ કે બંદગી કરવી તમારે માટે વધારે અને વધારે આસાન બનશે. અને જો તમે તમારી બંદગીમાં નિયમિત રહેશો તો અમે તમને અવારનવાર નવો 'બોલ' આપશું તમારા જીવનના અંત સમયે તમે હઝરત અલીના નૂરથી જેટલા બની શકે તેટલા નજદીક રહો તે માટેની આ નવી કડી છે.

હવે અમે તમને 'બોલ' આપીએ છીએ અને તમને ફરમાવીએ છીએ કે તમે બીજા લોકો સમક્ષ આ 'બોલ'નો પુનરૂચ્ચાર નહિ કરજો. આ તમારામાંના દરેક અને ઇમામ વચ્ચેની બાતુની અને અંગત બાબત છે. અને તેને આપણી જમાતની બહારના લોકો કે બૈતુલખ્યાલની બહારના લોકો સાથે કાંઇ લાગતું વળગતું નથી અને તમને બોલ આપતાં પહેલાં અમે તમને ચેતવણી આપીએ છીએ કે જો તમે તમારી બંદગીમાં સફળતા મેળવશો તો તેની બીજાઓ સાથે ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી. કારણ કે તેમને જો આ સુખની પ્રાપ્તિ નથી થઇ તેમણે જો તે માટે પ્રયત્ન નથી કર્યો તેમણે જો તે મેળવવા માટેની પસંદગી નથી કરી તો તમે શેની વાત કરી રહ્યા છો તે તેઓ સમજી શકશે નહિ અને યાદ રાખો કે આ રૂહાની બાબત છે. તેની આપણી આસપાસની આ ભૌતિક દુનિયા સાથે કાંઇ લાગતુ વળગતું નથી તેથી તેને ભૌતિક દુનિયા સાથે ગુંચવી નાખશો નહિ અને સાથે સાથે બહારના લોકો સાથે તેની ચર્ચા કરશો નહિ તેઓને આની સાથે કાંઇ લાગતું વળગતું નથી.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૩૨

વાનકુંવર, કેનેડા,
૧૭-૧૧-૧૯૭૮.

નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

સુન્ની ઇસ્લામમાં, દરેક વ્યક્તિને મઝહબી ફરજો હોય છે. પરંતુ મઝહબી ફરજો ઉપરાંત રૂહાની સુખ, રૂહાની રોશની માટેની વ્યક્તિગત શોધ, ઇસ્લામના જાહેરી વિભાગમાં ગૌણ બાબત છે. આપણો શિયા ઇસમાઇલીઓનો બાતુની તરીકો છે. તેનો મતલબ એ છે કે મઝહબી ફરજો ઉપરાંત જો રૂહાની બાળક પોતે ઇચ્છે તો ઝમાનાના ઇમામ પાસેથી વ્યક્તિગત રીતે પોતાના મઝહબનું પાલન કેવી રીતે કરવું તેની દોરવણી મેળવી શકે છે કે જે વખતે રૂહાની સુખ અને રૂહાની રોશની મેળવવા તેની પાસે સમય હોય છે, અને તેમ કરવાની ઇચ્છા હોય છે. બાતુની તરીકાનો આ મતલબ છે. આનાથી તમો જે નથી દેખાતું તે મેળવો છો. જે છુપાએલું છે અને જે રૂહાની છે કે જે ઇમામ તમને બતાવે છે. બાતુનનો આ મતલબ છે.

અમે તમને એ સ્પષ્ટ કરવા માગીએ છીએ કે બૈતુલખ્યાલ એ મુશ્કેલ બાબત છે. તમારા ઇમામ તરીકે અમે તમને જણાવીએ છીએ કે બંદગી એ સહેલી બાબત છે તેમ સમજી તમે બૈતુલખ્યાલમાં દાખલ થશો નહિ. કારણ તમે ઇમામ પાસેથી 'ફરમાન' મેળવો એટલે કે 'બોલ' મેળવો અને બીજા દિવસે ભૌતિક અને બીજી બાબતો તમારા જીવનમાં મહત્વની બની જાય અને તમે 'બોલ' ભૂલી જાઓ એવું અમે ઇચ્છતા નથી.

જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે રોશની મેળવવી એ તમારો હક નથી. તેને તમે લઇ શકો નહિ, તેની તમારા ઉપર નવાજીસ કરવામાં આવે છે. તે રોશની તમને આપવામાં આવશે અને તેનો સમય, તારીખ કે સંજોગો ઉપર તમારો કોઇ અધિકાર નથી. બંદગીમાં તમે સફળ થશો તો તમને એક ટકાના સોમા ભાગ જેટલો પણ તમારા મનમાં શક રહેશે નહિ.

તમે જેમ જેમ મોટા થતા જશો, તેમ તેમ બંદગી કરવી એ સહેલી અને સહેલી બનતી જાય તેવી અમે આશા રાખીએ છીએ. અને જો તમે બંદગીમાં નિયમિત રહેશો તો અમે તમને દરેક વખતે નવો 'બોલ' આપીશું. એ નવી કડી તમારી જિંદગીના અંતમાં હઝરત અલીના નૂરની વધુ નજદીક લાવશે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

33

મોન્ટ્રીઅલ કેનેડા,
૧૮-૧૧-૧૯૭૮.

નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

બૈતુલખ્યાલ એવા માણસો માટે છે કે જે વ્યક્તિગત રીતે આ બાતુની તરીકામાં ભાગ લેવા માગે છે. જેના માટે ઇમામ રસ્તો (માર્ગ) બતાવે છે ઇમામ તમને રૂહાની રોશની રૂહાની સુખ મેળવવાનો રસ્તો બતાવે છે.

અમે તમને એ જણાવવા માગીએ છીએ કે તમે ઇમામ પાસે આવો છો તો ખ્યાલ રાખો કે જાહેરી અને બાતુની બાબતોને ગુંચવી નાખશો નહિ બીજા શબ્દોમાં કહીએ તો બૈતુલખ્યાલ, બંદગી, 'બોલ' એ ભૌતિક બાબત નથી જો તમે એમ સમજશો તો તેનો કાંઇપણ અર્થ નથી પછી તેની તમારા માટે અગત્યતા રહેશે નહિ અને તમે તમારી બંદગીમાં નિષ્ફળ જશો.

અને જો ઇમામ તમને એમ કહે છે કે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે તો તેનું કારણ એ છે કે ઇમામ તમને એ રસ્તો બતાવે છે. અને અમે એવો રસ્તો નથી બતાવવા માગતા કે જે મુશ્કેલ હોય અમે તમને સહેલો રસ્તો બતાવીએ છીએ અને સહેલો રસ્તો એ છે કે બંદગી એવા સમયે કરવી કે જે વખતે દુન્યવી બાબતો ઓછામાં ઓછી હોય.

જો તમે બંદગીમાં સફળ થશો તો તમને રૂહાની રોશની, રૂહાની સુખ મળશે જેના માટે તમારો કોઇ અધિકાર નથી સાથે

સાથે તમારે ગભરાવવાનું પણ નથી બંદગીમાં નિષ્ફળ જવાનો ડર પણ રાખવાનો નથી તમે બંદગીમાં નિષ્ફળતાના ડરથી ન બેસો પરંતુ બંદગીમાં વિશ્વાસ પૂર્વક, ચાહનાથી અને એકાગ્રતાથી બેસો.

પ્રતિક રૂપે 'બોલ' અને 'બોલ' મારફત હઝરત અલીના નૂર મારફત બીજા શબ્દોમાં હઝરત અલીના નામ મારફત જે સર્વેથી ઉપર છે તેની નજદીકી હાંસલ કરો એ નૂર એ સુખ એ રૂહાની રોશની મેળવો અમે તમને એ ભારપૂર્વક કહેવા માગીએ છીએ કે એ ભૌતિક બાબત નથી એ રૂહાની બાબત છે. માટે એ લાઇટ તે ભૌતિક લાઇટ જેવી હશે તેમ ન સમજજો કારણ કે તે ભૌતિક લાઇટ નથી પરંતુ એ રૂહાની લાઇટ છે. એ લાઇટ તમારા આત્મામાં છે. એ સુખ છે એ શક્તિ છે. આ લાઇટ (રોશની) મળ્યા પહેલા જે તમે અનુભવ્યું હોય તેનાથી આ અનોખા પ્રકારનું છે. પરંતુ એક બાબત અમે તમારા ઇમામ તરીકે કહીશું કે તમને એક વખત તે રોશનીનો અનુભવ થાય એ સુખનો અનુભવ થાય તો સૌ પ્રથમ તેને તમે જાણી શકશો તમે તેને ક્યારે પણ ભૂલી શકશો નહિ એક વખત એ રોશની પ્રાપ્ત થશે પછી તમને કોઇ શક રહેશે નહિ કારણ કે તે 'રૂહ'ની બાબત છે. તે આપણા તરીકાનો એક ભાગ છે. અમે નથી ઇચ્છતા કે તમે જમાતની બહાર જેઓ બૈતુલખ્યાલમાં દાખલ નથી થયા તેમના સાથે બૈતુલખ્યાલની ચર્ચા કરો.

અમે તમને કહીએ છીએ કે જો દિવસના સમય હોય અને તમે બંદગી કરવા ઇચ્છતા હો તો તેના વિરોધમાં કંઇ નથી જો તમને સમય અને મગજમાં શાંતિ હોય તો તમે બંદગી કરો

તેમાં કંઇ ખોટું નથી પરંતુ આ હંમેશા માટે વહેલી સવારની બંદગીના બદલામાં ન હોવું જોઇએ.

તમારામાં ઘણા ખરા જુવાન છે અને અમે તમને ચેતવણી આપીએ છીએ કે દરરોજ સવારે નિયમિત બંદગી કરવી મુશ્કેલ છે. પરંતુ હિંમતવાન બનો ઘણા રૂહાની બાળકોએ અમોને ભૂતકાળમા કહ્યું છે કે અમે નિયમિત બંદગી કરી છે અને અમે નિષ્ફળ થયા છીએ અને અમે તેમને કહ્યું છે કે નિષ્ફળતાને કોઇ સમય નથી હોતો તમે સમય વિષે વિચારો છો એ તો દુન્યવી બાબત છે. પરંતુ જ્યારે તમે બંદગીમાં બેસો તમે બંદગીમાં દર અઠવાડિયે બેસો, અઠવાડિયાના સાતે દિવસ બેસો અથવા મહિનો અથવા વર્ષ અથવા કેટલાક વર્ષ બંદગીમાં બેસો અને સફળ ન થાઓ તો પણ બંદગી કરવાનું છોડી ન આપશો કારણ કે એ નૂર ઉપર તમારો કોઇ અધિકાર નથી એ રોશની તમને પહેલી વખત બંદગીમાં બેસો ત્યારે પણ આપવામાં આવે અથવા તો તમો આ દુનિયા છોડી જાવ તેના એક દિવસ પહેલા પણ આપવામાં આવે. એ રોશની ઉપર તમારો કોઇ અધિકાર નથી એ તમારા આખા જીવનના સમયને આવરી લે છે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

કેલગરી, કેનેડા,

| ૩૪ |

નવેમ્બર ૧૯૭૮.

નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું :-

જાહેરી એટલે જે દેખાય છે જે દરેક જણ મેળવી શકે જેનો કોઇ બાતુની કે છુપાએલો અર્થ નથી હોતો. બાતુની એટલે જેનો આંતરીક અર્થ હોય છે. આંતરીક અર્થ જે રૂહાની બાળકો સમજવા માગે છે તેને ઇમામ સમજાવે છે. આ રસ્તો જે ઇચ્છે તે લઇ શકે છે. અને તે રૂહાની રસ્તો છે. એ પસંદ કરવો એ તમારી પોતાની ઇચ્છા ઉપર છે. અમે એ નથી ઇચ્છતા કે રૂહાની બાળકો બૈતુલખ્યાલમાં દાખલ થઇ 'બોલ' મેળવે અને તે પછી તેના ઉપર ધ્યાન ન આપે કારણ કે અમારા મત મુજબ તેનો અર્થ ઇમામને એમ કહેવાનો થાય છે કે અમે 'ફરમાન' સાંભળવા ઇચ્છીએ છીએ પરંતુ બંદગી કરવા માટે અમારી પાસે ન તો સમય છે કે ન તો મનોબળ છે કે ન તો દ્રઢ માન્યતા છે કે ન તો બંદગી કરવાની શક્તિ છે.

બંદગી શા માટે વહેલી સવારે કરવામાં આવે છે ? ઘણા રૂહાની બાળકોએ આ સવાલ પૂછ્યો છે અને કહ્યું છે કે વહેલી સવારે ઊઠીને એકાગ્રચિત્ત બનવું એ મુશ્કેલ છે.

તે માટે અમારો પહેલો ખુલાશો એ છે કે બંદગી તમે પસંદ કરી છે કે જે ફરજિયાત નથી અને એટલા માટે અમે માનીએ છીએ કે એ તમારી ઇચ્છા, તમારો ઇરાદો હોય છે કે તમે બંદગી કરશો.

બીજુ જો અમે તમને 'બોલ' આપીએ છીએ તો બંદગી કરવાનો રસ્તો પણ બતાવીએ છીએ. બંદગી એવા સમયે કરવાનું નથી કહેતા કે જેમાં સફળ થવાનું તમારા માટે મુશ્કેલ હોય, તો તે અર્ધા રસ્તામાં દરવાજા બંધ કરવા જેવું થયું.

બંદગી એવા સમયે કરવી જોઇએ કે જ્યારે સફળ થવાની વધુમાં વધુ તક હોય.

રૂહાની બાબતોમાં તમારો હક નથી અને તમે પોતાનો હક છે તે રીતે મેળવી શકો નહિ, તેના ઉપર તમારો કાબુ નથી. જો પહેલી વખત બંદગીમાં સફળતા ન મળે તો પણ સફળ ન થવાના ડરથી બંદગીમાં ન બેસો. ડરથી બેસવું તે પણ રસ્તાથી હટી જવા બરાબર છે. એક બાજુ તમારે લાલચુ પણ નથી બનવાનું અને બીજી બાજુ તમારે ડર પણ નથી રાખવાનો.

જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે દુન્યવી બાબતોને તમારા મનમાંથી દૂર કરો, અને 'બોલ' ઉપર એકાગ્રચિત્ત બનો.

એ વાતની કાળજી રાખો કે બંદગી કરતી વખતે ભૌતિક પ્રગટીકરણ (નિશાનીઓ)ની આશા ન રાખો. અમે અમારા ફરમાનની શરૂઆત કરીએ છીએ કે આ રૂહાની બાબત છે. દુન્યવી બાબત નથી. એટલા માટે દુન્યવી બાબતો તમારા મગજમાંથી દૂર કરો. જો બંદગીમાં તમે સફળ થશો તો તમોને રૂહાની રોશની, રૂહાની સુખ અને રૂહાની શક્તિ મળશે. જે બીજી કોઇ પણ જગ્યાએથી મળશે નહિ. અને તેનો દુન્યવી બાબત સાથે કોઇ સંબંધ નથી. એનું વર્ણન કરવું ઘણું જ મુશ્કેલ છે. ભાષા એ માનવિય ગુણ છે. નહિ કે રૂહાની ગુણ.

એટલા માટે એનું વર્ણન કરવું મુશ્કેલ બલ્કે અશક્ય બને છે. જેથી તમો તેની વાત બીજાને કરી શકતા નથી. એટલા માટે તે કોઇને કહેવાની કોશિષ કરશો નહિ. જો તમે સફળ થાઓ તો આ રૂહાની રોશની, આ રૂહાની સુખ, આ રૂહાની શક્તિ તમારી પાસે રાખો; પરંતુ કોઇની સાથે તેની ચર્ચા કરતા નહિ, અને ચર્ચા કરવાની કોશિષ પણ કરશો નહિ. તમારી બંદગીમાં કોઇ ભાગીદાર બની શકે તેવો કોઇ રસ્તો નથી. આ દરેક રૂહાની બાળક માટે વ્યક્તિગત છે.

અમારા મિશનરી એ અમને કહ્યું છે કે રૂહાની બાળકો એવો સવાલ પૂછે છે કે બંદગી માટે કોઇ નિયમો છે ? બીજા શબ્દોમાં કહીએ તો પોતાના દરરોજના જીવનમાં જ્યારે સમય મળે ત્યારે સવારે ૪ વાગ્યા સિવાય પણ બંદગી કરી શકીએ? મારો જવાબ છે 'હા' તમે તેમ કરી શકો છો પરંતુ એ વહેલી સવારની બંદગીના બદલામાં ન હોવું જોઇએ એનું કારણ એ છે કે બંદગી એ રૂહાની બાબત છે તમારા ઇમામ તરીકે અમારી એ જવાબદારી છે કે તમે સફળ થાઓ ઇમામ તરીકે અમારી જવાબદારી છે તેથી અમે નથી ઇચ્છતા કે અમારા રૂહાની બાળકો અલગ અલગ સમયે જગતમાં અલગ અલગ જગ્યાએ ચાર વાગ્યાના બદલે બીજા સમયે બંદગી કરવાનું પસંદ કરે બંદગી વહેલી સવારે શા માટે કરવામાં આવે છે તે અમોએ તમને સમજાવ્યું છે.

જો દિવસ દરમ્યાન તમને એક અથવા બે કલાકનો સમય મળે તો પોતાની ખુશી માટે બહાર દુન્યવી પ્રવૃત્તિ હોવા છતાં બંદગી કરી શકો છો અને અમે આશા રાખીએ છીએ કે તમને

સફળતા મળે તમને વહેલી સવારે અથવા દિવસના સમયે સફળતા મળે છે તે અગત્યની બાબત નથી. અગત્યની વાત એ છે કે તમે સફળ થાઓ.

પરંતુ તમારા ઇમામ તરીકે અમને ખાત્રી છે કે બંદગીમાં સફળ થવાની તકો વહેલી સવારે છે એટલા માટે અમે તમને સવારનો સમય આપ્યો છે. તમે બધા જુવાન છો હું એ ઇચ્છું છું કે તમે આ બાબત સમજો રૂહાની બાળકોએ અમને કહ્યું છે હાઝર ઇમામ બંદગી અમે બીજા સમયે કરીએ ? અમારો જવાબ હતો 'ના' અમારો જવાબ એ અર્થમાં છે કે બંદગી વહેલી સવારે કરવી જોઇએ.

જો તમારી ઇચ્છા બીજા સમયે પણ બંદગી કરવાની હોય તો તમે તેમ કરી શકો છો પરંતુ અમે નથી ઇચ્છતા કે તમો બપોરે બંદગી કરો અને વહેલી સવારે બંદગી ન કરો. જમાત અને ઇમામ વચ્ચે સંપૂર્ણ નિખાલસતા હોવી જોઇએ અમે જે સમય બંદગી માટે આપ્યો છે. તે સમય સિવાય પણ ખાસ સંજોગોમાં બંદગી કરી શકો છો. દા.ત. તમે મુસાફરી કરતા હો અથવા એવા કામમાં રોકાઇ ગયા હો કે તે વખતે બંદગી શક્ય નથી તો તમે બીજા સમયે બંદગી કરી શકો છો. પરંતુ એકના માટે બીજાને કારણ રૂપ બનાવશો નહિ અમને ચેતવણી આપવાદો કે આ કમજોરી છે. આ કમજોરી છે અને તમો ઇમામ પાસે આવીને આ રસ્તો માગ્યો હતો અને અમે તમને આ માર્ગ બતાવ્યો હતો અમે ઇચ્છીએ છીએ કે તમે મજબૂત બનો તમારા ઇમાનમાં વધારો થાય અને તમે સફળ થાઓ અને ફરી એકવાર અમે તમને ખાસ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૩૫

એડમિન્ટન-અલબર્ટા, કેનેડા,
નવેમ્બર ૧૯૭૮.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

બંદગી વહેલી સવારે શા માટે કરવામાં આવે છે ? ઘણાં રૂહાની બચ્ચાંઓએ આ પૂછ્યું છે, અને ઘણાં રૂહાની બચ્ચાઓએ કહ્યું છે કે વહેલી સવારે ઊઠવું અને એકધ્યાન થવું મુશ્કિલ છે. તમને અમારો પહેલો જવાબ એ છે કે બંદગીની પસંદગી તમોએ કરી છે; એ ફરજિયાત નથી અને તેથી અમો સમજીએ છીએ કે એ તમારી મરજી, તમારી નિયત અને તમારો ઇરાદો છે કે, તમે બંદગી કરશો. બીજી વાત એ છે કે જો અમો તમને 'બોલ' આપીએ છીએ, જો અમો તમને બંદગી કરવાનો રસ્તો બતાવીએ છીએ, પરંતુ તમને એવી હાલતમાં બંદગી કરવાની રજા પણ આપીએ કે, જેમાં તમારા માટે સફળ થવું અમલી રીતે મુશ્કિલ હોય, તો તે અર્ધા રસ્તામાં દરવાજા બંધ કરવા જેવું થાય. જો અમો તમને એમ કહીએ કે, તમે બપોરે અથવા બપોર પછી એક યા બે વાગે બંદગી કરો તો સૌ પ્રથમ તમને સતત ખલલનો સામનો કરવો પડે. બીજું કે, તમને તે કામ મુશ્કિલ જણાશે, કેમ કે ત્યારે તમને દુન્યવી કામ, દુન્યવી ફરજો તથા દુન્યવી જવાબદારીઓ પૂરી કરવાની હોય છે. અને તેથી બંદગી એવા સમયે કરવી જોઇએ કે જ્યારે તમારા માટે સફળ થવાની શ્રેષ્ઠ તક હોય એટલે એવા સમયે કે જ્યારે તમારી આસપાસની

મોટાભાગની દુન્યવી પ્રવૃત્તિઓ થંભી ગઇ હોય અને તમે શાંતિથી બેસી શકો તથા 'બોલ' ઉપર એકધ્યાન થઇ શકો.

અમો તમને ભારપૂર્વક જણાવવા ઇચ્છીએ છીએ કે બંદગીમાં સફળ થવું એ તમારો હક નથી. જો તમે પાણીનો ગલાસ ઉપાડવા ઇચ્છો તો તમારૂં મગજ તમારા હાથને હુકમ કરે છે અને તમારો હાથ પાણીના ગલાસને ઉપાડવા આગળ વધે છે. રૂહાની જિંદગીમાં તમારા કોઇ હક હોતા નથી. તમે એ કારણસર સફળ થઇ શકતા નથી કે એ તમારો હક છે કે તમે સફળ થાઓ. તમે હુકમ કરી શકતા નથી. પરંતુ ખાસ કરીને એ લોકો કે જેઓ પહેલીવાર બંદગીની પ્રેકટીસ કર્યા પછી સફળ થયા ન હોય, તેઓ નિષ્ફળતાની બીક સાથે બંદગીમાં ન બેસે, કારણ કે નિષ્ફળતાની બીક રાખવી પણ રસ્તાથી હટી જવા બરાબર છે. એક તરફ તમે લાલચથી દૂર રહો અને બીજી તરફ તમે કોઇ બીક ન રાખો. અને જ્યારે તમે બંદગીમાં બેસો તો પોતાના મનમાંથી દુન્યવી બાબતોને દૂર કરી દો અને જે 'બોલ' અમો તમને આપીશું તેના ઉપર એકાગ્રચિત્ત થાઓ અને હઝરત અલીના નૂરની નજદીક આવવાની કોશિષ કરો, તેની નજદીક આવવાની કોશિષ કરો કે જે બીજી સર્વે ચીજોથી ઉપર છે.

એ વાત ખ્યાલમાં રાખો કે બંદગીની પ્રેકટીસ કરતી વેળા તમારે ભૌતિક પ્રગટીકરણ (નિશાનીઓ)ની આશા રાખવી ન જોઇએ. આજે અમો અમારા ફરમાનની શરૂઆત તમને એ ફરમાવીને કરી છે કે આ એક રૂહાની બાબત છે. ભૌતિક

બાબત નથી. માટે પોતાના મનમાંથી ભૌતિક બાબતોને દૂર કરી દો. જો તમે સફળ થશો તો તમને રોશની હાંસલ થશે, તમને એવી શક્તિ મળશે કે જેને તમે બીજી કોઇ ચીજ વડે હાંસલ કરી શકતા નથી. આ કોઇ દુન્યવી વસ્તુ નથી; તેનું વર્ણન કરવું અત્યંત મુશ્કિલ છે. જબાન એ એક ઇન્સાની ગુણ છે, ન કે કોઇ રૂહાની ગુણ; અને આજ વસ્તુ એ વાતને મુશ્કિલ બલ્કે વાસ્તવિકપણે અશક્ય બનાવી દે છે કે જો તમે સફળ થયા તો તે રોશની વિશે તમારી આસપાસના લોકોને બતાવી શકો. જો તમે સફળ થાઓ તો આ રોશનીને, આ ખુશીને, આ શક્તિને તમારી અંદર રાખો અને બહાર લોકો સાથે તે બારામાં વાતચીત કરવાની કોશિષ ન કરો, કેમ કે તેઓ સમજી શકશે નહીં. એ વાતની કોઇ સંભાવના નથી કે કોઇ તમારી બંદગીમાં તમારી સાથે શામિલ થઇ શકે. આ પ્રત્યેક રૂહાની બાળકની તદ્દન અંગત બાબત છે. જેમ જેમ તમે મોટા થતા જશો અમો તમને એક નવો 'બોલ' આપીશું; જો તમે સફળ થશો તો એક નવું જોડાણ આપીશું. એ જોડાણને તમે ટૂંકુ અને વધું ટૂંકુ કરો.

અમો ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે બંદગીની પ્રેકટીસમાં બે હાલતો એવી છે જેમાં તમારે બંદગી નહિ કરવી જોઇએ. પહેલી હ'લત તંદુરસ્તીની ખરાબી છે, અને બીજી હાલત અમારી રૂહાની દીકરીઓની ગર્ભાવસ્થા સમયની છે. અને આનું કારણ એ છે કે જો તમે જીસ્માની બેચેનીમાં બંદગી કરશો તો તેમાં તમને ખલલ પહોંચશે. પરંતુ તે અવાજ કે પ્રવૃત્તિના ખલલથી અલગ એક જીસ્માની પ્રકારની ખલલ હશે જે તમારા માટે 'બોલ' ઉપર એકધ્યાન થવાનું મુશ્કિલ બનાવશે.

આથી, જો તમે બિમાર હો તો બંદગી ન કરો. બંદગી કરવાથી રોકાઇ જાવ. પણ, જેવા તમે પાછા તંદુરસ્ત થઇ જાવ તો બંદગી કરવાનું શરૂ કરી દો. અમો તમને યાદ અપાવવા ઇચ્છીએ છીએ કે, આ એક રૂહાની બાબત છે, આ આપણા તરીકાનો ભાગ છે. આપણી આસપાસની જીસ્માની દુનિયાથી તેનો કોઇ સંબંધ નથી. આ રસ્તાને અપનાવવો એ તમારી મરજી ઉપર છે. જો તમે તેને આજે અપનાવી રહ્યા છો તો એ તમારો અધિકાર છે.

અમો દુઆ ફરમાવીએ છીએ કે તમારી જિંદગીઓ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમે બંદગીમાં સફળ થાઓ, તમારૂં ઇમાન મજબૂત થાય, રૂહાની ખુશી હાંસલ થાય, રૂહાની આબાદી હાંસલ થાય અને રૂહાની બુલંદી પ્રાપ્ત થાય. અને અમો આ અવસરે તમારામાંના દરેકને અમારા ઉત્તમ, ખાસ તથા અત્યંત વહાલભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા મિશનરીએ અમોને કહ્યું છે કે અમુક રૂહાની બચ્ચાંઓએ પૂછ્યું છે કે બંદગી કરવા બાબતે શું કોઇ પાબંદીઓ છે ? બીજા શબ્દોમાં જો તમને તમારા રોજીંદા જીવનમાં બીજા સમયે ઇબાદત કરવા માટે સમય મળે પણ સવારે ચાર વાગ્યે ન મળે તો શું ત્યારે તમને બંદગી કરવાનો અધિકાર છે ? અમારો જવાબ છે 'હા' તમને તેમ કરવાનો અધિકાર છે. પરંતુ અમો ચાહતા નથી કે તે વહેલી સવારની ઇબાદતની બદલીમાં હોય. તમને આ ફરમાવવાનું સાદું કારણ એ છે કે બંદગી એક

રૂહાની બાબત છે. તમારા ઇમામની હેસિયતે અમોને ફિકર છે કે તમે સફળ થાઓ. આ અમારી ફિકર છે અને અમારી આ ફિકરના કારણે અમો ચાહતા નથી કે આખી દુનિયામાં અમારા સઘળા રૂહાની બચ્ચાઓ જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે બંદગી કરવી શરૂ કરી દે. અમોએ જે કારણો દર્શાવ્યા તેમની બીના પર બંદગી વહેલી સવારે કરવામાં આવે છે. પરંતુ જો તમારા રોજીંદા જીવન દરમ્યાન તમને એક અથવા બે કલાક મળે કે જે ફુરસદના હોય અને જેમાં તમે એક વ્યસ્ત જીવનની બહાર આવી તમારી અંગત ખુશી માટે ઇબાદત કરી શકો એમ હોય, તો બેશક તમે તેમ કરો, અને અમને ઉમેદ છે કે આ તમને સફળ થવામાં મદદ કરશે કેમ કે તમે વહેલી સવારે સફળ થાઓ છો કે દિવસ દરમ્યાન, એનું મહત્વ નથી. જે વાત મહત્વની છે તે એ છે કે તમે સફળ થાઓ. પરંતુ તમારા ઇમામની હેસિયતે અમારૂં દ્રઢપણે માનવું છે કે વહેલી સવારના તમારા સફળ થવાની તકો વધારે હોય છે માટે અમોએ તમને આ સમય આપ્યો છે. તમો સૌ નવ જવાન છો. અમારો ખ્યાલ છે કે તમારે જાણવું જોઇએ કે અમુક રૂહાની બચ્ચાઓએ અમોને કહ્યું છે; 'હાઝર ઇમામ ! શું અમે બંદગી બીજા સમયે કરી શકીએ છીએ ?' અમારો જવાબ એ હિસાબે 'નહીં'માં હતો કે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે પરંતુ જો તમે તમારી સમજ પ્રમાણે બીજા સમયે પણ ઇબાદત કરવાની ચાહના કરો તો એ ઠીક છે, પણ અમો ચાહતા નથી કે દાખલા તરીકે બપોરે ઇબાદત કરવામાં આવે અને પછી વહેલી સવારે કોઇપણ રૂહાની બાળક ઇબાદત ન કરે. જમાત અને ઇમામ

વચ્ચે સંપૂર્ણ નિખાલસતા હોવી જોઇએ, અને તે માટે અમો તમને ફરમાવીએ છીએ કે જો તમે ચાહો તો, જે કલાક અમોએ તમને આપેલ છે તે ઉપરાંત પણ તમે ઇબાદત કરો. જો સમયના હિસાબે કોઇ ખાસ સ્થિતિ હોય કે જ્યારે વહેલી સવારે બંદગી ન કરી શકો જો તમે મુસાફરીમાં હો અથવા કોઇ બીજા કારણે વ્યસ્ત હો, તો તમે બીજા કોઇ સમયે બંદગી કરી શકો છો. પરંતુ એકને બીજા માટે બહાનું ન બનાવો. અમો તમને ખબરદાર કરીએ છીએ કે, આ એક કમજોરી છે, એ કમજોરી છે, અને તમે આ રસ્તા માટે ઇમામ પાસે આવવાનો નિર્ણય લીધો છે જે અમોએ તમને આપ્યો છે. અમો ઇચ્છીએ છીએ કે તમે મજબૂત બનો, હિંમતવાન બનો અને સફળ થાઓ. અને અમો ફરી એકવાર તમને અમારા ઉત્તમ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

એડમોન્ટન, કેનેડા,

૩૬

નવેમ્બર ૧૯૭૮.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આજે તમે ઇમામ પાસેથી 'બોલ' લેવા આવ્યા છો, જેથી તમે બંદગીની પ્રેકટીસ કરી શકો. અને અમો ઇચ્છીએ છીએ કે આ ફરમાનની શરૂઆત તમને ફરી એમ ફરમાવીને કરીએ કે બંદગી દરેક રૂહાની બાળક માટે ફરજિયાત નથી. બીજા શબ્દોમાં, ઇમામ પાસેથી 'બોલ' લેવો અને બંદગીની પ્રેકટીસ કરવી એ તમારી મરજી ઉપર છે, અમારા ઉપર નથી. દરેક રૂહાની બાળકે પોતાની દુઆ પઢવી જોઇએ, પછી તે જ્યાં પણ હોય. બંદગી કરવાનો નિર્ણય લેવો એ તમારામાંના દરેકે દરેકની મરજી ઉપર છે. જો તમે બંદગી કરવાની ઇચ્છા રાખો છો, જો તમે 'બોલ' લેવાની ઇચ્છા ધરાવો છો, તો પછી તમે તે લઇ શકો છો. બંદગી કરવી મુશ્કિલ છે. એ મુશ્કિલ છે, કારણ કે તે મહેનત માંગી લ્યે છે; કેમ કે તે એ બાબત છે જે રૂહાની છે, ભૌતિક નથી. તેને તમારી આસપાસની ભૌતિક દુનિયા સાથે કાંઇ લાગતું વળગતું નથી તેને ચોકકસ રીતે અને એકમાત્ર પણે તમારા રૂહાની જીવન સાથે લાગે વળગે છે.

અમો તમને બંદગીનો બુનિયાદી સિધ્ધાંત સમજાવવા ચાહીશું. ઇસ્લામમાં બે મુખ્ય તરીકાઓ છે; એક જાહેરી છે, જે ખરી રીતે સુન્ની તરીકો છે-સુન્ની વિચારસરણી છે. અને બીજો ખાનગી તરીકો છે, જેને તમે બાતુની કહો છો-ઇસ્લામમાં રહેલી બાતુની વિચારસરણી શિયા ઇસ્માઇલીઓનો તરીકો એક બાતુની

તરીકો છે. જાહેરી માયના સાદા શબ્દોમાં એ થાય છે કે જે કાંઇ દ્રષ્યમાન હોય છે, જેને દરેક જણ સમજી શકે છે, જે આંતરિક કે ગુપ્ત અર્થ ધરાવતો નથી. બાતુનીની માયના એ છે કે જે આંતરિક અર્થ ધરાવતો હોય છે, એ આંતરિક અર્થ કે જેને ઇમામ, તેની તલબ કરનારને સમજાવે છે. તે એ રસ્તો છે કે જેને જેઓ લેવા ચાહે લઇ શકે છે; અને એ ફક્ત રૂહાની રસ્તો છે. જો તમે ચાહો તો તેની પસંદગી કરવાનું તમારી મરજી ઉપર છે. એક બાબત જે અમો ઇચ્છતા નથી તે એ છે કે રૂહાની બચ્ચાંઓ બંદગી કરવાનો તથા બૈતુલખ્યાલમાં આવવાનો નિર્ણય લ્યે, 'બોલ' હાંસલ કરે અને ત્યાર પછી તેના તરફ કાંઇ ધ્યાન ન આપે, કારણ કે અમારા મત મુજબ, તેનો અર્થ ઇમામને એમ કહેવાનો થાય છે કે 'અમે ફરમાન સાંભળવા ઇચ્છીએ છીએ પરંતુ બંદગી કરવા માટે અમારા પાસે ન તો સમય છે કે ન તો મનોબળ છે કે ન તો દ્રઢ માન્યતા કે આવડત છે.'

તમને 'બોલ'ની નવાજીશ કરવાથી, બંદગી કરવાનું તમારા માટે શક્ય બનાવવાથી અમો તમારા માટે તમારી રોજીંદી પ્રવૃત્તિઓ તથા જમાતખાનાની હાજરી ઉપરાંત રૂહાની સુખ અને રૂહાની રોશની પ્રાપ્ત કરવા ભાગ લેવાનું શક્ય બનાવીએ છીએ. બંદગી વહેલી સવારે શા માટે કરવામાં આવે છે ? ઘણાં રૂહાની બચ્ચાંઓએ આ પૂછ્યું છે, અને ઘણાં રૂહાની બચ્ચાંઓએ કહ્યું છે કે વહેલી સવારે ઊઠવું અને એકધ્યાન થવું મુશ્કિલ છે. તમને અમારો પહેલો જવાબ એ છે કે બંદગીની પસંદગી તમોએ કરી છે, એ ફરજિયાત નથી, અને તેથી અમો ધારી લઇએ છીએ કે એ તમારી મરજી, તમારો ઇરાદો અને તમારી ઇચ્છા છે કે તમે બંદગી કરશો. બીજી વાત એ છે કે જો અમો તમને

'બોલ' આપીએ છીએ, જો અમો તમને બંદગી કરવાનો રસ્તો બતાવીએ છીએ, પરંતુ તમને એવી હાલતમાં બંદગી કરવાની રજા પણ આપીએ કે જેમાં તમારા માટે સફળ થવું ખાસ કરીને મુશ્કિલ હોય, તો તે અર્ધા રસ્તામાં દરવાજા બંધ કરવા જેવું થાય, અને જો અમો તમને એમ કહીએ કે તમે બપોરે અથવા બપોર પછી એક યા બે વાગ્યે બંદગી કરો, તો સૌ પ્રથમ તમને સતત ખલલનો સામનો કરવો પડે. બીજું કે તમને તે કામ મુશ્કિલ જણાશે, કેમ કે ત્યારે તમો સર્વેને દુન્યવી કામ, દુન્યવી ફરજો અને દુન્યવી જવાબદારીઓ પૂરી કરવાની હોય છે. અને તેથી બંદગી ફક્ત એવા સમયે કરવી જોઇએ કે જ્યારે તમારા માટે સફળ થવાની શ્રેષ્ઠ તક હોય; એટલે એવા સમયે કે જ્યારે તમારી આસપાસની મોટા ભાગની દુન્યવી પ્રવૃત્તિઓ થંભી ગઇ હોય અને તમે શાંતિથી બેસી શકો અને 'બોલ' ઉપર એકધ્યાન થઇ શકો.

અમો તમને ભારપૂર્વક જણાવવા ઇચ્છીએ છીએ કે બંદગીમાં સફળ થવું એ તમારો હક નથી. જો તમે પાણીનો ગલાસ ઉપાડવા ઇચ્છો તો તમારૂં મન તમારા હાથને હુકમ કરે છે અને તમારો હાથ પાણીના ગલાસને ઉપાડવા આગળ વધે છે. રૂહાની જીવનમાં તમારા કોઇ હક હોતા નથી. તમે એ કારણસર સફળ થઇ શકતા નથી કે એ તમારો હક છે કે તમે સફળ થાઓ. તમે હુકમ કરી શકતા નથી. પરંતુ તે સાથે, એ લોકો કે, જેઓ ખાસ કરીને પહેલીવાર બંદગીની પ્રેકટીસ કર્યા પછી સફળ થયા ન હોય તેઓ, નિષ્ફળતાના ડર સાથે બંદગીમાં ન બેસે, કારણ કે નિષ્ફળતાનો ડર પણ રસ્તાથી હટી જવા બરાબર છે. એક તરફ તમે લાલસાથી દૂર રહો અને બીજી

તરફ તમે કોઇ ડર ન રાખો અને જ્યારે તમે બંદગીમાં બેસો તો પોતાના મનમાંથી દુન્યવી બાબતોને દૂર કરી દો અને જે 'બોલ' અમો તમને આપીશું તેના ઉપર એકાગ્રચિત્ત થાઓ. અને તમને 'બોલ' આપતી વેળા અમો ફક્ત એજ ફરમાવીએ છીએ કે 'બોલ' ઉપર એકાગ્રચિત્ત થાઓ અને હઝરત અલીના નૂરની નજદીક આવવાની કોશિષ કરો, તેની નજદીક આવવાની કોશિષ કરો કે જે બીજા સર્વેથી ઉપર છે.

એ વાતની કાળજી રાખો કે બંદગીની પ્રેકટીસ કરતી વેળા તમારે ભૌતિક પ્રગટીકરણ (નિશાનીઓ)ની આશા સેવવી ન જોઇએ. આજે અમોએ અમારા ફરમાનની શરૂઆત તમને એ ફરમાવીને કરી છે કે આ એક રૂહાની બાબત છે ભૌતિક બાબત નથી, આથી પોતાના મનમાંથી ભૌતિક બાબતો દૂર કરી દો. જો તમે સફળ થશો તો તમને રોશની હાંસલ થશે, તમને ખુશી હાંસલ થશે, તમને એવી શક્તિ મળશે જે તમે બીજે ક્યાંયથી હાંસલ કરી શકતા નથી. આ કોઇ દુન્યવી વસ્તુ નથી. તેનું વર્ણન કરવું અત્યંત મુશ્કિલ છે. શબ્દોમાં વર્ણન કરવું એ એક ઇન્સાની ગુણ છે. ન કે કોઇ રૂહાની ગુણ; અને આ વસ્તુ એ વાતને મુશ્કિલ બલ્કે વાસ્તવિક રીતે અશક્ય બનાવી દે છે કે, જો તમે સફળ થયા તો તે રોશની વિશે તમારી આસપાસના લોકોને બતાવી શકો. જો તમે સફળ થાઓ તો આ રોશનીને, આ ખુશીને આ શક્તિને તમારી અંદર રાખો, અને બહાર લોકો સાથે તે બારામાં વાતચીત ન કરો અથવા વાતચીત કરવાની કોશિષ ન કરો, કારણ કે તેઓ સમજી શકશે નહીં. એ વાતની કોઇ સંભાવના નથી કે કોઇ તમારી બંદગીમાં તમારી સાથે શામિલ થઇ શકે. આ

બાબત પ્રત્યેક રૂહાની બાળકની ચોક્કસપણે અંગત બાબત છે જેમ જેમ તમે મોટા થતા જશો, જો તમે સફળ થયા હશો તો અમો તમને એક નવો 'બોલ' આપીશું, એક નવું જોડાણ આપીશું એ જોડાણને તમારે ટૂંકુ અને વધારે ટૂંકુ અને વધારે ટૂંકુ કરવું જોઇએ.

અમો ઇચ્છીએ છીએ કે તમે એ યાદ રાખો કે બંદગીની પ્રેકટીશમાં બે હાલતો એવી છે જેમાં તમારે બંદગી નહિ કરવી જોઇએ. પહેલી હાલત તંદુરસ્તીની ખરાબી છે, અને બીજી હાલત અમારી રૂહાની દીકરીઓની ગર્ભાવસ્થા સમયની છે. અને આનું કારણ એ છે કે જો તમે જીસ્માની બેચેનીમાં બંદગી કરશો તો તેમાં તમને ખલલ પહોંચશે. પરંતુ તે અવાજ કે પ્રવૃત્તિના ખલલથી અલગ એક જીસ્માની પ્રકારની ખલલ હશે જે તમારા માટે 'બોલ' ઉપર એકધ્યાન થવાનું મુશ્કિલ બનાવશે. આથી જો તમે બિમાર હો તો બંદગી ન કરો, બંદગી કરવાથી રોકાઇ જાવ. પણ જેવા તમે ફરી તંદુરસ્ત થઇ જાઓ તો બંદગી કરવાનું શરૂ કરી દો, અમો તમને યાદ અપાવવા ઇચ્છીએ છીએ કે આ રૂહાની બાબત છે, આ આપણા તરીકાનો ભાગ છે. આપણી આસપાસની જીસ્માની દુનિયા સાથે તેનો કોઇ સંબંધ નથી. આ રસ્તાને અપનાવવો એ તમારી મરજી ઉપર છે અને જો તમે આજે તેને અપનાવી રહ્યા છો તો એ તમારી પસંદગી છે.

અમો દુઆ ફરમાવીએ છીએ કે તમારી જિંદગીઓ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમે બંદગીમાં સફળ થાઓ. અને અમો તમારા ઇમાનની મજબૂતી માટે, તમારા રૂહાની સુખ માટે, તમારી રૂહાની આબાદી માટે, તમારી રૂહાની બુલંદી માટે

પણ દુઆ ફરમાવીએ છીએ, અને અમો આ અવસરે તમારામાંના દરેકને અમારા ઉત્તમ, ખાસ તથા અત્યંત પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા મિશનરીએ અમોને કહ્યું છે કે અમુક રૂહાની બચ્ચાંઓએ પૂછ્યું છે કે બંદગી કરવા બાબતે શું કોઇ અંકુશો છે ? બીજા શબ્દોમાં, જો તમને તમારા રોજીંદા જીવનમાં બીજા સમયે બંદગી કરવા માટે સમય મળે પણ સવારે ચાર વાગ્યે ન મળે તો શું ત્યારે તમને બંદગી કરવાનો અધિકાર છે ? અમારો જવાબ છે; હા, તમને તેમ કરવાનો અધિકાર છે. પરંતુ અમો ચાહતા નથી કે તે વહેલી સવારની બંદગીની બદલીમાં હોય. તમને આ ફરમાવવાનું સાદું કારણ એ છે કે બંદગી રૂહાની બાબત છે તમારા ઇમામની હેસિયતે અમોને ફિકર છે કે, તમે સફળ થાઓ. આ અમારી ફિકર છે. અને અમારી આ ફિકરના કારણે અમો ઇચ્છતા નથી કે આખી દુનિયામાં અમારા સઘળા રૂહાની બચ્ચાંઓ જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે બંદગી કરવી શરૂ કરી દે. અમોએ જે કારણો દર્શાવ્યા તે કારણસર બંદગી વહેલી સવારે કરવામાં આવે છે. પરંતુ જો તમારા રોજીંદા જીવન દરમ્યાન તમને એક અથવા બે કલાક મળે કે જે ફુરસદના હોય અને જેમાં તમે પ્રવૃત્તિમય દુન્યવી જીવનથી મુક્ત થઇ તમારી અંગત ખુશી માટે બંદગી કરી શકો એમ હોય તો અવશ્ય તમે તેમ કરો. અને અમને ઉમેદ છે કે તે તમને સફળ થવામાં મદદ કરશે, કેમ કે તમે વહેલી સવારે સફળ થાઓ છો કે દિવસ દરમ્યાન એનું કંઇપણ મહત્વ નથી. જે મહત્વનું છે તે એ છે કે તમે સફળ થાઓ. પરંતુ તમારા ઇમામની હેસિયતે અમારૂં દ્રઢ પણે માનવું છે કે વહેલી સવારના તમારા

સફળ થવાની તકો વધારે હોય છે. આ કારણસર અમોએ તમને આ સમય આપ્યો છે. તમે સૌ નવજવાન છો. અમારો ખ્યાલ છે કે તમારે જાણવું જોઇએ કે અમુક રૂહાની બચ્ચાઓએ અમોને પૂછ્યું છે; હાઝર ઇમામ ! શું અમે બંદગી બીજા સમયે કરી શકીએ છીએ ? અને અમારો જવાબ 'નહીં'માં રહ્યો છે. અમારો જવાબ એ માટે 'નહીં'માં રહ્યો છે કે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે. પરંતુ જો તમે તમારી સમજદારી પ્રમાણે બીજા સમયે પણ બંદગી કરવાની ચાહના કરો તો એ બરાબર છે. પણ, અમો ઇચ્છતા નથી કે દાખલા તરીકે બપોરે બંદગી કરવામાં આવે અને પછી વહેલી સવારે કોઇપણ રૂહાની બાળક બંદગી ન કરે. જમાત અને ઇમામ વચ્ચે સંપૂર્ણ નિખાલસતા હોવી જોઇએ, અને આ કારણથી અમો તમને ફરમાવીએ છીએ કે જો તમે ચાહો તો જે કલાક અમોએ તમને આપેલ છે તે ઉપરાંત પણ તમે બંદગી કરો. જો સમય ઉપર અંકુશ મુકનારા કોઇ ખાસ સંજોગો હોય કે જેથી તમે વહેલી સવારે બંદગી ન કરી શકો- જ્યારે તમે મુસાફરીમાં હો અથવા કોઇ બીજા કારણે વ્યસ્ત હો - તો પછી તમે બીજા કોઇ સમયે બંદગી કરી શકો છો. પરંતુ એકને બીજા માટે બહાનું ન બનાવો. અમો તમને આ વિશે ખબરદાર કરીએ છીએ કે આ એક કમજોરી છે, એ કમજોરી છે. અને તમે આ રસ્તા માટે ઇમામ પાસે આવવાનો નિર્ણય લીધો છે જે અમોએ તમને આપ્યો છે. અમો ઇચ્છીએ છીએ કે તમે મજબૂત બનો, હિંમતવાન બનો અને સફળ થાઓ. અને અમો ફરી એકવાર તમને અમારા ઉત્તમ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ટોરોન્ટો, (ઑન્ટારિયો), કેનેડા,

**૩૭**

નવેમ્બર ૧૯૭૮.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આજે સાંજે અમો જે ફરમાન ફરમાવીશું તે મહત્વનું છે, અને આ ફરમાનની શરૂઆતમાં અમો ઇચ્છીએ છીએ કે તમારામાંના દરેક એ સમજે કે બૈતુલખ્યાલ કોઇ પણ રૂહાની બાળક માટે ફરજિયાત નથી, અને ન કે કોઇ રૂહાની બાળક ઉપર કોઇ દબાણ યા ફરજ છે કે તે ઇમામની પાસે આવે અને કહે કે આજે હું 'બોલ' લેવા ચાહું છું તમે તમારા જીવનકાળ દરમ્યાન કોઇ પણ સમયે બૈતુલખ્યાલમાં દાખલ થઇ શકો છો. અને તેથી આજ સાંજે તમે અમારી પાસે આવ્યા છો તો અમો માનીએ છીએ કે તમે પોતાની ઇચ્છાથી આવ્યા છો, શું એ ખરૂં છે ?

બીજી બાબત જે અમો તમને સ્પષ્ટ કરાવવા ઇચ્છીએ છીએ તે એ છે કે તમારી આસપાસની દુનિયા સાથે એટલે કે ભૌતિક દુનિયા સાથે બૈતુલખ્યાલનો કોઇ સંબંધ નથી, અને આજે અમો તમને સમજાવીશું કે બૈતુલખ્યાલ શું છે ? તમે સમજવાની કોશિષ કરો, અને અમો આશા રાખીએ છીએ કે અમારૂં ફરમાન બૈતુલખ્યાલનો અર્થ સમજવામાં તમને મદદ કરશે.

ઇસ્લામમાં બે ફિરકાઓ છે - એક જાહેરી તથા બીજો

બાતુની - જેમને ઘણું કરીને સુન્ની તથા શિયા ઇસ્લામ તરીકે ઓળખી શકાય છે, અથવા જો તમે યોગ્ય સમજો તો આપણે આપણા તરીકાને બાતુની તરીકા તરીકે લઇએ છીએ. આ બન્ને વચ્ચે શું ફરક છે ? સાદા શબ્દોમાં ફરક એ છે કે જાહેરી તરીકામાં સઘળા લોકો એ રીતે ભાગ લે છે કે, તેઓ બધી ધાર્મિક ફરજો પૂરી કરે છે, પણ રૂહાની ખુશી તથા રૂહાની રોશની માટેની અંગત, વ્યક્તિગત રૂહાની શોધ એ તરીકાના શિક્ષણનો ભાગ નથી હોતો. આપણો તરીકો એક બાતુની તરીકો છે. આપણા તરીકામાં ઇમામ એ લોકોને કે જેઓ રોશની અને રૂહાની ખુશીની શોધમાં વ્યક્તિગત રીતે શામિલ થવા ચાહે છે, તેઓને એક રસ્તો બતાવે છે. આ બાતુની તરીકો છે. તે દરેક જણને મળી શકતો નથી. તે ઇમામ તરફથી એ લોકોને આપવામાં આવે છે, જેઓ ઇમામ પાસેથી એ રસ્તો લેવાનું પસંદ કરે છે. અમો ઇચ્છીએ છીએ કે તમે સ્પષ્ટ રીતે એ સમજો કે ઇસ્લામનું આ રૂહાની વલણ, જે તમે આજ સાંજે અમારી પાસેથી લઇ રહ્યા છો, તે લેવાની તમારી પોતાની ઇચ્છા છે કે નહિ તેનો ફેંસલો કરવો એ તમારામાંના દરેક ઉપર અવલંબે છે. તે તમારા માટે ફરજિયાત નથી.

જ્યારે તમે અમારી પાસે આવો છો તો અમો ઇચ્છીએ છીએ કે તમે સમજો કે જો તમે ઇમામ પાસેથી 'બોલ' લો છો તો તે લેતી વેળાએ તમારે નિખાલસ રહેવું જોઇએ. તમારે નિયમિત રીતે બંદગી કરવાની કોશિષ કરવી જોઇએ. અને જો તમે સફળ ન થાઓ તો તમારે પોતાની જાતને એમ નહિં કહેવું જોઇએ કે હું રૂહાની રોશનીની મારી શોધમાં સફળ થઇ રહ્યો

નથી. અમોને એ વાતને સમજાવવા દો કે તમારે એમ શા માટે નહિં સમજવું જોઇએ કે જો તમે શરૂઆતમાં નિષ્ફળ થાઓ તો તમે હંમેશ માટે નિષ્ફળ થઇ ગયા છો. આપણે એક ભૌતિક દ્રષ્ટાંત લઇએ. મિસાલ, ટેબલ ઉપર પાણીનો એક ગલાસ છે, અને જો તમને પાણી પીવાની ઇચ્છા થાય તો તમારૂં મગજ તમારા હાથને હુકમ કરે છે, અને તમારો હાથ તે ગલાસ લેવા આગળ વધે છે. બંદગીમાં તમારૂં મગજ હુકમ કરી શકે નહિં; લેવાનો તેનો કોઇ હક નથી, એ લઇ શકાતું નથી. તેથી જ્યારે તમે બંદગીમાં બેસો તો લાલચ કે ધાસ્તી સાથે નહિં બેસો, કારણ કે બની શકે છે કે રૂહાની બચ્ચાંઓને આ રોશની એ દિવસે જ મળી જાય કે જે દિવસે તેઓ પહેલીવાર બંદગીમાં બેસે, અથવા તેઓને મરણના એક દિવસ પહેલાં મળે. એ તેઓના કાબુમાં નથી. પણ તમારે નિષ્ફળતાથી ડરવું નહિં જોઇએ. અમો તમારા માટે આ વાત ઉપર ભાર મુકવા ઇચ્છીએ છીએ અને અત્યંત ભારપૂર્વક તમને ફરમાવવા ઇચ્છીએ છીએ કે, નિષ્ફળતાથી ન ડરો, પોતાની જાતથી એ પ્રશ્ન પૂછીને બંદગીમાં નહિં બેસો કે શું હું સફળ થઇશ કે પછી નહિં થઇશ! કેમ કે તેને પ્રાપ્ત કરવાનો તમારો હક નથી. અને નિષ્ફળતાથી ડરવાનું કોઇ કારણ નથી કેમ કે શાબ્દિક અર્થમાં નિષ્ફળતાનું કોઇ વજુદ નથી. તે ફક્ત એ અર્થમાં વજુદ ધરાવે છે કે કદાચ તમે પોતાની જાતને સવાલ પૂછો કે અમોએ આટલા અઠવાડિયાઓ કે મહિનાઓ કે વરસો સુધી ઇબાદત કરી છે ! અમો ક્યારે સફળ થશું ? એ સવાલનો જવાબ આપવામાં આવશે, પરંતુ તેનો જવાબ આપવાનું તમારા હાથમાં નથી.

અમુક એવી હાલતો હોય છે, જેમાં તમારે બંદગી નહિં

કરવી જોઇએ. અને ઘણાં રૂહાની બચ્ચાઓએ અમોને પૂછ્યું છે કે બંદગી વહેલી સવારે શા માટે કરવામાં આવે છે ? શું બીજા સમયે બંદગી કરવી શક્ય નથી ? અને અમો આજ રાત્રે તમને આનો જવાબ આપીશું તેનો જવાબ એ છે કે જો અમો તમારા ઇમામની હેસિયતે તમને પ્રોત્સાહન આપીએ અથવા તમને રજા આપીએ કે તમે બપોરે યા બપોર પછી બે વાગ્યે યા સવારે અગિયાર વાગ્યે હંમેશ મુજબ એકધારી રીતે ઇબાદત કરો, તો પછી જાણે અમો અમારા રૂહાની બચ્ચાંઓને એમ કહીશું કે તમે એક એવા સમયે રૂહાની રોશનીની તલબ કરો કે જ્યારે તમારી દુન્યવી બાબતોના કારણે તમારી સફળતાની શક્યતા ઘણી જ ઓછી હોય ! તેથી, જો તમે ઇમામની પાસે આવો છો અને કહો છો કે અમે ઇબાદત કરવા ઇચ્છીએ છીએ. તો અમો માનીએ છીએ કે આ શોધખોળમાં રૂહાની રોશનીની આ વ્યક્તિગત શોધખોળમાં, તમારે એ સમયે બંદગીમાં બેસવું જોઇએ જે અમો આપીએ છીએ, અને જે બંદગી કરવાનો શ્રેષ્ઠ સમય છે. આનો અર્થ એ નથી કે તમે ઘણી વખતે એવા સમયે બંદગી નથી કરી શકતા કે જ્યારે તમારી પાસે એવો સમય હોય, જ્યારે તમે પોતાની જાતને દુન્યવી ફિકરોથી અલગ કરી શકતા હો. તમે બંદગી કરી શકો છો, પણ અમો ઇચ્છતા નથી કે અમારા રૂહાની મચ્ચાઓ તેને વહેલી સવારની બંદગીની બદલીમાં લેખે. આને અમો સ્પષ્ટ કરી દેવા ઇચ્છીએ છીએ. અમોએ તમને એ પણ ફરમાવીયું છે કે અમુક હાલતોમાં તમારે બંદગી નહિ કરવી જોઇએ, તે આ પ્રમાણે છે; જો તમે બિમાર હો અથવા જ્યારે અમારી રૂહાની દીકરીઓ ગર્ભવતી હોય. આનું કારણ એ છે કે અમો નથી ઇચ્છતા કે અમારા રૂહાની

બચ્ચાંઓ એવી સ્થિતિમાં બંદગી કરે કે જ્યારે તેઓ શારીરિક રીતે બેચેનીની હાલતમાં હોય, અને જ્યારે બંદગીમાં 'બોલ' ઉપર એકધ્યાન થવામાં સફળ થવાની શક્યતા ઘણીજ ઓછી હોય... બંદગીનો આ અર્થ છે; એટલે કે તે રૂહાની રોશનીની એક શોધ છે. જેની તમારી આસપાસની દુનિયા સાથે કોઇ સંબંધ નથી.

અમો ઇચ્છીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાંઓ એ વાતની ખાત્રી રાખે કે જો તમે તમારી બંદગીમાં સફળ થયા તો તમે તેને જાણી લેશો. તમને એ વાતની જરૂર નહિ પડે કે કોઇ તમને તે કહે અથવા તમારા માટે તમારી સફળતાનું વર્ણન કરે; બલ્કે તમને એ વાતની પણ જરૂર નહિ રહે કે ઇમામ તમને ફરમાવે કે તમે સફળ થયા છો, કેમ કે તમારામાંના દરેકને એની ખબર પડી જશે, જો તમને તે રોશની પ્રાપ્ત થઇ તો તમે તેને જાણી લેશો. આ એક ખાત્રી કરવાની બાબત છે, અને તે તમને એક એવી ખુશી, એવી શક્તિ અને એવી હિંમત આપશે, જે તમારી આસપાસની દુનિયાની કોઇ પણ ચીજથી બિલ્કુલ જુદી જ હશે. આથી, અમો તમને ફરમાવીએ છીએ કે, તે રોશનીની શોધમાં એ વાતની ધાસ્તી ન રાખો કે જો તમને તે આપવામાં આવી તો તમે તેને ઓળખી નહિં શકો. એ વાતનો કોઇ સવાલ જ ઉપસ્થિત નથી થતો કે તમે તેને ઓળખી નહિં શકો.

બીજી વાત, જે અમો તમને ફરમાવવા ઇચ્છીએ છીએ તે એ છે કે આ એક રૂહાની બાબત છે તેથી તમારા આપસમાં કે દોસ્ત બિરાદરોમાં યા જમાતમાં બીજા રૂહાની બચ્ચાઓની

સાથે કે જમાતની બહારના લોકો સાથે તેને શબ્દોમાં વ્યક્ત કરવી અશક્ય છે. તેથી તેમ કરવાની કોશિષ નહિં કરો. તેનાથી કોઇ મકસદ હાંસલ નહિં થાય, તેનાથી ગુંચવાડો પેદા થશે અને કદાચ તેનાથી કોઇ પ્રકારનો અંદેશો પેદા થાય. આથી અમો તમને ફરમાવીએ છીએ કે તમારામાંના દરેક માટે આ એક જોડાણ છે. જો તમે તેમાં સફળ થાઓ તો બહાર તેના વિષે વાત નહિં કરો, કેમ કે તેને સમજવામાં નહિં આવે. જો તમે તેને પ્રાપ્ત કરી છે તો તે રોશની તમારી છે. તે બીજા કોઇની નથી. તમે અન્ય કોઇને એમાં શામિલ કરવાની કે તે વિષે વાતચીત કરવાની કે બીજા કોઇ સાથે તેની આપ-લે કરવાની કોશિષ નહિં કરો કેમ કે એ તેજ રૂહાની બાળક માટે છે, જે બંદગીમાં સફળ થયો હોય !

આજ સાંજે, અમો ઇચ્છીએ છીએ કે તમે જાણો કે અમો માનીએ છીએ કે તમો સઘળાઓ એ રૂહાની બચ્ચાઓ છો, જેઓ આ રોશની પ્રાપ્ત કરવાની ઇચ્છા ધરાવો છો. અને આ કારણસર અમો દુઆ ફરમાવીએ છીએ કે તમારા જીવનકાળ દરમ્યાન ઓછામાં ઓછું એક વખત તમારામાંના દરેક તે રોશની પ્રાપ્ત કરવામાં સફળ થાય. અને અમો દુઆ ફરમાવીએ છીએ કે તમને ઇમાનની કુવ્વત હાંસલ થાય, અમો દુઆ ફરમાવીએ છીએ કે તમને રૂહાની ખુશી હાંસલ થાય, અમો દુઆ ફરમાવીએ છીએ કે તમને રૂહાની બુલંદી હાંસલ થાય. અને અમો તમારામાંના દરેકને વ્યક્તિગત રીતે અમારા ઉમળકાભર્યા, અમારા ઉત્તમ અને અમારા ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા મિશનરીએ અમોને કહ્યું છે કે અમુક રૂહાની બચ્ચાંઓ કે જેઓ રાતના કામ કરે છે તેઓ માટે જે સમય અમોએ તમને આપ્યો છે, તે સમયે બંદગી કરવી મુશ્કેલ હશે. આવા સંજોગમાં જે સમય અમોએ તેમને આપેલ છે તેની શક્ય હોય તેટલા નજદીકના સમયે તમે ઇબાદત કરો. આનો અર્થ એ છે કે જો તમે કોઇ ફેક્ટરીમાં અથવા કોઇ ઑફિસમાં રાતની શિફ્ટમાં કામ કરતા હો તો તમે તમારા કામથી પહેલા યા કામ કર્યા પછી ઇબાદત કરી શકો છો. પરંતુ યાદ રાખો કે જ્યારે તમે કામ ન કરી રહ્યા હો અને ઇન્શાઅલ્લાહ તમારી રજાઓ પણ હશે, તો જ્યારે તમે રજા ઉપર હો તો પછી એ સમયે બંદગી કરવાની કોશિષ કરો જે અમોએ તમને આપ્યો છે. અમો તમારા માટે આ વાત ઉપર ભાર મુકવા ઇચ્છીએ છીએ કે તમારા ઇમામની હેસિયતે અમો એ વાતને સારી રીતે જાણીએ છીએ કે બંદગી કરવી કેટલી મુશ્કિલ છે! તેથી એમ નહિં સમજો કે અમોને મુશ્કિલીઓની ખબર નથી, અમો મુશ્કેલીઓથી સારી રીતે વાકેફગાર છીએ, પણ જેમ કે અમો એ ફરમાવ્યું છે કે અમો તમારી સફળતા માટે દુઆ ફરમાવીએ છીએ, એ ઘણું જ અગત્યનું છે કે તમે સફળ થાઓ. અને અમો ફરી એકવાર તમારામાંના દરેકને અમારા ઉત્તમ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

લંડન,

૩૮ ૯-૨-૧૯૭૯.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમે એ જાણીએ છીએ કે બૈતુલખ્યાલ મુશ્કેલ બાબત છે. એમાં હિંમત, શક્તિ અને મક્કમતાની જરૂર પડે છે. અને બૈતુલખ્યાલ દરેક રૂહાની બાળક ઉંમરલાયક થાય પછી જ્યારે તે ઇચ્છે ત્યારે ઇમામ પાસે આવીને બૈતુલખ્યાલમાં દાખલ થઇ શકે છે.

ઇસ્લામના બાતુની તરીકામાં ખાસ કરીને આપણા તરીકામાં રૂહાની બચ્ચાઓ ઇમામ પાસે આવે છે તેને ઇમામ રસ્તો બતાવે છે.

અને જ્યારે અમે અમારા રૂહાની બાળકોને 'રૂહ' વિષે વાત કરીએ છીએ ત્યારે અમે ભારપૂર્વક જણાવીએ છીએ કે આત્મા જ અમર છે. તમારો ફક્ત એ ભાગ જ (આત્મા) અમર છે. બીજું કંઇ અમર નથી, ફક્ત આત્મા અમર છે. અને એટલા માટે જ રૂહાની બચ્ચાઓ આજે સાંજે ઇમામ પાસેથી વ્યક્તિગત રીતે રૂહાની રોશનીનો રસ્તો મેળવવા 'નૂર' મેળવવાનો રસ્તો અને જીવનનો જે ભાગ અનંત છે તેના માટે આવ્યા છે. અને એટલા માટે જ અમે બૈતુલખ્યાલને ઘણું જ મહત્વ આપીએ છીએ.

ઇસ્લામના બાતુની તરીકાની તમને વાત કરતાં અમે તમને

ભારપૂર્વક કહીએ છીએ કે જ્યારે તમે આત્માની ખોજ, નૂરની ખોજ કરો તો તેના ઉપર તમારો કોઇ હક નથી તેની તમારા ઉપર બક્ષિશ કરવામાં આવે છે. પણ તેના ઉપર તમારો અધિકાર નથી.

અમારી એ જવાબદારી અને ખુશી પણ છે કે જે વખતે તમને બંદગીમાં સફળ થવાની વધુ તકો હોય તેવા સમયે બંદગી કરવાનું કહીએ.

જો બંદગીમાં તમે સફળ થશો તો તે તમને આંતરીક બળ, આંતરીક શક્તિ, આંતરીક ખુશી આપશે જે તમે બીજે ક્યાંયથી મેળવી શકશો નહિ.

જો તમે બંદગીમાં પહેલી વખત સફળ ન થાઓ તો બંદગી કરવાનું છોડી આપશો નહિ. તમે એ મેળવી રહ્યા છો જો તમારામાં નમ્રતા નથી તો બંદગીમાં સફળ થવાની તમારા માટે કોઇ તક નથી જો તમે લાલચું છો, જો તમે આડંબર કરો છો, જો તમે ઉતાવળીયા છો, તો તમને બંદગીમાં સફળ થવાની તક નથી. એટલા માટે, તમે ખોજ કરી રહ્યા છો અને એ નૂરની તમારા ઉપર એવા સમયે બક્ષિશ કરવામાં આવશે કે જ્યારે તમે તેને લાયક હશો પરંતુ એ તમારો હક નથી.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૩૯

લોસ એન્જલીસ,
૪-૧૧-૧૯૮૬.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

તમે પ્રમોશન માટે ઇમામ પાસે આવ્યા છો, હું સમજું છું કે તમોએ નિયમિત બંદગી કરી છે. તો તમે પ્રમોશન માટે તૈયાર છો તમને જે 'બોલ' આપવામાં આવ્યો હતો તેમાં તમને કેટલાકને 'બોલ' યાદ રાખવામાં શંકા હશે જો તમને તે બાબતમાં શંકા હશે તો પણ હું તમને પ્રમોશન આપીશ કારણ કે તમે નિયમિત પ્રેકટીસ કરી છે. તમે બંદગીની પ્રેકટીસ કરી છે, તો તમને શક હોઇ શકે છે, પણ તેનો મતલબ એ નથી થતો કે તમારી શોધ અયોગ્ય હતી જ્યાં સુધી તમે 'બોલ' બારામાં સંપૂર્ણ ગુંચવાડામાં નથી ત્યાં સુધી તે શોધ યોગ્ય છે. અને હું સમજું છું કે તમને ભલે શંકા હશે પણ 'બોલ' બારામાં ગુંચવાડો નહિ હોય. જો તમારામાં ગુંચવાડો નહિ હોય તો હું તમને મિશનરી મારફતે નવો 'બોલ' આપીશ.

પરંતુ સૌ પ્રથમ અમો તમને દરેકને આજ સાંજે ઇમામ પાસે આવવા માટે મુબારકબાદ આપું છું. હું ઘણો જ ખુશ છું, અને ગર્વ અનુભવું છું કે રૂહાની બચ્ચાઓ નિયમિત બંદગી કરીને મારી સમક્ષ આવ્યા છે. અને હું આશા રાખું છું કે તેઓ પોતાની શોધમાં સફળ થશે અને જે લોકો સફળ થયા છે તેમને

મારા ખાસ દુઆઆશિષ આપું છું અને મુબારકબાદ આપું છું અને હજુ સુધી જે લોકોએ તે રોશની મેળવી નથી તે ચિંતા ન કરે અમારી દુઆઓ તેમની સાથે છે. મારા આશિર્વાદ તમારી સાથે છે કે જેથી આ વખતે તમે રોશની મેળવી શકશો આથી ચિંતા કરશો નહિ.

હું તમારામાંના દરેકને સફળતા માટે ખાસ દુઆઆશિષ ફરમાવું છું કે તમને તે રોશની મળે એ ઘણી જ શક્તિશાળી હશે, ઓળખી શકાય તેવી હશે. અને તમને ઇમાનનું બળ આપશે જે થકી તમે હંમેશા સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબુત રહી શકશો અને હું તમારામાના દરેકને સફળતા માટે ખાસ દુઆઆશિષો આપું છું

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

આ પ્રસંગે તમોએ આજ સુધી જે પણ ગુનાહ કર્યા હોય, જે પણ પ્રકારના ગુનાહ કર્યા હોય તે હું માફ કરું છું.

હ્યુસ્ટન, યુ. એસ. એ.,
૯-૧૧-૧૯૮૬.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

સૌથી પહેલા, અમો અમારા રૂહાની બચ્ચાઓને કે જેઓ ઝમાનાના ઇમામ પાસે ઇસ્મે આઝમ માટે આવ્યા છે, અમે સમજાવવા ઇચ્છીએ છીએ કે આ શોધખોળ માટે આગળ આવવું રૂહાની બચ્ચાઓ માટે ફરજિયાત નથી. આજે અમો જે ફરમાવવા ઇચ્છીએ છીએ તે એ છે કે આપણા મઝહબની અમુક બાબતો છે જે સઘળા રૂહાની બચ્ચાઓ માટે હોય છે. તે બાબતો જમાતના પ્રત્યેક મેમ્બર માટે કે જે પોતાના તરીકાનું પાલન કરે છે, તે ફરજિયાત છે. અને અમુક લોકો છે જેઓ પોતાના જીવનકાળ દરમ્યાન શોધખોળ કરવાની પોતાના મઝહબની પ્રેકટીસમાં અંગત રીતે શામિલ થવાની ઇચ્છા ધરાવે છે. જે તેમની પોતાની મરજી ઉપર હોય છે. એ ફરજિયાત નથી, અને દરેક રૂહાની બાળક પોતાની જિંદગીમાં કોઇ એક અથવા બીજા સમયે આ શોધખોળ માટે આગળ આવી શકે છે અને ઇમામની દોરવણી મેળવી શકે છે, અને આ બાબત શિયા ઇસ્લામમાં તેમ જ આપણા તરીકામાં સદીઓથી એક પ્રણાલિકા તરીકે રહેલ છે. અને ઇસ્લામમાંના બીજા ઘણાં તરીકાઓમાં, જે પ્રેકટીસ દરેક માટે ફરજિયાત છે તે ઉપરાંત, રૂહાની સુખ માટે અંગત શોધખોળ કરવામાં આવતી નથી.

આથી, અમો ઇચ્છીએ છીએ કે તમે અમારી પાસે આજે આવ્યા છો તો, તમે તમારા દિલમાં અને તમારા મનમાં ખાત્રી કરો કે તમે આજે ખરેખર આ સુખ મેળવવા માટે આવ્યા છો. યાદ રાખો કે તે ફરજિયાત નથી. એ પણ યાદ રાખો કે તે શારીરિક દ્રષ્ટિએ મહેનત માગી લ્યે છે, કેમ કે અગર તમે બંદગીની પ્રેકટીસ કરવાની તમારી ઇચ્છામાં નિખાલસ હો તો ઇમામે તમને એ રીતે દોરવણી આપવી જોઇએ કે જેથી, તે શોધખોળમાં તમારી પાસે સફળતાની શક્યતા વધારેમાં વધારે હોય ! અને આ કારણ છે જે માટે બંદગીની પ્રેકટીસ વહેલી સવારે કરવામાં આવે છે. તેથી અમો એની ખાત્રી કરવા ઇચ્છીએ છીએ કે તમે આજે અહીં જે હાઝર થયા છો તે અહીં હોવાની તમારી ઇચ્છાના કારણે જ થયા છો.

શું તે એજ બાબત છે ?

અહીં હોવા બદલ જો કોઇ પણ જણ રાજી ન હોય તો અમો વિશેષપણે ચાહીશું કે તેઓ ચાલ્યા જાય. પણ જો તમે રાજીખુશીથી આવ્યા હો તો જરૂર રોકાઇ જાઓ. અમો તમોને ફરમાન કરીશું, અમો તમોને સમજાવીશું કે આ શોધખોળનો મતલબ તથા અર્થ શું છે. અને તમે બંદગીની પ્રેકટીસ કરવાની કોશિષ કરજો અને તેમાં નિયમિત રહેજો. આથી, અમો ધારી લઇએ છીએ કે અહીં આવેલ પ્રત્યેક જણ તેની પોતાની સ્વતંત્ર ઇચ્છાથી આવેલ છે.

શું તે ખરૂં છે ?

ઘણું સારૂં !

હવે સૌથી પહેલાં, અમોને સમજાવવા દો કે જે વ્યક્તિઓ

આજે આપણા તરીકામાં જીવન ગુજારે છે તે દરેકમાં ભૌતિક તથા રૂહાની પાસું હસ્તી ધરાવે છે. ભૌતિક પાસું મર્યાદિત સમય માટે હોય છે. જિંદગી મર્યાદિત સમય માટે છે. દરેક ચીજ કે જે ભૌતિક છે, મર્યાદિત સમય માટે હોય છે. જે કંઇ રૂહાની છે તે અનંત છે. રૂહ અનંત છે. એ જન્મે છે, પરંતુ તે કદીપણ નાશ પામતો નથી, અને અમો ખાસ કરીને અહીં એવા માહોલમાં કે જ્યાં ઘણી વખતે માનવજીવનના ભૌતિક પાસાંઓની ઘણી ફિકર રાખવામાં આવે છે, તમને ભારપૂર્વક ફરમાવવા ઇચ્છીએ છીએ કે રૂહ અનંત છે. અને તેથી, અમો ઇચ્છતા નથી કે આપણા મઝહબની પ્રેકટીસમાં અસમતુલા જળવાતી હોય, જ્યાં રૂહાની બચ્ચાંઓ ભૌતિક બાબતમાં વધુ પ્રમાણમાં સંડોવાઇ જતા હોય અને રૂહને ભૂલી જતા હોય જે અનંત છે.

તમારા મઝહબની પ્રેકટીસ કરતી વેળા અને બંદગીમાં બેસતી વેળા યાદ રાખો કે તમે એના વિષે વિચારી રહ્યા છો, 'એને' શોધી રહ્યા છો કે જે રૂહાની છે- એને નહિં કે જે ભૌતિક છે. અને આથી જ્યારે તમે બંદગીમાં બેસો તે વખતે તમારી વિચારધારા સાથે, તમારી શોધખોળ સાથે ભૌતિક સિધ્ધાંતોને લાગું નહિં કરો જે તમારા ભૌતિક જીવનમાં હસ્તી ધરાવતા વહેવાર સાથે સંબંધિત હોય છે. અને અમો એ ફરમાવીને શરૂ કરીશું કે તમારા દુન્યવી જીવનમાં એક સિધ્ધાંત છે, જે સારી રીતે સ્થાપિત થયેલો છે જેના સાથે તમે રહો છો- જેના સાથે તમે કદાચ તેનાંથી વાકેફગાર રહ્યા વગર પણ રહો છો- અને તે 'આપો અને લો'નો સિધ્ધાંત છે. રૂહાની બાબતોમાં, બંદગીની બેઠક વેળા તમારા કોઇ હક હોતા નથી. તે એમ નથી, કે તમે

બંદગીમાં બેઠા છો તેથી, એ રોશની લેવાનો તમારો હક છે. એ રોશની, ઇન્શાઅલ્લાહ, તમો સઘળાઓ પ્રાપ્ત કરશો, પણ તે તમારો હક નથી. તે આપવામાં આવે છે. અને જો તમે નસીબદાર નિવડયા તો તે તમને તમારા જીવનકાળમાં એકવાર, બનવાજોગ છે કે અનેકવાર આપવામાં આવે.

પરંતુ તે લઇ શકાતી નથી.

અને તેથી બંદગીની બેઠક વેળા તમારે વિનમ્ર રહેવું જોઇએ. તમારે પ્રમાણિક રહેવું જોઇએ, તમારે તમારા મનમાંથી ભૌતિક બાબતોને કાઢી નાખવી જોઇએ. અને તમારે બંદગીમાં બેસવું જોઇએ અને તે રોશનીની તલબ કરવી જોઇએ.

હવે, તે રોશની સત્વની હોવાના કારણે, ભૌતિક વસ્તુ સાથે તેનો કોઇ સંબંધ નથી; તમારામાંના જેઓ સફળ થયા હોય તેઓ માટે એ રોશની વિષે બીજાઓને વાત કરવી મુશ્કિલ હશે. અને અમો ઇચ્છતા નથી કે તમે એ રોશની વિષે બીજાઓ સાથે વાત કરવાની કોશીશ કરો. જો તમે બંદગીમાં સફળ થાઓ તો એ રોશનીને તમારા સુધી જ રાખો. બીજા લોકો પાસે આ બાબતનું વર્ણન કે વાત કરવાની કોશીશ નહિં કરો, એ ઇચ્છવા યોગ્ય નથી, એ બિન જરૂરી છે, એ વાજબી નથી, કારણ કે તે દરેક વ્યક્તિના રૂહાની જીવન અને હઝરત અલીના નૂર વચ્ચેનું એક વ્યક્તિગત જોડાણ છે. આથી આ પ્રકારની બાબત વિષે બીજાઓને વાત કરવામાં આવે એવું અમો ઇચ્છતા નથી.

બીજું અમો ઇચ્છીએ છીએ કે તમે યાદ રાખો કે તમારી શોધખોળમાં તમારે નિખાલસ અને વિનમ્ર રહેવું જોઇએ. તમારા મનને ભૌતિક બાબતોમાં ભટકવા નહિં દો, કારણ કે જો તમે તમારા મનને ભૌતિક બાબતોમાં ભટકવા દેશો તો બંદગીમાં એકધ્યાન થવું તમારા માટે મુશ્કિલ બનશે.

હવે જેમ તમે જાણો છો, બંદગીમાં તમારે વહેલી સવારે બેસવાનું હોય છે. અને એ સમય લોકોને ખાસ તકલીફ આપવા નિયુક્ત કરવામાં આવ્યો નથી. તે એક શિષ્ટપાલન (ડીસીપ્લીન) છે. તે શારીરિક દ્રષ્ટિએ મહેનત માંગી લ્યે છે. પરંતુ જો અમો અમારા રૂહાની બચ્ચાંઓને ફરમાવીએ કે 'તમે આ શોધખોળ કરી શકો છો' જે મરજિયાત છે એ ભૂલશો નહિ, કેમ કે ઇમામ પાસે આવવાનું તમે પસંદ કર્યું છે, ઇમામે તમને ફરમાવ્યું નથી કે તમારે બંદગી અદા કરવાની છે. પણ જો તમે ઇમામ પાસે આવવાનું પસંદ કર્યું છે અને તમે એ રૂહાની રોશની તથા બુલંદી પ્રાપ્ત કરવા ચાહો છો તો પછી તમારે તેને એવા સમયે હાંસલ કરવા ચાહવું જોઇએ કે જ્યારે તમારી પાસે તેમાં સફળ થવાની શક્યતા વધારેમાં વધારે હોય. અને તે સમય એ છે કે જ્યારે તમારી આસપાસનું ભૌતિક જીવન, તમારી આસપાસના સમાજની પ્રવૃત્તિ ઓછામાં ઓછી હોય. અને તે માટે બંદગી વહેલી સવારે અદા કરવામાં આવે છે.

હઝરત અલીના નૂર મારફત તમારે રૂહાની રીતે તેની નજદીક આવવાની ચાહના રાખવી જોઇએ કે જે બીજા સર્વેથી ઉપર છે. શોધખોળનો એજ અર્થ થાય છે.

અને અમો તમને જણાવવા ચાહીશું તેમજ તે ઉપર ભાર મુકવા ચાહીશું કે જો તમે એ શોધખોળમાં સફળ થયા તો તમને એમાં સફળ થયાની તથા આ રોશની પ્રાપ્ત થયાની એવી જ ખાત્રી થશે- ખરેખર તો એ કરતાં તમને સો ગણી વધારે ખાત્રી થશે કે જેવી, જ્યારે તમે તમારો હાથ લાંબો કરો અને કોઇ વસ્તુને સ્પર્શ કરો ત્યારે થતી હોય ! આ ભૌતિક હાવભાવ છે. પણ આજે અમો તમારા ઇમામની હેસિયતે તમને ફરમાવીએ છીએ કે જો તમે તમારી શોધખોળમાં સફળ થયા તો તમે એ રોશનીને એટલી શક્તિશાળી, એટલી સ્પષ્ટપણે ઓળખી શકાય એવી મહેસુસ કરશો કે તમે જાણી લેશો કે તમોને સફળતા મળી છે. અમો ચાહીયે છીએ કે તમે એ સમજો કે આ બાબત રૂહ વિષેની છે. અને તમારી આસપાસના ભૌતિક માહોલ વિષેની નથી. અગર તમે એ શોધખોળમાં સફળ થયા તો અમારી અતિ ઊંડાણપૂર્વકની દ્રઢ માન્યતા છે કે તે તમને એવી શક્તિ આપશે, એવું સુખ આપશે કે જેથી તમે આંતરિક શાંતિ પામી શકશો જે તમે બીજી કોઇ રીતે મેળવી શકશો નહીં. અને અમો આશા રાખીએ છીએ કે તમારામાંના દરેકે દરેક એ શોધખોળમાં સફળ થશે. અને જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે ફક્ત એ ખ્યાલ કરો કે તમે તે રોશની શોધો છો અને તમે જે શોધી રહ્યા છો તેના અર્થ ઉપર ધ્યાન કેન્દ્રીત કરો છો - તેની નજદિક આવવા માટે કે જે બીજા સર્વેથી ઉપર છે.

અમુક હાલતો હોય છે કે જ્યારે તમારે બંદગીની પ્રેકટીસ નહિં કરવી જોઇએ. પહેલી એ છે કે જ્યારે કોઇ રૂહાની દીકરાની અથવા રૂહાની દીકરીની તબીયત સારી ન હોય, નાદુરસ્તીની

હાલતમાં બંદગીની પ્રેકટીસ નહિં કરો બીજી એ છે કે જ્યારે રૂહાની દીકરીઓ ગર્ભવતી હોય ત્યારે તેઓ બંદગીની બેઠક ન કરે. તો આ બે હાલતો છે, જ્યારે તમારે બંદગીમાં બેસવાનું નથી.

હવે અમો તમારામાંના દરેકે દરેકને ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. કે તમે તમારી શોધખોળમાં સફળ થાવ, તમને તે રોશની મળે, એ રોશની શક્તિશાળી હોય, તે તમને રૂહાની સુખ આપે - એવું સુખ કે જેથી, તમે સિરાતલ મુસ્તકીમ ઉપર હંમેશાં મજબૂત રહી શકો. અને આ અવસરે અમો તમારી સફળતા માટે દુઆ કરીએ છીએ અને ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમો આજ સવારે આ ફરમાનને પૂર્ણ કરતી વેળા તમને ભારપૂર્વક ફરમાવવા ઇચ્છીએ છીએ કે 'બોલ' એક રૂહાની જોડાણ માફક છે. જો તમે સફળ થયા તો એ જોડાણ તમારા જીવનકાળ દરમ્યાન વધારેને વધારે અને વધારે ટૂંકુ થવું જોઇએ, તે એવી રીતે કે અંતે એ રોશની જ રહી જાય અને કોઇ પદાર્થ બાકી ન રહે. અને તે એ સમયે થાય છે કે જ્યારે તમારૂં જીવન અનંત બની જાય છે. એટલે કે જ્યારે દુન્યવી રીતે તમે જીવંત રહેતા નથી. હવે તે અનુભવ એવો અનુભવ છે કે જેને અમો ઇચ્છીએ છીએ કે તમારા મન (mind) માં રાખજો. યાદ રાખો, આ બાબત રૂહની છે, આ બાબત ઇમાનની છે અને સત્વની છે. તેને ભૌતિક બાબતો સાથે કાંઇ લાગતું વળગતું નથી.

બંદગી અદા કરવામાં નિયમિત રહેવાની ચાહના રાખો, અને તમારા ખ્યાલમાંથી ભૌતિક બાબતોને કાઢી નાખવાની કોશિષ કરો, અને જે 'બોલ' અમો એ તમને આપેલ છે તેના ઉપર એકાગ્રચિત્ત થાઓ.

અમો ફરીથી તમારામાંના દરેકે દરેકને સફળતા માટે ખાસ દુઆઆશિષો, સફળતા માટે ખાસ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. બંદગીની તમારી બેઠકમાં નિયમિત અને નિખાલસ રહો, વિનમ્ર અને પ્રમાણિક રહો, અને અમો તમોને સફળતા માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ અને યાદ રાખો કે અમોએ તમને ફરમાવ્યું છે, અને એ અગત્યનું છે કે તમે આ યાદ રાખો કે જો તમે તમારી આસપાસની કોઇ વસ્તુને સ્પર્શવા તમારો હાથ લાંબો કરો અને તમને જે ખાત્રી થાય તેના કરતાં વધારે - સો ગણી વધારે ખાત્રી જ્યારે તમે એ રોશની મેળવશો ત્યારે થશે. એ રોશની એટલી શક્તિશાળી છે, એટલી ખાત્રીવાળી છે કે તમે જરા પણ ગુંચવણમાં નહિ રહેશો, તમને રોશની શોધવામાં કદાચ ગુંચવણ જેવું લાગે, પણ રોશની હાંસલ થયા બાબતે તમે જરાપણ ગુંચવણમાં નહિ રહેશો. અને અમો તમને ખાસ, ખાસ, ખાસ, દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

ન્યુયોર્ક,

**૪૧** ૧૧-૧૧-૧૯૮૬.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ હાઝર ઇમામે ફરમાવ્યું :-

સૌ પ્રથમ આજે સાંજે તમો જે મારી પાસે આવ્યા છો તે દરેકને મારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષો આપું છું

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

બીજું હું તમને બંદગીમાં નિયમિતતા માટે, તમારો 'બોલ' યાદ રાખવા માટે અને ઘણા ખરાને એકદમ ચોકખી રીતે 'નકશ' યાદ રાખવા માટે તમારા વખાણ કરૂં છું. તેમજ મુબારકી અને દુઆઆશિષો આપું છું.

આજે સાંજે અમારો મિશનરી તમને દરેકને પહેલાના પ્રમાણે નવો 'બોલ' આપશે.

હું આશા રાખું છું કે તમો તમારા જીવન દરમિયાન આ સાંકળ ટૂંકી અને ટૂંકી કરી હઝરત અલીના નૂરની નજદીક આવશો જે રોશની તમને અને તમારા આત્માને રોશન કરશે તે તમને સુખ આપશે અને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબૂત કરશે. અને હું તમને દરેકને આ શોધમાં તમારા જીવન દરમિયાન ઓછામાં ઓછું એક વખત રૂહાની સુખમાં સફળતા માટે અને તે સુખ હંમેશા તમારૂં થઇને રહે તે માટે ખાસ દુઆઆશિષો આપું છું.

જે લોકો પોતાના 'નકસ'ને બરાબર યાદ રાખી શક્યા નથી તેઓ ફિકર ન કરે તે એકદમ જરૂરી પણ નથી 'નકસ'ને તમે જ્યારે યાદ કરી શકો ત્યારે કરજો. મારો મિશનરી તમને નવો 'બોલ' આપશે, તો 'બોલ' અને 'બોલ'ના અર્થ ઉપર એકાગ્રચિત્ત બનો.

ઢાકા,

૪૨ ૮-૧-૧૯૮૭.

સરકાર નૂર મૌલાના શાહ કરીમ અલ-હુસેની હાઝર ઇમામે બંગલા દેશની પધરામણી વખતે બૈતુલખ્યાલ મંડળીને ફરમાવ્યું:-

અમારા વહાલા રૂહાની બાળકો આજે જે ફરમાન અમો તમોને ફરમાવી રહ્યા છીએ તે ઘણુંજ અગત્યનું છે અને અમો ચાહીએ છીએ કે તમે તેની ઉપર ધ્યાન દો અને તેને સમજવાની કોશીષ કરો અમે તમને આજે જે કહેવા માગીએ છીએ તેનો સંબંધ દુનિયા સાથે નથી શારીરિક અથવા ભૌતિકવાદ સાથે આ કામને કાંઇ લાગતું વળગતું નથી પણ 'રૂહ' દિલ અને ઇન્સાનના એવા હિસ્સાને સમજવા માટે છે કે જે હંમેશા કાયમ દાયમ છે. અને તમારે સમજવું જોઇએ કે આ કામમાં દાખલ થવા માટે કોઇ દબાણ નથી તમારે કોઇના કહેવાથી અથવા કોઇ આ કામમાં દાખલ છે એટલે દાખલ થવું પડશે એમ સમજીને અહીં બેસવાનું નથી.

આ બૈતુલખ્યાલના કામમાં અમારા રૂહાની બચ્ચાંઓએ ત્યારેજ દાખલ થવાનું છે કે જ્યારે તમારી પાસે સમય હોય તમે આ ઉચ્ચતર કામમાં જોડાવવા માટે પોતાની રાજી ખુશીથી પસંદગી ઉતારી હોય, પુરતા વિચારબળથી આવ્યા હો, ડીસીપ્લીન અને ભોગ આપવાની બાબતમાં મક્કમ હો, તો જ આ કામમાં દાખલ થઇને 'બોલ' અને 'નકસ' લેવાનો હોય છે.

અમે હરગીજ એવું નથી ઇચ્છતા કે અમારા રૂહાની બાળકો વગર સમજે આવીને અમોને અરજ કરે કે યા ઇમામે ઝમાન

અમારે બૈતુલખ્યાલમાં દાખલ થવું છે અને અમે ઇબાદત કરવા માગીએ છીએ અને અમો જાહેરી રીતે અહીંયાથી સીધાવી જઇએ પછી તમે નાહિંમત થઇને બેસી જાવ અને સારી રીતે આ કાર્યમાં અમલ ન કરો અગર એમજ હોય તો તમે બિલકુલ દાખલ ન થાઓ આટલા ખુલાસા પછી અમે તમને પુછવા માગીએ છીએ કે તમો સઘળા તમારી રાજી ખુશીથી ભેગા થયા છો તમે તમારા ઇરાદામાં બરાબર પાકા છો. 'બોલ' લઇને ઇબાદતમાં બેસસો ?

(ત્યારે સઘળા એ અરજ કરી કે 'જી હા ખુદાવીંદ')

આમ ઇસ્લામમાં એક વાતનો ખુલાસો સાબિત થાય છે કે જેનાથી શિયા અને સુન્ની વચ્ચે મોટો ફરક છે હવે આ ફરકના બારામાં શું કહેવામાં આવે છે તે તમને સમજાવીએ છીએ.

જુઓ સુન્નીને જાહેરી તરીકો કહેવામાં આવે છે અને શિયા વિભાગને બાતુની વિભાગ યા તરીકો કહેવામાં આવે છે.

હવે તમને બાતુની વિભાગની સમજુતી કરી આપીએ છીએ કે આ બાતુની તરીકામાં દરેક વ્યક્તિ પોતાના સમય અનુકુળ અને ારી સમજ ભાનથી રૂહાની રોશની મેળવવા માટે દાખલ થાય છે. અને પ્રેકટીસ કરે છે અને જ્યારે આ બાબત માટે તેની પાસે વધારે ભોગ આપવાની શક્તિ અને વધારે સમય આપવાની સ્થિતિમાં હોય છે ત્યારે તેની ચાહના આ તરફ વળે છે. કારણ કે તે વ્યક્તિ પોતાની રૂહાની ખુશી,

રૂહાની રોશની, મઝહબના અંદરના રાઝને સમજવાની ચાહના રાખે છે. અને અસલ ઉપર વધું ઇમાન મજબુત કરવાંની પુરી ચાહના રાખે છે. અને આ વિભાગને જ બાતુની વિભાગ કહેવામાં આવે છે. આમ જુઓ તો આ પ્રણાલીકા ન તો શિયા છે અને ન તો સુન્રી છે.

કારણ કે સુન્રી તરીકાઓમાં પણ થોડાક તરીકાઓ છે કે જેઓ વ્યક્તિગત શોધખોળ કરે છે. કારણ કે બંદગીના અમલમાં મહત્વનીવાત રૂહાની રોશની માટે જ હોય છે અને વધારાના સમયમાં કરવામાં આવે છે તેને ખાસ બાતુની કહેવામાં આવે છે. આ જે વધારે વખત ભોગ આપવાનો હોય છે તેને આપણે બૈતુલખ્યાલ કહીએ છીએ જે તમારે જાહેરી ફરજો બજાવ્યા બાદ કરવાની હોય છે એટલે આ તમારા ઉપર ફરજિયાત નથી અમારા ઘણા રૂહાની બચ્ચાઓ ઉગતી જવાનીમાં બૈતુલખ્યાલમાં દાખલ થાય છે અને ઘણા રૂહાની બચ્ચાઓ મોટી ઉમરે દાખલ થાય છે તો એમાં કાંઇ ફરક નથી પડતો કારણ કે આખરે તો આ તમારી અંગત શોધખોળ છે. આ કોઇ ગ્રુપનું કામ નથી આ બિલકુલ રૂહાની મામલો છે અને તમારા પોતાના એકલાનો જ મામલો છે.

તમે જાણો છો કે ઇબાદત સવારે ચાર વાગે કરવામાં આવે છે એટલે ઘણું મુશ્કેલ કામ છે. ઘણો ભોગ અને ડીસીપ્લીન માગે છે અગર અમે તેના બદલે એમ ફરમાવીએ કે ઇબાદત દિવસે કરો તો દુન્યવી વાતાવરણ તમને સતત ખલલ પહોંચાડયા કરશે અને એકાગ્રતા કેળવવામાં તમે નાકામ રહેશો જે અમે

અમારા રૂહાની બચ્ચાંઓ માટે નથી ઇચ્છતા વળી તમારી દુન્યવી જવાબદારીઓને પણ તમારે દિવસના પુરી કરવાની હોય છે. આ બધી બાબતોને ધ્યાનમાં લેતા અમોએ તમને ચાર વાગ્યાનો વખત આપ્યો છે અને અમે ચાહીએ છીએ કે ઇબાદત એવા વખતે કરવામાં આવે કે ઓછી તકલીફે તમને આ શોધખોળમાં કામયાબી મળે અને એવા ટાઇમે નિરવશાંતિ લગભગ રહેતી હોવાથી કોઇ પણ વ્યક્તિ વધારે ધ્યાન લગાડીને ઇબાદત કરી શકે છે અને સવારના ચાર વાગ્યાનો ટાઇમ આપવાનું કારણ પણ એજ છે.

અગર આ શોધખોળમાં તમે કામયાબ થયા અને તમારા ઉપર નવાજીસ કરવામાં આવી તો તરત જ તમને ખબર પડી જશે તમે તરત જ તે નૂરને ઓળખી જશો અને આ એટલું જ ભરોષાપાત્ર હશે કે જેવી રીતે તમને કોઇ દુન્યવી ચીજ યા પદાર્થ હાથમાં આપવામાં આવે તો કેવી ખબર પડે છે, અને કેટલો ભરોસો આવી જાય છે આવી જ રીતે આ બાબતમાં પણ તમને ખબર પડી જશે પણ યાદ રાખજો કે તમો આ જાણી તો જશો, ઓળખી પણ જશો છતાં તમારી પાસે એવા કોઇ શબ્દો કે વાક્ય રચના નહિં હોય કે બીજા કોઇને સમજાવી શકો પણ તમારા પોતા માટે એટલું ભરોષાપાત્ર હશે કે તમને પોતાને કોઇ સવાલ બાકી નહિ રહે પણ તમારે બીજાને કહેવાનો સવાલ પણ નહિ રહે અને કોઇ મુંઝવણ પણ બાકી નહિ રહે કારણ કે તમને શું કરવું તેની ખબર પડી જશે અને છતાં કહેવા જશો તો બીજાઓ સમજી શકશે નહિ. તે માટે તો ચુપકીદી સેવો (જાળવો) એજ ઠીક છે.

હવે અમો તમોને એક એવી બીજી રીતથી થોડુંક વધારે સમજાવવાની ઇચ્છા ધરાવીએ છીએ તે એ છે કે જુઓ તમારી સામે ટેબલ ઉપર પાણીનો ગલાસ પડ્યો હોય અને તમારે પાણી પીવું હોય તો પ્રથમ તમારૂં દીમાગ તમારા હાથને હુકમ કરશે અને તમે તે ગલાસને ઊઠાવી લેશો. તમે જોયું કે તમારે પાણી પીવું હતું એટલે તમારા દીમાગના હુકમ પ્રમાણે તમારા હાથે અમલ કર્યો અને તમે ગલાસ ઊઠાવી લીધો આ કામ કેટલું યકીન યાને ભરોસાપાત્ર છે. તેવી જ રીતે જ્યારે આ 'બોલ' મારફત તમે નિયમિત ઇબાદત કરશો અને તમને સફળતા મળશે ત્યારે તમારા ઉપર નવાજેશ કરવામાં આવશે તે વખતે તે અમલ પણ એટલો જ ભરોસાપાત્ર હશે. ત્યાર પછી તમને કોઇ જાતનો શક આવવા પામશે નહિ પણ તમે એ યાદ રાખજો કે આ નૂરના ઉપર તમારો કોઇ હુકમ નહિ ચાલે તે તમારા કાબુ બહારની વાત છે. આ તમને રાજીખુશીથી આપવામા આવશે. દુન્યવી જિંદગીમાં તમે રોજ કારોબાર કરો છો અને લેવડદેવડ કરીને વિચારી શકો છો પણ તેના જેવું ઇબાદતમાં યા તો આ શોધખોળમાં તમે કાંઇ પણ વિચારી શકશો નહિ અને તમે અગાઉથી કાંઇ પણ ધારણા બાંધી શકતા નથી. ઇબાદતમાં જેટલો પોતાનો હકનો દાવો કરી બેસશો તેટલા જ તમે તે દરવાજાને બંધ કરવાના. પણ તેના બદલે નમ્રતાથી બેસો આજીજીથી બેસો અને પ્રમાણીક પણે પ્રયાસ કર્યા કરો. મગરૂર ક્યારે પણ નહિ થતા.

જો તમને થોડોક વખત સફળતા મળવામાં લાગી જાય તો તેમાં કાંઇ અજુગતું નથી અને તેનાથી નાહિંમત થવાની

જરૂર પણ નથી, શરમની પણ વાત નથી, ફિકર પણ કરવાની નથી. આમાં નાકામીનો કોઇ સવાલ નથી અને નાકામીની કોઇ વાત પણ નથી અને નૂર મહેનત કરતાં પણ મળી નથી રહ્યું એટલે એવું વિચારીને ગલતસલત વિચાર કરવાની જરૂર પણ નથી કારણ કે આ તો તમારી ઉપર નવાજેશ કરવામાં આવશે તે તમારા કાબુની વાતતો છે પણ નહિ, આ તો યોગ્ય સમયે મળીને રહેશે. પણ તે બાબતની ધારણા તમે બાંધી શકતા નથી અને ન તો તેના બારામાં કાંઇ પણ ભવિષ્યવાણી ભાંખી શકો. કારણ કે તેની બાબતમાં તમને હમણાં કાંઇ ખબર નથી માટે તમે જ્યારે ઇબાદતમાં બેસો ત્યારે કોઇ પણ ધારણા બાંધી શકતા નથી અને ન બેસો એવો પણ વિચાર ન કરો કે હમણાં સુધી નથી તો તમે તેની કાબીલ પણ નથી. આવું કાંઇ નથી, તમે ફક્ત નમ્રતાથી બેસો અને ઇમાનદારીથી પ્રયાસ ચાલું રાખો આ જરૂર તમને આપવામાં આવશે, નહિ આપવાનું કોઇ કારણ નથી અમે તમારી સુધારણા તરફ જરૂર ધ્યાન આપશું એટલે નિયમિત પણે ઇબાદત કરજો અને નિયમિત પણે તમારી અંદર સારા સુધારા વધારા પણ કરતા રહેજો.

જ્યારે તમે લાયકાત ધરાવતા થઇ જાવ અને સફળતા પ્રાપ્ત થાય અને નવાજેશ થઇ જાય તો આ બારામાં બિલકુલ કોઇને વાત ન કરો આપસમાં પણ તમને આ બારામાં બોલવાની રજા નથી આ તમારા અને મારા વચ્ચેનો અંગત અને પ્રાયવેટ ખાનગી મામલો છે. ફક્ત તમારો અને ઇમામે ઝમાનનો ખાનગી મામલો છે. આ સંબંધને તમે જાળવી રાખજો આપણા વચ્ચેની આ બાતુની કડીને તોડતા નહિ યાને આ રાઝ કોઇને પણ

બતાવશો નહિ.

જમાનાના ઇમામ મારફત હઝરતઅલીના નૂર મારફત તે નૂર તરફ પહોંચવાની કોશીષ કરો કે જે સઘળી ચીજોથી પર છે. જેમ જેમ તમે આગળ વધતા જશો અને નિયમિત ઇબાદત કરતા રહેશો તો જ્યારે પાછા અમારી પાસે નવો 'બોલ' લેવા આવશો ત્યારે અમારી ઘણી નજીક તમે આવેલા હશો આવી રીતે નજદીક અને નજદીક આવતા જશો પણ આ બારામાં આપસમાં વાતચીત કરવી નહિ.

અમારી દુઆ છે કે ઓછામાં ઓછું એક વખત યા તો વધારે વખત તમને આ સુખ નસીબ થાય. તમે યાદ રાખજો કે અગર તમને સફળતા મળે તો તરત જ ખબર પડી જશે. તમે ક્યારે પણ એમ નહિ સમજતા કે તમે એવી વસ્તુની શોધખોળમાં છો કે જેની તમને ઓળખાણ ન પડે તમે ઓળખી જશો.

અમે દુઆ કરીએ છીએ કે આના થકી તમારૂં ઇમાન મજબુત થાય રોશની હાંસલ થાય, સુખ હાંસલ થાય અને તમારી નિયમિત ઇબાદત થાય તે માટે પણ ઉત્તમ દુઆઆશિષ ફરમાવીએ છીએ.

બાદમાં મૌલાના હાઝર ઇમામે 'બોલ' ઇનાયત ફરમાવીને તેનો અર્થ પણ સમજાવ્યો. દુઆઆશિષ આપીને ફરમાવ્યુ,

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

લીસબન, પોર્ટુગલ,

૪૩

૧૦-૪-૧૯૮૭.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

જે દિવસે વ્યક્તિ જન્મે છે અલ્લાહ તેને જીવન અને રૂહ આપે છે. અને તે આત્મા કદી મરતો નથી.

અમે અમારા રૂહાની બાળકોને હંમેશાં કહ્યું છે કે તમે તમારા જીવનમાં સમતુલા જાળવો. આપણો તરીકો એમ નથી કહેતો કે તમે આપણા તરીકાના પાલન માટે બધી જ સામાજીક જવાબદારીઓ છોડી આપો અને એમ પણ નથી સ્વીકારતો કે રૂહાની બાળકો આખી જિંદગી દરમિયાન શારીરિક અને ભૌતિકતામાં જ લાગેલા રહે.

તે ખોજ બાતુની ખોજ એ આપણા તરીકાનું એસેન્સ (તત્વ) છે. અને અમે આજે એ ઇચ્છીએ છીએ કે તમે એ સમજો કે ખોજ એ આપણી પ્રણાલીકાનો મુખ્ય ભાગ છે કે જે ઇમામ પોતાના રૂહાની બચ્ચાંઓને બતાવે છે. એ ખોજ માટે ઇમામ તેમને દોરવણી આપે છે.

તમે તમારી ખોજમાં યા તો સફળ થશો અથવા તો નિષ્ફળ થશો પરંતુ બન્નેની વચ્ચે ત્રીજી બાબત કંઇ પણ નહિ હોય. જો તમે સફળ થશો તો તેને તમે ઓળખી જશો તે સફળતા તમને છોડી ચાલી નહિ જાય. જો એ રોશની મેળવશો તો એ એવી બાબત છે કે જે તમારી સાથે જ રહેશે અને તે

તમને આખી જિંદગી દરમિયાન બળ અને રૂહાની શક્તિ આપતી રહેશે.

તમે બંદગીમાં નમ્રતા અને ખોજની ભાવનાથી બેસો અને જો તમને એ 'નૂર'ની બક્ષિશ કરવામાં આવે તો તમારે તેના આભારી થવું જોઇએ પરંતુ તેના ઉપર તમારો કોઇ હક નથી.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

દારેસ્લામ, તાન્ઝાનિયા,

૪૪

૭-૧૨-૧૯૮૮.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

આપણો તરીકો બાતુની તરીકો છે. એનો મતલબ એ છે કે દરેક રૂહાની બાળક ફક્ત મઝહબની જાહેરી બાબત ઉપર અમલ કરે એટલું પુરતું નથી પરંતુ તેઓને રૂહાની રોશની માટેની ખોજ, રૂહાની સુખ માટેની ખોજ માટે પ્રોત્સાહિત કરવા જોઇએ.

જો અમે તમને બપોરે બંદગી કરવાનું કહીએ તો તમારૂં દુન્યવી જીવન અડચણ કરશે. તમારી સામાજીક જવાબદારીઓ, તમારા કામની જવાબદારીઓ તમને બંદગી કરવામાં અડચણ કરશે. એટલા માટે જો તમે આ ખોજમાં સફળ થવાની વધુમાં વધું તકો મેળવવા માગતા હો તો જ્યારે તમે આ બધાથી મુક્ત અને એકલા હો ત્યારે 'બોલ' ઉપર એકાગ્રચિત્ત બનો... તમે ઇમામ પાસે આવવાનું પસંદ કર્યું હતું. તમને 'બોલ' આપવામાં આવે તે તમારી પસંદગી હતી અને બંદગી વહેલી સવારે કરવામાં આવે છે તે તમે જાણતા હતા એટલા માટે બૈતુલખ્યાલ સાથે બાંધછોડ ન કરો.

તમારે નમ્ર બનવું જોઇએ એ રોશની ઉપર તમારો કોઇ અધિકાર નથી. તમે એ રૂહાની રોશનીની ખોજ કરી રહ્યા છો અને ઇન્સાઅલ્લાહ એ તમને બક્ષવામાં આવશે. પણ એ તમારો હક નથી જો તમે સફળ થશો તો તમને એ રોશની આપવામાં

આવશે.

બંદગીમાં નમ્રતાથી બેસો ભૌતિક બાબતોને તમારા મનમાંથી દૂર કરો અને અધિકારના રૂએ ન બેસો, લાલચું ન બનો જો અધિકારની ભાવનાથી કે લાલચું બનવાના વલણથી જો તમે બંદગીમાં બેસો છો તો તમે એમ કહો છો કે હું નિયમિત બંદગીમાં બેઠો છું છતાં એ રોશની મળી નથી કંઇક ખોટું થયું છે. આતો દરવાજો બંધ કરવા જેવું થયું તમે તે દરવાજેથી નિકળી શકશો નહિ કારણ કે એ માનસીક વલણને કોઇ ચીજ ઉપર તમારો અધિકાર હોય તેની સાથે જોડો છો. મેં કંઇક કર્યું છે એટલે કે હું નિયમિત બંદગીમાં બેઠો છું એ રોશની મેળવવાનો મારો અધિકાર છે. એવી ભૂલ કરશો નહિ. એવી ભૂલ કરશો નહિ.

કોઇ વખતે આ ખોજ દિવસોમાં, અઠવાડિયાઓમાં, તો કોઇ વખતે વર્ષો લગાડે છે. બીજી વખતે જો તમે નસીબદાર હો તો તમે બંદગીમાં બેસો અને તમે ઘણી ઝડપથી પણ રોશની મેળવો છો. એ તમારા ઉપર આધાર રાખતું નથી. પરંતુ યાદ રાખો કે એ રોશનીનું તત્વ એ તાર્કિક ( Logic ) બાબત સંબંધિત નથી. એ આત્મિક બાબત છે અને એ તાર્કિક બાબત નથી. તેમ તેના માટે કોઇ અધિકાર નથી અને કોઇ ફરજ પણ નથી એ એવી ખોજ છે જે તમારી સ્વેછાએથી કરો છો.

૪૫

ઝાંઝીબાર, તાન્ઝાનિયા,
૮-૧૨-૧૯૮૮.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

જ્યારે બંદગીમાં બેસો ત્યારે કોઇ ભૂલ થવાના ડરથી ન બેસો જો તમે એ રોશની ન મેળવો તો કંઇ ભૂલ થઇ નથી. તમો ખોજ કરો છો પણ એ ખોજમાં કંઇ ભૂલ કરો છો તેમ નથી એટલે તેમાં તમે નિષ્ફળ ન થઇ શકો પરંતુ તેમાં તમે ફક્ત સફળ થઇ શકો છો. એમાં નિષ્ફળતા છે જ નહિ.

યાદ રાખો કે આ એક રૂહાની બાબત છે. છતાં જો તમે ઇન્સાઅલ્લાહ સફળ થશો તો તમને જરા જેટલી પણ શંકા રહેશે નહિ. તમે જાણી શકશો કે તમને સફળતા મળી છે. એ રોશની, એ સુખ, એ પ્રોત્સાહન જે તમારૂં હશે. ભલે તે સેકંડનો દસ લાખમો ભાગ હોય, ભલે થોડી સેકંડ માટે હોય, ભલે વધું સમય માટે હોય, એ રોશની જો તમે મેળવશો તો તમે તેને ઓળખી શકશો અને તમે એના માટે ચોક્કસ હશો. તમને એ રોશની મળી છે તે બાબતે તમને જરા પણ શક રહેશે નહિ. અને તે તમને રૂહાની બળ આપશે. જે ઇન્સાઅલ્લાહ તમારી જીસ્માની જિંદગી દરમિયાન તમારી સાથે હશે અને જો તમે સફળ થશો તો એ રોશની વધું અને વધું તમારા જીવનનો ભાગ બનશે (અંતર્ગત ભાગ બનશે) અને તમારો આત્મા વધું અને વધું નમ્ર બનશે બંદગીમાં બેસવાનો આ અર્થ છે.

તમે જેમ જેમ મોટા થતા જશો તેમ તેમ અમો તમને વખતો વખત નવો 'બોલ' ઇનાયત કરીશું અને એ એક કડી હશે. જેમ તમે મોટા થતાં જશો તેમ તેમ તે કડી ટૂંકી અને ટૂંકી થતી જશે એટલા સુધી કે ફકત 'રૂહ' જ બાકી રહી જશે અને નહિ કે જીસ્માની માણસ, ફક્ત 'રૂહ' જ રહી જશે.

આજે તમારામાંના દરેકને અમો અમારા સ્પેશ્યલ દુઆઆશિષો ફરમાવીએ છીએ અને તમારી સફળતા માટે દુઆ કરીએ છીએ કે તમને આ રોશની મળે કે જે તમને પ્રોત્સાહિત કરે એ તમને દોરવણી આપે તે તમને સિરાતલ-મુસ્તકીમ ઉપર મજબુત બનાવે અને તે તમને અંત વગરનું રૂહાની સુખ આપે અને અમો તમોને અમારા પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

દરખાના, કરાંચી.

૪૬ ૫-૧૧-૧૯૯૧.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમો જે ફરમાન ફરમાવી રહ્યા છીએ તે અગત્યનું છે. તેનો સંબંધ ખાસ આપણા તરીકા સાથે છે; જીસ્માની કે ભૌતિક દુનિયા સાથે તેનો કાંઇ પણ સંબંધ નથી, તેનો સંબંધ દરેક વ્યક્તિના રૂહાની ભાગ સાથે છે, રૂહ સાથે છે.

બૈતુલખ્યાલમાં દાખલ થવું અને ઇમામે ઝમાન પાસેથી ‘બોલ’ લેવો તે દરેક મુરીદ માટે ફરજિયાત નથી. જેઓ બંદગી કરવાની ઇચ્છા ધરાવે છે, જેઓ પોતાની અંગત પરિપકવતા તથા સમજની રોશનીમાં નિર્ણય લ્યે છે તેઓજ આવે છે. દુઆના સમયની તેમ જ બીજી ફરજોની તમને ખબર છે. પણ બંદગી ફરજિયાત નથી. ઇમામ એમ ફરમાવતા નથી કે તમે આવો; પણ અગર તમે તૈયાર છો અને સમય દેવા ઇચ્છો છો તો તમે આવી શકો છો અને રૂહાની ખુશીની શોધ કેવી રીતે કરવી તેની દોરવણી ઇમામ પાસેથી મેળવી શકો છો. અમો સમજીએ છીએ કે તમારા ઉપર કોઇ દબાણ નથી અને તમે તમારા દોસ્ત અથવા કુટુંબીઓના કહેવાથી અહીં આવ્યા નથી.

દરેક વ્યક્તિનો ફક્ત રૂહ અનંત છે. ભૌતિક ચીજો આવે છે અને જાય છે; આ એક કુદરતી ક્રમ છે, અલ્લાહે ઇન્સાનને એ રીતે પેદા કર્યો છે. ભૌતિક જીવન સમયના હિસાબે મર્યાદિત

છે, ઇન્સાન ભૌતિક ચીજોમાં ખોવાઇ જાય છે અને ભૂલી જાય છે કે રૂહ અનંત છે. બંદગી માટે આવનારા બીજી ફરજો ઉપરાંત રૂહાની રોશની મેળવવા માટે વધારે સમય આપવા ઇચ્છે છે તે તેમની પોતાની મરજી છે. પણ આ એક મુશ્કિલ બાબત છે.

ઇસ્લામમાં બે વિભાગો, બે તરીકાઓ છે. એક જાહેરી તથા બીજો બાતુની. બાતુની વિભાગ વ્યક્તિગત રૂહાની ખુશી શોધવાની પ્રેરણા આપે છે. આ બાબત શિયા વિભાગમાં મૌજુદ છે પરંતુ ખાસ શિયા વિભાગમાં જ નહિ, સુન્ની વિભાગમાં પણ એવા તરીકાઓ છે જેઓ રૂહાની રોશનીની શોધ કરે છે જેમ કે સૂફી તરીકો અને તમારામાના ઘણાઓને ખબર છે કે સૂફી પ્રણાલિકા શું છે. શિયા વિભાગમાં રૂહ અને અક્કલની ભૂમિકા મહત્વતા ધરાવે છે.

તમે જો બંદગીમાં બેસો તો સફળતા એ તમારો હક થઇ જતો નથી. તે તમારો હક નથી, ફક્ત બેસવાથી જ તે તમારો હક બની જતો નથી. અગર તમને તરસ લાગી હોય તો તમારૂં મગજ તમારા હાથને હુકમ કરે છે. અને તે પાણીનો ગલાસ તમારા મોઢા સુધી લઇ જાય છે. આ પ્રમાણે 'કારણ અને અસર'નો એક સંબંધ બને છે. પરંતુ બંદગીમાં હુકમ નથી, રૂહાની બાબતોમાં હુકમ નથી; કદાચ તે તમને એકવાર મળે, કદાચ બેવાર મળે અને કદાચ 'તે' તમને ક્યારેય ન મળે. તેમાં તમારો હક નથી. બંદગી વખતે તમે નમ્રતામાં બેસો, અમનમાં બેસો, દરેક ભૌતિક ચીજને રોકીને ખુલ્લા દિલ સાથે બેસો અને 'બોલ' ઉપર ધ્યાન આપો. ભૌતિક ચીજોના ખ્યાલ સાથે

ન બેસતાં; તેનાથી તમને એક ધ્યાન થવામાં અડચણ થશે અને તે જ કારણે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે.

આ શબ્દ અમને પસંદ નથી છતાં તેનો ઉપયોગ કરીએ છીએ અને તેનું વર્ણન કરીએ છીએ કે અક્કલી અથવા રૂહાની રીતે કોઇ ચીજ ઉપર દાવો કરવો, કોઇ ચીજ ઉપર જબરદસ્તી હક દર્શાવવો - પોતાની અગત્યતા જાહેર કરવી, કોઇ ચીજ ઉપર જબરદસ્તી દાવો કરવો, એ સફળતાના માર્ગમાં એક દિવાલ છે. બંદગીમાં તમે શોધ, નમ્રતા, સ્વાધિનતા અને ઇશ્ક સાથે બેસો. અગર તમને સફળતા પ્રાપ્ત થશે તો તેના સંબંધી તમને કોઇ શક ન રહે એટલી તે તાકાતવાળી હશે. તે ફક્ત એક પળ માટે નહિં પણ વરસો સુધી તમારી સાથે રહેશે; તેમાંથી તમને રૂહાની રોશની મળશે જે તમારી પોતાની અંગત તથા વ્યક્તિગત હશે, જે તમારા પાસેથી કોઇ લઇ શકતું નથી, જેને તમોએ જીસ્માની રીતે નહિં પણ પોતાના રૂહમાં હાંસલ કરી હશે. એ બની શકે છે કે તે એક સેકન્ડના દસ લાખમાં હિસ્સા માટે તમને અસર કરે, એમ પણ બની શકે છે કે તે આવે અને ચાલી જાય પણ તેની ખુશી હંમેશાં તમારા દિલમાં, તમારા રૂહમાં કાયમ રહેશે.

આ ખુશીનો ઉલ્લેખ કોઇ પાસે નહિં કરજો. આ કોઇ ભૌતિક ચીજ નથી કે જેનું શબ્દોમાં વર્ણન થાય. તેમાં તમારૂં ભાગીદાર કોઇ નહિં હશે. અગર ઇમામ પોતે ચાહે કે તેનું સ્પષ્ટ રીતે વર્ણન કરે તો તેઓ માટે પણ તે મુશ્કિલ હશે અને જો ઇમામ માટે મુશ્કિલ છે તો તે તમારા માટે અતિ મુશ્કિલ

હશે. તેથી, આ બાબતનો કોઇ પાસે ઉલ્લેખ નહિં કરો; આ ખુશીને પોતાની પાસે જ રાખો, તે તમારી પોતાની છે. 'બોલ' કોઇને પણ ન કહો. 'બોલ' ઇમામ તરફથી મુરીદ માટે છે, બીજા કોઇ પાસેથી નહીં. આ એક અમાનત છે, બીજાઓને કહીને તે અમાનતને તોડી ન દો.

અમો સફળતા અને ખુશી વચ્ચેના તફાવતનું વર્ણન કરીશું. કેટલાક રૂહાની બાળકોએ જણાવ્યું છે કે 'અમે બંદગીમાં સફળ થયા નથી અને તેથી અમે નાખુશ છીએ' અમોએ તેમને ફરમાવેલ છે કે તમોએ સમજવામાં ભૂલ કરી છે. બંદગીમાં નાખુશી છે જ નહીં કેમ કે તમે કોઇ ખોટું કામ કર્યું નથી. એ તમારો હક નહોતો કે તમે સફળ થાવ. તે તમને મળે અથવા ન પણ મળે. તમે હુકમ કરી શકતા નથી કે ૨૦, ૪૦, ૬૦ અથવા ૧૦૦ વર્ષની ઉંમરે મળે. તે ઉપર તમારો કોઇ અધિકાર નથી, કોઇ હુકમ નથી પરંતુ ફક્ત બેસવું અને શોધવું એજ તમને ખુશી ઇનાયત કરશે. નિષ્ફળતાની બીક અથવા ડર સાથે ન બેસો, તેમાં નિષ્ફળતા છે જ નહીં. નિષ્ફળતાનો સંબંધ રોજીંદા જીવનની ખોટા તથા ખરાની વિચારસરણીઓ સાથે છે. અહીં આપણે શોધ કરવા આવીએ છીએ અને ખુશી સાથે બંદગીમાં બેસીએ છીએ. જેઓ બંદગીમાં બેસે છે તેઓ ખાસ કરીને અમારી નજીક છે. નિયમિતતા રાખો, હિંમત રાખો અને નાખુશ ન થાઓ. એમાં નિષ્ફળતા છે જ નહિ; થઇ શકે છે કે, બંદગી માટે બેઠક કરવામાં તમે નિષ્ફળ થાવ પરંતુ બંદગીમાં નિષ્ફળતા નથી. કારણ કે સફળતા એ તમારો હક નથી તેથી તેમાં નિષ્ફળતા પણ નથી. બંદગીમાં બેસવું એજ એક રહેમત છે. નિષ્ફળતાનો

ખ્યાલ તમારા માટે અકક્લી તથા માનસીક બોજ બનવો ન જોઇએ. શક ન લાવો કે તમે કોઇ ભૂલ કરી રહ્યા છો. આમ કરવાથી તમે બંદગી સાથે ખરા અને ખોટાની વિચારસરણીને સાંકળી દેશો. બંદગીમાં કોઇ ભૂલ હોતી નથી, તમારા દિલમાં કોઇ ભૂલનો અહેસાસ પેદા થવા ન દો, અમન અને સુકુનની હાલતમાં બેસો.

આ બાબત રૂહાની છે. જો તમે બંદગીમાં ભૌતિક ચીજોનો ખ્યાલ કરશો તો રોશની મેળવવી તમારા માટે મુશ્કિલ થઇ જશે. તે માટે બંદ્દગી વહેલી સવારે કરવામાં આવે છે. જો અમો તમને દિવસના સમયમાં બંદગી કરવાનો હુકમ કરીએ તો તમે દુન્યવી ચીજો વિષે વિચારવા લાગશો અને સફળતાના સંજોગો ઓછા થઇ જશે. સવારના સમયે બીજા લોકો સૂતા હોય છે, ભૌતિક જીવન હોતું નથી અને સફળતાના સંજોગો વધારે હોય છે.

ઇન્સાનમાં ઘણી કમજોરીઓ હોય છે. અગર તમે બિમાર હો અથવા અમારી રૂહાની દિકરીઓ ગર્ભવતી હોય તો ત્યારે તમે બંદગી ન કરો. આ એક સામાન્ય કાયદો છે. તમે જ્યારે જીસ્માની રીતે લાયક હો કે ભૌતિક ચીજોને તમે એક તરફ કરી શકો ત્યારે તમે બંદગી કરો. અમને પૂછવામાં આવ્યું છે કે જેઓ રાતના સમયે કામ કરે છે મિસાલ નર્સો, ડૉક્ટરો વિગેરે, તેઓ શું કરે ? અમારા ખ્યાલ મુજબ તમે બધા તમારા પરિપક્વ તથા સારા નિર્ણયોના માલિક છો. અગર તમે બંદગીના સમયે કામ કરો છો તમે બંદગીના સમયમાં ફેરફાર કરો, ન કે તમારા

કામના સમયમાં અને રાત દરમ્યાનના બીજા કોઇ સમયે બંદગી કરો. આ સમય અમે તમારા નિર્ણય ઉપર મુક્યો છે પરંતુ રાતના સમયમાં બેસો, દિવસના સમયે નહીં.

જેમ જેમ તમે ઉમરમાં મોટા થતા જશો તેમ તેમ રૂહાની બાબતો વધારે મહત્વની થતી જશે. જો તમે સફળ થશો તો અમે તમને બીજો 'બોલ' ઇનાયત કરીશું જે હ.અલીના નૂર અને દરેક મુરીદના રૂહ વચ્ચે એક સાંકળ હશે. આ સાંકળને ટૂંકી કરો, નિયમિત રીતે બંદગી કરો. અમો તમને 'નક્સ' ઇનાયત નહિં કરીએ કારણ કે 'બોલ' કેવી રીતે લખાય છે તે તમે જાણી લેશો. તમારા ધ્યાનની આસાની માટે 'બોલ'નું લખાણ સુત્ર તમે તમારી વિચારસરણીમાં લાવી શકો છો. આ તમારો પોતાનો અધિકાર છે. તે તમારો 'નક્સ' નહિં હોય. તમે 'બોલ' થકી અલીના નૂર વડે તેની નજદીક, વધુ નજદીક આવવાની કોશિશ કરો જે સર્વે ચીજોથી ઉપર છે.

અમો તમને ખાસ ખાસ ઉમળકાભર્યા દુઆઆશિષ ફરમાવીએ છીએ અને તમારા હકમાં દુઆ કરીએ છીએ કે તમને રૂહાની રોશની હાંસલ થાય, રૂહાની સુખ હાંસલ થાય; તે રોશની તમારી જિંદગીને-તમારી રૂહાની જિંદગીને રોશન કરે, તમને સિરાતલ-મુસ્તકીમ (સતપંથ) ઉપર કાયમ રાખે, તે તમને હ.અલીના નૂરની નજીક લઇ આવે અને તે હંમેશા તમારી સાથે રહે. અમો તમો સર્વેને બૈતુલખ્યાલમાં કબૂલ ફરમાવીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમે સફળ થાઓ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૪૭

કરાંચી, પાકિસ્તાન
૮-૧૧-૧૯૯૧.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમે તમને ભારપૂર્વક ફરમાવીએ છીએ કે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે દુન્યવી ફિકર ચિંતાઓ સાથે બેસો નહિ. તેને તમે દૂર કરો કારણ કે તે તમને એકાગ્રતામાં અડચણ રૂપ બનશે.

આ રોશની મેળવવી એ તમારો અધિકાર નથી એ એક આશિર્વાદ છે કે તે તમને બક્ષવામાં આવે છે. એ તમારા જીવન દરમ્યાન ક્યારે આપવામાં આવશે તે તમે જાણતા નથી એ એક વખત આપવામાં આવે, બે વખત આપવામાં આવે તે કદી પણ ન આપવામાં આવે, કદી પણ ન આપવામાં આવે, પરંતું અગત્યની બાબત એ છે કે તમે સમજો કે બંદગીમાં તમે બેસો તો તેના ઉપર તમારો અધિકાર નથી અને એટલા માટે બંદગીમાં તાબેદારીની ભાવનાથી અક્કલ અને રૂહાની વલણથી ખોજ કરો.

બંદગીમાં નિષ્ફળતા જેવું કંઇ નથી સવારે ઊઠવામાં નિષ્ફળ જઇ શકો છો. પરંતુ બંદગીમાં કોઇ નિષ્ફળતા નથી જો તેના ઉપર અધિકાર નથી તો નિષ્ફળતા પણ નથી બલ્કે તમે બંદગીમાં બેસો છો તે જ એક રહેમત છે.

જ્યારે તમે બંદગીમાંથી ઊઠશો ત્યારે ખુશ હશો. તમે

કદાચ વધું ખુશ હશો જો તમે તે રોશની મેળવી હશે. તમે એક વખત સફળ ન થાઓ, બે વખત અથવા ઘણાં વર્ષો અથવા તેનાથી વધારે સમય સુધી સફળ ન થાઓ તો પણ તે બૌદ્ધિક રીતે કે માનસીક રીતે બોજો બનવો ન જોઇએ.

જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે ખુશી સાથે બેસો તમારા હૃદયને ખુલ્લું રાખો. ભૌતિક બાબતોને તમારા મનમાંથી કાઢી નાખો અને તે રોશની મેળવો જો તમે એ રોશની મેળવશો તો તમને તેના બારામાં કંઇ પણ શક નહિ રહેશે તે એટલું મજબુત અને એટલું શક્તિશાળી હશે કે જે આખી જિંદગી સુધી તમારી સાથે રહેશે અને તે એવી રોશની નહિ હોય કે જે તમને સુખ આપી ચાલી જાય તે આવી અને ચાલી જાય તેવું નહિ બને. તે કદાચ આવે અને જાય પરંતુ તે સુખ તમારા દિલમાં, તમારા રૂહમાં, આખી જિંદગી સુધી તમારી સાથે હશે. જે તમને રૂહાની શક્તિ , રૂહાની સુખ અને રૂહાની હિંમત આપશે.

એટલા માટે એ અગત્યનું છે કારણ કે તમે એ વ્યક્તિગત રીતે મેળવો છો. ઇમામ માટે પણ તેનું વર્ણન કરવું મુશ્કેલ હોય છે. તો તમારા માટે તેનું વર્ણન કરવું બિલકુલ મુશ્કેલ હશે એટલા માટે તેની ચર્ચા કે વર્ણન કરવાની કોશિષ ન કરશો.

'બોલ' ઉપર એકાગ્રચિત્ત બનો રૂહાની રીતે હઝરતઅલીના નૂર દ્વારા તેની નજદીક આવવાની કોશિષ કરો કે જે સર્વેથી ઉપર છે તે રોશની શોધો. અને તેની નજદીક આવવાની કોશિષ કરો કે જે સર્વેથી ઉપર છે. 'બોલ'નો આ અર્થ છે. પ્રતિક રૂપે 'શબ્દ' ઉપર એકાગ્રચિત્ત બનો. અને તે શબ્દ દ્વારા તેની નજદીક

આવવાની કોશિષ કરો કે જે સર્વેથી ઉપર છે.

અમો તમો દરેકને ફક્ત દુઆઆશિષ આપતા નથી પણ દુઆ કરીએ છીએ કે તમો બંદગીમાં સફળ થાઓ તમારામાંથી દરેક જણ સફળ થાય તમને રૂહાની સુખ મળે જેનાથી તમને રૂહાની બળ મળે અને તે રોશની તમારા જીવનમાં ઉજાસ આપે તમારી જિંદગીમાં તમારી રૂહાની જિંદગીમાં ઉજાસ આપે. અને અમે અમારા ઉત્તમ સ્પેશ્યલ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૪૮

કરીમાબાદ, કરાંચી,
૧૨-૧૧-૧૯૯૧

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

બંદગીનો સંબંધ એ બાબત સાથે છે કે જે દુન્યવી નથી. તેનો સંબંધ એ બાબત સાથે નથી કે જે આ પૃથ્વી ઉપર રહેનારા પુરૂષો અને સ્ત્રીઓના ભૌતિક જીવનને અસર કરે છે. તે દરેક વ્યક્તિના એ ભાગને અસર કરે છે કે જે અનંત છે અને વ્યક્તિના ફક્ત એ જ ભાગને તે અસર કરે છે કે જે અનંત છે અને તે ભાગ તેનો યા તેણીનો રૂહ છે. આ બ્રહ્માંડની દરેક ચીજ કે જે ભૌતિક છે. આવે છે અને જાય છે. તેની જિંદગી મર્યાદિત સમય માટે હોય છે. આપણા તરીકામાં, જેમ ખરેખર ઇસ્લામના બીજા તરીકાઓમાં છે તેમ એક એવી પ્રેક્ટીસ અમલમાં છે જેમાં વ્યક્તિઓ પોતાના મઝહબની સામાન્ય પ્રેક્ટીસ કરવા ઉપરાંત રૂહાની રોશનીની, રૂહાની ખુશીની અને રૂહાની શક્તિની શોધખોળ કરી શકે છે અને તે એ શોધખોળ છે કે જેને તમે જેમાં દરરોજ રહો છો એ ભૌતિક દુન્યવી વાતાવરણ સાથે કાંઇ લાગતું વળગતું નથી અને આ કારણથી તે એ બાબત છે કે જે સંપૂર્ણપણે અંગત છે અને જે સંપૂર્ણપણે વ્યક્તિગત છે. રૂહાની રોશની માટેની આ શોધખોળ અમારા મુરીદો ઉપર ફરજિયાત નથી. ઇમામ પોતાના મુરીદોને એમ ફરમાવતા નથી કે તમારે આવવું જોઇએ અને બૈતુલખ્યાલમાં બેસવું જોઇએ

તેમજ તમારે આવવું જોઇએ અને 'બોલ' લેવો જોઇએ. ઇમામ પોતાના મુરીદોને ફરમાવે છે કે જો તમે તે શોધખોળ કરવાની ઇચ્છા રાખો છો, જો તમને જણાય છે કે પોતાના મઝહબ માટે વ્યક્તિગત શોધખોળ માટે અને રૂહાની ખુશી માટે સમય આપવા તમે રૂહાની રીતે તૈયાર છો તો તમે ઇમામ પાસે આવી શકો છો, અને તે શોધખોળ કઇ રીતે કરવી એ માટે તેની સલાહ, તેની હિદાયત અને તેનું માર્ગદર્શન લઇ શકો છો. અને તેથી અમો ધારી લઇએ છીએ કે આજે તમો સઘળા અહીં આવ્યા છો તે એ કારણથી આવ્યા નથી કે તમને અહીં આવવા માટે કહેવામાં આવ્યું છે; પણ તમે અહીં આવ્યા છો કારણ કે વ્યક્તિગત રીતે રૂહાની રોશનીની શોધખોળ કરવાની તમારી ઇચ્છા છે. તમે અહીં એ કારણથી આવ્યા નથી કે લોકોએ તમને કહ્યું છે કે તમારે અહીં આવવું જોઇએ અથવા તમારા દોસ્ત-બિરાદરો યા તમારા કુટુંબીજનોએ તમને કહ્યું છે કે તમારે અહીં આવવું જોઇએ. તમો અહીં એ કારણથી આવ્યા છો કે આજ બપોરે અમારા સમક્ષ હાઝર થયેલ દરેક વ્યક્તિગત મુરીદે નક્કી કરેલ છે કે ઝમાનાના ઇમામની હિદાયત અને માર્ગદર્શન હેઠળ તેની પોતાની રીતે રૂહાની રોશનીની શોધખોળ કરવાની તેની ચાહના છે.

આ શોધખોળ ઇસ્લામની સુન્ની પ્રણાલિકા કરતાં શિયા પ્રણાલિકામાં વધુ સામાન્ય છે. પરંતુ સુન્ની પ્રણાલિકામાં પણ એ તરીકાઓ છે જે રૂહાની રોશની માટેની શોધખોળની પ્રેકટીસ કરે છે. તે એ શોધખોળ છે કે જે મુસલમાનો કરે છે અને આપણી બાબતમાં જમાતના સભ્યો એ પાયા ઉપર કરે છે કે

મઝહબની સામાન્ય પ્રેકટીસ કરવા ઉપરાંત તે શોધખોળ કરવાનો દરેક મુરીદનો હક અને અધિકાર છે અને એવી ખાત્રી સાથે કરે છે કે એવાઓ હશે કે જેઓ સફળ થશે અને જેઓ એ રોશની મેળવશે અને ઇન્સાઅલ્લાહ તે રૂહાની રોશની હશે અને તે એ રોશની હશે કે જે તમને એવી ખુશી અર્પણ કરશે જે તમારી આસપાસની ભૌતિક દુનિયાની કોઇ પણ ચીજ જેવી નહિં હોય. અમો તમને ભારપૂર્વક ફરમાવવા ઇચ્છીએ છીએ કે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમારે ભૌતિક દુન્યવી બાબતોની ફિકરો સાથે બેસવું ન જોઇએ. તેને એક તરફ કરી દો, કેમ કે તે તમારી એકાગ્રતામાં દખલ કરશે અને ઘણાં કારણોમાંનું આ એક કારણ છે કે જે માટે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે. સૌથી પહેલાં એ માટે કે આ તે સમય છે કે જ્યારે મોટા ભાગના લોકો આરામ કરતા હોય છે, તેથી ઉલ્ટું આ તે સમય છે કે જ્યારે ઇબાદતની પ્રેકટીસ કરવાની ઇચ્છા રાખનાર આગળ આવશે અને શાંતિ તથા સુકુનથી પોતાની બંદગીની પ્રેકટીસ કરશે. બીજુ અમો તમને ભારપૂર્વક ફરમાવવા માગીએ છીએ કે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમે 'હક અને અધિકાર'ના વલણ સાથે ન બેસો 'હક અને અધિકાર'થી અમો શું કહેવા માગીએ છીએ ? જો તમને તરસ લાગી હોય તો તમારી અક્કલ તથા તમારૂં મગજ તમારા હાથને પાણીનો જગ યા પાણીના ગલાસને ઉપાડવા હુકમ કરે છે, અને તમારૂં મન તમારા હાથને પાણી તમારા મોંઢા સુધી લઇ આવવાનો હુકમ કરે છે. આ 'કારણ અને અસર'નો એક સંબંધ છે, જે રૂહાની બાબતોમાં હોતો નથી. તે એમ નથી કારણ કે તમે બંદગીમાં બેસશો તો

તેથી તે રોશની ઉપર તમને આપમેળે હક હાંસલ થઇ જશે. તે રોશની મેળવવાનો કોઇ હક નથી. તે એક રહેમત છે કે જે તમને તમારી જિંદગીમાં એ સમયે આપવામાં આવે છે જેની તમને ખબર હોતી નથી. થઇ શકે છે કે તે તમને એકવાર આપવામાં આવે, થઇ શકે છે કે તે બેવાર આપવામાં આવે, થઇ શકે છે કે તે ક્યારેય આપવામાં ન આવે, થઇ શકે છે કે તે ક્યારેય આપવામાં ન આવે. પરંતુ મહત્વની વસ્તુ જે તમારે સમજવાની છે તે એ છે કે જો તમે બંદગીમાં બેસો તો સૌ પ્રથમ તમારો કોઇ હક હોતો નથી, તેથી તમારે શોધખોળ અને આધિનતાના અક્કલી તથા રૂહાની વલણ સાથે બેસવું જોઇએ.

બીજું કે તેમાં કોઇ નિષ્ફળતા નથી. અને આ વાત ઘણી મહત્વની છે. કે તેમાં કોઇ નિષ્ફળતા નથી સવારે બંદગી માટે ઉઠવામાં તમે નિષ્ફળ થઇ શકો છો પણ જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે એવી કોઇ નિષ્ફળતા નથી હોતી અને અમોને આ વાત સમજાવવા દો. જો તે તમારો હક નથી, તો તેમાં કોઇ નિષ્ફળતા પણ નથી. એ હકીકત કે તમે બંદગીમાં બેસો છો તે ખુદ એક રહેમત છે; અને ઇન્શાઅલ્લાહ જ્યારે તમે બંદગીમાંથી ફારેગ થશો ત્યારે તમે ખુશ હશો, જો તમે તે રોશની મેળવી હશે તો કદાચ તમે વધારે ખુશ થશો. પરંતુ તમે એકવાર કે બેવાર અથવા વર્ષો સુધી કે તેથી પણ વધુ વખત સુધી નિષ્ફળ થઇ શકો છો, એ હકીકત તમારા ઉપર અક્કલી કે માનસીક રીતે બોજારૂપ બનવી ન જોઇએ. તમારે ક્યારે પણ તમારા મનમાં શક પેદા થવા દેવો ન જોઇએ કે તમે કંઇક ખોટુ કરી રહ્યા છો અથવા તમે નિષ્ફળ જઇ રહ્યા છો; કારણ કે અગર

તમે તેમ કરશો તો તમે બંદગીમાં બેસવાની હકીકત સાથે 'ખરા અને ખોટા' વિષેની માનવ વિચારસરણીને સાંકળી દેશો, અને બંદગીમાં કંઇપણ ખોટું હોતું નથી આથી જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે ખુશ રહો, ખુલ્લા દિલ સાથે બેસો અને તમારા મનમાં રહેલી સઘળી દુન્યવી બાબતોથી છૂટકારો મેળવી લો અને તે રોશનીની શોધ કરો. જો તમે તે રોશની મેળવી લો છો તો તમને એમાં કોઇ શક રહેશે નહિં કે તમે તે મેળવી લીધી છે, કેમ કે તે એટલી શક્તિશાળી હશે અને એટલી તાકાતવર હશે કે તે તમારા પૂરા વજુદમાંથી પસાર થઇ જશે. અને તે એવી રોશની નથી કે જે તમને ક્ષણિક ખુશી આપે; તે એવી નથી કે જે આવે અને તરત ચાલી જાય કદાચ એમ બને કે તે આવે અને પાછી ચાલી જાય પણ તેની ખુશી તમારા દિલમાં અને તમારા રૂહમાં ઇન્શાઅલ્લાહ બની શકે છે કે તમારી પૂરી જિંદગી પર્યંત રહેશે. અને તે તમને રૂહાની બળ અને રૂહાની ખુશી તથા રૂહાની હિંમત આપશે. તેથી તે એક અગત્યની બાબત છે અને તે એ બાબત છે કે જેને તમો દરેક વ્યક્તિગત રીતે શોધી રહ્યા છો. આ પ્રકારની બાબતને સ્પષ્ટપણે સમજાવવી એ ઝમાનાના ઇમામ માટે પણ અઘરું છે અને જો તે અમારા માટે અઘરું છે તો તમારા માટે તો અત્યંત મુશ્કિલ હશે. તેથી તમારા આપસમાં તેની ચર્ચા કરવાની કોશિષ ન કરો. અગર તમે સફળ થાઓ છો, તો તે ખુશીને તમારા પોતા સુધીજ રાખો. તે અંગત છે અને તે વ્યક્તિગત છે. જો તમે બીજાઓને તેમાં શામિલ કરવાની કોશિષ કરશો તો પણ તેમાં તમે નિષ્ફળ જશો, કારણ કે તેની આપ-લે થઇ શકતી નથી. એ રોશનીનો

અનુભવ તે મુરીદ માટે વ્યક્તિગત હોય છે જે તેમાં સફળ થયો હોય અને તેથી તેની ચર્ચા બહાર નહિં કરો. અગર તમે સફળ થયા હો તો કોઇને કહેવાની તમને જરૂર નથી. તે આંતરિક ખુશીને તમારા પોતાની સુધી જ રાખો. બીજાઓ સમક્ષ 'બોલ'ને જાહેર ન કરો. 'બોલ' ઇમામ તરફથી આજે અહીં આવેલા દરેક મુરીદ માટે છે, બીજા કોઇ માટે નથી. જો તમે સફળ થાઓ છો તો અમો તમને હવે પછી બીજો 'બોલ' આપીશું. અને અમો આશા રાખીએ છીએ કે તમે સફળ થશો અને અમો આશા રાખીએ છીએ કે તમારા જીવનકાળ દરમ્યાન એ રૂહાની જોડાણ વધું અને વધું ટૂંકુ થતું જશે, કારણ કે યાદ રાખો કે માત્ર એક જ ચીજ છે કે જે અનંત છે તે રૂહ છે. અન્ય કોઇ વસ્તુ નથી. અહીં આવેલા તમારામાંના દરેકે દરેકને અમો સફળતા માટે દુઆઆશિષો ફરમાવીએ છીએ અને હવે અમો તમને 'બોલ' આપીશું. જો તમે તેને તરત જ બરાબર રીતે સમજી ન શકો તો તેની ફિકર કરશો નહી, અમો તમને તે ફરીવાર બતાવીશું અને અમારા સિધાવ્યા બાદ અમારા મિશનરી દ્વારા તમને તે ફરીવાર બતાવવામાં આવશે. અમો તમને 'નકસ' નહીં આપીએ અમો તમને ફક્ત 'બોલ' આપીશું. અને એમ કરવાનું કારણ એ છે કે 'બોલ' કઇ રીતે લખાય છે તે તમે જાણી લેશો તથા તમે ઓળખી લેશો. એમ કરવાનો મકસદ તમને તમારી એકાગ્રતામાં મદદ કરવાનો છે. 'બોલ' ઉપર એકાગ્રચિત્ત થાઓ, હઝરત અલીના નૂર (રોશની) થકી રૂહાની રીતે તેની નજદીક આવવાની કોશિષ કરો કે જે બીજા સર્વેથી ઉપર છે. તે રોશનીને શોધી કાઢો અને તેની નજદીક આવવાની

કોશિષ કરો કે જે બીજા સર્વેથી ઉપર છે. 'બોલ'નો એજ અર્થ છે. તેથી પ્રતીકરૂપે શબ્દ ઉપર એકાગ્રચિત્ત થાઓ અને શબ્દ થકી તેની નજદીક, વધુ નજદીક અને વધુ નજદીક આવવાની કોશિષ કરો કે જે બીજા સર્વેથી ઉપર છે.

અહીં હાઝર રહેલા તમારામાંના દરેકે દરેક ઉપર અમો ફક્ત અમારા દુઆઆશિષોની જ નવાજીશ નથી કરતા પરંતુ અમો તમને તમારી બંદગીમાં સફળતા માટે દુઆ પણ ફરમાવીએ છીએ. તમારામાંના દરેકે દરેકને માટે દુઆ ફરમાવીએ છીએ કે તમે સફળ થાઓ, તમને રૂહાની રોશની મળે, તમને રૂહાની બળ મળે અને એ કે તે રોશની તમારી જિંદગીને, તમારી રૂહાની જિંદગી ને તમારી પૂરી જિંદગી સુધી રોશન રાખે. અમો તમને અમારા ઉત્તમ, ઘણાજ ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

એક નાની બાબત છે અને તે મહત્વની છે. દરેક માનવી શારીરિક શક્તિ અને શારીરિક અશક્તિનો અનુભવ કરે છે. જ્યારે તમે બિમાર હો ત્યારે બંદગીની પ્રેકટીસ ન કરો એવી જ રીતે અમારી રૂહાની દિકરીઓ જ્યારે બાળકોને યા બાળકને જન્મ આપવાની અવસ્થામાં હોય ત્યારે બંદગી ન કરે. બંદગી એ વખતે કરો કે જ્યારે તમે ભૌતિક દુનિયાને એક તરફ કરી દેવા માટે શારીરિક રીતે શક્તિમાન હો, જેથી તે તમારા એક ધ્યાન થવામાં દખલ ન કરે. અમો તમને બંદગીમાં બેસવાની વ્યવહારું વિગતો આપીએ છીએ તેનું આજ કારણ છે. અમો

ફરીવાર તમને ઇબાદતમાં સફળતા મળે એ માટે ખાસ દુઆઆશિશો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અકબર અલીએ (હાઝરઇમામના એસ્ટેટ એજન્ટ) અમોને જણાવ્યું છે કે અમો તમને એ વાતની ખાત્રી કરાવીએ કે અમોએ તમો સર્વેને બૈતુલખ્યાલમાં કબુલ ફરમાવ્યા છે. અમો ધારીએ છીએ કે અમારા ફરમાનથી એ વાત સ્પષ્ટ થઇ ગઇ છે, નહિંતર અમોએ તમને 'બોલ' આપ્યો ન હોત, તેની ખાત્રી રાખો. પણ અમો તમને બૈતુલખ્યાલમાં કબુલ ફરમાવીએ છીએ.

અમો તે નવયુવાન મુરીદોને કે જેઓ અહીં હાઝર નથી અને જેઓએ બૈતુલખ્યાલમા દાખલ થવા માટે ઇચ્છા દર્શાવી છે, કબુલ ફરમાવીએ છીએ, અમો તેઓને કબુલ ફરમાંવીએ છીએ અને તેમને એ લોકો દ્વારા કે જેઓ તેમને 'બોલ' પહોંચાડશે, 'બોલ' આપીએ છીએ.

અમો ફરીવાર સફળતા માટે ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ અને યાદ રાખો કે તેમાં કોઇ નિષ્ફળતા નથી, તેમાં કોઇ નિષ્ફળતા નથી, કોઇ નિષ્ફળતા નથી. આથી જો તમે બંદગીની પ્રેકટીસ કરો અને તમને તે રોશની હાંસલ ન થાય ત્યારે તમે રૂહાની અસંતોષનો કે અપરાધ કર્યાનો અહેસાસ ન રાખો. જ્યારે તમે દુન્યવી બાબતમાં કંઇક ખોટું કરો તો તમને અપરાધ કર્યાનો અહેસાસ થાય, પરંતુ જ્યારે તમે બંદગીમાં બેસો અને જો તમે સફળ ન થાઓ તો તે અહેસાસને તમારી પ્રેકટીસમાં નડતરરૂપ બનવા ન દો, તેને તમારા મનમાં પ્રશ્નો

પેદા કરવા ન દો. યાદ રાખો કે શાંતિ અને સુકુનથી બેસો અને દુન્યવી બાબતોને તરક કરી દો અને તમારા 'બોલ' ઉપર એકાગ્રચિત્ત થાઓ. અને યાદ રાખો કે તમે બંદગીમાં અમને ખાસ રીતે નજદીક હો છો.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

(પહેલા માળે પધારી ફરમાવ્યું )

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

તમોએ અમારા ફરમાન સાંભળ્યા છતાં પણ અમારી ઇચ્છા છે કે અમો તમારામાંના એક એક તરફ નિગાહ કરીએ અને અમો પોતે તમને 'બોલ' આપીએ. તેનો અર્થ થાય છે; તે કે જે બીજા સર્વેથી ઉપર છે, આ પૃથ્વીથી ઉપર, બહ્માંડથી ઉપર, સમયથી ઉપર, ઇન્સાનની અક્કલથી ઉપર- તે કે જે બીજા સર્વેથી ઉપર છે. પ્રતિકરૂપે, રૂહાની રીતે, હઝરત અલીના નૂર (રોશની) થકી તેની નજદીક આવવાની કોશિષ કરો કે જે બીજા સર્વેથી ઉપર છે. અને યાદ રાખો કે જ્યારે તમે બંદગીમાં બેસો તો તમારે ખુશી સાથે બેસવું જોઇએ અને ખુશી સાથે બંદગીમાંથી ફારેગ થવું જોઇએ. અને જો તમે સફળ થાઓ છો, જે ઇન્શાઅલ્લાહ તમારામાંના દરેક તમારા જીવન દરમ્યાન ઓછામાં ઓછું એક વખત સફળ થશો, તો તે રોશની અને ખુશીને તમારા પોતા સુધીજ રાખો અગર તે તમને હાંસલ નથી થઇ તો નાખુશીનો કે અપરાધ કર્યાનો અહેસાસ ન રાખો કેમ કે બંદગીમાં બેસવાની હકીકતજ, જેમ અમોએ ફરમાવ્યું છે તેમ એક રહેમત છે. અને અમોએ તમને હમણાં જ ફરમાવ્યું કે

જેઓ બેસે છે, તેઓ અમને ખાસ રીતે નજદીક હોય છે. તેથી નિયમિત રહો, હિંમત રાખો, આ કામ મુશ્કિલ છે અને મહેનત માગી લે છે પરંતુ જો તમે અમુક સમયમાં સફળ ન થાઓ તો નાખુશ નહિં થશો. એક શબ્દ કે જે અમોને પસંદ નથી પણ અમો તેનો ઉપયોગ કરીશું. અમો તેનો ઉપયોગ તમને એ જાતના વલણને સમજાવવા માટે કરીશું કે જે તમારી સફળતામાં નડતરરૂપ બની શકે છે. અને તે છે, અકકલી અથવા રૂહાની રીતે કોઇ ચીજ ઉપર દાવો કરવો, કોઇ ચીજ ઉપર જબરદસ્તી હક દર્શાવવો-પોતાની અગત્યતા જાહેર કરવી (Intellectual or Spritual pretension) કોઇ ચીજ ઉપર દાવો કરવાનું વલણ (Pretensiousness) એ બંદગીમાં સફળતાના માર્ગમાં એક દિવાલ છે બંદગી એ શોધખોળનો, નમ્રતાનો, આધિનતાનો તથા મોહબ્બતનો અમલ છે અને તેથી તમારે એ રીતથી બંદગીમાં બેસવું જોઇએ.

અમો ફરીવાર તમારામાંના દરેકે દરેકને ફક્ત અમારા દુઆઆશિષો જ ફરમાવતા નથી પરંતુ અમો દુઆ પણ ફરમાવીએ છીએ કે તમે સફળ થાઓ, તમારામાંના દરેકે દરેક તમારી જિંદગીમાં એક વખત સફળ થાઓ અને તે તમને રૂહાની ખુશી તથા રૂહાની બળ આપે અને તે તમારી જિંદગીમાં રોશની લાવે અને અમો તમને ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

કેનેડા, મોન્ટ્રીયલ,

૪૯

૧૫-૮-૧૯૯૨.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આ રૂહને લગતી બાબત છે. તેનો તમારી આજુબાજુના જીસ્માની જગત સાથે કોઇ સંબંધ નથી અને એટલા માટે આ ખોજની શોધમાં, આ શોધ રોશની મેળવવા માટેની છે. 'રૂહ'ને ઉંચાઇએ લઇ જવા માટેની છે. રૂહાની સુખ માટેની છે. અને તમે જાણો છો કે આ રોશની દુન્યવી બાબતોને દૂર કરવા થકી જ મળી શકે છે. રોજીંદી બાબતોને દિલમાંથી દૂર કરવાથી શાંતિથી બેસવાથી અને ખોજ કરવાથી આ રોશની મળે છે.

અને જે લોકો સમર્પિત થવા માગે છે, જેઓ નૂર મેળવવા માગે છે, રૂહાની ઉચ્ચતા મેળવવા માગે છે, તેઓ જ બંદગીની પ્રેકટીસ કરે છે.

જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે દુન્યવી બાબતોને દૂર કરો, નમ્રતાથી બેસો 'બોલ' ઉપર એકાગ્રચિત્ત બનો અને એ 'નૂર' મેળવવા તમારૂં દિલ ખુલ્લું રાખો પરંતુ ગુંચવાશો નહિ અને જો તમે ગુંચવાઇ જાઓ તો બંદગી ન કરો દબાણ અને ફરજના કારણે બંદગીમાં ન બેસો તમે બંદગીમાં બેસો છો એજ ઇમાન છે. એજ તાબેદારી છે. એજ રૂહાની ખોજ છે. અને તમે બંદગીમાં બેસો છો એ બાબતથી જ તમારે ખુશ થવું

જોઇએ ચાહે તમે રોશની મેળવો કે ન મેળવો અને તમે સમજો કે આ બાબત મહત્વની છે.

એ સર્વેથી ઉપર છે, તે આ દુનિયાથી પર છે, જે સમયથી પર છે, જે માણસની બુદ્ધિથી પર છે. વાસ્તે 'બોલ' ઉપર એકાગ્રચિત્ત બની તેની નજદીક વધું ને વધું નજદીક આવવાની કોશિષ કરો કે જે સર્વથી ઉપર છે અને તેની નજદીક આવશો તેમ તમને તેની વધારે લાગણી (Feel) થશે અને અમુક સમયમાં ઘણી શક્તિશાળી રોશની હશે, ઇન્શાઅલ્લાહ.

બંદગીમાં સફળ થવા માટે અમારા ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ. એ નૂર તમારા આત્માને સ્પર્શ કરે તે તમારા જીવન દરમિયાન તમારા આત્માને રોશન રાખે. એ તમને રૂહાની બળ અને રૂહાની સુખ આપે આ તમારા પુરતું રાખો આ માર્ગદર્શન તમારા જમાનાના ઇમામે આપ્યું છે.

જ્યારે તમે બંદગી કરો ત્યારે શાંતિથી બેસો તમારા મગજમાંથી દુન્યવી ફિકર ચીંતાઓ દૂર કરો અને 'બોલ' ઉપર એકાગ્રતા કેળવો આ એકાગ્રતામાં નમ્ર રહો, ઢોંગી બનો નહિં.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

**૫૦**

કેનેડા, ટોરેન્ટો,
૧૮-૮-૧૯૯૨.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આ એક આત્મીક બાબત છે આ શબ્દોની કે ભાષાની બાબત નથી. તે તમારા પુરતું જ રાખો તેનાથી ખુશ રહો તેને કહેવાની કોશિષ ન કરો.

જેમ જેમ તમે મોટા થતા જશો અને જો તમે રોશની મેળવવામાં સફળ થશો તો તે રોશની વધુ મજબુત બનતી જશે. એક સમયે ફક્ત 'નૂર' જ હશે અને દુન્યવી બાબત નહિ હોય, ફક્ત 'નૂર' જ હશે.

પ્રતિક રૂપે 'બોલ' કહે છે. હઝરત અલીનું નૂર તમો દરેકમાં વ્યક્તિગત રીતે આવે તે માટે 'બોલ' ઉપર એકાગ્ર બનો.

જ્યારે બંદગીમાં બેસો ત્યારે નમ્રતાથી બેસો એવા માનસીક વલણ સાથે ન બેસો કે રોશની મેળવવાનો સમય આવી ગયો છે.

બંદગીમાં ભયની લાગણીથી ન બેસો, ફિકર ચિંતાથી ન બેસો, અક્કલથી મેળવવાની ભાવનાથી ન બેસો, પરંતુ નમ્રતા અને ખુશી સાથે બંદગીમાં બેસો.

તમે સવારે ઊઠો છો અને બંદગીમાં બેસો છો એજ કૉલ પાળો છો અને દીનને તાબે છો તેની નિશાની છે. અને એ બાબત જ તમને સુખ અને રૂહાની ઉચ્ચતા આપશે એટલા માટે જો તમે તે 'નૂર' મેળવ્યું ન હોય તો ફિકર કરો નહિ કે તેમાં કંઇ ખોટું થયું છે કે કંઇ ભૂલ થઇ છે તેવું નથી.

નિષ્ફળ જવુંએ બંદગીને લાગું પડતું નથી. જો તમે એ રોશની મેળવો છો તો તમે સફળ થાઓ છો પણ તમે એમ ન કહી શકો કે તમે નિષ્ફળ જાઓ છો એટલા માટે બંદગીમાં ડર કે ચિંતા કે અક્કલી દાવાથી ન બેસો. બંદગીમાં આનંદથી, વિશ્વાસથી, નમ્રતાથી અને ખોજની ભાવનાથી બેસો.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

**૫૧**

એડમોન્ટન, કેનેડા,
૨૩-૮-૧૯૯૨.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

તમે બંદગીમાં એવી ભાવનાથી ન બેસો કે હું અહિંયા આવ્યો છું તો એ રોશની મને મળવી જોઇએ. જો એવો ખ્યાલ તમારા મગજમાં આવે છે તો તમે એ રોશની મેળવવાની તકો ગુમાવી દો છો. આમાં અક્કલી ઢોંગ કામ આવતો નથી.

સ્પેશ્યલ દુઆઆશિષ, યાદ રાખો કે જ્યારે તમે બૈતુલખ્યાલમાં બેસો છો ત્યારે જમાનાનો ઇમામ ખાસ તમારી પાસે હોય છે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૫૨

વાનકુવર, કેનેડા,
૨૪-૮-૧૯૯૨.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

બંદગીના કેટલાક નિયમો અમે તમને કહીએ છીએ. પહેલું તમે સવારે ઊઠીને બંદગી કરો છો એજ તમારા ઉપર રહેમત છે. એ વખતે તમે સમય અને શક્તિનો ભોગ આપો છો. તમે આપેલો કૉલ પાળો છો અને રૂહાની ખોજ કરો છો. અને એટલા માટે બંદગીમાં બેસવું એજ તમારા માટે રહેમત છે. તે તમને સુખ આપશે, રૂહાની સુખ આપશે, અને તમારે એ સમજવું અગત્યનું છે કે બંદગીમાં બેસવું એજ  રહેમત છે.

જો તમે બંદગીમાં રોશની મેળવશો તો તે તમારા ઉપર રહેમત છે. જો તમે એ રોશની નથી મેળવી શક્યા તો તે કંઇ પાપ નથી, એ કંઇ ભૂલ પણ નથી, એ કંઇ ખોટું પણ નથી અને એટલા માટે જ્યારે જ્યારે તમે બંદગી કરો ત્યારે આનંદથી નમ્રતાથી ખુશીથી બંદગીમાં બેસો, ડરથી કે અક્કલી દાવાથી કે ફિકરથી બંદગીમાં ન બેસો.

બંદગીમાં અક્કલી દાવાથી, ઢોંગથી કે અધિકારની રૂએ ન બેસો.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

નાગપુર,

૫૩

૧૫-૧૧-૧૯૯૨.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

આ એક અગત્યનું ફરમાન છે અને અમો ચાહિયે છીએ કે તમે તેને ધ્યાનથી સાંભળો. અગર જો તમે અંગ્રેજી ન સમજતા હો તો તરજુમો સાંભળજો, પરંતુ ફરમાન ધ્યાનથી સાંભળજો.

બૈતુલખ્યાલનો મુદો બૈતુલખ્યાલની બાબત દરેક મુરીદ ઉપર ફરજિયાત નથી. તમારી દુઆનું, તમારી બીજી ફરજોનું પાલન કરવું એ ભારતમાં અને બીજી દરેક જગ્યાએ બધા મુરીદો માટે છે. બૈતુલખ્યાલનું પાલન ફરજિયાત નથી. એ તો દરેકે દરેક પુરુષ અથવા સ્ત્રી મુરીદે પોતા માટે નકકી કરવાનુ રહે છે. અગર જો તેઓ પોતે બૈતુલખ્યાલનું પાલન કરવા ઇચ્છતા હોય, અગર જો તેઓ ઝમાનાના ઇમામ પાસે આવવા અને ઇમામને અરજ કરવા ઇચ્છતા હોય કે અમે અમારી ધાર્મિક ફરજોને અમારી રૂહાની રોશની માટેની શોધ માટે વધારાનો સમય અર્પણ કરવા ઇચ્છીએ છીએ. અને આમ એ તમારામાંના દરેકે દરેકની પોતાની ઉપર છે કે એ નિર્ણય આજે અથવા આજ પહેલા લીધો હોવો જોઇએ. અને એટલા માટે અમે એ ધારી લઇએ છીએ કે તમે પોતાની પસંદગીથી અહીં છો, નહીં કે તે દરેક રૂહાની બાળક ઉપર ફરજિયાત હોવાને કારણે. એ તમારી પોતાની પસંદગી છે કે જ્યારે પણ તમે હાજર હો, જો

તમે હાજર હો કે આગળ આવો અને કહો કે અમે ઇચ્છીએ છીએ કે ઇમામ દ્વારા બૈતુલખ્યાલમાં કબૂલ ફરમાવવામાં આવે અને અમે ઝમાનાના ઇમામ પાસેથી ઇસ્મે-આઝમ મેળવવા ઇચ્છીએ છીએ.

(આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામે તરજુમો કરનારને પૂછતાં ફરમાવ્યું :-)

'શું જમાતને આ સમજાવવામાં આવ્યું છે ?'

અને શું તેઓ બધા પોતાની મરજીથી અહીં છે ? તમે તેઓને પૂછ્યું છે ?

ના... તમે તેઓને પૂછ્યું ?

(તરજુમો કરનારે જમાતને તેઓ પોતાની ઇચ્છાથી આવ્યા છે કે કેમ એ વિષે પૂછતા જમાતે અરજ કરી, આમીન ખુદાવીંદ.)

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું :-

બહું સારું.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

તમે જ્યારે આ ફરમાનને સાંભળો તો, તમારા મનમાં એ સમજી રાખજો કે એક વ્યક્તિમાં, જ્યારે તે વ્યક્તિ જન્મ લે છે, છોકરો હોય કે છોકરી, ત્યારે એ છોકરા કે છોકરીમાં બે વિભાગો હોય છે.

એક શારીરિક વજુદ હોય છે અને

બીજો રૂહ હોય છે.

શારીરિક વજુદની સમયની ગણતરીમાં સમજણ આપવામાં આવે છે. વળી શારીરિક વજુદ જડ પદાર્થનું હોય છે. તમારે તમારો જીવન-સમય હોય છે. ને જેટલો પણ હોય, અને તે પછી તમે શારીરિક રીતે અદ્દશ્ય થઇ જાવ છો. પરંતુ રૂહ અનંત છે, તમારો રૂહ અનંત છે. અને આજે અમે તમને જે ફરમાન ફરમાવીશું તેને તમારા દરેકના એ પાસા સાથે સંબંધ છે કે જે અનંત છે, તે તમારા એ પાસા સંબંધી નથી કે જે શારીરિક છે અથવા તો જે સમયની મર્યાદા ધરાવે છે. એટલા માટે અમે તમને તમારામાંના રૂહ વિષે ફરમાવી રહ્યા છીએ. આ એક રૂહાની બાબત છે. અને નહીં કે જડ પદાર્થની દુનિયાની દુન્યવી બાબત.

ઇસ્લામમાં બે મુખ્ય વિભાગો છે. શિયા અને સુન્ની. શિયા ઇસ્લામમાં, કંઇક સુન્ની ઇસ્લામમાં પણ કે જેઓ પોતાના ધર્મનું પાલન તો કરે છે, પરંતુ જેઓ વધારાની ખોજ દ્વારા રૂહાની રોશની મેળવવાની કોશિષ કરે છે. તેઓને એક લાંબા સમયનો રિવાજ છે. તેઓ પોતાના ધર્મના નિયમિત પાલન ઉપરાંત પોતાના ધર્મના પાલનમાંથી જમાતમાંના પોતાના ધર્મનું પાલન નહીં પરંતુ એ શોધમાં પોતાના ધર્મના વ્યક્તિગત પાલનમાંથી-પોતામાં, પોતાના દિલોમાં નૂર, રૂહાની રોશની અને શક્તિ મેળવવાની કોશિષ કરે છે. શિયા ઇસ્લામમાં એ રિવાજ સૈઇકાઓથી રહ્યો છે. અને સુન્ની ઇસ્લામમાં પણ ચોક્કસ વિસ્તારોમાં, ચોક્કસ સમયોમાં જાણીતો રહ્યો છે.

બૈતુલખ્યાલ રૂહાની બાબત છે. અને એટલે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમારે શોધની, નમ્રતાની, ખોજવાની-રૂહાની રોશની ખોજવાની ભાવના ધરાવવી જરૂરી છે. વળી જ્યારે તમે બૈતુલખ્યાલમાં બેસો છો તો તમારી અતરાફના દુન્યવી જીવન વિષે ન વિચારો, બીજે દોરવાઇ ન જાવ.

વળી એ યાદ રાખો કે દુન્યવી જીવનમાં અને આ એક દાખલો છે કે જે અમે તમને આપીશું -દુન્યવી જીવનમાં તમે 'કારણ અને અસર' વચ્ચેના સંબંધથી ટેવાઇ ગયા છો. અને તમને 'તરસ'નો દાખલો આપીશું. જો તમે તરસ્યા હો તો તમે પ્રવાહી ગોતો છો. તે પાણી કે જે પણ હોય. તમે ગલાસ કે જે પણ હોય તે લો છો. તમે તેને પોતાના મુખ પાસે લાવો છો. અને તમે પીઓ છો. અને જે પણ છે તે એ છે કે તમારા મગજે તમારા હાથને પ્રવાહી લેવા અને તેને તમારી પાસે લાવવા હુકમ આપ્યો છે. આ 'કારણ અને અસર'નો સંબંધ છે. તમે તમારા હાથને કંઇક કરવા હુકમ આપો છો અને તમારો હાથ તેવું વર્તન કરે છે. અને તમારા માટે પ્રવાહી લાવે છે.

રૂહાની બાબતોમાં એવું નથી કે તમે બંદગીમાં બેસો છો એટલે તમે નૂર જોશો, તેમ એ નૂર ઉપર અધિકાર નથી ધરાવતા. તમને તેની નવાજેશ કરવામાં આવે છે. અથવા તેની નવાજેશ નથી કરવામાં આવતી. પરંતુ તમે તેને લઇ શકતા નથી. તે એવી રીતે નથી કે તમે પોતાની મરજીથી લઇ લો, એ તો ખોજ છે. રૂહાની ખોજ છે. જે તમે કરો છો કે જે ઇન્સાઅલ્લાહ, તમારા જીવનમાં એકાદ વખત તો સફળ થશો.

એ અગત્યનું છે કે તમે સમજો કે જ્યારે તમે બંદગીમાં બેસો છો તો તમે એ નૂર ન જુઓ એટલે તમારે દુઃખી કે ચિંતિત અથવા નાખુશ ન થવું જોઇએ. અમને ઘણા રૂહાની બચ્ચાઓએ અરજ કરી છે કે 'હાઝર ઇમામ' શું અમે કંઇ ખોટું કરી રહ્યા છીએ ? અમે તે નૂર નથી જોયું શું અમે નિષ્ફળ ગયા છીએ ? શું અમે લાયક નથી ? અમારૂં સફળ ન થવાનું શું કારણ છે. અને અમે તેઓને ફરમાવ્યું છે 'ઊઠવાની અને બંદગીમાં બેસવાની હકીકત જ એક રહેમત છે. એ એક સમર્પણનું કાર્ય છે. એ તો એક ખોજનું કાર્ય છે. અને એટલા માટે ઊઠવું અને બંદગીનું પાલન કરવું એજ પોતે રૂહાની સુખનું અગત્યનું પાસુ છે. તમે તે જુઓ કે ન જુઓ એ કંઇ ભૂલ નથી. તે એ અર્થમાં કે તેને ન જોવું એ કંઇ ભૂલ નથી. તેને ન જોવું એ કંઇ ભૂલ નથી. બીજા શબ્દોમાં ન જોવું એ કંઇ નિષ્ફળતા નથી. ન જોવું એ કંઇ નિષ્ફળતા નથી. તેને જોવું એ જે મુરીદ સફળ થાય છે તેની ઉપર એક અજોડ રહેમત છે. પરંતુ ન જોવું એ નિષ્ફળતા નથી

એટલા માટે બંદગીમાં નમ્રતામય, ખુશીમાં, રૂહાની રોશનીની ખોજમાં બેસો. બીક કે લાલચ અથવા અક્કલના પ્રભાવવાળી ભાવના સાથે ન બેસો. નમ્રતા અને ખોજની ભાવના સાથે બેસો.

આ બાબત એ એક રૂહાની બાબત છે અને તે તમારામાંના દરેકને માટે વ્યક્તિગત છે. આમ તમે જો સફળ થાવ કે જે ઇન્સાઅલ્લાહ તમે થશો. જો તમે સફળ થાવ તો પોતાની

સફળતા વિષે બીજાને જણાવવાની કોશિષ ન કરતા કારણ આ એવી બાબત છે કે જે તમે બીજાઓને સ્પષ્ટ જણાવી શકતા નથી. આ એક રૂહાની બાબત છે. જે તમે બીજા લોકોને સ્પષ્ટ જણાવી શકતા નથી, માટે એમ કરવાની કોશિષ ન કરતા કારણ કે તેઓ નહિ સમજે આને અંગત રૂહાની સુખ તરીકે રહેવા દો. તે તમારૂં અંગત રૂહાની સુખ છે. બીજાઓને તે પ્રસાર (transmit) કરવાની કે જણાવવાની કોશિષ ન કરતા.'

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

એવા સંજોગો પણ છે કે જ્યારે બંદગીમાં બેસવું ન જોઇએ.

પહેલું એ છે કે જ્યારે તમારી તબિયત સારી ન હોય ત્યારે તમારે ફરીથી સારી તંદુરસ્તી મેળવો ત્યાં સુધી બંદગીમાં બેસવું ન જોઇએ.

બીજું રૂહાની દીકરીઓએ જ્યારે તેઓ બાળક અથવા બાળકોને જન્મ આપવાના હોય એ સમયે તેઓએ બંદગીમાં ન બેસવું.

મિશનરીઓ આ ફરમાનનો તરજુમો કરશે. અને તમને એ વધુ વિગતવાર સમજાવશે. પરંતુ જે અગત્યનું છે તે એ છે કે તમારે એ સમજવું જોઇએ કે આ એક રૂહને લગતી બાબત છે.

જો તમે સફળ થયા તો અમે આજે તમને જણાવીએ છીએ કે સૌથી પહેલા તો તમે એ જાણી લેશો.

બીજું તે તમને એવી રૂહાની શાંતિ આપશે કે જેવી તમે દુન્યવી જીવનમાં મેળવી શક્તા નથી.

'ઇન્શાઅલ્લાહ' તે તમને તમારા જીવન દરમ્યાન રૂહાની શક્તિ આપશે. અને એટલા માટે કોશિષ કરો. ઇન્શાઅલ્લાહ તમે સફળ થશો, અને જો તમે સફળ થાવ તો એ રૂહાની સુખને તમે તમારી પાસે રાખો.

(ત્યાર બાદ મૌલાના હાઝર ઇમામે 'બોલ'ની નવાજીસ કરતા ફરમાવ્યું...)

... જે સર્વથી પર, પૃથ્વીથી પર, સમયથી પર અને માનવીય અક્કલથી પર.  તે કે જે બીજા સહુથી પર છે. પ્રતિકરૂપે તમે હ.અલીના નામ દ્વારા, નૂર દ્વારા તમે તેની કે જે બીજા સર્વેથી પર છે તેની નજીક આવવાની કોશિષ કરો. તે નૂરને ખોજવાની કોશિષ કરો.

અને તેને વ્યક્તિગત રીતે તમારી પાસે લાવો. જો તમે સફળ થયા તો તમે એ જાણી લેશો. જો તમે સફળ ન થયા તો દુઃખી ન થાવ કારણ ખુદ ખોજ કરવી એજ એક રહેમત છે. અને એટલે જો તમે સફળ ન થાવ તો નાખુશ કે ચિંતિત ન થતા અથવા તો એવું ન માની લેતા કે તમે ભૂલ કરી રહ્યા છો. ઇસ્મે-આઝમ તમારી પોતાની જ પાસે રાખો. તમે ઇમામ પાસે બૈતુલખ્યાલમાં દાખલ થવા માટેની અરજ કરવા આવ્યા છો અને ઇમામે તમને ફરમાવ્યું છે, અમે તમને બૈતુલખ્યાલમાં કબૂલ ફરમાવીએ છીએ. અને તમને ઇસ્મે-આઝમની નવાજીસ કરીશું.

આની તમને ઇમામ દ્વારા નવાજીશ થઇ છે. એટલા માટે આને તમારી અને ઝમાનાના ઇમામ દરમ્યાનની બાબત તરીકે જ રાખો.

અમે તમને બંદગીમાં સફળતા માટે ખાસ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ. અને દુઆ કરીએ છીએ કે તમે એ નૂર મેળવો. એ તમને રૂહાની સુખ આપે. સિરાતલ-મુસ્તકીમ ઉપર રહેવા શક્તિ આપે. એ તમારા જીવન દરમ્યાન તમારી સાથે રહે. અને જીવનના અંતમાં તમારે માટે નૂર જ હોય અને અમે તમને ઉત્તમ ખાસ, ખાસ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

યાદ રાખો, અમે ફરમાવ્યું છે કે તમારામાંના દરેક તમારા જીવનમાં ઓછામાં ઓછું એક વખત્ બંદગીમાં સફળ થાવ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

હૈદ્રાબાદ,

**૫૪**

૧૮-૧૧-૧૯૯૨.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમે આટલી મોટી સંખ્યામાં રૂહાની બાળકોને જોઇને ખુશ થયા છીએ કે જેઓ પોતાના જમાનાના ઇમામ પાસેથી ઇસ્મે આઝમ મેળવવા આવ્યા છે અને જેથી તેઓ બૈતુલખ્યાલમાં ભાગ લેવાનો હક ધરાવી શકે.

અમે આજે સવારે, આજે બપોરે જે ફરમાન ફરમાવીશું તે અગત્યનું છે. અને અમે અમારા મુરીદોનું ખાસ ધ્યાન દોરવવા આ ફરમાનની શરૂઆત કરવા ચાહિયે છીએ કે બૈતુલખ્યાલ મરજિયાત છે. દુઆ પડવી, અને બીજી ધાર્મિક ફરજો એ દુનિયાભરના મુરિદો માટે છે. બૈતુલખ્યાલમાં હાજરી આપવી, ઇમામ પાસેથી ઇસ્મે-આઝમ મેળવવા ચાહવું એ તો મુરીદ પસંદ કરે તે સમયે તેણે અથવા તેણીએ લીધેલો મરજિયાત નિર્ણય છે. અને એટલા માટે અમારી આજે એ ધારણા છે કે તમે તમારી પોતાની પસંદગીથી અહીં છો. શું આ ખરૂં છે ? તમારી ઇચ્છા છે કે અહીં હો, કોઇએ તમને નથી કહ્યું કે તમારે અહીં હોવું જોઇએ અથવા તો તમને અહીં હોવા માટે કોઇએ દબાણ નથી કર્યું. તમારી મરજીથી તમે અહીં છો. શું એ ખરૂં છે? (જમાતે અરજ કરી, આમીન)

બહું સારું !

અમારા ફરમાનમાં બીજી બાબત જે અગત્યની છે તે એ

છે કે તમને બૈતુલખ્યાલનો અર્થ, ઇસ્મે-આઝમનું નમૂના સ્વરૂપ સમજાવતી વખતે, તમારે માટે એ સમજવું જરૂરી છે કે અમે રૂહાની બાબતો તરફ ઇશારો કરી રહ્યા છીએ, આ દુનિયાની બાબતો નહીં, પરંતુ રૂહાની બાબતો છે. જ્યારે એક મુરીદ જન્મ લે છે, ત્યારે એ વ્યક્તિના બે વિભાગ હોય છે.

-દુન્યવી જડ પદાર્થવાળો વિભાગ-શારીરિક વિભાગ જે સમયમાં એક હદવાળું અસ્તિત્ત્વ ધરાવે છે, તમે જન્મ લ્યો છો અને તમે , ચાલ્યા જાવ છો અને એ એક હદ ધરાવતું અસ્તિત્ત્વ છે.

-વળી દરેક મુરીદનો એક બીજો વિભાગ છે, જે અનંત છે અને તે છે રૂહ. મુરીદનો રૂહ કદી મૃત્યુ નથી પામતો અને એટલે અમે તમને આજે જે સમજાવી રહ્યા છીએ, અમે તમને જેનો દાખલો આપવાના છીએ તેને જડપદાર્થ સાથે નહીં, જે સમયની હદ ધરાવે છે, તે સાથે નહીં, પરંતુ દરેક વ્યક્તિના રૂહ સાથે સંબંધ છે. એટલા માટે એ મહત્વનું છે કે તમે એ યાદ રાખો. આનો સંબંધ રૂહ સાથે છે. એ એક રૂહાની બાબત છે, એ કંઇ જડપદાર્થની બાબત નથી.

-તમે જાણો છો તેમ ઇસ્લામમાં બે મુખ્ય વિભાગો છે. શિઆ રિવાજ છે, સુન્ની રિવાજ છે. શિયા રિવાજમાં રૂહાની રોશની માટેની ખોજનો એક લાંબો ઇતિહાસ રહ્યો છે. અને આપણા ઇતિહાસમાં ઘણાએ હજારો મુરીદો દ્વારા રોશની માટેની ખોજ કરવાનો રિવાજ રહ્યો છે. અને એ ફરજિયાત નથી. એ કારણે એ વ્યક્તિગત ખોજ છે. એ કારણે આ મુરીદો ઇમામ પાસે આવ્યા છે, અને તેઓએ અરજ કરી છે, અમે રૂહાની રોશની માટે સમુહમાં રહીને ખોજ કર્યા સિવાય અમારા વ્યક્તિગત

જીવનમાં ખોજ કરવા ઇચ્છીએ છીએ અમે એ કેવી રીતે કરીએ? અને ઇમામે તેઓને એક નિશાની આપી છે જે દ્વારા રૂહાની રોશનીની ખોજ કરવામાં આવે આ રિવાજ, જો કે સુન્ની ઇસ્લામ કરતાં તે શિઆ ઇસ્લામમાં વધુ સામાન્ય છે. છતાં કેટલીક સુન્ની ઇસ્લામની રીત-રસમોમાં પણ છે, આપણા રિવાજમાં તો એ એક વ્યક્તિગત ખોજ માટેનો રિવાજ છે, અને તે એવી બાબત છે કે જેને રૂહ સાથે અને નહી કે જડપદાર્થની દુનિયા સાથે સંબંધ છે, એ કારણે પાલનમાં તે આ અર્થમાં વ્યક્તિગત છે કે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમારા વિચારો ઉપર આ દુનિયાની બાબતોને અસર કરવા ન દેવી જોઇએ.

અને હવે અમે બંદગીમાં કેવી રીતે બેસવું જોઇએ એ તમને સમજાવવાની કોશિષ કરીશું. રૂહાની બાબતો અથવા તો ધર્મની બાબતો વિષે વિચાર કરવા કરતા તમે જડપદાર્થોની દુનિયામાં રહેતા હોવાને કારણે તમે એ રીતે ટેવાએલા છો. જો તમે ૨૪ કલાકની કમાન ગણો તો ઘણોખરો સમય દુન્યવી જડપદાર્થોની બાબતોને અપાયેલો હોય છે. એટલે તમે જડપદાર્થની રીતે વિચાર કરવા ટેવાયેલા હો છો. અને અમે તમને જે દાખલો આપીશું તે છે દાખલા તરીકે :-

તરસ, જ્યારે તમે તરસ્યા હો છો ત્યારે તમે પાણી અથવા પ્રવાહી ઇચ્છો છો. તમે તમારૂં મન તમારા હાથને ગલાસ લેવા હુકમ આપે છે. તમે પ્રવાહીને ગલાસમાં રેડો છો અને તેને તમારા મોં પાસે લાવો છો અને એ થયો 'કારણ અને અસર'નો સંબંધ. તમે તમારા હાથને પાણી શોધતો અને તેને તમારા મોંએ લાવતો કરો છો. એ છે 'કારણ અને અસર'નો સંબંધ. એ સંબંધ ઉપર તમે અધિકાર ધરાવો છો. આમ કારણ બને છે

કે તમે તમારા હાથને એમ કરવા માટે હુકમ આપો છો. રૂહાની બાબતોમાં તમે હુકમ આપવાની યોગ્યતા ધરાવતા નથી. એટલે તમારે જે પહેલી વસ્તુ સમજવાની છે તે એ છે કે જ્યારે તમે બંદગીમાં બેસો છો ત્યારે તમારે નમ્રતાથી બેસવું જોઇએ તમારે શાંતિથી બેસવું જોઇએ. તમારે દુન્યવી બાબતોનો વિચાર ન કરતા બેસવું જોઇએ. અમે તમને જે ઇસ્મે-આઝમની નવાજેશ કરીશું તે ઉપર એક ધ્યાન થઇને બેસવું જોઇએ અને દુન્યવી બાબતો વિષે વિચાર કરવાનું ટાળવાની કોશિષ કરવી જોઇએ.

બીજું બંદગી સફળ બને અથવા તો સફળ થવાની ઊંચામાં ઊંચી તક ધરાવે એટલા માટે બંદગી એ સમયે કરવામાં આવે છે કે જ્યારે ઘણાખરા લોકો સૂતા હોય છે. નિયમિત રીતે બંદગી કરવી મુશ્કેલ છે. એ થકવી નાંખે છે એ આશા રાખતી હોય છે. પરંતુ યાદ રાખો કે એ તમે પોતેજ પસંદ કર્યું છે કે ઇસ્મે-આઝમ મેળવો અને બંદગી કરવા સુધી પહોંચી શકો. એ તમારો નિર્ણય છે જો તમે એ નિર્ણય લો છો તો પછી એ નિર્ણયને વફાદાર રહો, અને તેને માન આપો. અને તમારાથી બની શકે તેટલું બંદગીમાં નિયમિત રહો, અગર જો અમે દિવસના વચલા ભાગમાં કે દિવસના સાધારણ સમય દરમ્યાન બંદગી કરવાનો અધિકાર આપીએ તો અમારા મુરીદો એક ધ્યાન થવામાં તકલીફ અનુભવે કારણ કે તમે આ કરવાના અથવા તો તે કર ાના દબાણમાં રહેશો. વળી જ્યારે અમારી સામે અમારા મુરીદો છે અને અમે તેઓને આ ફરમાન ફરમાવીએ છીએ અને તેઓને ઇસ્મે-આઝમની નવાજેશ કરીએ છીએ તો તમારે માટે જે મહત્વું છે, તે એ છે કે તમે રોશની મેળવવામાં દરેક સફળતા ધરાવો અને એ જે છે જે મહત્ત્વનું છે અને એટલા માટે બંદગી વહેલી સવારે કરવામાં આવે છે.

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

કેટલાક એવા સમયો છે કે જ્યારે તમારે બંદગીમાં ન બેસવું જોઇએ ખાસ કરીને જ્યારે તમને ઠીક ન હોય અથવા અમારી રૂહાની દીકરીઓને સુવાવડ આવવાની હોય અમે હમણાં તમને કેટલીક કાળજીઓની, બંદગીને લગતી કેટલીક વિચારણાઓની સમજણ આપી રહ્યા છીએ. સૌથી પહેલા જ્યારે તમે બિમાર હો અથવા અમારી રૂહાની દીકરીઓ માટે જ્યારે તેઓ બાળકોને જન્મ આપવાની હોય, ત્યારે બંદગીમાં ન બેસો. હંમેશા એ યાદ રાખો કે આ રૂહને લગતી બાબત છે. એ રૂહાની બાબત છે. જો ઇન્શાઅલ્લાહ તમે સફળ થયા હો, જો ઇન્શાઅલ્લાહ તમે સફળ થયા હો, તો બીજાઓને એ કહેવાની કોશિષ ન કરતાં કે તમે સફળ થયા છો. કારણ આ એક અંગત બાબત છે. એ એવી બાબત છે કે તમારામાંના દરેક જો સફળ થાય તો તેનો અનુભવ કરશે.

વળી બીજાઓ કે જેઓ સૌથી પહેલા તો એ જ રીતે રૂહાની રોશની મેળવવાની કોશિષ નથી કરતા તેઓને આ સમજાવવાનો કોઇ જ મુદ્દો જ નથી. અને બીજું એ જરૂરી નથી કે તમે જે અનુભવ્યું છે જેની તમને લાગણી થઇ છે જે તમે જોયું હોય. તે તેઓ સમજશે કે મેળવશે, અને તેટલા માટે આ બાબતને અહીં દરેક મુરીદ અને ઝમાનાના ઇમામ વચ્ચેના ભરોસા અને વિશ્વાસની બાબત તરીકે રાખો અને તે વિષે બહાર જઇને ન કહો, અમને એ ભારપૂર્વક તમને કહેવા દો કે જો તમે પોતાની બંદગીમાં સફળ થાવ જો કે એ રૂહને લગતી બાબત છે એજ રીતે ચોક્કસ હશો કે જાણે એ એક દુન્યવી બાબત હોય. તમને તમારા મનમાં કોઇ સવાલો, કોઇ શંકાઓ

નહીં હોય. તમારી પાસે નૂર અને સુખ હશે. ઇન્શાઅલ્લાહ એ નૂર અને સુખ તમારા જીવન દરમ્યાન તમારી સાથે રહેશે. અને એ તમને રૂહાની શક્તિ અને રૂહાની સુખ આપશે.

અમે હવે તમને ઇસ્મે-આઝમની નવાજેશ કરીશું અમે તમને તે ફરીવાર જણાવીશું કે જેથી તમે તેને સમજો અને જો કોઇ સવાલો હોય તો મિશનરીઓ તમારા સવાલોના જવાબ આપી શકશે.

ઇસ્મે-આઝમનો, દરેક મુરીદ અને ઝમાનાના ઇમામ અને ખાસ કરીને ઝમાનાના ઇમામના નૂર એટલે હ.અલીના નૂર વચ્ચેની એક કડી તરીકે વિચાર કરો. એ કડીને તમારા જીવન દરમ્યાન વધુ ટૂંકી બનાવો. યાદ રાખો કે જો તમે નિયમિત પણે બંદગી ગુજારશો તો અમે આગળ ઉપર 'બોલ'ને બદલી આપીશું. અને ઇન્શાઅલ્લાહ છેવટના દિને તમારે માટે ફક્ત નૂર જ હશે. દુન્યવી વિચાર સરણીઓ નહીં, ફક્ત નૂર જ.

(મૌલાના હાઝર ઇમામે અહીં મુરીદો ઉપર ઇસ્મે-આઝમ નવાજેશ કરી ફરમાવ્યું :)

... તે કે જે સર્વથી પર છે, પૃથ્વીથી પર, સમયથી પર, બ્રહ્માંડથી પર, માનવીય અક્કલથી પર, અને તે (બોલ) દ્વારા 'તે' કે જે બીજા સર્વથી પર છે. એ અર્થમાં તમારે પોતા પાસે, તમારા દિલમાં એ નૂર લાવવા માટેની કોશિષ કરવી જોઇએ. અને અમારી એ અંતરની દુઆ છે કે તમારા જીવનમાં ઓછામાં ઓછું એક વખત તમારામાંના દરેક સફળ થાય. એ અમારી અંતરની દુઆ છે કે તમારા જીવનમાં ઓછામાં ઓછું એક વખત તમારામાંના દરેક સફળ થાય. એ અમારી અંતરની

દુઆ છે કે તમે સફળ થાવ તમે રૂહાની સુખ અને રૂહાની શક્તિ મેળવો અને અમે તમને તમારી બંદગીમાં સફળતા માટે અમારા ઉત્તમ, ઉત્તમ, ઉત્તમ ખાસ પ્યારભર્યા દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

એક બીજી બાબત છે કે જે અમે અમારા રૂહાની બચ્ચાઓને સમજાવવા ચાહીએ છીએ કારણ કે અગાઉ મુરીદો ઇમામ પાસે આવ્યા છે. અને તેઓએ કહ્યું છે કે 'હાઝર ઇમામ અમે નિષ્ફળ થયા છીએ.' અને નાખુશ છીએ અને અમે શું કંઇ ખોટું કરી રહ્યા છીએ ? અને અમે આ મુરીદોને એ સમજાવવાની કોશિષ કરી છે કે 'નિષ્ફળતા' શબ્દ બંદગીને લાગુ પડતો નથી. તમે નિષ્ફળ નથી થતા. તમે સફળ ન થયા હો પરંતુ તમે નિષ્ફળ નથી થતા. નિષ્ફળતાનો વિચાર તો સફળ ન થવા વિષેનો વિચાર છે. તેને બંદગી સાથે ન જોડો. સવારમાં ઊઠવું જ્યારે બીજાઓ સૂતા હોય છે ત્યારે સમય કાઢવો અને રૂહાની રોશનીની ખોજમાં બંદગીમાં બેસવું એ હકીકત જ સુખનું મૂળ, આનંદનું મૂળ હોવું જોઇએ. વળીએ રહેમત છે એ રહેમત છે.

જો તમે બંદગીમાં બેસો છો અને ખરેખરી રીતે તમે તે નૂર ન મેળવ્યું હોય તો એ બાબતે તમને ખલેલ ન પહોંચાડવી જોઇએ. તમે ભૂલ નથી કરી કારણ તે નૂર ક્યારે તમને મળશે એ ઉપર તમે અધિકાર નથી ધરાવતા. તમે તેને શોધી રહ્યા છો, તમે તેની ખોજ કરી રહ્યા છો. પરંતુ તે તમારી પાસે ક્યારે આવે એની ઉપર તમે કાબૂ કે અધિકાર નથી ધરાવી શકતા. એટલે તમે બંદગીમાં સફળ હો કે ન હો જ્યારે તમે બંદગીમાં બેસો છો ત્યારે નિષ્ફળતા વિષે ન વિચારો, નાખુશ

થઇને ન જાવ. વળી એ યાદ રાખો કે તમે સફળ થાવ અથવા ન પણ થાવ. એ કાલે બની શકે છે, એ ૧૦ વર્ષમાં બની શકે છે. એ ઘણીએ વખત બની શકે છે. એ સમુળગું ન પણ બને. એ એવી બાબત નથી કે જેની ઉપર તમે કાબૂ ધરાવો છો. તેમ જેની ઉપર કાબૂ ધરાવો છો તે એ છે કે સૌથી પહેલા તમે નિયમિત રહો. બીજું તમે નિષ્ફળ થવા વિષે ન વિચારો કારણ બંદગીમાં નિષ્ફળતા નથી. અમે ફરીવાર ફરમાવીએ છીએ તેમાં નિષ્ફળતા નથી. એટલે સફળતા અને નિષ્ફળતાના દુન્યવી વિચારોને ખોજના, સુખના, સમર્પણના રૂહાની વિચારો સાથે ગુંચવી ન નાખો એ એક સમાન બાબતો નથી. વળી જડપદાર્થના દુનિયાના વિચારની ક્રિયાને આવી જાતની રૂહાની બાબત લાગુ ન પાડો.

અમે ફરી એકવાર તમને તમારી બંદગીમાં સફળતા માટે અમારા ઉત્તમ ખાસ દુઆ'આશિષ ફરમાવીએ છીએ. અમે ઇસ્મેઆઝમ ફરીવાર જણાવીએ છીએ. અને અમે તમને ઉત્તમ, ઉત્તમ પ્યારભર્યા દુઆ'આશિષ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

યાદ રાખો કે જો તમે સફળ થયા હો તો તમે જાણી લેશો કે તમે સફળ થયા છો અને તે તમને ખુશી આપશે અને તે અમને ખુશી આપશે એટલે અમે તમને અમારા ખાસ, અમારા ખાસ દુઆઆશિષ ફરમાવીએ છીએ અને જ્યારે તમે બંદગીમાં બેસો છો ત્યારે અમારી દુઆઓ તમારી સાથે છે. અમારી દુઆઓ તમારી સાથે જ છે કે તમે સફળ થાઓ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

લંડન,

૫૫ શનિવાર, ૬ઠી ઑગસ્ટ, ૧૯૯૪.

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમે આજે બપોરે તમને જે ફરમાન ફરમાવીશું તે મહત્ત્વનું છે.

બૈતુલખ્યાલની પ્રથા આપણી જમાતમાં એક ઐતિહાસિક પ્રથા છે. એ તો દાયકાઓ અને દાયકાઓ અને દાયકાઓથી ચાલતી આવી છે. આપણા તરીકાના પાલનમાં એ મુખ્ય સ્થાન ધરાવે છે. પરંતુ એ મરજિયાત છે : કોઇએ પણ ત્યાં સુધી બૈતુલખ્યાલમાં આવવું ન જોઇએ કે જ્યાં સુધી તે પોતાની સ્વતંત્ર મરજીથી તેમ ન કરે.

તમે કોઇ એક ચોક્કસ ઉંમર પછી તેમાં દાખલ થઇ શકો, પરંતુ એ ઉંમર પછી તમે ગમે ત્યારે તેમાં દાખલ થઇ શકો છો. આમ, તેમાં કોઇ દબાણ નથી, એ દુઆ જેવી એક બાબત નથી, જેનું તમે દરરોજ પાલન કરો છો. બૈતુલખ્યાલ દરેક મુરીદની પસંદગી ઉપર છે, જ્યારે પણ તે ઇચ્છે ત્યારે બૈતુલખ્યાલમાં દાખલ થઇ શકે છે. અમે સૌથી પહેલાં આજે એ બાબતની ચોકસાઇ કરવા માગીએ છીએ કે તમારામાંના દરેક પોતાની સ્વતંત્ર મરજીથી અહીં હાજર છે. શું એ પ્રમાણે જ છે ?

કોઇએ પણ એવું નથી કહ્યું કે મારે બૈતુલખ્યાલમાં દાખલ થવું જોઇએ તે માટે કોઇએ મારી ઉપર દબાણ કર્યું છે. અથવા

મને આગળ કર્યો છે અથવા તો મને કહ્યું છે. બહુ સરસ !

બૈતુલખ્યાલનું બીજું પાસું જે અગત્યનું છે તે એ છે કે હઝરત અલીના સમયથી શીયા પ્રણાલિકાનો એ એક ભાગ રહ્યો છે કે ન ફક્ત સાધારણ સમય દરમ્યાન જ ધર્મનું નિયમિત રીતે પાલન કરવામાં આવે પરંતુ રૂહાની ઉન્નતીની શોધમાં પણ વ્યક્તિગત રીતે તેમાં ભાગ લેવામાં આવે. અને દરેક વ્યક્તિ દ્વારા એમ કરવામાં આવે છે, એક સાથે મળીને એમ કરવામાં નથી આવતું. દરેક દ્વારા વ્યક્તિગત રીતે આ પ્રમાણે કરવામાં આવે છે. હરકોઇ, વ્યક્તિગત રીતે પોતાના જીવન દરમ્યાન એ રૂહાની રોશની, એ રૂહાની સુખ મેળવવા કોશિશ કરે છે કે જે શોધ કરવાથી મળે છે, સાથે ભેગા મળીને કરવાથી નહીં.

તરીકા તરફની આ રૂહાની વલણ-તરીકા તરફની એ રૂહાની વલણ છે એટલે જ તે એક લાંબી ઐતિહાસિક પ્રણાલિકા છે. અને આથી, જે મુરીદો અહીં છે તેઓ બૈતુલખ્યાલમાં કબૂલ કરવામાં આવવાને કારણે રૂહાની રોશની માટેની વ્યક્તિગત શોધની લાંબી પ્રણાલિકામાં જોડાય છે.

તમારામાંના જેઓ પશ્ચિમની દુનિયામાં રહે છે, જેમ કે અહીં તમારામાંના ઘણાખરા છો, તેઓ અંગત રીતે એ બાબતથી જાણકાર હશો કે દુન્યવી જીવન કેવી રીતે તમારા સમય ઉપર વધુ ને વધુ કાબૂ મેળવી રહ્યો છે. આ સમાજ, દાખલા તરીકે, ત્રીજા જગતમાંના બીજા દેશોના અથવા તો મુસ્લિમ જગતમાંના સમાજો કરતા ઘણો જુદો છે. વળી, પશ્ચિમ જગતની ગુણદોષ આંકવાની પદ્ધતિ, આમ, ગુણદોષ આંકવાની આપણા તરીકાની પરંપરાગત પદ્ધતિ કરતાં ઘણી ધ્યાન ખેંચે એ રીતે જુદી છે, જેના મૂળ પશ્ચિમના જગતની બહાર છે. તમે જે સમાજોમાં

રહો છો તેની ગુણદોષ આંકવાની પદ્ધતિને તમારે એકંદર રીતે અપનાવવી જોઇએ એવું નથી. અને કેટલીક વખત અમને એ બાબતની ફિકર રહે છે કે જે મુરીદો પશ્ચિમના જગતમાં પગભર થવાની કોશિશ કરે છે તેઓ એ પ્રમાણે પગભર થવાની કામગીરીને એ જગતની ગુણદોષ આંકવાની સઘળી પદ્ધતિઓને અપનાવવાની જરૂરત સાથે ગૂંચવી નાખે છે. અને એટલા માટે અમે તમને આજે એ ફરમાવી રહ્યા છીએ કે ગુણદોષ આંકવાની પદ્ધતિઓ જે આપણા તરીકાના ભાગરૂપ છે તેને જગતભરમાં કબૂલ કરવામાં આવે છે કારણ કે તે શાંતિમય છે, તે પ્રમાણિક છે, તે નીતિભરી છે, તે યોગ્ય છે, અને આમ કોઇપણ આ સિદ્ધાંતોને પડકારી શકે એવી સ્થિતિમાં નથી. પરંતુ જે મૂળભૂત છે તે એ છે કે ધર્મના પાલનમાં દરરોજ આ વ્યક્તિગત શોધને તમારે માટે એટલી જ મહત્ત્વની રહેવા દો. કેટલીક વખત, એક એવી વલણ રહી છે, ખાસ કરીને પશ્ચિમના જગતમાં, કે દુન્યવી જીવનને બીજી વસ્તુની ઉપરવટ થવા દેવામાં આવે છે. એ ઉપરવટ થવું સારું નથી.

તમે જ્યારે જન્મ લો છો ત્યારે તમે રૂહ સાથે જન્મો છો. જે પળે અલ્લાહ તમને જીવન આપે છે ત્યારે દરેક જણ રૂહ ધરાવે છે. વ્યક્તિનો ફક્ત એ જ ભાગ છે જે અનંત છે. અને એટલા માટે રૂહની સંભાળ એ વ્યક્તિના શારીરિક જીવનમાં આવવા અને શારિરીક જીવનમાંથી બહાર જવામાં એક અગત્યનો ભાગ છે. એટલા માટે અમે તમને આજે જણાવી રહ્યા છીએ કે ગુણદોષ આંકવાની પદ્ધતિ આપણા તરીકા માટે બેહદ અગત્યની છે અને તેમાં બાંધછોડ થવી ન જોઇએ, ભલે તમે જ્યાં પણ રહેતા હો, પછી ભલે એ પશ્ચિમમાં કે પૂર્વમાં, ઉત્તરમાં કે દક્ષિણમાં હોય.

ઇસ્લામમાં બે મુખ્ય વિભાગો અથવા અર્થ ઘટનો છે. કેટલાક જાહેરી બાબતો ઉપર ભાર આપે છે. ખાસ કરીને, આ લોકો ઇસ્લામના સુન્ની તરીકાઓમાં હોય છે, જો કે તેઓ પણ પોતાના રૂહાની અર્થ ઘટનો ધરાવે છે. પરંતુ, સામાન્ય રીતે કહેતાં, શીઆ અર્થ ઘટનો બાતુની શોધ ઉપર અને મુરીદ માટે રૂહાની રોશની ઉપર વધુ ભાર આપે છે. હવે, અમે તમને જણાવ્યું છે કે રોશની માટેની આ શોધ ફરજિયાત નથી, એ મરજિયાત છે અને એટલા માટે એ મરજિયાત પણે પાળવામાં આવે છે. તમે તમારી પોતાની પસંદગીથી અહીં આવ્યા છો, એટલા માટે નહીં કે અમે તમને એમ કહ્યું હોય કે તમારે અહીં આવવું જ જોઇએ અને ઇસ્મે આઝમ મેળવવો જોઇએ. તમે તમારી પોતાની પસંદગીથી અહીં આવ્યા છો. અમે આજે તમને 'બોલ'ની નવાજેશ કરીશું તેમજ તમને અંગત રૂહાની શોધનો અર્થ સમજાવીશું અને અમને આશા છે કે તમે એ શોધમાં સફળ થશો.

જો કે અમને એ બાબત ભાર સહિત તમને જણવવા દો કે જ્યારે તમે આ શોધ કરી રહ્યા હો અને તમે જો સફળ થાવ અને જ્યારે સફળ થાવ તો તમારે એ ધ્યાનમાં રાખવું જોઇએ કે આ એક રૂહાની બાબત છે અને કોઇ દુન્યવી બાબત નથી. અમે તમને માનવીના કોઇ વસ્તુ ઉપરના કાબૂનો અને આત્મા ઉપર કાબૂ ન હોવાનો એક સાદો દાખલો આપીશું. જો તમે તરસ્યા હો તો તમે તમારો હાથ આગળ કરો છો અને ગલાસ લો છો- અને, એ તમારી ઇચ્છાનું કાર્ય હોય છે કે જે મુજબ થાય છે. રૂહાની બાબતોમાં તમે એમ ન કરી શકો. જો તમે બંદગીમાં બેસો છો તો તમારે એવા ભાવ સાથે ન બેસવું જોઇએ કે તમે આ નૂર ઉપર હક ધરાવો છો, એટલે કે તમે બંદગીમાં

બેસો છો તો તમને એ નૂર મેળવવાનો હક છે; તમે શોધના ભાવ સાથે બેસો છો, માંગણી કરવાના ભાવ સાથે નહીં. તમે નમ્રતાના ભાવ સાથે બેસો છો, અભિમાનના ભાવ સાથે નહીં. તમે એવા ભાવ સાથે બેસો છો કે જેમાં તમે આત્મા ઉપર ધ્યાન ધરો છો, તમારી અતરાફના દુન્યવી જગત ઉપર નહીં. અને આમ, બંદગીમાં બેસવું એ રૂહાની શોધનું કાર્ય છે જેને તમારી અતરાફના દુન્યવી જીવન સાથે તેમજ, મન અને તમારી અતરાફના શારીરિક જગત વચ્ચેના સંબંધ સાથે કશું લાગતું વળગતું નથી. અને એટલા માટે, એ અગત્યનું છે કે તમારે નમ્રતા સાથે, શાંતિ સાથે, રાહત સાથે બેસવું જોઇએ, અને એવી લાગણી સાથે નહીં કે તમે બંદગીમાં બેસો છો એટલે એ નૂર મેળવવાનો તમને હક છે.

બીજો મુદ્દો જે અમે તમને જણાવવા ચાહીશું તે એ છે કે જો તમે એ નૂર મેળવવામાં સફળ થાવ તો તમને તેની ખાત્રી થઇ જશે. તમારા મનમાં એ બાબતનો કોઇ શક નહીં રહેશે કે તમે એ નૂર મેળવ્યું છે, તમે એ રૂહાની સુખ અને ઉન્નતી મેળવી છે. એ ભલે એક પળ હોય, પળના દસ લાખમો ભાગ હોય, પરંતુ તમે જાણી લેશો કે તમને સફળતા મળી છે. બીજાને કોઇને એ સમજાવવા કોશિશ કરવાનો કોઇ અર્થ નથી, કારણ કે આ એક અંગત રૂહાની બાબત છે. જો તમે સફળ થયા હો તો જે સફળ થયા હોય તે તમારામાંના દરેક માટે એ એક રહેમત છે. પરંતુ ઉઠીને બીજાને એમ કહેવાનો કોઇ અર્થ નથી કે 'આજે મને ખુશી મળી છે' કારણ કે આ એક રૂહાની બાબત છે, કોઇ દુન્યવી બાબત નહીં. એને તમારી પાસે જ રાખો, એ ખુશીને તમારી જ પાસે રાખો અને તમને બળ આપવા દો. એ તમારી જ છે. કોઇ બીજાની નહીં. અને એટલા માટે એ ખુશી

ઉપર, ઉન્નતિની એ પળ ઉપર તમને સંપૂર્ણ હક છે. અને અમે વિચારીએ છીએ કે તમારે એ સમજવું અગત્યનું છે કે આપણે આત્મા વિશે, રૂહ વિશે વાતચિત કરી રહ્યા છીએ. આપણે માનવસંબંધો વિશે વાતચિત નથી કરી રહ્યા, આપણે દુન્યવી સંબંધો વિશે  વાતચિત નથી કરી રહ્યા. આપણે બંદગીમાં બેસવા અને રૂહાની ઉન્નતી હાંસલ કરવા વિશે વાતચિત કરી રહ્યા છીએ.

ઘણાએ રૂહાની બાળકો વર્ષો પછી અમારી પાસે આવ્યા છે અને કહ્યું છે કે 'હાઝર ઇમામ ! શું અમે ખોટું કર્યું છે ? અમે નિયમિતપણે બંદગીમાં બેઠા છીએ અને અમે નિષ્ફળ રહ્યા છીએ.' અને અમે તેઓને કહ્યું છે કે બંદગીમાં બેસવામાં કાંઇ ખોટું નથી થતું, કારણ કે બંદગીમાં બેસવાની હકીકત જ એક રૂહાની શોધ માટેનું કાર્ય છે અને એવું નથી કે એ નૂર મેળવવામાં નિષ્ફળ રહેવું એ નિષ્ફળતા છે.

એ સંજોગોમાં એકમાત્ર બાબત બની છે તે એ છે કે તમને એ નૂરનો સ્પર્શ નથી થયો. પરંતુ, તેમાં નિષ્ફળતા જેવું કશું નથી. અને અમને ફિકર થાય છે અને કેટલીક વખત નાખુશી થાય છે કે જ્યારે એક મુરીદ અમને અરજ કરે છે કે 'હાઝર ઇમામ હું નિષ્ફળ રહ્યો છું.' એ નિષ્ફળતા નથી. એટલા માટે, જ્યારે તમે બંદગીમાં બેસો તો જો તમે કેટલોક સમય સફળ ન થયા હો, ભલે એ સમય કેટલો પણ હોય તો પણ તમે બંદગીમાંથી નાખુશ થઇને કદીએ ન ઉઠો, કદીએ બંદગીમાંથી નાખુશ થઇને ન ઉઠો. હંમેશ ખુશીમાં ઉઠો, ભલે તમે સફળ થયા હો કે નહીં, કારણ કે બંદગીમાં બેસવાની હકીકત જ રોશની માટેની દરેકની અંગત શોધનું એક મહત્ત્વનું પાસું છે.

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

તમને આજે બોલની નવાજેસ કરતી વખતે અને બંદગીમાં કેવી રીતે બેસવું તેની સમજણ આપતી વખતે અમે ચાહીએ છીએ કે તમે એ યાદ રાખો કે આપણે રૂહાની બાબત વિશે વાતચીત કરી રહ્યા છીએ. અને જો અમે તમને એમ કહીએ કે એ સમયે બંદગી કરો કે જ્યારે તમારા દુન્યવી જીવન કામકાજમાં બેહદ ઓતપ્રોત હો તો તમારી સફળ થવાની શક્યતા ઘણી જ ઓછી રહેશે કારણ કે અનેક વિચારો અને દબાણો થકી તમને ખલેલ થશે. વળી, એ ઠીક ન કહેવાય. અને એટલા માટે જ બંદગી પરોઢિયે વહેલી સવારે એવા સમયે કરવામાં આવે છે કે જ્યારે ઘણાખરા લોકો આરામ કરતા હોય છે. તમારું કાર્ય તો અંગત રોશનીની શોધમાં અંગત રીતે પરોવાઇ જવાનું છે. અને બૈતુલખ્યાલમાં આવવું એ તમારી પસંદગી છે. યાદ રાખો, કદીપણ બંદગીમાંથી ઉદાસ થઇને અથવા નિષ્ફળતાની લાગણી સાથે ન ઉઠો કારણ કે તમે જે શોધ કરવાના છો તેનો એ કંઇ ભાગ નથી.

એવા પણ સમયો છે કે જ્યારે તમારે બંદગીમાં બેસવું ન જોઇએ, એટલે કે, તમારી તંદુરસ્તી સારી ન હોય અથવા તો અમારી રૂહાની દીકરીઓની બાબત લઇએ તો-તમે જો બાળકને અથવા બોળકોને જન્મ આપવાના હો તો તમારે બંદગી એ સમયે કરવી ન જોઇએ. પરંતુ તે સિવાય, નિયમિતપણે બંદગી કરવાની કોશિશ કરવી જોઇએ.

સાથોસાથ, એ ધ્યાનમાં રાખો કે એ અમે છીએ કે જે ઇમામ તરીકે તમને 'બોલ' આપીએ છીએ. એ તમારામાંના દરેક અને અમારી વચ્ચેનો સંબંધ છે, અમે એ મુરીદોને 'બોલ'

નથી આપતા કે જેઓએ ઇમામ પાસે આવીને એમ નથી કહ્યું કે 'અમે બંદગી કરવા ચાહીએ છીએ.' આથી, બંદગીની ચર્ચા બહાર ન કરો. એ ઝમાનાના ઇમામ અને એ મુરીદો વચ્ચે છે કે જેઓ આગળ આવ્યા છે અને કહ્યું છે કે 'અમે બંદગી કરવા ઇચ્છીએ છીએ અને અમે આ રૂહાની સુખ માટે કોશિશ કરવા ઇચ્છીએ છીએ.'

દાયકાઓ સુધી, જમાતમાંના મુરીદો નક્સ ધરાવતા હતા તેમજ 'બોલ' ધરાવતા હતા. અમે હવે બૈતુલખ્યાલના પહેલા દરજ્જા માટે નક્સ નથી આપતા. એટલા માટે તમારે ફક્ત એ 'બોલ' જ યાદ રાખવાની જરૂર છે કે જે અમે તમને આપીશું. અને યાદ રાખો કે 'બોલ' એક પ્રતિક **(SYMBOL)** છે. એ તમારી શોધ દરમ્યાન પહોંચવાનું સ્થાન છે, પરંતુ તે એક પ્રતિક છે. નૂર અને હઝરત અલીના નામ વડે તેની (અલ્લાહની) નજદીક આવવાની કોશિશ કરો કે જે બીજા બધાથી ઉપર છે.

એ નૂરને મેળવવાની કોશિશ કરો અને તેને તમારી પાસે લાવો. અને અમને ફરીથી તમને એ કહેવા દો કે જો તમે બંદગીમાં સફળ થાવ તો તમને એ રૂહાની રોશનીની લાગણીનો અનુભવ થશે, જે વિશે તમને કોઇ શક નહીં રહે અને જે એવી કોઇપણ લાગણી કે સમજ સાથે સરખામણી કરવા જેવી નહીં હોય કે જે તમે તમારા શારીરિક જીવન દરમ્યાન મેળવી શકો છો. વળી, એ તમને શક્તિની એવી લાગણી આપશે કે જે ઇન્શાઅલ્લાહ, તમારા આખા જીવન દરમ્યાન તમારી સાથે જ રહેશે. જો તમે સફળ થયા હો તો એ સફળતાને તમારી પોતાની જ પાસે રાખો. જો તમે આગળ વધવા માટે આવવા માંગતા હો તો યોગ્ય સમયમાં તમે આગળ વધવા માટે આવી શકો છો. કારણ, બોલ એક કડી છે, તમારા જીવન દરમ્યાન એ

નૂરની વધુ અને વધુ નજીક આવવા માટેની તે એક રીત છે. એક દિવસ ફક્ત એ નૂર જ હશે, પોતાના અંગત જીવનમાં કોઇ બીજી દુન્યવી સંબંધ ધરાવતી બાબત બાકી રહી નહિ હોય. આથી એ નૂર મેળવવા માટે ઝંખના કરો અને નિયમિતપણે એમ કરતા રહો અને સમજદારીપૂર્વક કરો.

નમ્રતા સાથે બેસો, ખુશી સાથે બેસો. જ્યારે તમે ઉઠો ત્યારે ખુશીમાં ઉઠો કારણ કે બંદગીમાં બેસવાની હકીકત જ એક સૌથી વધુ અગત્યની અને સૌથી વધુ અર્થની શોધ છે. અને એ અમારી સૌથી પ્રબળ દુઆ છે કે તમારા જીવન દરમ્યાન તમારામાંના દરેક ઓછામાં ઓછા એક વખત સફળ થાવ, તમે એ નૂર મેળવો, એ તમને રૂહાની શક્તિ આપે, એ તમને રૂહાની સુખ આપે, એ તમને જીવનમાં બધા દુ:ખોનો સામનો કરવા શક્તિમાન બનાવે અને તમે હંમેશા સિરાતલ મુસ્તકીમ પર મજબુત રહો. અમે તમને તમારી બંદગીમાં સફળતા માટે અમારા ખાસ ઉત્તમ, ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અંતમાં, યાદ રાખો કે જેઓ સફળતા મેળવે છે તેઓ ખાસ કરીને અમારી નજદીક હોય છે. તમે એ સમજી લેશો કે અમારો કહેવાનો અર્થ શો છે. અને, અમે સફળતા માટે અમારા ખાસ પ્યારભર્યા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ. શાંતિ સાથે અને ખુશી સાથે બેસો, શાંતિ સાથે અને ખુશી સાથે બેસો અને ઇન્શાઅલ્લાહ તમે સફળ થશો.

અમે તમારામાંના દરેકે દરેકને ફરીથી અમારા ખાસ પ્યારભર્યા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૫૬

ભાવનગર

૩-૨-૧૯૮૯

..... અમે એ છચ્છીયે છીએ કે તમે સ્પષ્ટ રીતે સમજો કે રૂહાની રોશની માટેની શોધ, રૂહાની સુખ માટેની શોધ ને દુન્યવી બાબત સાથે કંઇ સબંધ નથી. એને શારિરીક બાબત સાથે કંઇ સબંધ નથી. તેનો ફક્ત રૂહ સાથે સબંધ છે.

યાદ રાખો કે જયારે પણ રૂહાની બાળકનો જન્મ થાય છે ત્યારે તે શરીર અને આત્મા સાથે જન્મે છે. તે શારિરીક રીતે જીસ્માની સ્વરૂપ ધારણ કરે છે. અને આખરે એ જીસ્માની સ્વરૂપ પણ અદ્રશ્ય થઇ જાય છે. પરંતુ આત્મા અમર છે. અને એટલા માટે જે લોકો નિયમીત બંદગી કરે છે તેઓ તેમની જીંદગીનો જે ભાગ અનંત છે તેના માટે સમય આપે છે. અને તે તમે આપણા તરીકાનુ પાલન કરો છો, જ્યારે તમે બંદગી કરો છો ત્યારે તમારા જીવનનો જે ભાગ અનંત છે તેના માટે સમય આપો છો.

જ્યારે તમે બંદગીમાં બેસો છો ત્યારે તેના ઉપર તમારો કોઇ અધિકાર હોતો નથી. તમે બંદગીમાં બેસો છો એટલે એ તમારો અધિકાર બની જાય છે તેવુ નથી. તે તમને ન પણ આપવામાં આવે. તે તમને પહેલી વખત બેસો ત્યારે પણ આપવામાં આવે અથવા તમે એકસોમી (૧૦૦) વખતે બેસો ત્યારે પણ આપવામાં આવે. તે તમને એક વખત આપવામાં આવે અથવા ઘણી વખત બક્ષીસ કરવામાં આવે. પરંતુ તેના ઉપર તમારો કોઇ અધિકાર નથી.

એટલા માટે જ્યારે તમે શોધ કરો, જો તમે તે શોધ સારી રીતે કરવા માગતા હો તો જે પણ ભૌતિક બાબતો છે તેને દૂર કરો.

બીજુ જ્યારે તમને એ લાઇટ મળશે તે તમે જોએલી કોઇ પણ લાઇટ કરતાં અનોખી હશે. કારણ કે તમે તેનો અનુભવ કરી શકશો. એ જરૂરનુ નથી કે તમે તેને જોઇ શકો.

ત્રીજુ તે તમને રૂહાની સુખ આપશે જે તમારા જીવનનો એક ભાગ બની જશે.

ઇન્શાઅલ્લાહ તમારામાં દરેક જણ ઓછામાં ઓછુ એક વખત સફળ થાય, અને અમો તમોને સ્પેશ્યલ દુઆ આશિષ આપીએ છીએ કે તમે સફળ થાવ. તમો સિરાતલ મુસ્તકીમ ઉપર મજબુત થાઓ. એ લાઇટ તમારા જીવન દરમિયાન વધુ અને વધુ પ્રકાશિત થાય, અને જીસ્માની રીતે તમો આ દુનિયામાં નહિ હો ત્યારે તમારો આત્મા જ બાકી રહેશે કે જે અનંત છે. તમારી સફળતા માટે અમો અમારા સ્પેશ્યલ દુઆ આશિષ ફરમાવીએ છીએ.

અમો એક અગત્યની બાબત સ્પષ્ટ કરવા માગીએ છીએ કે મુરીદો અમને આવીને કહ્યુ છે કે યા હાઝર ઇમામ અમોએ નિયમીત બંદગી કરી છે છતાં અમો સફળ થયા નથી. શું અમો કંઇ ખોટુ કરી રહ્યા છીએ? અને અમોએ જવાબ આપ્યો છે કે તમો કંઇ પણ ખોટુ નથી કરી રહ્યા. જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે ખુશીની સાથે બંદગીમાં બેસો. તમો ખુશીથી

રૂહાની રોશનીની શોધ કરો. અને જો તમને તે નથી આપવામાં આવતી તો તમે કંઇક ખોટુ કરો છો એવુ નથી. રોશની ની શોધ માટે તમે બંદગીમાં બેસો છો એજ ખુશીની બાબત છે. તે ખુશી તમને બંદગીમાં રોશની પ્રાપ્ત થશે તેવી નહિ હોય, પરંતુ જરૂર ખુશી થશે, જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે સફળતા કે નિષ્ફળતાને તેની સાથે જોડો નહિ. ખરા કે ખોટાની બાબતને પણ બંદગી સાથે જોડો નહિ.

તમે બંદગીમાં બેસો છો એ સારૂ અને સાચુ છે અને અમે આશા રાખીએ છીએ કે તે અમારા મુરીદો માટે હશે. બીજા શબ્દોમાં જો તમો ટુંક સમયમાં સફળ ન થાવ તો નિરાશ થશો નહિ, ફિકર કરશો નહિ, ગુંચવાશો નહિ, એવો વિચાર ન કરશો કે તમે કંઇક ખોટુ કરી રહ્યા છો. તમારી ખોજ ચાલુજ રાખો. દરેક વખતે તમે ખોજ કરશો ત્યારે તમને ખુશી થશે. જો તમને રોશની પ્રાપ્ત ન થાય તો પણ અમો આશા રાખીએ છીએ કે તમને ખુશી થશે, તમને રૂહાની સુખ મળે......

**૫૭**

રાજકોટ

૪-૨-૮૯

..... અમે એ બરાબર જાણીએ છીએ કે બયતુલખ્યાલ જીસ્માની રીતે ભોગ માંગે છે. જો તમને આખી જીંદગીમાં એક વખત પણ એ રૂહાની સુખ મળે તો તેની સરખામણીમાં જીસ્માની ભોગ, દરિયામાં વરસાદના એક ટીંપા જેટલો પણ નથી....

૫૮

દરખાના,
મુંબઇ, ૬-૨-૧૯૮૯

......આજે જે રૂહાની બાળકો અહિંયાં છે તેઓ ઇસ્લામના બાતુની તરીકાની પ્રેકટીસ કરવા ચાહે છે. તમો એ રૂહાની રોશની વ્યક્તિગત રીતે અસાધારણ સમયે મેળવો છો. જે બંદગી માટે ફરજીયાત પણ નથી. અને તમે એ રોશની મેળવવા વધારાનો સમય આપો છો અને જે ધર્મના પાલન માટે ફરજીયાત પણ નથી. અને તે નિર્ણય ફરજની રૂએ નહિ પરંતુ ખુશીથી એ નિર્ણય લ્યો છો.

રૂહાની રોશનીના અનુભવને કોઇ પણ ભૌતિક બાબત સાથે સરખાવી શકાય નહિ. જે ભૌતિક છે તેને તમે સ્પર્શ કરી શકો છો, સમજી શકો છો, તેનો અનુભવ કરી શકો છો, તમને દુ:ખનો એહસાસ કરાવે છે. જો તમને રૂહાની રોશની મળશે તો તમે તેને જાણી શકશો. જેવી રીતે ભૌતિક બાબતોને જાણી શકો છો તેવી રીતે તેને પણ જાણી શકશો.

અમો તમને જણાવવા માંગીએ છીએ કે જો તમોને સફળતા મળશે, ઇન્શાઅલ્લાહ તમારા જીવનકાળ દરમિયાન એક વખત જરૂર સફળ થશો તેવી અમો આશા રાખીએ છીએ. જ્યારે તમને રૂહાની રોશનીનો અનુભવ થશે ત્યારે તમને જરા પણ શક રહેશે નહિ અને તમારુ દિલ તમને ખાત્રી આપશે.

તમે થોડો સમય ઇબાદત કરો અને જો સફળતા ન મળે તો જેમ બીજા મુરીદોએ અમને કહ્યુ છે તેમ અમને આવીને ન

કહેશો કે હાઝર ઇમામ ! અમો કંઇક ભૂલ કરી રહ્યા છીએ કારણ કે અમે સફળ થતા નથી. જો તમે રૂહાની રોશની મેળવવામાં સફળ નથી થતા અટલે તમે કંઇક ભૂલ કરી રહ્યા છો એવુ સમજશો તો તમને ફિકર થશે. એટલા માટે આજે અમો તમને ભારપૂર્વક ફરમાવીએ છીએ કે નિષ્ફળતાની ફિકર કરો નહિ. સફળ ન થવુ એ કંઇ પાપ નથી. અને સફળતા મળવી એ તો એક રહેમત છે. આ તમો બરાબર સમજો. આ કોઇ ખરા કે ખોટાની માન્યતા નથી. આ તમે સ્પષ્ટ પણે સમજો. જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે માનસિક ખુશીની સાથે, આતુરતાથી, નમ્રતાથી અને ખોજ ની ભાવનાથી બંદગીમાં બેસો....

.....બયતુલ્ખ્યાલ એ મુશ્કેલ બાબત છે. પરંતુ તમો ગુસ્સાની લાગણીથી, નિષ્ફળતાના ભાવથી બંદગીમાં ન બેસો. તમો ખુશીની લાગણીથી ખોજની ભાવનાથી, આતુરતાથી અને ખૂલ્લા દિલથી બંદગીમાં બેસો. દુન્યવી બાબતોને દૂર કરો અને અમો જે 'બોલ' તમને આપ્યો છે તેના ઉપર એકાગ્રચિત બનો. અને તે લાઇટ થોડા સમય માટે, ઘણા થોડા સમય માટે, ભૌતિક સમયની મર્યાદામાં હશે છતાં તમે તે કેટલા સમય માટે હતી તે કહી શકશો નહિ. જો અમે તમને પૂછીએ કે તે એક સેકંડ માટે, એક મીનીટ માટે, એક કલાક માટે તે લાઇટ હતી તો તમે તેનો જવાબ આપી શકશો નહિ. પરંતુ તમને ખાત્રી હશે કે તમે તે રોશની જોઇ છે. તમને તે માટે શક પણ નહિ હોય, તે રોશની થકી તમને જે રૂહાની સુખ મળ્યુ હશે તે તમારી આખી જીંદગી દરમિયાન તમારી સાથેજ રહેશે. તે

લાઇટ સેકંડના સોમા (૧૦૦ મા) ભાગ જેટલી, સેકંડના દસ લાખમાં ભાગ જેટલી હોય પરંતુ બીજી કોઇ પણ ચીજની સરખામણીમાં તે રૂહાની ઉચ્ચતા, રૂહાની સુખ અનોખુ હશે.

અને અમોએ તમને કહ્યુ છે કે તમો દુ:ખની લાગણી, ફિકર, ડર કે ગુસ્સાની લાગણીથી બંદગીમાં ન બેસો. ખુશીની ભાવનાથી બેસો કારણકે બયતુલખ્યાલમાં દાખલ થવાનુ તમે પોતે પસંદ કર્યુ છે. તમે વહેલી સવારે ઉઠો અને બંદગી કરો એજ બાબત તમને હંમેશાં ખુશી આપશે. જો તમે એક દિવસ, એક વર્ષ, પાંચ વર્ષ કે વીસ વર્ષ બંદગી કરો છતાં સફળતા ન મળે તો પણ નિરાશ કે ફિકરથી કે ભૂલની લાગણથી કે કંઇક ખોટુ કરી રહ્યા છીએ એવી લાગણીથી બંદગીમાં ન બેસો. જો તમે આવી ભાવનાથી બંદગીમાં બેસો તો તમે ઇબાદતના અર્થને સમજ્યા નથી અને તમારે તેવી ભાવનાથી ઇબાદતમાં બેસવુ ન જોઇએ. એટલા માટે અમે તમને ફરમાવીએ છીએ કે અમો અમારી જમાતને અમારા શબ્દોમાં બયતુલખ્યાલ વિષે સમજાવીએ છીએ. અને તમે વિશ્ર્વાસ રાખો કે જમાનાના ઇમામ તરીકે અમારા મુરીદોને બયતુલખ્યાલ વિષે સમજાવતાં અમે ઘણી ચીવટ રાખીએ છીએ. હાલ અમો તમારી સમક્ષ બોલીએ છીએ ત્યારે તે સમજાવવા શબ્દો શોધવા મુશ્કીલ પડે છે. અને જે તરજુમો કરશે તેના માટે તો વધુ મુશ્કેલ હશે.

મુખીયાણી અને કામડીયાણીએ બયતુલખ્યાલના મેમ્બરો તરફથી એક ઘડિયાળ ભેટ આપી છે, તે સમય બતાવે છે. પરંતુ અમે તમને જે વિષે ફરમાન કર્યુ તેને તમે સમયના બંધનમાં

રાખી શકો નહી. તેનો તો મુરીદ અનુભવ કરે છે અને ઘડીયાળ જે બતાવે છે તે સમયથી પણ તે બાબત પર હોય છે.

તમોએ અમોને જે ભેટ આપી છે તે બદલ અમો તમારો ઘણો આભાર માનીયે છીએ. અમો ઘડીયાળમાં સમય ધ્યાનથી જોઇશુ અને અમારી જમાતને ચોવીસે (૨૪) કલાક યાદ કરીશુ. તમો હંમેશાં અમારા હૃદયમાં, અમારા વિચારોમાં અને અમારી દુઆઓમાં છો.....

......તમે જ્યારે બંદગીમાં બેસો ત્યારે ફરજની ભાવનાથી ન બેસો વ્યક્તિગત રૂહાની ખોજ માટે તમો ખુશીથી સમય આપો. તમો જ્યારે બંદગીમાં બેસો છો ત્યારે રૂહાની બાબત માટે ફક્ત રૂહાની બાબત માટે કામ કરો છો કે જેનો તમારા આસપાસના ભૌતિક જગત સાથે કોઇ સબંધ નથી. એટલા માટે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે ભૌતિક બાબતને તમારા મગજમાંથી દૂર કરો. દીવસનો સમય ખાસ કરીને તમો દુન્યવી કામકાજ માટે આપો છો. અને રાતનો સમય ખાસ કરીને વહેલી સવારનો સમય બંદગી માટે આપો છો.

તમો એ એવા સમયે કરો છો કે જ્યારે તમારા આજુબાજુના દુનિયાના માણસો આરામ કરતા હોય છે, સુતા હોય છે. એટલે તમારા આજુબાજુના જીસ્માની જગતની ઓછામાં ઓછી અડચણો હોય છે. એટલે તમે મગજની વધુમાં વધુ શાંતિ મેળવી શકો છો, વધુમાં વધુ જીસ્માની જગતથી અલગ થઇ શકો અને અમોએ જે બોલ આપ્યો છે તેના ઉપર એકાગ્રતા મેળવી શકો.

.... બંદગી એ સંપૂર્ણપણે વ્યકતિગત ખોજ અને અનુભવ છે. તે બીજા કોઇના માટે કરી શકાય નહી. તમારી બદલીમાં બીજુ કોઇ બંદગી કરી શકે નહી. તે તો દરેક જણ વ્યક્તિગત રીતે બંદગીમાં બેસે છે અને ખોજ કરે છે.

બીજુ અમો એ જાણીએ છીએ કે બૈતુલખ્યાલ એ મુશ્કેલ બાબત છે એટલે અમો અમારા મુરીદોને સહેલો રસ્તો બતાવીએ છીએ અને તે સહેલો રસ્તો એ છે કે બંદગી એવા સમયે કરવામાં આવે કે જ્યારે જીસ્માની જગત વધુમાં વધુ શાંત હોય, અને જેથી રૂહાની ખોજ માટે વધુમાં વધુ તક મળે. કારણકે દુન્યવી અને રૂહાની સમતુલા માટે વહેલી સવારનો સમય રૂહાની દુનિયાની તરફેણમાં વધુ હોય છે. જો બંદગી બીજા સમયે કરવાની હોય તો તે મુશ્કેલ બને, અશક્ય નહિ પણ મુશ્કેલ. એટલા માટે અમો અમારા રૂહાની બચ્ચાઓને ફરમાવીએ છીએ કે તમો એવા સમયે બંદગી કરો કે જેમાં સફળ થવાની વધુ તકો હોય. અમો દુઆ કરીએ છીએ કે તમારામાંથી દરેક જણ સફળ થાય, અને એટલા માટે અમે એવો માર્ગ બતાવીએ છીએ કે જે ઇન્શાઅલ્લાહ, તમને સફળતા આપે.

.... અમો તમારામાંના દરેકને સફળતા માટે ખાસ દુઆ આશીષ ફરમાવીએ છીએ અને દુઆ કરીએ છીએ કે તમોને આખી જીંદગી દરમિયાન ઓછામાં ઓછી એક વખતતો સફળતા મળે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

૫૯

સિધ્ધપુર
૯-૨-૧૯૮૯

અમારા વહાલા રૂહાની બચ્ચાઓ,

આજે જે ફરમાન અમે તમોને ફરમાવીશુ તે અગત્યનુ છે. અને અમો ઇચ્છીએ છીએ કે તમે તેને ધ્યાનથી સાંભળો. તમે તેના તરજુમાને ધ્યાનથી સાંભળો અને જે 'બોલ' અમે તમને આપીએ તેનેજ ફકત સમજવાની કોશિષ ન કરો પણ બંદગીમાં કેવીરીતે સફળ થવાની વધુ તકો તમને મળે તે પણ સમજો.

સૌ પ્રથમ અમારા રૂહાની બચ્ચાંઓને અમો ભારપુર્વક ફરમાવીએ છીએ કે અમારા બધા રૂહાની બચ્ચાઓ માટે બંદગી ફરજીયાત નથી. આ ફકત તે રૂહાની બાળકો માટે છે કે જેઓ ઇમામ પાસે આવીને કહે કે અમો 'બોલ' મેળવવા માંગીએ છીએ. અમો બંદગી કરવા માંગીએ છીએ. તેવા રૂહાની બાળકો જ બયતુલખ્યાલમાં દાખલ થાય. બીજા શબ્દોમાં કહીએ તો તે ફરજીયાત નથી. કોઇ પણ રૂહાની બાળક અમુક ઉમર પછી બયતુલખ્યાલમાં દાખલ થઇ શકે છે. પણ તે ફરજીયાત નથી. એટલા માટે તમે અહિંયાં તમારી ઇચ્છાથી આવ્યા હશો અને નહી કે કોઇના દબાણથી. તમારામાંથી જેઓ અગ્રેજી ભાષા સમજી શકે છે તેઓ પોતાની ઇચ્છાથી અહિં આવ્યા છે? હા, બરાબર. જો તમારામાંથી કોઇ અહિં પોતાની ઇચ્છાથી ન આવ્યા હોય તો તેઓ જઇ શકે છે. જો તમે તમારી ઇચ્છાથી આવ્યા છો તો તમે બેસી શકો છો.

બીજો અગત્યનો મુદો એ છે કે ઇસ્લામમાં બે મુખ્ય તરીકાઓ છે. બાતુની તરીકો અને જાહેરી તરીકો. આપણે તેને બાતીન અને જાહેર કહીએ છીએ. ખાસ કરીને ઇસ્લામનો શીયા વિભાગ બાતીન છે. અને સુન્ની વિભાગ જાહેર છે. અને બન્ને વચ્ચે શું તફાવત છે? તે ખાસ ઇબાદત દ્વારા વ્યક્તિગત શોધ છે. ખાસ એકાગ્રતા દ્વારા વ્યક્તિગત રૂહાની રોશની, રૂહાની સુખ કે જે ખોજ છે. તે ફરજીયાત નથી. પરંતુ જેઓ પ્રેકટીસ કરવા માગે છે તેઓ તેમ કરી શકે છે. અને તે ઇમામ છે કે જે ખોજ માટે સલાહ અને માર્ગ બતાવે છે કે કેવી રીતે બંદગીમાં બેસવુ. અને તમારે ઇબાદતમાં શું કરવુ. યાદ રાખો કે આપણે વાત કરીએ છીએ, આપણે એ વાત કરીએ છીએ કે જેનો દુન્યવી બાબતો સાથે કંઇ સંબંધ નથી. દરરોજના જીવન સાથે તેનો કંઇ સંબંધ નથી. તેનો સંબંધ રૂહ સાથે છે. આત્મા સાથે સબંધ છે.

યાદ રાખો કે દરેક મુરીદ જયારે જન્મે છે ત્યારે શરીર અને આત્મા સાથે જન્મે છે. શરીરને સમયની મર્યાદા છે. જયાં સુધી જીસ્માની જીવન હોય છે ત્યાં સુધી શરીર રહે છે અને પછી અદ્રશ્ય થઇ જાય છે. પરંતુ આત્મા અમર છે. તમારો આત્મા અમર છે એટલા માટે જયારે તમે બંદગીમાં બેસો છો ત્યારે તેના માટે સમય આપો છો કે જે તમારા અસ્તીત્વનો અમર ભાગ છે. પરંતુ યાદ રાખો કે આ રૂહાની બાબત છે. તે ભૌતિક બાબત નથી, એટલા માટે તમે તેને ભૌતિક માન્યતા સાથે જોડો નહિ, તેને તમારી વિચારસરણીની માન્યતા સાથે કે જીસ્માની જીવન સાથે જોડો નહિ.

..... રૂહાની બાબતમાં કોઇ અધિકાર હોતો નથી ફક્ત ખોજ હોય છે. તમે ઇબાદતમાં બેઠા એટલે એ રોશની તમને મળવી જોઇએ એવુ નથી. તમે બંદગી એક મહીનો, છ મહીના, પાંચ વર્ષ કે દશ વર્ષ કરો એટલે તમને રોશની મળવીજ જોઇએ એવુ નથી. તેના ઉપર તમારો અધિકાર નથી. તમે ફરજ બરાબર અદા કરો છો એટલે સફળતા મળશે એવુ પણ નથી.

અમો તમોને ભારપૂર્વક ફરમાવીએ છીએ કે કેટલાક મુરીદો અમારી પાસે આવીને કહ્યુ છે કે યા હાઝર ઇમામ અમોએ ઘણા વર્ષો સુધી બંદગી કરી છે, છતાં અમને સફળતા મળી નથી. અને અમોએ તેઓને કહ્યુ છે કે એવુ વિચારશો નહિ કે સફળતા એ તમારો અધિકાર છે. કારણ કે એ તમારો અધિકાર નથી. તમે ઇબાદતમાં નમ્રતાથી બેસો. અને તમારા આસપાસની ભૌતિક બાબતો જેવી કે વેપાર, ખેતીવાડી, કુટુંબ અને દોસ્તો વગેરે જે ભૌતિક ખ્યાલો છે તેને તમારા મગજમાંથી દૂર કરો.

યાદ રાખો કે જ્યારે તમે બંદગીમાં બેસો ત્યારે તમે ખુશી સાથે બેસો. તમો ગુસ્સાથી કે લાલચુ બની બંદગીમાં ન બેસો પરંતુ નમ્રતા અને આશાવાદ સાથે બંદગીમાં બેસો. અમો શામાટે તમને નમ્રતાથી બેસવાનુ સમજાવીએ છીએ, કારણકે તેના ઉપર તમારો અધિકાર નથી, તેથી ખુશીની લાગણી સાથે બંદગીમાં બેસો. આ અમો એટલા માટે ફરમાવીએ છીએ કે અમારા રૂહાની બાળકો આ સમજવામાં ભૂલ ન કરે. તેમાં કંઇ ખોટુ નથી. તમે બંદગીમાં બેસો છો એમાં કંઇ ભૂલ નથી.

જો તમને એ રોશની ન મળે તો તમો નિષ્ફળ નથી ગયા. તમારા દરરોજના જીવનમાં ખરૂં અને ખોટું બની શકે છે. પરંતુ તમે બંદગીમાં બેસો ત્યારે તમો ખરૂંજ કરી રહ્યા છો. તેથી તમે જ્યારે બંદગીમાં બેસીને ખરૂંજ કરી રહ્યા છો તો તમને ખુશીજ થશે. તમને કદાચ એ નૂરનો સ્પર્શ ન થવાથી સંપૂર્ણ રૂહાની ખુશી નથી મળી, પરંતુ તમે ખુશ હશો. કારણ કે તમે બંદગીમાં બેઠા હતા.

બંદગીમાં ખુશીથી, શાંતિથી, નમ્રતાથી, ખુલ્લા દિલથી અને ખોજની ભાવનાથી બેસો.

કેટલાક એવા સંજોગો છે કે જ્યારે તમારે બંદગી ન કરવી જોઇએ જેવાકે તમે બિમાર હો અથવા રૂહાની દીકરીઓ બાળકને જન્મ આપવાની હોય, પરંતુ જ્યારે બાળક જન્મે અને સ્વતંત્ર બને ત્યારે ફરીથી બંદગી શરૂ કરવી જોઇએ.

જો તમે સફળ થશો તો તમને કોઇ પણ શક રહેશે નહિ. તમે સફળ થયા છો તે બાબતમાં તમે ચોક્કસ હશો. પરંતુ તમે તે સફળતા વિષે કહી શકશો નહિ કે તે સેંકંડના સોમાં (૧૦૦) ભાગ જેટલી, દસ સેંકંડ જેટલી કે એક મીનીટ જેટલી હતી તે તમે કહી શકશો નહિ. કારણ કે તે સફળતા ભૌતિક આકાર અને સમયથી પર હશે પરંતુ શક્તિશાળી રૂહાની રોશની હશે. જો તમે એ રોશની મેળવવામાં સફળ થશો, જો તમને નૂરનો સ્પર્શ થશે તો તમને રૂહાની સુખ મળશે. જે તમારા સાથે લાંબો સમય રહેશે. તે તમને તમારા ઇમાનમાં બળ અને રૂહાની સુખ આપશે. જો તમે સફળ થશો તો તમને કંઇ પણ

શક રહેશે નહિ, તમે સફળતાને સમજી શકશો. અને તમને તેની ચોક્કસ ખાત્રી હશે. જો તમે સફળ થાઓ તો યાદ રાખો કે એ તમારી વ્યક્તિગત સફળતા છે. જો તમે તેનુ વર્ણન કરવા કોશીષ કરશો તો બીજા લોકો એમ વિચાર કરશે કે આ વ્યક્તિ એ (બાબત) વિષે વાત કરે છે જે અસ્તીત્વ ધરાવતી નથી અથવા તેઓ સમજી શકશે નહિ. માટે તેની ફીકર ન કરો, તે વિષે વાત ન કરો. જો તમે સફળ થાઓ તો ખુશ થાઓ, પરંતુ કોઇ માણસને કહેવાની કોશીષ ન કરો.

હવે અમો તમોને બોલ આપીશુ......

.... હઝરત અલીના નૂરને મેળવવા કોશીષ કરો અને જે સર્વથી ઉપર છે તેની નજદીક આવવાની કોશીષ કરો.

(હાઝર ઇમામે બોલની નવાજીશ કરી ફરમાવ્યું)

આ એવી વસ્તુ છે (બોલ) કે જે ઇમામ, ફક્ત ઇમામજ તે આપે છે, આ તમારા માટે દરેકની વ્યક્તિગત (સાંકળ) છે. ઇબાદતની પ્રેક્ટીસ કરો અને સફળતા મેળવો, પરંતુ ધીરજ ગુમાવશો નહિ. અને અમો તમોને ખાસ દુઆ કરીએ છીએ કે તમો દરેકને જીંદગીમાં ઓછામાં ઓછી એક વખત તો સફળતા મળે. તમોને તે રૂહાની રોશની મળે, તે તમને ઇમાનનુ બળ આપશે. તે રોશની તમારા જીવનકાળ દરમિયાન તમારી સાથે રહેશે. તમને તે એક વખત મળ્યા પછી ફરીથી પણ મળશે જે તમને અનંત રૂહાની વિશ્ર્વાસ (absolute spritual confidence) આપશે.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમે અમારૂ ફરમાન પુરૂ કરીએ તે પહેલાં એક બાબત કહેવા માગીએ છીએ કે મુરીદો અમારી પાસે આવીને કહ્યુ છે કે હાઝર ઇમામ, બંદગી કરવી એ મુશ્કીલ બાબત છે. તે શા માટે વહેલી સવારે કરવામાં આવે છે? અને અમોએ રૂહાની બાળકોને કહ્યુ છે કે યાદ રાખો કે બંદગી એ ફરજીયાત બાબત નથી. ઇબાદતમાં બેસવાનુ અને બોલ મેળવવાનુ તમે પસંદ કર્યુ છે તેથી તે માટે અમો સહમત થયા છીએ. એટલા માટે આ ફરજીયાત નથી. આ નિર્ણય તમોએ તમારી સ્વતંત્ર ઇચ્છાથી લીધો છે. જ્યારે ઇમામ તમારી અરજ નો જવાબ આપે છે ત્યારે તમને વધુમાં વધુ સફળ થવાની તક હોઇ એવો સમય બતાવે છે. જો અમે તમને બપોરે બંદગી કરવાનું કહીએ તો તમારા ચાલુ જીવનમાં અડચણરૂપ બનશે. તમારા આજુબાજુનુ જીવન અડચણરૂપ બનશે. તમને તે વખતે મગજની શાંતિથી બોલ ઉપર એકાગ્રતા મેળવવાનુ મુશ્કેલ બનશે. એટલા માટે બંદગી એવા સમયે કરવામાં આવે છે કે આ ખાસ ખોજ માટે સમયનો ભોગ, શક્તિ અને ઇબાદત કરવા માટે હિંમત હોય અને કોઇ અડચણ ન હોય અથવા ચોવીસ (૨૪) કલાકમાં ઓછામાં ઓછી અડચણ હોય. એટલા માટે એવુ ન વિચારશો કે હું આ મુશ્કેલ બાબતથી વાકેફગાર નથી. હું તે મુશ્કેલી જાણું છુ. હું તે બરાબર જાણું છુ, પરંતુ અમોએ અમારા ફરમાનની શરૂઆતમાં જણાવ્યુ હતુ કે બૈતુલખ્યાલ એ અગત્યની બાબત છે. તે મુશ્કીલ અને ગંભીર બાબત છે એટલા માટે આ સહેલી બાબત છે તેમ સમજીને ન આવશો. તે સહેલી બાબત નથી. પરંતુ એક બાબત હું તમોને જણાવું છું કે જો તમે સફળ

થશો તો તમારા જીવનમાં તમોને બીજા કોઇપણ સુખ કરતાં અનોખુ સુખ મળશે. તમારી સફળતા માટે અમો અમારા સ્પેશ્યલ દુઆ આશિષ ફરમાવીએ છીએ. ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

અમારા રૂહાની બાળકોથી છુટા પડતા પહેલા અમો ફરીથી 'બોલ' કહીશુ. (હાઝર ઇમામે યાદ અપાવી કે ...... આ તમારો 'બોલ' છે) તમારામાંથી દરેકને આખી જીંદગી દરમિયાન ઓછામાં ઓછુ એક વખત તે નૂર મળે, તમને સફળતા મળે તે માટે દુઆ ફરમાવીએ છીએ.

ખાનાવાદાન, ખાનાવાદાન, ખાનાવાદાન.

મુંબઇ

૯૦ ૯મી નવેમ્બર, ૧૯૬૭

પવિત્ર નૂર મૌલાના શાહ કરીમ અલ હુસેની હાઝર ઇમામે ધાર્મિક નાઇટ સ્કૂલમાં પધારી ફરમાવ્યું :-

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમે ચાહીએ છીએ કે તમને એક વધુ સવાલ પૂછીયે, જે અમે જાણીએ છીએ કે મુશ્કેલ છે અને તેનો જવાબ તમે જાણતા હો એવી અમે ધારણા નથી રાખતા. આમ છતાં અમે એ જાણવા માગીએ છીએ કે તમે તેનો જવાબ જાણો છો કે કેમ. તમે જવાબ જાણતા જ હો એ જરૂરી નથી પણ જો તમે જાણતા હો તો તેનો જવાબ આપી શકો છો.

શું તમે જાણો છો કે હલ્લાજ કોણ હતો ? અહીં એવો ક્યો રૂહાની બાળક છે કે જે અમને કહી શકે તેમ છે કે અલ્-હલ્લાજ કોણ હતો ?

(એક રૂહાની બાળકે અરજ કરી; 'મન્સૂર અલ્-હલ્લાજ')

જીવનમાં તેનો મુખ્ય હેતું શો હતો ?

(એજ રૂહાની બાળકે ફરી અરજ કરી 'અલ્લાહ સાથે એક થઇ જવાનો' અને વધુમાં ઉમેર્યું 'મન્સૂરે ફનાફિલ્લાહનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો અને તે અનલ્-હક કહેતો હતો')

અમારા વહાલા રૂહાની બચ્ચાંઓ,

અમે જે સવાલ પૂછ્યો તે મુશ્કેલ હતો. એ ઘણોજ

મુશ્કેલ પ્રશ્ન હતો કારણ કે તેને આપણા ઇતિહાસ સાથે સંબંધ નહોતો પરંતુ તેનો એક વિચારસરણી સાથે સંબંધ હતો - ઇસ્લામના પાલનની એક એવી વિચારસરણી જે આપણી વિચારસરણીની નજીક છે, જે રૂહાનિયતની વિચાર સરણી છે.

અલ્-હલ્લાજ શહીદ થઇ ગયો કારણ કે તે એમ માનતો હતો કે તેણે પોતાના રૂહને ઊંચે દરજજે પહોંચાડયો હતો અને તેણે સર્વે દુન્યવી બાબતોને પૂરતી રીતે દૂર કરી હતી કે જેથી તેનો રૂહ તૌહીદ સાથે, સર્વવ્યાપક એકતા સાથે એકરૂપ થાય. તેણે જાહેરમાં 'અનલ્ હક'નો દાવો કર્યો, જેનો અર્થ થાય છે, 'હું સત્ય છું.'

અને, તે સમયના મુસ્લિમોએ તેની ગણના ધર્મથી ફરી ગયોલામાં કરી અને તેને ધર્મથી ફરી ગયેલો ગણીને મારી નાખવામાં આવ્યો.

આ સવાલ પૂછવાનું કારણ એ હતું કે અમારા રૂહાની બચ્ચાંઓ આવતા વરસો દરમ્યાન ઇસ્લામની બે વિચારસરણી સમજે - રૂહાની વિચારસરણી જે આપણી છે તેમજ ઇસ્લામની કેટલીક બીજી શાખાઓની એટલે કે તેઓની કે જેઓ એમ કહે છે કે, 'નહીં, ઇસ્લામનું કોઇ બાતુની સ્વરૂપ નથી, ફક્ત એક જાહેરી સ્વરૂપ જ છે.' આ જ કારણસર અમે પૂછ્યું હતું કે અલ્-હલ્લાજ કોણ હતો. અને અમે ઘણાજ ખુશી થયા છીએ તેમજ અલ્-હલ્લાજ કોણ હતો એ જાણનાર રૂહાની બાળકને અમે મુબારકી આપીએ છીએ.

ખાનાવાદાન.